પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સંસ્થાપક • રવિશંકર રાવળ • તંત્રી • ધીરુ પરીખ
વર્ષ ચુંમોતેરમું • માર્ચ ૨૦૦૧ • સળંગ અંક ૮૭૯



હોળીનો ઉત્સવ] [ચિત્ર • ગજેન્દ્ર શાહ



ફ્લૅન્ડર્સની વસન્ત

આ ચિત્રના સર્જક એરિક હેકેલનો જન્મ ૧૮૮૩માં થયો હતો. એમનાં આરંભનાં ચિત્રોએ ભાવાભિવ્યક્તિવાદ - **expressionism** - પર સારી એવી અસર પાડેલી. એમની આ રીતિનાં ચિત્રોની ખાસિયત એ હતી કે તેઓ પાત્રોનાં કપાળ આગળ પડતાં રાખતા અને આંખોમાં ઉદાસીનો ભાવ ડોકાતો. પછી એમણે ઘનવાદ - **cubism** - નાં કેટલાંક તત્ત્વો સ્વીકારીને ચિત્રો તૈયાર કર્યાં. ૧૯૨૦ પછીનાં એમનાં ચિત્રોમાં વસ્તુજગતની વાસ્તવિકતા અને પ્રકૃતિની રમણાને ચિત્રવિષય બનાવી. એમની એ ઉત્તરકાલીન ચિત્રકલાનો આ વાસન્તી ચિત્રમાં પૂરો પરિચય મળી રહે છે. વસન્તના વાતાવરણને હર્ષોલ્લાસના ઉછાળ જેવા જ ભડક રંગો અને કોણીય આકારોની સુચારુ સંરચના દ્વારા નયનરમ્ય અને હૃદયગમ્ય રીતે ચિત્રિત કરી આપ્યું છે. આ ચિત્રમાં અગાઉના ઘનવાદની સાથે વાસ્તવવાદનો પણ સુમેળ છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૪મું — અંક ૩

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

અનુક્રમણિકા

કુમાર સળંગ અંક ૮૭૯

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૮૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટિજની પાછળ, નારોલ, અમદાવાદ ફોન : ૫૩૩૦૨૪૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦: પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૫ : ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫ - ૦૦

વાચકો લખે છે

પ્રભાતના છ વાગ્યાનો સમય છે. કમલા પરીખ લિખિત 'યૂથિકા રૉય' હમણાં જ માણ્યું. ('કુમાર', જાન્યુ. ૨૦૦૧) ધન્ય, ધન્ય !

અમે યૂથિકા રૉયનાં મીરાં-ભજનોનાં ચાહક. યાદદાસ્ત હાથતાળી ન આપતી હોય તો વર્ષો પૂર્વે ભારતીય વિદ્યાભવનમાં એમનો યાદગાર કાર્યક્રમ માણેલ.

શ્રીઅરવિંદના શિષ્ય દિલીપકુમાર રૉય (દાદાજી) અને એમનાં શિષ્યા ઈંદિરા દેવી સાથે અમને ઘરોબો. ઈંદિરાદેવીને મીરાં જાણે કે સાક્ષાત્, એમને મીરાંભજનો સ્ફુરે, સંખ્યાબંધ મીરાંભજનો ગ્રંથસ્થ થયેલ છે. -વી.બી. ગણાત્રા (મુંબઈ)

•

કમલા પરીખનું 'યૂથિકા રૉય' ચરિત્ર વાંચ્યું. ચરિત્ર સરસ લખ્યું છે. યૂથિકા રૉયે ફિલ્મોમાં ગીત ગાવામાં કદી રસ નથી લીધો. પણ ફિલ્મ 'રત્નદીપ'માં એમણે બે ગીતો ગાયાં હતાં : (૧) 'મૈં તો રામ અનધન પાયો, રાધો', રેકોર્ડ નંબર **N 75005**. એના સંગીતકાર હતા રૉબીન ચૅટર્જી તથા ગીતકારો પં. મધુર અને મહેન્દ્ર પ્રાણ હતા.

યૂથિકા રૉયે ઈ. ૧૯૪૪માં 'લલકાર' ફિલ્મમાં ગીત ગાયું હોય એવો કોઈ ઉલ્લેખ મળતો નથી. જયંત દેસાઈના દિગ્દર્શનમાં આ ફિલ્મના ગીતકાર મધુર હતા એ સાચું છે. પણ એમાં ગાયિકાઓ હમીદાબાનુ - જોહરાબાઈ હતાં. પણ બે ગીતો 'પઢોગે લિખોગે હોંગે ખરાબ' અને 'જીને દો' (૨) 'ઈસ દુનિયામેં હમે.' (સમૂહગીતો) આ બે ગીતોમાં યૂથિકા રૉયનો અવાજ હતો એવું નોંધાયું નથી. એટલે કે યૂથિકા રૉયનું પહેલું ફિલ્મી ગીત આ ફિલ્મમાં કયું એ નક્કી થઈ શકતું નથી. આ બાબતે સંશોધન કરવું જરૂરી છે.

યૂથિકા રૉય રાજકોટ આવેલાં ત્યારે ઈ.સ. ૧૯૯૪માં હું તેમને રૂબરૂ મળેલો. મેં એમના હસ્તાક્ષર તથા ફોટોગ્રાફ પણ લીધેલાં. કમલાબહેને પ્રગટ કરેલા યૂથિકા રૉયના હસ્તાક્ષર યૂથિકા રૉયના પોતાના હોય એવું લાગતું નથી. કારણ કે યૂથિકા રૉય ગુજરાતીમાં સહી ન કરે તેમજ 'કુમારી યૂથિકા' એવું લખતાં નથી.

(કુ. યુ (યૂ)થિકા રૉય એ હસ્તાક્ષરો ચંપકલાલ મહેતાએ તેમની લીધેલી મુલાકાતમાં 'કુમાર' સળંગ અંક ૫૬૪માં પ્રકટ થયેલા છે. -તંત્રી)

-અશોક દવે (ધારી)

•

જાન્યુઆરી ૨૦૦૧ અંકમાં 'યૂથિકા રૉય' વિશે કમલા પરીખે લખેલા લેખે મારી ઘણા સમયની ઈચ્છા પૂર્ણ કરી છે. 'મૈં કૂંજ ગલી કી કોયલ હૂં મૈં કિશ્ન કિશ્ન બોલ રહી' જ્યારે જ્યારે હું આ ગીત સાંભળતો ત્યારે ત્યારે 'યૂથિકા રૉયને જોવાનું મન થતું હતું. પરંતુ 'કુમાર' માસિકના તંત્રીએ કમાલ કરી દીધી. યૂથિકા રૉયનો ફોટો તેમજ તેમના હસ્તાક્ષર બંને દર્શાવી મારું જીવન તેમનાં દર્શનથી ધન્ય બનાવ્યું. મારા માટે તેમનો ફોટો માતા સરસ્વતીદેવી અને હસ્તાક્ષર આશીર્વાદ સમાન બની ગયા.

કમલાબહેન પરીખે યૂથિકા રૉયનું ૧૯૪૦માં ગાયેલું પ્રથમ ગીત 'મીરાં કો પ્રભુ સાંચી દાસી બનાવો' રેકર્ડ થયું હતું તે જણાવ્યું તે તેમજ ૩૦૦ ભજનો તેમજ ગીતો ગાયેલાં છે તે જણાવ્યું તે જાણી ઘણી જ ખુશી થઈ. પરંતુ તેમણે થોડાંક વધુ ભજનો અને ગીતોની માહિતી આપી હોત તો ઘણું સારું થાત. સંગીતકાર કમલ દાસગુપ્તાએ સોનામાં સુગંધ ભેળવી છે. ખરેખર યૂથિકા રૉયને સાંભળતાં મીરાંબાઈનો અનુભવ થાય છે. તંત્રીશ્રીને તેમજ લેખિકાને મારી હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

-ભીખુભાઈ એચ. પરમાર (આણંદ)

•

કલાવાર્તા સિવાય પણ અન્ય વિભાગ હવે ઘણા જ વૈવિધ્યસભર આવે છે. આ વખતનું યૂથિકા રૉયનું જીવનચરિત્ર ખૂબ જ સરસ રીતે લખાયું છે. રોમાંચક પળ પણ લેખિકાબહેને સાહજિક રીતે ખૂબ જ સરળ ભાષામાં રજૂ કરી છે. અમારાં એમને અભિનંદન. -નાથુભાઈ મિસ્ત્રી (બીલીમોરા)

•

દર માસે 'કુમાર'નો નવો અંક મળતાં જે આનંદાનુભવ થતો રહ્યો છે તેનાથી વધુ અને જુદો અનુભવ ફેબ્રુઆરી ૨૦૦૧નો અંક મળતાં થયો — એવી ખાતરી થવાથી કે ૨૬ જાન્યુઆરીએ થયેલ ભૂકંપથી કુમાર કાર્યાલયને એવું કંઈ નુકસાન નથી થયું કે જેથી 'કુમાર' પ્રકાશિત ન થઈ શકે.

છેલ્લા પાનાથી જોવાનું શરૂ કરવાની આદતને કારણે 'ગણિતગમ્મત'માંની નીચેની બાબત તરફ પહેલું ધ્યાન ખેંચાયું. (તેમાં જણાવ્યા પ્રમાણે) ૬૪૭૮૩ એવી રકમ નથી કે માત્ર '૧ થી ૧૦૦ સુધીની જ કોઈ પણ રકમ કે જેનો સરવાળો ૧૦ થતો હોય તે બાદ કરવાથી જે રકમ આવે તેનો આખરી સરવાળો ૯ જ થાય.' બલકે '૧ થી ૬૪૦૦૦ સુધીની રકમ' એમ કહી શકાય. આ લાક્ષણિકતા મને લાગે છે કે - ૬૪૭૮૩ એ પાંચેય અંકોના ઉપયોગ દ્વારા બની શકતી ૧૨૦માંની દરેક સંખ્યામાં પણ જળવાઈ રહેતી હોવી જોઈએ. ઉદા. ૮૭૬૪૩માંથી ૧ થી ૮૨૦૦૦ સુધીની, જેનો સરવાળો ૧૦ થતો હોય તેવી કોઈ પણ સંખ્યા બાદ કરવાથી મળતી રકમનો સરવાળો ૯ જ થવો જોઈએ.

આ લાંબી તથા શરૂઆતમાં અટપટી લાગતી વાતને કદાચ ટૂંકામાં એમ રજૂ કરી શકાય કે 'જેના અંકોનો આખરી સરવાળો ૧ થતો હોય તેવી બે કે એથી વધુ અંકો ધરાવતી કોઈ પણ સંખ્યામાંથી તેનાથી નાની પરંતુ આખરી સરવાળો ૧ થતો હોય તેવી કોઈ પણ સંખ્યા બાદ કરવાથી બાકી વધતી રકમના અંકોનો આખરી સરવાળો ૯ જ થાય.'

ગણિતની જેમ જ અંગ્રેજી ભાષા અંગેની મારી જાણકારી પણ અત્યંત મર્યાદિત અને અલ્પ છે. પરંતુ પ્રિન્ટમેકિંગ-ક્ષેત્રે થોડો અનુભવ હોવાથી એમ કહેવાની હિમ્મત કરું છું કે ફેબ્રુઆરીના અંકના 'કલાવૃત્ત'માં રાજસ્થાનના પ્રિન્ટસર્જકોની વાતમાં 'ઇચિંગ' શબ્દનો ઉલ્લેખ ખોટી રીતે થયો છે. ઘણા કળાશિક્ષકો પણ આ શબ્દ ખોટી રીતે વાપરતા હોઈ ગુજરાતની કળાશાળાઓના વિદ્યાર્થીઓ એ ભૂલને જીવંત રાખે છે.

અંગ્રેજીમાં **itch** ક્રિયાપદ છે. તેના પરથી બનેલ શબ્દ **itching** (ઉચ્ચાર : ઇચિંગ)નો અર્થ ચળ, ખંજવાળ, ખૂજલી થાય છે. જરા સંદર્ભફેરે 'તીવ્ર ઈચ્છા' પણ. પ્રિન્ટમેકિંગ (મુદ્રણક્ષમ કલાસર્જન)ના સંદર્ભમાં વપરાતો શબ્દ **etching**નો ઉચ્ચાર એચિંગ થાય. આ શબ્દ '**etch**' ક્રિયાપદ પરથી બન્યો છે. તેજાબ-યુક્ત દ્રાવણ વડે ધાતુ 'ખવાઈ' જાય છે તે રાસાયણિક પ્રક્રિયાનો ઉપયોગ કરી, ધાતુના પતરાના ફલક પર કોતરેલી આકૃતિરચના પરથી લીધેલ છાપ માટે આ શબ્દ વપરાય છે. તેમજ કોતરવાની ક્રિયાના સંદર્ભમાં પણ **etch + ing** 'નામ' તરીકે તથા ક્રિયાપદના

-(અનુસંધાન પૃ. ૧૭૪)

એને કેમ વખોડું ?/ ચંદ્રકાન્ત શેઠ

(ગાન)

જે ઘટથી રસ પીધો ગટ ગટ,
એ ઘટને શું ફોડું ?
જે ડાળે મેં માળો બાંધ્યો,
એ જ ડાળ શું તોડું ?
જે પાંખે મેં ગગન ઉઘાડ્યાં
એ પાંખો શું પથ્થર ?
જે આંખે રસરૂપ બતાડ્યાં
એ આંખો અવ કટ્ટર ?
જે દીવે જગમાયા પરખી
એને શું તરછોડું ?
જે માટીમાં અવાજ ઊઠે,
જે માટીથી તેજ;
જે માટીએ ઝમી ઝમીને
પાયાં અઢળક હેજ;
તે માટીનાં ફૂલ આપણે,
એને કેમ વખોડું ?

ખરાબો /રામચન્દ્ર પટેલ

(વસંતતિલકા• સૉનેટ)

લાંબો પડ્યો પથ, નજીક હતો ખરાબો.
એમાં જ ક્યાંક ઝરઝાંખર કેરકાંટા,
કંથાર, બોર ખડ ગોખરું ભોંય ચોંટ્યાં,
વચ્ચે ધરો, સમીર સાથ હલે જવાસા.
ફૂદેર, ચીલ પણ લીલવ હાસ્ય ફેંકી
નાચે : ઢળી ગગન, જાંબલીરંગ છાંટે...

આવી પડે ઘડીક વાદળછાંય મીઠી,
ઠંડો રચાય તડકો, ખરીપિચ્છ છાપો
ઊડે રહે... મૂષકનાં દર ઊંચકાય...
ને ડોક અધ્ધર કરી ચૂપચાપ નોળિયો
સૂંઘે જમીન, જહીં સર્પ પડ્યા લિસોટા.
-કો ધેનુની પકડી ભાંભર સાંજ બેઠી.

ત્યાં આખલો શરીર તંગ ઉછાળી દોડ્યો...
જાગી જરાક ઢળી જાય પછી ખરાબો.

કેમ કરીને પાર નીકળવું / વિનોદ ગાંધી

(ગાન)

કોટ, કાંગરા, ગઢ, દરવાજા બંધ બારણાં, ડેલી,
કેમ કૂદીને પાર નીકળવું સઘળું આ હડસેલી ?
નેળ, કેડી કે રાજમાર્ગ આ
બધું જ વાંકુંચૂકું,
તરણું, કૂંપળ, ડાળ, પાંદડું,
ફળબળ લીલુંસૂકું,
કેમ કરીને ઉકેલવી આ વૃક્ષવણાઈ વેલી ?
કેમ કૂદીને પાર નીકળવું સઘળું આ હડસેલી !
ખળખળ વહેતાં ઝરણાં વચ્ચે
રણનું ઝાંઝર વાગે,
રણ મોઝારે તરસ્યું ચાતક
જળનું બિંદુ માગે,
ભરચોમાસે તપતો સૂરજ, કાળઉનાળે હેલી,
કેમ કૂદીને પાર નીકળવું સઘળું આ હડસેલી ?

ઘર રહી ગયાં/ ભરત વિંઝુડા

(ગઝલ)

માણસ રહ્યાં નહીં ને એનાં ઘર રહી ગયાં
નદીઓ ગઈ સુકાઈ ને સાગર રહી ગયા.
આંખો મીચું જો થાય શરૂ અધવચાળથી
સપનાં અધૂરાં કેટલાં અંદર રહી ગયાં !
હું પણ રહ્યો નથી-નું નથી દુઃખ પ્રલય વિષે
સૃષ્ટિમાં સાવ એકલા ઈશ્વર રહી ગયા !
માણસની ચાલતી જ રહી આવ-જા સતત
કેવળ નગરમાં ભીંતના પથ્થર રહી ગયા.
પ્રશ્નો હતા છતાંય ન આવ્યા તે હોઠ પર
તારા હૃદયમાં જે રીતે ઉત્તર રહી ગયા.
વર્ષો વીતે છે એમ વિખેરાતો જાઉં છું,
એવાં ને એવાં દૃશ્ય મનોહર રહી ગયાં.
વર્ષોપુરાણા પત્રના અર્થો મટી ગયા
કાગળ રહી ગયા અને અક્ષર રહી ગયા.

હાઈકુ / પરાગ ત્રિવેદી

ટહુકીને ગૈ•
ઊડી કોયલ, વૃક્ષ
હજીયે ડોલે !

ફાગણિયું ગીત / દિનેશ ડોંગરે 'નાદાન'

ફાગણના વાયરા સ્પર્શે ન સ્પર્શે ત્યાં ફૂલોથી ફોરમ વછૂટે,
રંગોથી લથબથ આખ્ખું આકાશ કોઈ લૂંટે તો કેમ કરી લૂંટે ?

આછેરા સ્પર્શે શી ખીલતી કળીઓનો નિખરે છે ભીનેરો વાન,
ઉપવનમાં દોડે છે ભમરાઓ આમતેમ ભૂલીને સઘળુંય ભાન,
વરસે છે એકધારો મોસમનો કેફ એને પીવો કેમ એકએક ઘૂંટે ?
રંગોથી લથબથ આખ્ખું આકાશ કોઈ લૂંટે તો કેમ કરી લૂંટે ?

ફાગણના અણસારે ઊંડેઊંડેથી સખી ઊડે છે રંગોની છોળ,
ઈચ્છા રંગાઈ, કૈંક શમણાં રંગાયાં ને રોમરોમ મારું તરબોળ,
બાંધ્યા બંધાય ના હૃદયાનાં બંધન ના તોડેથી એ કદી તૂટે.
રંગોથી લથબથ આખ્ખું આકાશ કોઈ લૂંટે તો કેમ કરી લૂંટે !

અરીસો / વિષ્ણુ પટેલ

(ગઝલ)

ભલા ભલભલાને ડરાવે અરીસો,
સિકંદર હો છોને, હરાવે અરીસો !

બતાવી તમારાં રૂડાં શિંગડાં એ
કોઈ દિન કમોતે મરાવે અરીસો.

કદી જાણે ચુંબક ! ચસકવા ન દેતો,
પ્રણયની પ્રતીતિ કરાવે અરીસો.

ખરીદો ભલે સર્વ ન્યાયાલયોને,
ગુનેગાર અંતે ઠરાવે અરીસો !

દીવાલો રહી ના શકે મૂક ઝાઝી,
અગર માનવી ત્યાં ભરાવે અરીસો !

પ્રતિબિંબ જોવા વૃથા આથડો ના :
સહુ કોઈ અંદર ધરાવે અરીસો.

સૂત્રસાર

જીવતાં મરણનો સ્વાદ ચાખી લેવાની તત્પરતા

રાધેશ્યામ શર્મા

ઓબ્રે મેનને 'મિસ્ટિક્સ' ઉપર, રહસ્યવાદીઓ પર એક ગ્રંથ રચ્યો છે. મેહેરબાબાનું કેટલાંક વર્તુળોમાં મરમી તરીકે અલાયદું સ્થાન છે.

મૌન અને મેહેરબાબા જાણે એકબીજાંના પર્યાય છે. અધ્યાત્મ-ગૂઢવાદીઓ તેમને એ દૃષ્ટિથી મૂલવે છે. મેહેર એટલે મૌન. મૌન એટલે મેહેરબાબા. મૌનમાં જીવ્યા અને મૌનમાં જ મર્યા. જીવતાં મરી જવાનો, નિર્વાણનો સ્વાનુભવ તેમણે મૌનદશામાં ચાખેલો. ક્યારેક ક્યારેક સ્લેટમાં લખવાનો અખતરો પણ બાબાએ કરેલો. એની આવી ટીકાઓ થયેલી કે મૌન પાળી સ્લેટ કે બ્લૅકબોર્ડમાં લખતી વખતે જીભ મૂંગી રહે પણ મન મૂક રહી શકે ખરું ? ઉત્તરમાં પણ મેહેર, કહે છે કે, મૌન જ રહેલા !

મહર્ષિ (રમણ)ની માફક મેહેરબાબા પર સહજ સદ્યજ્ઞાન (sudden knowledge) વીજઝબકારો વેરી ગયું હશે. એ વિના આવી અભિવ્યક્તિ કરવાનું પ્રાપ્ત ના થાય. પ્રસિદ્ધ પાનબાઈના પ્રખ્યાત પદ પ્રમાણે, વીજઝબકારે મોતી (જ્ઞાનનું) પરોવાયેલું પ્રમાણ લાગે.

પ્રેમ જેમ જ્ઞાન પણ દુકાને-બજારે વેચાતું નથી મળતું. મહેનત કરવાથી પણ ઘણી વખત નથી સાંપડતું. કેટલાક અનુભવીઓ તો એમ ભારપૂર્વક કહે છે કે સહજ જ્ઞાન મહેનત કરવાથી તો ઑર આઘું જઈ ઊભશે ! મૃગજળની જેમ છેતરશે !

અહીં તો કરનારો કર્તા જ બચતો નથી. કર્તાના, કર્તાપણાના અહમ્‌નો સૂક્ષ્મતમ ભુક્કો થઈ હવા એનું હરણ કરી જાય પછી જ કૃપાની કરુણાથી જ્ઞાનપ્રદીપ ઝળહળે !

પુરુષાર્થ કરી કરી થાકી જાઓ, પ્રારબ્ધવાદના આધારે પ્રમાદ સેવી સેવી હાંફી જાઓ, ગીતાના કર્મ-અકર્મ-વિકર્મનો મર્મ પામી પ્રશાન્ત બની જાઓ ત્યારે જ દિવ્ય-ભવ્ય કૃપાની જ્ઞાનવિદ્યુત્ ટંકાર કરતી ઝળકી પડે !

પ્રતીક્ષા કરતા રહેવાનું, પણ સાંઈબાબા કહે છે તેમ 'સબૂરી' અને 'શ્રદ્ધા' સાક્ષાત્કાર માટેની પ્રથમ શરત છે. અજંપાભરી રાત અને રઘવાટસીંચેલી પ્રતીક્ષા-રાહનો અહીં ગજ નથી વાગતો !

સતત કર્મમાં અવિચલિતભાવે અ-કર્મી બની રહેવાનું જે શીખી જાય એના ઉપર જ સહજ સમાધિ જેવું સંબોધિ જ્ઞાન વરસે. પછી જગત સમસ્ત ભલેને 'અક્કર્મી' કહી સરસ્વતી સુણાવે ! મૌનના મહેરામણમાં જ મેહેર પડ્યા હશે ને મહાસુખ માણતા હશે.

ગીતા પણ જ્ઞાનાગ્નિ સર્વ કર્મપુંજને, પાપપુંજને બાળીને રાખ કરવાનો વૃત્તાંત આપી રહી છે. મેહેરબાબા પર મૌનની મહેર પામ્યા અને કહેતા ગયા કે વીજળીનો પ્રકાશ જ નહિ, વીજળીનો અગ્નિદાહ પણ અનુભૂતિનો સંલગ્ન અંશ છે. જેમ પ્રખર સૂર્ય પ્રકાશ આપે એની સાથે કિરણોનાં તીરથી તમને આકુળવ્યાકુળ પણ કરી નાખે. જ્ઞાનનો અગ્નિ પણ આફતાબ જેવો છે, ઝળહળાવે અને સાથોસાથ બાળેઝાળે....

જ્ઞાનપ્રકાશ અને જ્ઞાન-અગ્નિ એક જ ફિનોમેના છે. તેજનો લાભ લેવો છે ? તો સાથેલગો અગ્નિશિખાનો અનુભવ પણ લેવો જ પડે. એમાંથી છટકી ના શકો. 'જે પોષતું તે મારતું' એટલું જ પૂરતું નથી, અર્ધું સત્ય બીજું પણ છે કે 'જે મારતું તે પોષતું' ! આવી ક્ષણો ઉત્કટ પરીક્ષાની બને. મેહેરબાબાની, તેમના મૌનની પણ, કસોટી થયાનું સાંભળ્યું છે.

> સદ્ય સહજજ્ઞાન અચાનક
> વીજકડાકાની ત્વરાથી
> વરસી પડે છે
> અને જેના જેના પર તૂટી પડે છે તે
> તમામને ભસ્મીભૂત કરીને છોડે છે.
> -મેહેરબાબા

મેહેરબાબા એક વાર વિમાનમાં જવા સીડી ચઢી અંદર ગયા, પણ વિમાન ઊડતાં પૂર્વે જ તે વિમાનમાંથી ઊતરી ગયા. સૌ આશ્ચર્યગરક. કહેવાકરવાનું નહીં (કેમ કે મૌન !) કે શા માટે વિમાને ચઢી તરત પરત ઊતરી ગયા... અને-

થોડાક વખતમાં જ ઊડેલું વિમાન વીજઝબકાર પેઠે ભસ્મીભૂત થઈ પડ્યું !

એવા સવાલો થયેલા કે મેહેરબાબા જાણતા હતા કે વિમાન અગ્નિસાક્ષીએ રાખ થવાનું છે ? જાણતા હતા તો બીજા સહપ્રવાસીઓને પોતાની સાથે નીચે ઊતરી જવાનું અથવા તો વિમાનચાલકને ઉગારી લેવા કેમ કશું ના કહ્યું ? કહે છે કે મેહેરે ત્યારે પણ મૌન જ સેવેલું ! ❒



આજના ભૌતિકવિજ્ઞાનના ક્ષેત્રમાં અસાધારણ પ્રતિભા દાખવનાર

સ્ટીફન હૉકિંગ

પ્રહ્‌લાદ છ. પટેલ

ઘણી વ્યક્તિઓ એવી હોય છે કે જે પોતાના શરીરબળે વિશ્વવિખ્યાત બને છે. સૅમ્સન આમાંનો એક ગણાય. પરન્તુ કેટલીક વ્યક્તિઓ એવી પણ હોય છે કે જે પોતાના બુદ્ધિબળે વિશ્વખ્યાત બને છે. ગૅલિલિયો, આઇન્સ્ટાઇન વગેરે આ વર્ગમાં આવે. પરન્તુ આ સદીના ઉત્તરાર્ધમાં પશ્ચિમ ગોળાર્ધમાં એક એવી બુદ્ધિશાળી વ્યક્તિ પ્રકટી કે જેનું નામ આજે તો પ્રથમ હરોળના વિશ્વવિજ્ઞાનીઓમાં મોખરે છે. અચંબાની વાત તો એ છે કે અસાધારણ નબળું શરીર ધરાવતી આ વિભૂતિની બુદ્ધિ એટલી જ અસાધારણ ઓજસ્વિની છે. તાજેતરમાં જ ભારતમાં એના આગમને આપણે ત્યાં અનેકોનું ધ્યાન એમના તરફ આકર્ષાયું હતું.

આ વિજ્ઞાનવિભૂતિ એટલે સ્ટીફન હૉકિંગ. એમનો જન્મ ૧૯૪૨ના જાન્યુઆરીની ૮મી તારીખે ઈંગ્લંડમાં ઑક્સફર્ડ ખાતે થયો હતો. માતાપિતાનું નિવાસસ્થાન તો હતું ઉત્તર લંડનમાં. પરન્તુ બીજા વિશ્વયુદ્ધના એ અસલામત અને અસ્થિર વાતાવરણમાં સ્ટીફનનાં માતાપિતાને ઑક્સફર્ડમાં વસવાનું વધુ સલામત લાગ્યું. આથી સ્ટીફનની ઉંમર આઠ વર્ષની હતી ત્યારે કુટુંબ લંડનની ઉત્તરે ૨૦ માઈલ દૂર આવેલા સેન્ટ ઍલ્બાન્સ નામક ગામમાં રહેવા ગયું. અગિયાર વર્ષની પોતાની ઉંમરે સેન્ટ ઍલ્બાન્સ શાળામાં આરંભિક શિક્ષણ મેળવ્યા પછી ઑક્સફર્ડમાં યુનિવર્સિટી કૉલેજમાં એમણે પ્રવેશ મેળવ્યો. ત્યાંથી ૧૯૬૨માં બી.એ. થયા. પિતા તેમને તબીબી વિદ્યાશાખામાં મોકલવા માગતા હતા, જ્યારે સ્ટીફન ગણિતશાસ્ત્રનો ઉચ્ચ અભ્યાસ કરવા માગતા હતા. પરન્તુ આ બન્ને બાબતો બર આવી નહિ અને કૉલેજમાં એમણે ભૌતિકશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો. ત્રણ વર્ષના અભ્યાસને અંતે એમને 'પ્રાકૃતિક વિજ્ઞાન'ની ઉપાધિ પ્રથમ વર્ગ ઑનર્સ સાથે એનાયત કરવામાં આવી. ઑક્સફર્ડમાં તે વખતે વિશ્વરચનાશાસ્ત્ર (કૉસ્મોલૉજિ)ના અભ્યાસની વ્યવસ્થા નહોતી તેથી સ્ટીફન તે વિષયમાં સંશોધક તરીકે કૅમ્બ્રિજમાં જોડાયા. ત્યાંથી પીએચ.ડી.ની ઉપાધિ મેળવીને એ ત્યાં સંશોધક ફેલો નિમાયા. ત્યાર પછી ગનવિલ ઍન્ડ કૅઈઅલ કૉલેજમાં પ્રોફેસર નિમાયા. ૧૯૭૩માં 'ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ ઍસ્ટ્રૉનૉમિ' છોડીને 'ડિપાર્ટમેન્ટ ઑવ્ અપ્લાઈડ મૅથમૅટિક્સ ઍન્ડ થીઅરેટિકલ ફિઝિક્સ'માં જોડાયા. વળી, ૧૯૭૯થી એઓ ત્યાં 'લુકાસિયન પ્રોફેસર ઑવ્ મૅથમૅટિક્સ'ના માનભર્યા સ્થાને સ્થાપિત થયા. આ સ્થાન પર અગાઉ આઇઝૅક બૅરો અને આઇઝૅક ન્યૂટન રહી ચૂક્યા હતા.

તેમના બાપદાદાનો વ્યવસાય ખેતી અને વળી વીસમી સદીના આરંભે દુષ્કાળ અને આર્થિક મંદીના સંજોગોને કારણે એમની આર્થિક સ્થિતિ કથળી ત્યારે મુશ્કેલીમાં મુકાયેલા એમના પરિવારને સધ્ધર માતૃપક્ષની મહત્ત્વની સહાય મળી ને તેઓ આગળ વધ્યા.

આ પ્રાજ્ઞ વિજ્ઞાનીને બાર જેટલી માનદ્ ઉપાધિઓ એનાયત થયેલી છે અને ૧૯૮૨માં સીબીઈ (કમાન્ડર ઑવ્ ધી ઑર્ડર ઑવ્ ધ બ્રિટિશ ઍમ્પાયર)નો ખિતાબ આપવામાં આવ્યો તથા ૧૯૮૯માં એમને 'કમ્પૅન્યન ઑવ્ ઑનર' બનાવવામાં આવ્યા. અનેક માનચાંદ મેળવવા ઉપરાંત તેઓ રૉયલ સોસાયટીના ફેલો છે અને 'યુએસ નૅશનલ ઍકૅડેમી ઑવ્ સાયન્સીસ'ના સભ્ય પણ છે.

એમણે બે વાર લગ્ન કર્યાં છે. ત્રણ સંતાનોના તે પિતા છે અને એકના દાદાજી. શાળામાં તેમનું શારીરિક કદ નાનું હોવાથી તેઓ અસંપ્રજ્ઞાતપણે શરમાળ પ્રકૃતિ ધરાવતા અને ઓછું બોલતા. આવી લઘુતાગ્રંથિથી કદાચ પિડાતા આ વિદ્યાર્થીએ શાળા બદલી નાખી. અભ્યાસમાં આરમ્ભે તેઓ સામાન્ય કક્ષાના વિદ્યાર્થી હતા. વળી, નાનપણમાં જ મોટરન્યૂરોન ડિસીઝ (MND) અથવા ઍમિઓટ્રૉફિક લૅટરલ સ્કલેરોસિસ (ALS) નામના જીવલેણ રોગના હુમલાનો ભોગ બન્યા, અને લગભગ સમગ્ર અંગો લકવાગ્રસ્ત બની ગયાં. આમ છતાં હિમ્મત હાર્યા વગર એમણે વિદ્યોપાસના અને સંશોધનપ્રવૃત્તિ જારી રાખી તથા તે દ્વારા વિજ્ઞાનક્ષેત્રમાં જળહળતી કીર્તિને વર્યા. ન્યૂમોનિયામાં પટકાયા ત્યારે શ્વાસોચ્છ્‌વાસમાં ભારે તકલીફ થઈ. ગળામાં કાણું પાડીને શસ્ત્રક્રિયા કરતાં સ્વરપેટીને નુકસાન થયું. આથી વાચા પણ ગઈ. પણ તેમની પત્ની જેન અને બાળકો રૉબર્ટ, લ્યુસી અને ટિમ્મીએ તેમની જિંદગીને હર હાલતમાં સામાન્ય અને જીવંત બનાવી. રોજબરોજના જીવનમાં પ્રેરણામૂર્તિ પત્ની જેન અને બાળકોનો સહયોગ અનન્ય રહ્યો. છેલ્લા બે દાયકાથી સ્વજનોની હૂંફને લીધે વ્હીલચેરમાં રહેતા પ્રો. હૉકિંગના જીવનનું મનોબળ મજબૂત બન્યું. આટલી બધી શારીરિક મર્યાદાઓ વચ્ચે પણ મજબૂરી તેમની પાસે જઈ શકતી નથી.

પ્રો. હૉકિંગની વ્હીલચેર સાથે ઇન્ટેલ કંપનીએ ખાસ તેમને માટે તૈયાર કરેલ કમ્પ્યૂટર જોડવામાં આવ્યું છે તે પૅન્ટિઅમ-II ચિપ ધરાવે છે. ઈક્વલાઈઝર કાર્યક્રમ વડે તે ચાલે છે. સૉફ્ટવૅર કાર્યક્રમમાં નિયત કર્યા પ્રમાણે કમ્પ્યૂટરના પડદા ઉપર જુદા જુદા શબ્દો શ્રેણીબદ્ધ આવે છે. પસંદગીનો શબ્દ પડદા ઉપર આવતાં પ્રો. હૉકિંગ તેમના હાથમાં રાખેલ



હૉકિંગ પહેલી પત્ની જેન સાથે (૧૯૬૫) અને બીજી પત્ની અલાઇન સાથે (૧૯૯૫)

બટન દબાવે છે. આ શબ્દ પડદાના નિમ્ન ભાગમાં સરકી જાય છે. તે રીતે એક પછી એક શબ્દો પસંદ કરવામાં આવે છે અને પડદાના નિમ્ન ભાગમાં એક પછી એક ગોઠવાતાં વાક્ય તૈયાર થાય છે. તે પ્રમાણે ફકરો તૈયાર થાય છે. અલબત્ત, આ સમગ્ર પ્રક્રિયામાં વિલંબ થાય છે. આશરે ૪૦ મિનિટનું વ્યાખ્યાન તૈયાર કરતાં ૪૦ કલાક લાગે છે ! ત્યાર બાદ વાક્યોને સ્પીચ સિન્થેસાઈઝર (વાચા-સંશ્લેષક)માં મોકલવામાં આવે છે. ત્યાંથી નીકળતાં વાક્યો ધ્વનિ સ્વરૂપે સંભળાય છે. વ્હીલચેર સાથે મોબાઈલ ફોન અને તેની સાથે કમ્પ્યૂટર પણ સંકલિત કરેલાં છે. તેની મદદથી તેઓ ફોનનો જવાબ પણ આપે છે.

વિશ્વવિખ્યાત ભૌતિક અને બ્રહ્માંડ વિજ્ઞાની ૨૦૦૧ના જાન્યુઆરીમાં તાતા સંસ્થાનના 'સ્ટ્રિંગ્સ-૨૦૦૧' સમ્મેલનમાં હાજરી આપવા મુંબઈ આવ્યા. મુંબઈમાં તેમણે 'સંક્ષેપમાં આપણું બ્રહ્માંડ' અને 'ભવિષ્યમાં વિજ્ઞાન' વિષયો ઉપર બે વ્યાખ્યાનો આપ્યાં. તેમણે સ્ટારટ્રેકથી શરૂ કરી વિશ્વની જનસંખ્યા, કણભૌતિકી, બ્રહ્માંડ, અન્ય ગ્રહોના પ્રાણીઓનાં પૃથ્વી ઉપર આક્રમણ જેવા વિષયો ઉપર લાંબી મજલ કાપી. ઍરિસ્ટોટલ અને ગેલિલિયોના સમય બાદ દુનિયામાં કેવાં કેવાં પરિવર્તનો થયાં છે તેનું તેમણે ઐતિહાસિક નિરૂપણ કર્યું. ત્યાર બાદ તે દિલ્હી ગયા. ત્યાં ૧૭મી જાન્યુઆરીના રોજ 'ભવિષ્યની આગાહી' (મહાવિસ્ફોટ - **big bang** થી બ્લૅક હોલ સુધી) ઉપર પ્રવચન કર્યું.

વિશ્વના તમામ સત્તાધીશો પ્રો હૉકિંગને સન્માનપૂર્વક સલામ કરે છે. અત્યારે તેઓ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં લુકાસિયન પ્રોફેસર તરીકે કામગીરી બજાવી રહ્યા છે. અગાઉ આ પદ ઉપર ન્યૂટન અને ક્વૉન્ટમ ભૌતિકવિજ્ઞાની પી.એ.એમ. ડિરાક રહી ચૂક્યા છે. ભલે તેમના સિદ્ધાંતોને ન સમજતા હોય પણ તેમને જોવા અને સાંભળવા અસંખ્ય લોકોની ભીડ જામી. એવું તો શું છે કે બ્રહ્માંડને લગતી તેમની વાતો સાંભળવા માટે લોકોનાં ટોળેટોળાં ઊમટી પડે છે ? તેમને જોઈને લોકો ભાવવિભોર બન્યા. હૉકિંગ પણ ભારતની ઐતિહાસિક ઈમારતો જોઈને અભિભૂત થયા. તેમને જોવા માટે ઊમટેલી મહામેદની આઝાદી પછીનું પ્રથમ અદ્‌ભુત દૃશ્ય હતું. તેમણે સિદ્ધ કરી બતાવ્યું છે કે આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદના સિદ્ધાંતનો અર્થ એ થાય છે કે દિક્ (**space**) અને કાળ (**time**)નો આયમ મહાવિસ્ફોટ (**big bang**)થી થયો અને તેનો અંત મહાઆપત્તિ (**big crunch**) અથવા સ્થાનિક રીતે રચાતા બ્લૅક હોલમાં આવશે.

આઈન્સ્ટાઈન પછી સૈદ્ધાંતિક ભૌતિક વિજ્ઞાનના ક્ષેત્રે તે અદ્વિતીય રહ્યા છે. નિર્વિવાદપણે તે આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવે છે. તેમની શારીરિક મર્યાદાઓ તેમના સંશોધન કા ને ક્યાંયે બાધારૂપ નીવડી નથી. તે સંગીત અને ઇતિહાસમાં પણ જીવંત રસ ધરાવે છે. સંગીતની ધૂન સાથે વ્હીલચેર પર તે પોતે તાલ મિલાવે છે. સતત વ્હીલચેરની સીમિત દુનિયામાં રહેવા છતાં તે બ્રહ્માંડ, પૃથ્વી અને વિજ્ઞાનને લગતી નવી નવી વાતો કરતા રહે છે.



મુંબઇમાં 'સ્ટ્રિંગ્સ ૨૦૦૧' ઉપર યોજાયેલી એક પરિષદમાં ભાગ લેવા આવેલા સ્ટીફન હૉકિંગ

આથી બાર વર્ષ પહેલાં તેમણે 'એ બ્રીફ હિસ્ટરી ઑવ્ ટાઈમ' નામક પુસ્તક લખ્યું. આ પુસ્તકનું વેચાણ કરોડ ઉપર, પણ તેનું વાચન ઘણું ઓછું થયું છે. આ પુસ્તક અત્યંત લાક્ષણિક છે. તેમાં સાપેક્ષતા સિદ્ધાંત સૂત્ર $E = mc^2$ સિવાય બીજું એકેય સૂત્ર કે ગણિતનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. તેમનું બીજું પુસ્તક 'ધ યુનિવર્સ ઇન એ નટશેલ' પ્રસિદ્ધ થનાર છે. લોકો ભલે તેમના સિદ્ધાંતને અંશતઃ કે પૂર્ણતઃ ન સમજે, પણ તેઓ અત્યંત લોકપ્રિય છે.

પ્રો. હૉકિંગનાં સંશોધનકાર્ય અને તત્ત્વજ્ઞાનને સમજતાં પહેલાં કેટલાક સહજ સવાલો પેદા થાય છે. પ્રકાશ, જેને લીધે સજીવસૃષ્ટિ પેદા થઈ અને ટકી રહી છે, તે કેવી રીતે ઉદ્‌ભવ પામે છે તેની ક્રિયાવિધિ વિષે આપણે ભાગ્યે જ વિચારતા હોઈએ છીએ. જે ગુરુત્વાકર્ષી બળને લીધે આપણે પૃથ્વી સાથે ચીટકી રહ્યાં છીએ તેના વિષે પણ ભાગ્યે જ વિચારવામાં આવે છે. ગુરુત્વાકર્ષણ ન હોત તો આપણે ચક્કર-ભ્રમણ કરતા ફંગોળાયાં હોત. આપણે વ્યગ્ર અને ભ્રામક જગતમાં અટવાયાં છીએ. આપણી આસપાસ આપણે જે કંઈ જોઈએ છીએ તેમાંથી સમજ મળે છે અને સવાલો પણ. જેમ કે, વિશ્વની પ્રકૃતિ કેવી છે ? વિશ્વમાં માણસનું શું સ્થાન છે ? વિશ્વ ક્યાંથી આવ્યું ? અને આપણે પણ ક્યાંથી આવ્યાં ? દેખાય છે તેવું વિશ્વ શા માટે છે ? શા માટે અને કેવી રીતે વિશ્વનો આરંભ થયો ? આ વિશ્વનો અંત આવશે ખરો ? અંત આવશે તો કેવી રીતે ? બ્લૅક હોલ શું છે ? દ્રવ્યનો સૂક્ષ્મતમ અંશ કયો છે ?

પ્રો. હૉકિંગના મત મુજબ આ અને આવા અન્ય સવાલો ઘણા જ રસપ્રદ છે. આ સવાલોના જવાબો આધુનિક વિજ્ઞાનને કારણે વધુ પડતા ટેક્નિકલ બન્યા છે, જેથી ગણ્યાંગાંઠ્યાં વિશિષ્ટ લોકો જ સમજી શકે છે. તે છતાં પ્રો. હૉકિંગ માને છે કે, જટિલ શાસ્ત્રોનો આશરો લીધા સિવાય પાયાના ખ્યાલોને આધારે વિશ્વની ઉત્પત્તિ અને



સ્ટીફન હૉકિંગનું એક કૅરિકેચર

ભાવિને વ્યક્ત કરી શકાય. તેમના પુસ્તક 'અ બ્રીફ હિસ્ટરી ઑવ્ ટાઈમ'માં લોકો સમજી શકે તેવા પ્રયાસો તેમણે કર્યા છે. બ્રહ્માંડ વિષેની સમજ આપવા તે આ પુસ્તકમાં તબક્કાવાર આગળ ધપે છે.

આઈન્સ્ટાઈનનો એક ઉત્કૃષ્ટ સવાલ છે કે, 'ઈશ્વરે કોઈ પસંદગી સાથે વિશ્વનું સર્જન કર્યું હતું ?' આ સવાલના જવાબની ખોજનું બીડું પ્રો. હૉકિંગે ઝડપ્યું હોય તેવું લાગે છે. પ્રો. હૉકિંગ સૌપ્રથમ ઈશ્વરનું માનસ સમજવા માટે પ્રયાસ કરે છે. ઈશ્વરના માનસમાં શું ગડમથલો ચાલે છે તે સમજાય તો જટિલ સવાલોના જવાબની દિશા જડે. કમસે કમ આજલગી તેમાંથી કેટલાંક અનપેક્ષિત તારણો નીકળે છે. તે તારણોમાં વિશ્વને સીમા નથી, સમયને આરંભ કે અંત નથી. અને જો બધું આમ જ હોય તો સર્જકે (ઈશ્વરે) કશું કરવાનું રહેતું નથી. આ બધા સવાલોના જવાબ માટે વિશ્વનું ચિત્ર ઇતિહાસની મદદથી સમજવા પ્રયાસ કરવો આવશ્યક લાગે છે.

એક પૌરાણિક માન્યતા મુજબ પૃથ્વી મહાકાય કાચબાની પીઠ ઉપર ટકેલી છે. આ કાચબો બીજા કાચબાની પીઠ ઉપર. એમ કાચબાઓથી રચાતા અનંત મિનારા ઉપર પૃથ્વી ટકી રહેલી છે. પણ સૌથી નીચેનો કાચબો કયા આધાર ઉપર રહેલો છે તેનો જવાબ નથી. કાચબાના સિદ્ધાંતને સહેલાઈથી રદ કરી શકાય તેમ છે, કારણ કે કાચબાની પીઠ ઉપર પૃથ્વી ટકેલી હોય તો તેની ધાર ઉપર જતાં માણસ ગબડી પડે; પણ આ બાબત હકીકતથી દૂર છે અથવા તો પૃથ્વી મહાતંતુ (**super string**) વડે લટકાવેલી છે. આ બંને બાબતો વિશ્વને પણ લાગુ પડે છે. મહાતંતુનો સિદ્ધાંત ગાણિતિક અને પહેલાં કરતાં વધુ ચોક્કસ છે. આ બંને સિદ્ધાંતોની પૂર્તિ કરે તેવા કોઈ પુરાવા ઉપલબ્ધ નથી.

બીજા તબક્કામાં વિશ્વ અને તેમાં બનતી ઘટનાઓનું સંચાલન માણસના જેવું વર્તન કરતાં સ્પિરિટ કરે છે તેવી કલ્પના કરવામાં આવી. સરિતાઓ, ગિરિકંદરા, સૂર્યચંદ્ર જેવા આકાશીય પિંડોમાં આ સ્પિરિટ વાસ કરતાં એવું માનવામાં આવતું. જમીનની ફળદ્રૂપતા અને ઋતુઓનો ક્રમ જળવાઈ રહે તે માટે તેમને શાંત રાખવા પડતા હતા. પણ થોડાક સમય બાદ અવલોકનોને આધારે માલૂમ પડ્યું કે કુદરતી ક્રમ અને ઘટનાઓ નિયમિત રીતે થાય છે. સૂર્યને આહુતિ આપો કે ન આપો પણ તે હંમેશાં પૂર્વમાં ઊગે છે અને પશ્ચિમમાં આથમે છે. આવી જ નિયમિતતા ચંદ્ર અને અન્ય ગ્રહોમાં જોવા મળી. આવી નિયમિતતાને આધારે કોઈ પણ પળે તેમના સ્થાનની આગાહી કરવાનું શક્ય બન્યું. આ રીતે સૂર્ય આજે પણ દેવ (નારાયણ)નું સ્થાન શોભાવે છે. સૂર્ય, તારા અને અન્ય ગ્રહો એવા છે જે નિયમોનું ચુસ્ત રીતે પાલન કરે છે.

પ્રારંભમાં આ નિયમો અને તેનું ચુસ્ત પાલન ખગોળમાં જોવા મળ્યું અને પછી બીજે પણ સંસ્કૃતિના વિકાસ સાથે છેલ્લાં ૩૦૦ વર્ષમાં વધુ ને વધુ નિયમિતતાઓ અને નિયમો નોંધાયાં. આ નિયમોને આધારે ફ્રેન્ચ ખગોળવિદ્ અને ગણિતજ્ઞ લાપ્લાસે ઓગણીસમી સદીના પ્રારંભમાં વૈજ્ઞાનિક નિશ્ચિતતાવાદ (**determinism**) પ્રસ્થાપિત કર્યો. તે સબબ તેણે બતાવ્યું કે નિયમોનો એવો એક સમૂહ હોવો જોઈએ જે વિશ્વની ઉત્ક્રાંતિને ચોક્કસ રીતે નિર્ધારિત કરે. વિશ્વને લગતો આ નિશ્ચિતતાવાદ બે રીતે અધૂરો માલૂમ પડ્યો. પ્રથમ, તેમાં એવું સ્પષ્ટ થતું નથી કે નિયમોની કેવી રીતે પસંદગી કરવી અને વિશ્વની પ્રારંભિક અવસ્થાની વિશેષતા યા નોંધ મળતી નથી. એમાંથી એવું ફલિત થતું લાગ્યું કે વિશ્વનો પ્રારંભ કેવી રીતે થયો અને કયા નિયમો પાળવા તે તો ઈશ્વરે જ નક્કી કરવાનું રહે છે. વિશ્વની રચના થયા પછી તેમાં માથું મારવાનું મારી દીધું અને વિશ્વને તેના ભાગ્ય ઉપર છોડી દીધું. પણ જે ક્ષેત્રોમાં ઓગણીસમી સદીનું વિજ્ઞાન સમર્થ હતું ત્યાં આ માન્યતા વર્તાતી રહી.

અત્યારે એટલું તો નિશ્ચિત છે કે લાપ્લાસેના માનસમાં જે પ્રકારનો નિશ્ચિતતાવાદ હતો તે વિકસિત વિજ્ઞાનના વિદ્યમાન સંજોગોમાં વાસ્તવિક નથી. આ પછી ક્વૉન્ટમ યાંત્રિકીમાં અનિશ્ચિતતા (**uncertainty**)ના સિદ્ધાંતનો ઉદય થયો. તે મુજબ ગતિ કરતા કણનું સ્થાન અને વેગની ચોક્કસતા સાથે આગાહી કરી શકાતી નથી. ગમે તેટલું ધ્યાન રાખવામાં આવે તો પણ ગતિ કરતા કણના સ્થાન અને વેગના માપનમાં સૂક્ષ્મ અચોક્કસતા બેશક પ્રવર્તે જ છે.

આ રીતે વિજ્ઞાનની પ્રગતિને સથવારે આપણે લાપ્લાસેના નિશ્ચિતતાવાદથી ક્વૉન્ટમ યાંત્રિકીના અનિશ્ચિતતાના સિદ્ધાંત સુધી આવ્યા. અનિશ્ચિતતાના સિદ્ધાંતની મર્યાદામાં રહીને કોઈ પણ ઘટનાની આગાહી કરવામાં સહાયક બને તેવા નિયમોની ખોજ કરવી રહી.

વિશ્વની બૃહદ્ સંરચનાનું સ્વરૂપ ગુરુત્વાકર્ષી બળને આધીન હોઈ આ બળનું મહત્ત્વ સવિશેષ છે. આમ છતાં જાણીતાં ચાર બળોમાં ગુરુત્વાકર્ષી બળ અતિ મંદ છે. ગુરુત્વાકર્ષી બળ હંમેશા આકર્ષણની પ્રકૃતિ ધરાવે છે. આ સાથે વિશ્વ વિસ્તરતું કે સંકોચાતું હોવું જોઈએ. ભૂતકાળમાં એક સ્થિતિ હોવી જોઈએ, જ્યારે વિશ્વની ઘનતા અનંત હોય એટલે કે મહાવિસ્ફોટ ટાણે, આ પળને સમયનો પ્રારંભ ગણી શકાય. તે જ રીતે વિશ્વ સંકોચાતાં એક પળે ધ્વંસ થઈ સમગ્ર દ્રવ્ય એક બિંદુમાં પટકાઈ પડે અને ફરીથી વિશ્વની ઘનતા અનંત બનવાની સ્થિતિ ભવિષ્યમાં પેદા થાય, જે મહાઆપત્તિ (**big crunch**) હશે. અને સમયનો તે અંત હશે. જો કદાપિ સમગ્ર વિશ્વનો ધ્વંસ ન થાય તો કોઈક જગાએ અસાધારણતા ઉદ્‌ભવતાં સ્થાનિક રીતે ધ્વંસ સર્જાય, જેને પરિણામે બ્લૅક હૉલની રચના થાય. આ અસાધારણતા એવી હશે જ્યારે કોઈ પણ બ્લૅક હૉલમાં પડે તો તેને માટે સમયનો અંત હશે. મહાવિસ્ફોટ કે અન્ય અસાધારણતા આગળ ભૌતિકવિજ્ઞાનના બધા જ નિયમો ભાંગી પડે છે.

ક્વૉન્ટમ સિદ્ધાંત (QT) અને સાપેક્ષતાના સિદ્ધાંત (QTR)નો સમન્વય કરતાં એક નવી શક્યતા નજરે ચઢે છે. દિક્ અને કાળ એક સાથે

અસાધારણતા અથવા સીમા વિનાનું પરિમિત 4-પારિમાણિક અવકાશ રચે છે. પૃથ્વીની સપાટીની જેમ અધિક પરિમાણ સાથે આ ખ્યાલને આધારે વિશ્વની કેટલીક અવલોકિત ઘટનાઓ સમજવાનું શક્ય બન્યું. વિશ્વ અસાધારણતા અથવા સીમા વિના આત્મ-સંતુષ્ટ હોય અને તેનું એકીકૃત (**unified**) સિદ્ધાંત વડે સંપૂર્ણ વર્ણન કરી શકાય તો પછી ઈશ્વરના સર્જક તરીકેના કર્તવ્ય પ્રત્યે ગહન સવાલ પેદા થાય છે.

તરંગની આવૃત્તિ અને ઊર્જા સાથેનો સંબંધ ક્વૉન્ટમ સિદ્ધાંતને અધિકૃત કરે છે. $E = mc^2$ સાપેક્ષતા સિદ્ધાંતના પરિણામને તેની સાથે આમેજ કરતાં જોવા મળે છે કે દળ અને ઊર્જા એકબીજાં સાથે સંકળાયેલાં છે. ક્વાંન્ટમ અને સાપેક્ષતાના સિદ્ધાંતોને જોડવા, કણનું દળ અને તરંગની આવૃત્તિને જોડવાં અનિવાર્ય છે. તંતુ સિદ્ધાંત (**string theory**)નો આ મધ્યવર્તી ખ્યાલ છે. એટલે કે કણના દળને તંતુ ઉપરના તરંગની આવૃત્તિ સાથે સંબંધ છે. અર્થાત્ કણ એ મૂળભૂત પદાર્થ નથી, પણ તંતુઓ મૂળભૂત પદાર્થ છે. અને કણને તંતુ ઉપરના તરંગ તરીકે ગણી શકાય. જો કે તંતુ સિદ્ધાંત હજુ સિદ્ધ થયો નથી. વધુ સ્પષ્ટતા ખાતર આ સિદ્ધાંત અનુસાર તમામ દ્રવ્ય કંપન કરતા નાના નાના તંતુઓના ગાળાઓનું બનેલું છે. આ તંતુઓ ઊર્જાનાં કંપનો કરતાં અતિસૂક્ષ્મ ટુકડા છે. અથવા તો તંતુઓ ઊર્જા કે દ્રવ્ય નથી પણ એ એક એવું તત્ત્વ છે જેમાંથી પદાર્થો બને છે. તંતુ સિદ્ધાંતથી ભૌતિકીમાં ક્રાંતિ થઈ. અને એકીકૃત સિદ્ધાંત પછી તંતુ સિદ્ધાંત દરેક ચીજનો સિદ્ધાંત (**theory of everything**) પુરવાર થશે ?

હમણાં હમણાં હૉકિંગ દિક્ અને કાળને સમજવા મથામણ કરી રહ્યા છે. તેઓ જાણવા માગે છે કે ક્વૉન્ટમવાદ અને સાપેક્ષવાદના સમન્વયથી વિશ્વની પ્રારંભિક પરિસ્થિતિઓનું જ્ઞાન મળશે ? આઇન્સ્ટાઈને એકીકૃત સિદ્ધાંત ઉપર કાર્ય કર્યું, પણ સફળતા મળી નહીં. હૉકિંગ માને છે કે આ સિદ્ધાંતનો આધાર તંતુ છે.

હૉકિંગ બ્રહ્માંડને 'સીમાવિહીન' ગણાવે છે. તેમના આ વિચારને અમેરિકન વિજ્ઞાની ડૉ. જેમ્સ હાર્ટિલ ટેકો આપતાં જણાવે છે કે બ્રહ્માંડ ગોળાકાર, બંધ અને સીમિત છે. જ્યારે કેમ્બ્રિજના વિજ્ઞાની ડૉ. તુરોક બ્રહ્માંડને ગોળાકાર, ખુલ્લું અને અસીમ બતાવે છે. પણ બ્રહ્માંડના આ બે ચહેરા કેવી રીતે હોઈ શકે ? આવું જ ભૌતિકવિજ્ઞાનમાં બન્યું છે. ભૌતિકવિદો પ્રકાશને કણ અને તરંગ એમ બે પ્રકૃતિ ધરાવતો બતાવે છે.

સિત્તેરના દસકામાં ભૌતિકવિજ્ઞાનના મુખ્ય બે સિદ્ધાંતો - વ્યાપક સાપેક્ષવાદ અને ક્વૉન્ટમવાદને હૉકિંગે જોડવાનો પ્રયાસ કર્યો. બ્લૅક હોલ બેહદ ગુરુત્વાકર્ષી ક્ષેત્ર ધરાવતો મૃત તારો છે. પ્રકાશનું કિરણ પણ તેના ગુરુત્વ ક્ષેત્રમાંથી છટકી શકતું નથી. આવું બ્લૅક હોલ નિમ્ન તાપમાન ધરાવે છે. તેથી તે ઊર્જા (વિકિરણ)નું ઉત્સર્જન કરે છે. પ્રકાશનું કિરણ તેના ગુરુત્વ ક્ષેત્રમાંથી ન છટકી શકે તો પછી આવું વિકિરણ ઉત્સર્જન પામી કેવી રીતે છટકી શકે ? ક્વૉન્ટમવાદમાં પ્રવર્તતી 'ટનલ ઘટના'ને કારણે આ વિકિરણ ઉત્સર્જિત થઈ છટકી શકે છે. આ વિકિરણને 'હૉકિંગ રેડિએશન' કહે છે.

બ્રહ્માંડને સીમા નથી. પ્રો હૉકિંગનો સીમાવિહીન સિદ્ધાંત (**no boundary condition**) બ્રહ્માંડની ઉત્પત્તિ અને અંતને લગતો છે ? મહાવિસ્ફોટ (**big bang**)થી પેદા થયેલું આ વિશ્વ વિસ્તરતું જાય છે. અવલોકનોને આધારે જોવા મળે છે કે તારા, તારાગુચ્છો, તારાવિશ્વો દૂર દૂર જઈ રહ્યાં છે. એક સમયે આ વિસ્તરણ થંભી જશે. પછી ફરીથી વિશ્વ સંકોચાવાનું શરૂ કરશે. તમામ [illegible] એક કેન્દ્ર ઉપર પટકાશે. આ ઘટનાને પ્રો. હૉકિંગ મહા આપત્તિ કહે છે, જે વિશ્વનો અંત હશે. અથવા તો બ્લૅક હોલ રચાશે. ફરીથી મહાવિસ્ફોટ અને પછી મહા આપત્તિ...

પ્રો. હૉકિંગના ખ્યાલો અને સિદ્ધાંતોને પ્રતીત કરે તેવાં અવલોકન કે પ્રયોગ આધારિત પુરાવા મળવા બાકી છે. તેમ છતાં તેમના સિદ્ધાંતોની ભૂમિકા જરૂર ઠોસ છે, એટલે નજરઅંદાજ કરી શકાય નહીં.

અહીં સવાલ એ થાય છે કે બ્રહ્માંડ ઈશ્વરથી છે કે નિયમોથી ? હૉકિંગ માને છે બ્રહ્માંડનો જે કોઈ ઈશ્વર હોય તે બ્રહ્માંડના નિયમોનું પાલન કરવા બંધાયેલો છે. આમાં ઈશ્વરના અસ્તિત્વનો હકાર કે નકાર ગણવો.

જ્યોતિષવિદ્યા વ્યક્તિ કે વિશ્વના ભવિષ્ય અંગેના જવાબ આપી શકે છે. પણ તે આનુમાનિક વિદ્યા છે. તેની પાસે પ્રાયોગિક રીતે સિદ્ધ કરી શકાય તેવું કશું જ નથી. બ્રહ્માંડની જાણકારી થોડાક સમયમાં મળી રહેશે તેવો તે આશાવાદ સેવે છે. સમયની જાણકારી અધૂરી રહેશે, કારણ કે તે માટે કાર્ય કરે તેવું કમ્પ્યૂટર નથી.

પ્રો. હૉકિંગના વિચાર-કેન્દ્રમાં સામાન્ય માણસ અને તેની પ્રવૃત્તિઓ છે. એક તાત્ત્વિક વિચારક તરીકે તેઓ માણસની પ્રવૃત્તિઓ પર આધારિત આ જગતના ભાવિની ચિંતા સતત કરતા રહ્યા છે.

એક એવો સમય હતો જ્યારે માણસ પ્રચંડ પ્રાણીઓના શારીરિક બળથી ગભરાઈને ગુફાઓમાં લપાતો-છુપાતો રહેતો હતો. કાળાંતરે વાનર જેવી કોઈ એક જાતે માણસમાં ઉત્ક્રાંતિ પામી. અને માણસ જીવ-જગતનો માલિક બની બેઠો. તેની જિજ્ઞાસાવૃત્તિ તેજ બનતી ગઈ. કોઈ પણ ઘટના કે પદાર્થ પ્રત્યે 'કેવી રીતે' અને 'શા માટે' જેવા સવાલો તે કરતો થયો. તેમાંથી તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનનો પ્રભવ થયો. તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનનું મૂળ સત્યની ખોજમાં હોઈ તેમનો ઇતિહાસ અને સ્વરૂપ એકસરખાં રહ્યાં. આથી પાયથાગોરાસ, ઍરિસ્ટોટલ, કૅન્ટ અને અન્ય દાર્શનિક અને વિજ્ઞાનીની એમ બંનેની ભૂમિકા અદા કરી રહ્યા હતા.

પ્રો. હૉકિંગ પોતાના પુસ્તક 'અ બ્રીફ હિસ્ટરી ઑવ્ ટાઈમ'માં સ્પષ્ટ કરે છે કે, ઓગણસમી અને વીસમી સદીમાં વિજ્ઞાન બેહદ ટેક્નિકલ બન્યું છે, બનતું જાય છે. પરિણામે દાર્શનિકો વિજ્ઞાન સાથે કદમ મિલાવી શક્યા નહીં, જેથી વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન વચ્ચેનો સંબંધ ક્રમશઃ પાતળો બનતો ગયો. આ બધાને લીધે વિશ્વ અને વૈશ્વિક ઘટનાઓ સમજવામાં આમ-માણસની મુશ્કેલીઓ વધતી ગઈ. આમ હોવા છતાં, પ્રો. હૉકિંગ આશાવાદી છે અને વિશ્વાસથી કહે છે કે હજુ વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનો સંબંધ ખતમ થયો નથી.

વ્હીલચેર ઉપર બેસીને બ્રહ્માંડની ખોજ કરતાં કરતાં આ વિજ્ઞાની ઇન્સાનની નિયતિની પણ પરખ કરી રહ્યા છે. તેઓ એ પણ પામી શક્યા છે કે વિજ્ઞાન જેટલા વધારે ચમત્કારો સર્જશે તેટલા વધારે પડકારો માણસ સમક્ષ ઊભા થશે. આગામી આશરે ૪૦ વર્ષમાં વિશ્વની જનસંખ્યા બમણી થઈ જવાની સંભાવનાથી તે ચિંતિત છે. જનિન ઇજનેરી ઇન્સાની-સભ્યતાનો ચહેરો બદલી નાખે તેમ છે. પ્રો. હૉકિંગ કહે છે કે આ ક્રાંતિને રોકી શકાશે નહીં, એ હદ સુધી કે હવે પ્રજનન માટે ગર્ભની પણ જરૂર નહીં પડે ! વિજ્ઞાન માણસના મૂળને મૂળભૂત રીતે સુધારી દેશે. પણ તેઓ કહે છે કે માણસની આ રીતે સુધરેલી જાત પોતાના પૂર્વજો કરતાં અનેક ગણી વધારે રાજનૈતિક અને સામાજિક સમસ્યાઓ ખડી કરશે. આમાંથી એટલું બેશક સ્પષ્ટ થાય છે કે પ્રો. હૉકિંગનું છૂપું અંતર દાર્શનિક વિજ્ઞાન

(અનુસંધાન પૃ. ૧૪૬)

હીંટાળ

સુરેશ ઓઝા

નીચેથી ઉપર જવાની હવે તેમને ઇચ્છા થતી નથી. ઉપર ચડતાં થાક લાગતો હતો એવું ન હતું, પણ જ્યાં બેઠા હોય ત્યાંથી ઊઠવાનું મન ન થતું. ઘરનાં બધાંને રહેતાં રહેતાં આ વાતની ખબર પડી ગઈ હતી. ઘરનાંને તેમનો સ્વભાવ બદલાઈ ગયો છે તે ખબર પડી ગઈ છે એની તેમને પણ જાણ થઈ ગઈ હતી. આખુંએ જીવન નકામું નકામું થઈ ગયું હતું તેમને માટે તેવું તે અનુભવતા હતા. ગમેતેમ પણ આખું જીવન બીજા શું કરે છે ને કેમ કરે છે એ જોવામાં જ ગયું હતું. ભૂલ થઈ ગઈ, જીવવામાં ભૂલ થઈ ગઈ - એ હવે તેમને સ્પષ્ટ સમજાઈ ગયું હતું.

મનની આડે આવતી આડસ દૂર થઈ હતી. તે પોતે આ આડસને દૂર થવા દેવા માગતા ન હતા એ પ્રકારના વિચારથી ઘેરાઈ ગયા હતા. એટલે શરીરને થાક લાગવા માંડ્યો હતો. મનમાં બોલી પણ જતા : થાકી ગયો છું. જોર ક્યાંથી લાવવું ?

તેમને કોઈ કહેનાર ન હતું કે, એમ હારી ન જવાય. જીવનમાં આવું તો બન્યા જ કરે. 'કપાળ, આવું બન્યા કરે ?' પોતે વિચારી પોતે જ જવાબ આપતા. તેમને આશ્વાસનની જરૂર ન હતી. પત્ની પણ તેમના સ્વભાવને લીધે દૂર રહેતી, ત્યારે તે પણ અકળાઈ જતા. બહુ લાંબું જીવાશે નહિ, જીવવું પણ નથી.' તેમને થયું. ત્રણ સંતાનો તેમણે પત્નીને આપ્યાં હતાં છતાં માયા ન હતી પત્નીને.

ગાંડપણમાં જોતા હોય તેમ તેમણે પોતાના હાથને જોયા કર્યો. હમણાં કોઈ ટકોર કરશે : આમ બેસી રહેશો ?

બે દીકરાઓ મોટા છે. દીકરી પરણી ગઈ છે. એક દીકરો પરણી ગયો છે. બીજાને પરણાવવામાં તેમને રસ નથી. પત્નીએ ઘણા સમય પહેલાં તેમણે પૂછેલું, 'તમારો સ્વભાવ નાનપણમાં પણ આવો હતો ?' ત્યારે તેમણે સામે પૂછેલું, 'તું જાણવા શું માગે છે ?'

'ના, ખાલી અમથું'

'કારણ વગર ?'

આ વાત તો વર્ષો પહેલાંની. એ વખતે તેમનો સ્વભાવ મારફાડ. અત્યારે જોતાં લાગે જ નહિ કે તેમનો સ્વભાવ એવો હશે. તેજ સ્વભાવના તેમને કહેવા કરતાં ઝગડાળુ કહેવું વધુ બંધ બેસે તેમ છે. ને ઝગડા પણ કોની સાથે ?

તેમનાં પત્નીએ તેમને પૂછ્યું ત્યારે તેમને થઈ તો આવેલું કે જન્મથી જ માણસ સારો નથી હોતો કે ખરાબ, પણ બોલેલા નહિ. ખરેખર તો તેમનું મગજ તે સમજણા થયા ત્યારથી જ બગડવા માંડેલું. મગજ કરતાં મનમાં ગૂંચ પડવા માંડેલી. કંઈક હોય કે તરત તેમના બાપા મોટાને બોલાવે. વાત કરે. મોટાભાઈ પણ આની સાથે કોઈ જુએ નહિ એ રીતે ચાળા કે ધોલથપાટ કરી લે. પછી તો બીજાના દેખતાં પણ આવું થવા માંડેલું. ત્યારે તે મોટાભાઈને મારવા પ્રયત્ન કરતો, પણ પહોંચી ન શકતો.

અત્યારે તેમને બરાબર યાદ છે કે ત્યાર પછી તે બાપાને ફરિયાદ કરતા ત્યારે બાપા બોલતા, 'સરખા રોને. તેં કંઈક કર્યું હશે.' હું નાનો હતો ત્યારે. હું મોટાભાઈને શું કરી શકું એવું તેમને મોટા થયા પછી લાગવા માંડેલું. પછી નજીવાં કારણોમાં તેમના ભાઈ તરફ અણગમો વધવા માંડ્યો, ખાસ તો બાપા જ્યારે મોટાભાઈને મહત્ત્વ આપતા ત્યારે. ભણવાથી માંડી બધી બાબતમાં. ત્યારે તેમને કંઈનું કંઈ થઈ જતું. શું થતું તે તે વર્ણવી ન શકતા. ઈર્ષા તો ન કહેવાય.

એમ તો મોટાભાઈ તરફ તેમને લાગણી હતી. ચારછ કલાક તેમને ન જુએ તો બેચેન થઈ જતા. તેમનામાં રહેલી આ ભાવનાની કોઈને કેમ સમજ નહિ પડી હોય ? તેમને અત્યારે અને નાના હતા ત્યારે પણ નવાઈ તો લાગી જ હતી. પછી પોતે પણ આવી લાગણીને મહત્ત્વ ન આપતા. ભુલાઈ ગયું. પણ ઝગડનાર જોઈએ એવી તેમની સ્થિતિ થઈ ગઈ. એટલે જ કદાચ મોટાભાઈને ન જુએ ત્યારે બેચેન થતા હશે. મોટા થયા પછી પણ મનના કોઈક ખૂણે મોટાભાઈ તરફ આ પ્રકારની કૂણી લાગણી રહેલી.

નાના હતા ત્યારે ગલીને નાકે મોટાભાઈને ગલીના છોકરાઓએ ઘેરી લીધેલા ને તેમને લાગ્યું કે મોટાભાઈને મારે છે. ત્યારે તે ગલીના નાકા તરફ દોડેલા. આ હજી તેમને દીવા જેવું ચોખ્ખું યાદ છે. મોટાભાઈએ તેમને દૂરથી જ કહેલું : તું નજીક આવતો નહિ : મને કંઈ નહિ થાય. ઘરે જા. ત્યારે તેમની ઉંમર છ વર્ષની હતી. ને મોટાભાઈની ઉંમર આઠ વર્ષની. ને ખરેખર મોટાભાઈને કંઈ જ ન થયું.

પણ આ મોટાભાઈ ઘરમાં આવતા ને તેમની ગૃહદશા બદલાતી, બધી બાબતમાં મોટાભાઈ બસ. ભણવામાં તો તે. કામમાં તો તે. હોશિયારી પણ તેમની જ. જાણે પોતે કેમ મૂરખ હોય. આ બધી બાબતો તો તેમને યાદ પણ નથી. બાપુજી, બા પોતે, ભાઈ, બહેન, બીજી બહેન, ત્રીજી બહેન. કુલ આટલાં માણસો. બહેનોને તો ગણતરીમાં લેતું જ નહિ. બા પણ નહિ. બાપા પણ નહિ. પોતે પણ નહિ.

તેમના અણગમા તરફ બહેનોનું ધ્યાન હતું. તેની તેમને એ વખતે પણ ખબર પડતી. પોતે કેટલીક બાબતમાં ઘણા હોશિયાર છે તેની પણ તેમને ખબર હતી. બહેનો તેમની તરફ તાકી રહેતી. ખાસ તો વચલી બોલ્યાં વગર તાકી રહેતી. ત્યારે આ ઘણુંબધું સમજતા. આને લાગણી જ કહેવાયને ? આવી ખબર ત્યારે પણ તેમને પડતી. અને વચલી તેમની પાસે બોલ્યાં વગર ઊભી પણ રહેતી. આજે તે હયાત નથી. ગુજરી ગઈ છે. એ વખતે વચલીની ઉંમર હશે લગભગ બાર વરસની.

ઘરમાં કોઈ કામ વગર બોલતું નહિ. પણ માથાકૂટ તો થયા જ કરતી. બોલતું નહિ તોય માથાકૂટ થતી. બોલતા નહિ એટલે જ માથાકૂટ થતી હશે. વચલી જીવતી હોત તો અત્યારે કેવી લાગતી હોત ? ક્યાં હોત ? આવા વિચાર કરવાની શું જરૂર છે – તેમને થતું તેને મરી ગયાંને પણ વર્ષો થઈ ગયાં. દીકરી મરી જાય એનું માબાપને બહુ ન લાગે, પણ દીકરો મરી જાય એનું લાગે. તે કારણ ગોતવા માંડેલા. આમ કેમ ? આપણો પક્ષપાત જ ને.

નાનપણનું મોટાભાઈ સાથેનું અંતર આટલી ઉંમર થઈ છતાં દૂર કેમ નહોતું થતું ? કારણ ? અનેક કારણ તે ગણાવી શકે તેમ હતા. ક્યાં ગણું, ક્યાં જતાં કરું ? તેમાં પણ દિવસે દિવસે કારણ વધતાં જતાં હતાં. બાપાએ મોટાને સારું ભણાવ્યો. પોતાને ભણવું હતું તો પણ કામે લગાડ્યો, તું ભણીને શું કરીશ ? - એમ બોલીને. ત્યારે તે સમસમી રહ્યા હતા. હવે તો મોટાભાઈ સાથે ઝઘડા કરવાનું મોટું કારણ આ જ હતું. તેમને થયેલું, આની સાથે સંબંધ ન રાખી શકાય કે ભવિષ્યે પણ નહિ.

બાપાના મૃત્યુ સમયે દુઃખ સાથે ઊંડેઊંડે મનમાં થયેલું કે તેઓ મારો પક્ષ ક્યાં લેતા હતા ને તે બેચેન બની જઈ મૂંગા થઈ ગયા હતા. મોટાભાઈ તેમની સામે જોઈ રહેલા – અનુકંપા અને લાગણીથી. એમને

મનમાં શું થતું હશે ? મને પણ મનમાં થતું હતું : હવે મોટાભાઈ છે. માન રાખવું. પણ એવું કંઈ જ બન્યું નહિ. બાપા ગયા પછી માથા પરથી ભાર ઓછો થયો ને મોટાભાઈ સાથે અંતર વધતું ગયું. અત્યાર સુધી બધાં એક મકાનમાં હતાં પણ હવે ?

વચ્ચે બે દાદરા એકબીજાની લગોલગ. ને બેય દાદરાને અડીને ઓરડા ને તેની પછી પણ ઓરડો. પાછળ બારી નહિ એટલે અંધારું — મેડી પર પણ એમ જ. પણ ઉપરના ઓરડામાં બારી ખરી. ત્યાંથી પાછળના રેલના પાટા દેખાય. ને આગળના ભાગમાં અગાસી નીચે બન્નેની ઓસરી અલગ અલગ; પણ પછી લાંબું મોટું ફળિયું. એ સહિયારા ફળિયામાં મોટો ઊંચો લીમડો ને ફરતી દીવાલ. બહારથી કોઈને ખ્યાલે ન આવે કે આવડું મોટું મકાન ? ને પાછું ડેલીબંધ !

પણ આ તો બાપા ગુજરી ગયા પછી બંને ભાઈ જુદા થયા ત્યારે. ત્યાં સુધી સહિયારું શું કે જુદું શું કોઈ સમજતું ન હતું. બાપા ગુજરી ગયા પછી બેમાંથી કોણ જુદો થાય ને એક આખું ઘર ને ફળિયું સુવાંગ વાપરે એ વિચાર બેય ભાઈને આવી ગયો. પણ સુવાંગ કોઈ વાપરી ન શક્યું. બાજુબાજુમાં ભાગ પાડી રહ્યા. એક દાદરો મારો ને એક તારો એ રીતે. ઓસરીના પણ ભાગ પડ્યા. પણ લાંબા પહોળા ફળિયાના કે તેમાં આવેલા ત્રણ લીમડાના ભાગ ન પડ્યા.

બંને ભાઈના છોકરા ફળિયામાં રમતા. સાંજે ખાટલા પડતા ને રાતે સૂતા. પણ નાનો મોટાને ન બોલાવે કે મોટો નાનાને. કામ હોય તો વાંધો તો પડવાનો જ. માની ટૂંકમાં પતાવે. પછી જોયું જશે. પણ વાંધો તો પડતો જ. નાનાને લાગતું કે મને તે છેતરે છે. તેને લાભ હોય તો પણ ધૂંઆંપૂઆં થઈ જતો. મોટો કહેતો : મને ખબર જ હતી. ને એટલે તો મેં તને ચોખ્ખું કહેલ, વિચાર કરીને કહેજે. નાનો કહેતો : આ વાતની ચોખવટ ક્યાં થઈ' તી. બનાવો છો કોને ? આ તો બધું એમ ને એમ રહ્યું. મોટો કહેતો : એમ ને એમ તો રે. વિચારી જોજે. ને પછી ઝગડો લંબાતો — નાનીનાની વાતમાં પણ.

બંનેની વહુઓને અંદરખાને દુશ્મનાવટ નહોતી. ક્યારેક એકબીજાં સામે જોઈ હસી લેતી. ભાઈઓને લીધે છૂટથી બોલતી નહિ. છોકરાઓ ફળિયામાં રમતાં ક્યારેક ભેગાં થઈ જતાં તો કોઈ બોલતું, બાપા નથી ઝગડતા તેમની સાથે ? તો આપણે શું કામ બોલવું ? 'ને દૂર ઊભાઊભા કિટ્ટાની આપ-લે થતી. ક્યારેક રમત જામી હોય તો એક ઘરના બીજા ઘરના છોકરાઓ સાંમે જોઈ રહેતા મૂંગા ઊભા ઊભા. અમને રમાડોને એ ભાવથી બંને ભાઈઓને છોકરા સાથે રમે એનો વાંધો ન હતો. વહુઓ વાતો કરે એનો વાંધો ન હતો. છતાં છોકરા રમતા નહિ ને વહુઓ વાતો ન કરતી. બંને કુટુંબ અજાણ્યાં જ છે, સંબંધ જ નથી એ રીતે.

આ વાતોને પણ વર્ષો વીતી ગયાં. અત્યારે તો એ છોકરા પણ મોટા થઈ કામે વળગી ગયા છે. પરણ્યા છે ને વસ્તાર વધી ગયો છે. ભાઈઓ ઘરડા થઈ ગયા છે છતાં ઉંમરનો ફેરફાર તેમને લાગતો નથી. કેટલી ઝડપથી વર્ષો વીતી ગયાં તેની નવાઈ લાગે છે. હવે કેટલાં વરસ જીવવાનું તેની તેમને ખબર નથી. હજી તો ઘણું લાંબું જીવવાનું છે. આપણને શું થવાનું છે ? એકબીજાનાં સંતાનોને પોતે ગમે છે કે નહિ એવો પણ તેમને વિચાર ન આવતો.

ક્યારેક એકબીજાનાં સં..નો તરફ લાગણી થતી. તેમને બોલાવી વાત કરવાની ઈચ્છા થતી. ક્યાં પારકાં છે ? પોતાના ભાઈનાં છેને ! પણ આ બધું માત્ર તેમના મનમાં જ ઊછળતું. પરિણામ ન આવતું. તે તેમના રસ્તે, પોતે પોતાના રસ્તે. છતાં બાજુબાજુમાં જ રહેતા હતા ને ફળિયું પણ સહિયારું હતું. આ એક બાબતે બંને ભાઈઓ આશ્વાસન લઈ શકતા. લાગે કે કુટુંબ એક છે. ને બહાર પણ લાગતું — છે તો બધા સાથેસાથે.

પણ તે શા કામનું ? જ્યાં મન જુદાં ત્યાં બધું જુદું. તો પણ ભાઈ કંઈ મટી જાય છે ? હવે જો તેમને કંઈ નડતું હોય તો પોતાની જાત અને પછી ઉંમર. ઘરમાં પણ હવે તેમની ગણતરી ઓછી થઈ. તે જોઈ શકતા હતા કે તેમનાં પત્નીની ગણતરી હજી એટલી જ હતી. કહોને કે વધી હતી. વહુઓ તેમનું માન રાખતી તે પત્નીને કારણે. તેમને આ ખબર હતી. મોટાભાઈનું પણ આવું જ હશે ?તેમને મોટાભાઈ એકદમ નબળા પડી ગયા હોય એમ લાગવા માંડ્યું અને તેમના તરફ લાગણી થઈ આવી.

એમ તો કોઈ પોતાની દુકાને ભાઈના ઘરનું કોઈ કંઈ લેવા આવી ચડતું તો કહી દેતા : જા. હવે પૈસા હોતા હશે લેવાના બાપાની દુકાન તેમના ભાગમાં આવેલી. મોટા ભાઈએ બીજી દુકાન કરેલી ત્યારે તેમને સંતોષ થયેલો. ભણ્યા તોય શું મોથ મારી ? મોટાભાઈએ રોકડા કરી બીજી દુકાન નાખેલી. તેમને બરોબર યાદ છે એ વખતે મોટાભાઈ આડા નહોતા આવ્યા. તેમની બધી ઈચ્છામાં હામાં હા જ ભણેલી. તેમને થયેલું કે હું નાનો છું એટલે એમ કર્યું હશે. તેમને નવાઈ તો લાગેલી. ને થયેલું - ગમે તેમ લડશું-ઝગડશું તો પણ ભાઈ મટી જવાશે ?

આ વિચાર બાપાની દુકાન હાથ આવ્યા પછી લાંબો સમય ટક્યા ન હતા. પાછા એના એ. કંઈક લાભ હશે, નહિતર જતું ન કરે.

તેમણે ગણતરી કરવા માંડી કેટલીકવાર હું લાકડી લઈને મારવા દોડ્યો હઈશ ? એ વખતનો મારો ચહેરો જોઈ પત્ની પણ અટકાવી ન શકતી. આડી તો પડતી, પણ હાથ અડતાં આઘી ખસી જતી. તે બોલી હતી : આના કરતાં તો ફળિયાના ભાગ કરી દીવાલ ઊભી કરો. પછી કોઈને સનાન-સૂતક નહિ. રોજરોજના ભવાડા. તમારાથી તો ભગવાન પણ આઘો ભાગે.'

ગમે તેમ પણ પછી તો નાના અમથા કારણે ઉશ્કેરાઈ જતા. ત્યારે મોટાભાઈ મેડીએ ડોકાઈને જોઈ રહેતા. બોલતા : ઘરમાં જા અંદર, નાલાયક તારી જેવા મારાથી થવાતું નથી. નહિતર ભગવાને મને પણ બે હાથ આપ્યા છે. આ શબ્દો તેમને બરાબર યાદ છે. કેટલીય વાર સાંભળ્યા છે. મોટા સિવાય બીજું કોઈ આમ ન બોલે. તેમના છોકરા તો મારવા દોડે એવા છે. એમત્તે કંઈ મારી શૈરમ ન નડે, તો પણ મોટાભાઈને લઈને જ...

દીવાલ કરવાની વાતે મોટાભાઈએ જ ના પાડેલી. ક્યાં કોઈ છે ? નથી કરવી દીવાલ. એ વખતે આમને થયેલું, ક્યાંથી કરે ! ને આડાઅવળા આક્ષેપ કરેલા. પત્નીએ વાત સાંભળી ત્યારે બોલી હતી, 'તમને તો બધી વાતમાં આવું જ દેખાય છે.'

'તું તારે સીધું જોને પણ.'

દીવાલની વાત પછી મોટાભાઈને થોડી ગળે ઊતરી હતી. ત્યારે પોતાને જ થતું, 'દીવાલ થશે પછી હું જઈશ ક્યાં ? ઝગડો કોની સાથે કરીશ ?' ઝગડવામાં પણ તેમને તેનો ભાઈ જ દેખાતો. આ ઉંમરે પણ મનમાં તેમને આ વિચાર ઝબકી ગયેલો. પોતે પણ મનમાં સહેજ ડરી ગયેલા. મોટાભાઈએ પછી દીવાલ કરવાનું માંડી વાળેલું, પણ પોતે મનમાં સહેજ

ડરી ગયેલા. આખી જિંદગી જાણે તે તેમના ભાઈના સહારે જ જીવ્યા છે. અને હવે બેમાંથી કોક તો જશે જ ને ? ઝગડા પણ પહેલાં જેવા હવે નથી કરી શકાતા. દીવાલનું તેમને આટલું મોડું કેમ સૂઝ્યું અને મોટાભાઈએ ના કેમ પાડી ? મોટાભાઈ સાથે બોલતા નથી. બોલવાનું મન થાય છે ત્યારે થાય છે કે હવે બહુ મોડું થઈ ગયું. હવે બોલીને ય શું બોલવું ?

તે જ્યારે સૂનમૂન બેસી રહેલા ત્યારે પત્નીએ ટકોર કરેલી, 'બસ, હવે બેઠાને હેઠા !'

તે નર્વસ હોવા છતાં સ્થિર આંખે પત્ની સામે જોઈ રહ્યા.

'થઈ ગયુંને બધું જોર નકામું હવે ?'

તેમના મનમાં રડવા માટે ડૂમો ભરાઈ ગયો, પણ રડાયું નહિ.

'એક દિ ખબર કાઢવા ગયા નથી !'

તે મૂંગા રહ્યા. તેમને એમ કે તેમાં ખબર શું કાઢવી'તી. હોય નાની અમથી માંદગી.

નાની કે મોટી, માંદગી એટલે માંદગી. તે અત્યારે તેમને બરાબર સમજાઈ ગયું. માત્ર આઠ દિવસની જ રમત ને બધું ખતમ. આખી જિંદગીનું મેણું ને વસવસો. ખરેખર તો શરમના માર્યા તેમના પગ ઊપડ્યા નહોતા, તે તે મનમાં સમજતા હતા.

તેમનાં પત્ની બે વખત ખબર કાઢવા ગયાં હતાં તે તેમને ખબર ન હતી. પાછળથી તેમનાં પત્નીને ખબર પડી કે મોટાભાઈ બોલ્યા હતા, 'ઈ નો આવ્યો ? ગમે તેમ તોય ભાઈ છે.' બોલીને પડખું ફરી ગયા. તે પડખું ફરેલું જ રહ્યું !

'હવે તો જવું છે ને ?' પત્નીએ પૂછ્યું. તેમનું મોઢું થીજી ગયેલું ને કાળુંધબ. ખભે ફાળિયું નાખી ખૂણામાં બેસી ગયા. આ શું થાય છે ? થયું છે તે તેમની સમજમાં ઊતરતું ન હતું. તેમના દીકરા અને પત્ની મદદમાં હતાં.

'ભગત, ઊઠો હવે.' તેમને કોઈએ કહ્યું.

'હં.'

'કરો તૈયારી નીકળવાની.'

'હા.'

'થાવ પાછળ. બધા નીકળે છે.'

સ્મશાનમાં પણ તે કોઈ સાથે બોલ્યા નહિ આમતેમ પણ જોતા ન હતા. માત્ર મોટાભાઈની બળતી લાશ અને પછી તો માત્ર અગ્નિ-જ્વાળાઓ જોઈ રહ્યો.

ત્યારથી તે સૂનમૂન છે. બાપાએ શું કાંદો કાઢ્યો એમ પણ મનમાં ઊંડે ઊંડે થયેલું. માત્ર દીવાલ – બધું સમજતા હોય તેમ તે મનમાં બોલ્યા. બધું સમજતા હતા તે પણ તે સમજી ગયા.

થોડા મહિના પછી તેમને ખબર મળ્યા કે મોટાભાઈનાં સંતાનો ઇચ્છે છે કે ફળિયામાં દીવાલ ચણી બે ભાગ કરી નાખીએ. ત્યારે તે સાંભળતા નથી એવા ભાવથી જોઈ રહ્યા. બોલ્યા, 'શું ?'

'તમારી પાસે આવશે.' તેમનાં પત્નીએ કહ્યું.

'હા.'

મોટાભાઈના દીકરાઓએ તેમની પાસે આવી કહ્યું, 'કાકા, દીવાલ કરી નાખીએ.'

'હવે કરવાની શું જરૂર છે ?'

'ભવિષ્ય માટે.'

'ના, નથી પાડવી દીવાલ.'

'તમે જ મારા બાપુજીને કે 'ના'તાને !'

'તારા બાપાએ ના નોતી પાડી મને ?'

'આજે તમે ના પાડો છો ?'

બહાર નીકળતાં ભાઈઓએ વાત કરી, 'કાકાનું ખસી ગયું લાગે છે. બહાર પણ જતા નથી.'

'બહુ નહિ કાઢે.'

'ના, કાઢશે.'

'પણ દીવાલ નહીં પાડવા દે તને.' બીજો બોલ્યો, 'દીવાલની તો હા નહીં જ પાડે, જો જો.' ❐

ચેસ-કૉર્નર : કોયડો-૪

કાળું



સફેદ

સફેદ મહોરાની ચાલ અને બે ચાલમાં કાળા રાજાને મહાત કરવાનો.

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૧૦, મંગલમ્ એપાર્ટમેન્ટ્સ, ભગવાન નગરનો ટેકરો, પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭ (email arpishah@jindalonline.net) મોકલી આપવા વાચકોને આમંત્રણ છે.

જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ મે મહિનાના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે. - તંત્રી

*

'કુમાર'ના જાન્યુઆરી ૨૦૦૧ના અંકમાં આવેલા કોયડા નં - ૨નો ઉકેલ.

સફેદ	કાળું
(૧) R d_1	....
(i) જો --------	k f 8
(૨) Ba, -	શેહ અને મહાત.
(ii) જો-------	k f 6
(૨) R d_7 -	શેહ અને મહાત

ઉપરના કોયડાનો સાચો જવાબ મોકલનાર વાચકોનાં નામ : (૧) ઝેડ.એલ. ઝાલાવાડિયા (૨) શનય શાહ (અમદાવાદ), (૩) ખિલાવ જોશી - ભરૂચ. વડોદરાના રાજ શાસ્ત્રીનો ઉકેલ સાચો નથી.

-અર્પી શાહ

ફિલ્માકાશ - ૩

ધ ન્યૂ થીએટર્સ : સાયગલ અધ્યાય

રજનીકુમાર પંડ્યા

કુંદનલાલ સાયગલ બંગાળી અને ખાસ કરીને હિંદી ફિલ્મ-સંગીતમાં આજ લગી એક અનસ્ત સૂર્ય તરીકે પૂજાય છે. પણ એમને એ ક્ષેત્રમાં લઈ આવવામાં એક કરતાં વધુ વ્યક્તિઓનું યોગદાન હતું તે નિર્વિવાદ છે. વાસ્તવમાં કૂંપળ પાંગરીને વૃક્ષ ફાલેફૂલે એમાં જેમ અનેક ઘટકોનો ફાળો હોય છે તેમ આવા યુગપ્રવર્તક કલાકારોના મામલે પણ જો આપણે ઝીણવટથી પૃથક્કરણ કરીએ તો જ ખબર પડે કે એવી દરેક વ્યક્તિની, સાયગલને ઘાટ આપવામાં અલગ અલગ સમયે, અલગ અલગ સ્તબકે, અલગ અલગ પરિમાણમાં ભજવાયેલી ભૂમિકા હતી. એથી કોઈ એક વ્યક્તિનો યશ બીજાના ભાગે ચાલી જવાનો સંભવ નથી.

આપણે જ્યારે ધ ન્યૂ થીએટર્સને કેન્દ્રમાં રાખીને વાત કરીએ છીએ ત્યારે એ જાણીને નવાઈ લાગે તેવું છે કે, ૧૯૩૧ના ફેબ્રુઆરીમાં ન્યૂ થીએટર્સની સ્થાપનાની ઘોષણા થઈ તે પહેલાં જ, નવેમ્બર ૧૯૩૦માં બી.એન. સરકારે કુંદનલાલ સાયગલની પસંદગી કરી લીધી હતી — ગજરો બનાવતાં પહેલાં કુશળ માળી શ્રેષ્ઠ લાગતું ફૂલ અગાઉથી ચૂંટી લે તે રીતે જ. અહીં મજાની વાત એ છે કે જે સમયે કુંદનલાલ સાયગલની કારકિર્દી શરૂ પણ થઈ નહોતી તે સમયે-પારખીને એમણે પોતાના ધ્યેય માટે જરૂરી ગણ્યા હતા. આ હીરાપારખું નજરને કારણે જ ધ ન્યૂ થીએટર્સમાં શ્રેષ્ઠ પ્રતિભા ધરાવતા કલાકારોનો સમૂહ એકત્ર થયો હતો. પોતાનું અવસાન ૧૯૮૦ના નવેમ્બરની ૨૮મીએ થયું તે પહેલાં સિને સોસાયટીના સ્થાપક આ ભાઈને ૧૯૭૯માં આપેલી એક અંગત મુલાકાતમાં બી.એન. સરકારે બહુ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે, 'મીસ્તર કાઝી નામની એક સિનેવિસ્તરકની પુત્રીની સગાઈ નિમિત્તે યોજાયેલા એક સમારંભમાં મેં કુંદનલાલને ગાતા સાંભળ્યા. મને તો સંગીતમાં ઝાઝી ગમ પડે નહીં. પણ મારી સાથે મારી રચાનારી ટીમના સભ્યો નીતિન બોઝ, રાયચંદ બોટાલ અને હાફીઝજી હતા. એ બધા સાથે પરામર્શ કરીને મેં એ જ વખતે આ જુવાનને અમારી મંડળીમાં સામેલ કરી લેવાનું નક્કી કર્યું. આ વાત ૧૯૩૦ના નવેમ્બરની એટલે કે ધ ન્યૂ થીએટર્સની સ્થાપનાના ત્રણ માસ પૂર્વેની છે.'

આજે તો છવ્વીસ વર્ષની ઉંમરે, આ ઝડપી પ્રગતિના યુગમાં કલાકારો જો પાણીદાર હોય તો પ્રગતિના એક ચોક્કસ મુકામે પહોંચી શકતાં હોય છે. પણ એ વખતે, એ યુગમાં છવ્વીસ વર્ષના કુંદનલાલ વાસ્તવમાં કારકિર્દીના શૂન્ય આંકે ઊભા હતા. એ વખતે તેમના ગળામાં રહેલું હીર પારખનારમાં પણ વિશિષ્ટ હીર હોવું ઘટે. બંગાળમાં એ વખતે સાહિત્ય, કલા, સંગીતનાં બહુ ઊંચાં ધોરણો હતાં, કોઈ પણ માણસ વગ કે નકરી રંજનવિદ્યાના બળે આ ક્ષેત્રમાં ઘુસણખોરી કરી શકે જ નહીં. એ દિવસોમાં સાયગલનો આ રીતે પ્રવેશ એ હીરા અને ઝવેરી બન્નેના બહુ ઊંચા ગુણ સિદ્ધ કરે તેવો છે. પણ સાયગલ એ મહેફીલમાં કેવી રીતે પહોંચ્યા ? એમના ભૂતકાળની વાત તો આપણે અગાઉ જોઈ. તેમણે કોઈ જ સંગીતશિક્ષક પાસેથી ગાયન ની તાલીમ તો લીધી જ નહોતી. અરે તેમનો શાળાકીય અભ્યાસ પણ અંગ્રેજી ચોથા ધોરણ (આજના આઠ ધોરણ) સુધીનો હતો. એમનામાં સંગીતની ગ્રહણશીલતાનું જે અત્યંત 'પ્રબળ એન્ટિ'ના પડ્યું હતું તેણે સાયગલમાં આજુબાજુના વાતાવરણમાંથી સંગીતની કેળવણી સીંચી એમ જ કહી શકાય. એમના મોટાભાઈને ક્ષયરોગ હતો તેથી પિતાએ એમને મન બહેલાવવા એક પગ-હાર્મોનિયમ લઈ આપ્યું હતું. પણ



કુન્દનલાલ સાયગલ - ધ ન્યૂ થીએટર્સમાં ૧૯૩૦માં દાખલ થયા ત્યારે. (તસવીર રમેશ ઠાકરના સૌજન્યથી)

કુંદનલાલને એનો સ્પર્શ કરવાની પણ મનાઈ હતી. ચોરી છુપીથી જોકે એ પેટીના સૂર પર આંગળાં ફેરવી જ લેતા. વળી, જલંધરમાં જ ઘરની સામે એક તવાયફનો કોઠો હતો. તેમાંથી રાત- અધરાત ઠુમરી કે એવા કોઈ ગાયનના સૂર કાને પડતા. મનુષ્યની જે વયઅવસ્થામાં અનુકરણની વૃત્તિ પ્રબળ હોય છે તે બાલ્યવય અને કિશોરવયના સંધિકાળે આમ એમને 'એકલવ્ય'ની ઢબથી શિક્ષણ મળ્યું તેમ ગણાય. (એક કિંવદંતિ પ્રમાણે બહુ વર્ષો પછી સાયગલ જ્યારે કારકિર્દીના મધ્યાહ્નને પહોંચ્યા ત્યારે અચાનક જ કલકત્તાના એક નિર્ધન મહોલ્લામાં ખાંસીના અવરોધો વચ્ચે ગવાતું ગીત 'તમિશ મોર મન કી કૌન બૂઝાએ' સાંભળતાં જ એ ગાનારીને જોવા દોડી ગયા ત્યારે એ જ તવાયફ કંગાળ હાલતમાં ત્યાં ગાઈ રહી હતી. સાયગલે એ પછી તેની સહાય કરી હતી.)

અલબત્ત, કશી પણ શાસ્ત્રીય તાલીમ કે પદ્ધતિસરના રિયાઝ વગરના કુંદનલાલ મિત્રમંડળીમાં ગાતા થયા અને જ્યારે એમને રેલવેના પ્લૅટફૉર્મ ઉપર ઘડિયાળો રિપેર કરવાની નોકરી મળી ત્યારે કોઈના આગ્રહથી રેલવે ઑફિસર્સની ખાનગી ક્લબોમાં ગાતા થયા. અલબત્ત, એનાથી મળતી ખ્યાતિ 'ડ્રૉઈંગરૂમ સિંગર'ની પદવી સુધી જ સીમિત રહી. પણ એમાંથી જ એમને નાનીમોટી ખાનગી પાર્ટીઓમાં, પચાસ-સો મહેમાનોની હાજરી- વચ્ચે ગાવાનો આગ્રહ થવા માંડ્યો. બંગાળ તો સંગીતની ભૂમિ છે. જલસાપ્રિય જનસમાજમાં આવી પાર્ટી એ સામાન્ય છે અને તેમાં ગાનાર અને સાંભળનાર બન્નેની કોઈ વિશિષ્ટ કે ઊંચી કક્ષા હોતી નથી, કારણ કે માત્ર મનોરંજન સિવાય એનો બીજો કશો જ હેતુ હોતો નથી.

પણ આવી જ એક પાર્ટીમાં ધ ન્યૂ થીએટર્સની સ્થાપનાના થોડા જ માસ પૂર્વે આકસ્મિક રીતે બી.એન. સરકારને કુંદનલાલ સાયગલનો ભેટો થયો અને પછી જે અનુબંધ રચાયો તે પૂરો દસકા ઉપરનો રહ્યો. અલબત્ત, એ કરાર પૂરા પંદર વર્ષનો હતો એ વાત જુદી છે.

કુંદનલાલ સાયગલ સાથે એક જ પાર્ટીમાં બી.એન. સરકાર, નિતિન બોઝ, રાયચંદ બોરાલ જેવા મહાનુભાવોનું મિલન ખરેખર આકસ્મિક હતું કે પૂર્વયોજિત — સાયગલના વિખ્યાત ચરિત્રકાર રાઘવ આર. મેનનના પુસ્તક 'સાયગલ' : ધ પિલ્ગ્રિમ ઑવ્ સ્વર'માંથી આનો જવાબ આપણે શોધી લેવાનો રહે છે. બેશક ધ ન્યૂ થીએટર્સના જનક બી.એન. સરકારનો ભેટો એમની સામે પહેલી વાર એક લગ્નસમારંભમાં થયો એ વાત સાચી, પણ આર.સી. બોરાલ તો એ પહેલાં જ એમને મળી ચૂક્યા હતા ને એમને બી.એન. સરકાર સમક્ષ પેશ કરવાનું નક્કી કરી ચૂક્યા હતા.

એ દિવસોમાં બોરાલ કલકત્તાની પોતાના વડવા પી.સી. બોરાલના નામ પરથી નામકરણ પામેલી પી.સી. બોરાલ સ્ટ્રીટમાં પોતાના ભવ્ય મહેલ જેવા પૈતૃક આવાસમાં રહેતા હતા. કલકત્તાના રેડિયો એટલે કે ઇંડિયન બ્રોડકાસ્ટિંગ કંપની સાથે જોડાયેલા હતા. તેમનો મોટા ભાગનો સમય રેડિયોમાં જ પસાર થતો હતો. અલબત્ત, બી.એન. સરકાર સાથે તેમનો નાતો ગાઢ હતો. કારણ કે તેમણે ન્યૂ થીયેટર્સ પહેલાં સ્થાપેલી ઇન્ટરનૅશનલ ફિલ્મ્સ ક્રાફ્ટ કંપનીનાં મૂક ચલચિત્રોમાં પરદાની સામે બૉક્સમાં બેસીને તેમણે પંકજ મલિકના સંગાથમાં સંગીત આપવાની કામગીરી કરી હતી. પણ તેમનો વધુ સમય રેડિયોમાં આપતા હતા.

એ દિવસોના હરીશચંદ્ર બાલી નામના તેમના સંગીતકાર મિત્ર અવારનવાર મુંબઈથી કલકત્તા આવતા અને તેમના બંગલામાં જ ઉતારો કરતા હતા. બાલી કુંદનલાલ સાયગલને ઓળખતા હતા, પણ એક સારો કંઠ અને ગાવાની આવડત ધરાવનાર છોકરા તરીકે જ. તેમને આવા નવા નવા કલાકારોને આગળ લાવવામાં રસ હતો. પાછળથી લતા મંગેશકરને એમની માત્ર તેર વર્ષની વયે ૧૯૪૧ની ફિલ્મ 'સીધા રાસ્તા'માં ગાવાનો મોકો આપનાર આ જ સંગીતકાર હતા. જોકે ફિલ્મી ગીતકોશમાં આ હકીકત નોંધાયેલી નથી. હરીશચંદ્ર બાલીએ વારંવાર આ છોકરાની ઉપરછલ્લી વાત રાયચંદ બોરાલને કરી હતી પણ તેમના મનમાં કશી ઉત્સુકતા જગાડી શક્યા નહોતા. એક દહાડો રાયચંદ બોરાલ આખા દિવસના કામ પછી થાકીને ઘેર મોડી રાતે પાછા ફરતા હતા ત્યારે રાબેતા મુજબ પાન ખાવા એમની નિયમિત દુકાને ઊભા રહ્યા ત્યારે એક લાંબો મેલાંઘેલાં કપડાંવાળો છોકરો ધીમા અવાજે કોઈની સાથે વાત કરી રહ્યો હતો તેના તરફ એમનું લક્ષ ગયું. જે 'અન્ડરટોન'માં છતાં કાંઈક વિશિષ્ટ રીતે એ છોકોરો વાત કરતો હતો તે ધ્યાન ખેંચે તેવું તો હતું જ, પણ દિમાગને એમાં વધુ સમય રોકી રાખવું પાલવે તેમ નહોતું. છોકરો અને એનો મિત્ર પછી રસ્તો ઓળંગીને સામે ગયા અને બારોલ પોતાના ઘેર આવ્યા. સાધારણ ટેવ મુજબ એમણે જે ઓરડામાં બાલીનો ઉતારો હતો તેનું અટકાવેલું દ્વાર જરા ખોલીને જોયું તો બાલી સૂઈ ગયા હતા. ને વધારામાં નીચે ભોંય પર કોઈ માણસ પગથી માથા સુધી ચાદર ઓઢીને સૂતો હતો. 'હશે કોઈ ઓળખીતો !' એમ સમજીને બોરાલ પોતાના ઓરડામાં સૂવા ચાલ્યા ગયા. પણ વળતી સવારે ચાના ટેબલ પર બાલીએ રાતવાસો કરનાર અજાણ્યા માણસને એમની સામે પેશ કર્યો. બોરાલ આશ્ચર્યચકિત થઈ ગયા. આ એ જ છોકરો હતો કે જેને એમણે રાતે કોઈની સાથે વાત કરતાં સાંભળ્યો હતો !

બાલીએ એમને કહ્યું કે આ એ જ જુવાન છે જેના વિષે પોતે એમને અવારનવાર વાત કરી હતી. છોકરો દૂબળો, પાતળો અને મેલાં કપડાંમાં હતો અને સામે નમસ્કારની મુદ્રામાં હાથ જોડીને ઊભો હતો. બાલીએ કહ્યું કે, ચાલો આપણે એને કંઈક ગાવાનું કહીએ. બોરાલે એને બેસવાનું કહ્યું પણ નમ્રતાની લાગણીને કારણે છોકરો બેઠો જ નહીં. ઊભો રહ્યો. બોરાલે છેવટે એમને સવારના સાત વાગ્યા હોઈને કોઈ રાગ ગાવાનું કહ્યું ત્યારે એ છોકરાએ ડરતાં ડરતાં જણાવ્યું કે એને કોઈ રાગની સમજ જ નથી. પણ એને જો જરા સમજાવવામાં આવે કે અમુક રાગ અમુક રીતે ગવાય તો પછી તે ગાઈ બતાવશે. બારોલને આ ના ગમ્યું. પણ બાલીને નારાજ ન કરવાના આશયથી એટલું જ કહ્યું કે 'ભઈ, આવડે તે ગા.'


આર.સી. બોરાલ

એ પછીનો બોરાલનો અનુભવ અવિસ્મરણીય હતો. કુંદનલાલે ઊભાઊભા જ કોઈ પણ વાજિંત્રના સાથ વગર જ ગાવાનું શરૂ કર્યું. ઘણું કરીને આશાવરી રાગ પર આધારિત કોઈ ભજન જેવું હતું. બોરાલે જોયું કે હોઠને ઝાઝા ઉઘાડ્યા વગર ગઈ રાતે જે સ્વરમાં એ કોઈ સાથે વાત કરતો હતો એવા જ સૂરમાં વહેતા સ્વરમાં આ છોકરો ગાતો હતો. એની ગાયકીમાં કોઈ ઉસ્તાદની નિપુણતા હતી, પણ એની કોઈ જ સભાનતા એના ચહેરા પર નહોતી ઊઠતી. બધું જ સહજ સ્વાભાવિક અને ઝરણાનું જળ વહે એવી સ્વાભાવિક ગતિમાં હતું. એમ લાગતું હતું કે આ જાણે કોઈ ગાયક નથી, સીધું જ તરન્નુમમાં કાવ્ય પેશ કરતો કોઈ સહજ કવિ છે. એ વખતે બોરાલે આ જુવાન માટે જે શબ્દ પ્રયોજ્યો હતો તે હતો TROUBADOUR — ટ્રોબેદોર. મતલબ કે પશ્ચિમમાં ૧૧મી થી ૧૩મી સદીમાં સાહિત્યમાં જે પ્રણયગીતોના ગાયકો થઈ ગયા તેવામાંનો એક. આ કવિઓ શબ્દના અર્થોનું જ માત્ર શબ્દસંયોજનો વડે જ નહીં, પણ ઊર્મિસંવેદના વડે ગાઈને વહન કરતા. તેઓ ગીતો લખતા નહીં, પણ ગાતાં ગાતાં જ રચતા ને પાછળથી લિખિત માધ્યમમાં ઉતારી લેવામાં આવતાં.

આ યુવાન એટલે કે કુંદનલાલ સાયગલનો કંઠ અદ્‌ભુત જ નહીં પણ અનન્ય પણ હતો તેની બોરાલે નોંધ લીધી. એ પણ જોયું કે તાલીમ વગર પણ કુંદનલાલ સૂરોની ચોકસાઈ સાથે સ્વસ્થતાથી ગાતા હતા. એમને એક પણ વાદ્યનો સાથ નહોતો છતાં એના અવાજમાં જાણે કે છૂપો બીન કે સારંગીનો સમાંતર ધ્વનિ હતો, જે વાદ્યની ખોટ સાલવા દેતો નહોતો. એ શ્વાસ લેવાના વિરામનો પણ ગાયકીના એક અંગ તરીકે ઉપયોગ કરતા હતા. આ ઉસ્તાદો માટે આ બહુ જ મુશ્કેલ કળા હતી, જે આ છોકરાને સહજ સાધ્ય હતી.

ગીત પૂરું થયું અને સોપો પડી ગયો. ધીરે ધીરે સમાધિમાંથી સૌ

(અનુસંધાન પૃ. ૧૬૧)

અમદાવાદ શહેરની સ્થાપનાનાં ૫૯૦ વર્ષ


— દિનેશ દેસાઈ —

ઐતિહાસિક અમદાવાદની સ્થાપનાનાં ૫૯૦ વર્ષ પૂર્ણ થવાને આરે છે. શહેરની સ્થાપના તા. ૨૭ ફેબ્રુઆરી, ૧૪૧૧ હોવાનો એક મત છે. પરંતુ સ્થાપના તા. ૪થી માર્ચ, ૧૪૧૧ હોવાનું ઈતિહાસગ્રંથોનું પ્રમાણ છે. 'જબ કુત્તે પર સસ્સા આયા, તબ બાદશાહને શહર બસાયા...' અમદાવાદ શહેરની સ્થાપના સાથે આ ઉક્તિ સંકળાયેલી છે. અહમદશાહ બાદશાહ શિકારે નીકળ્યા હતા, ત્યારે નદીકિનારે એક સસલું તેમના શિકારી કૂતરાની સામું થઈ ગયું હતું. બાદશાહે આ દશ્ય જોઈને વિચાર્યું કે, આ ભૂમિ ચોક્કસ પ્રતાપી હોવી જોઈએ. અને અહીં નગરની સ્થાપના કરવી જોઈએ. એ વિચારને અમલમાં મૂકતાં તેમણે અમદાવાદ શહેરની સ્થાપના કરી હતી, એવી એક દંતકથા છે. પણ, સ્થાપનાનો એ દિવસ કયો ? એ વિષે ઈતિહાસકારોમાં ભિન્ન મતો છે.

મોગલકાળનો ઈતિહાસ રજૂ કરતાં બે ઉર્દૂ પુસ્તકો 'મિરાતે સિકંદરી' અને 'મિરાતે અહમદી'માં અમદાવાદનું સ્થાપના-વર્ષ ઈ. સ. ૧૪૧૧ જણાવાયું છે. મોગલકાળના ઈતિહાસના અન્ય એક ઉર્દૂ પુસ્તક 'તવારીખે ફરિસ્તા'માં અમદાવાદની સ્થાપના હિજરી સંવત વર્ષ ૮૧૫માં એટલે કે ઈ.સ. ૧૪૧૩માં થઈ હોવાનો ઉલ્લેખ છે. બ્રિટિશ લેખક અને ઈતિહાસકાર સર જેમ્સ ફૉર્બ્સ અમદાવાદનું સ્થાપના વર્ષ ઈ.સ. ૧૪૨૬



રાણી રૂપમતીની મા ઝદ-મિરઝાપુર (પંદરમી સદી)



હઠીસિંહનું દહેરું-દિલ્હી દરવાજા બહાર (ઈ. ૧૮૪૮)

હોવાનું જણાવે છે. અન્ય એક પુસ્તક 'અમદાવાદની વંશાવળી'માં અહમદશાહ બાદશાહે ઈ. સ. ૧૪૫૧માં અહમદાબાદ નગરી વસાવી અને ઈ.સ. ૧૪૫૮માં વિધિવત્ વાસ્તુપૂજન કર્યાનો ઉલ્લેખ છે.


'મિરાતે અહમદી' પુસ્તકના અંગ્રેજી તરજુમામાં પ્રો. નવાબઅલીએ અમદાવાદની સ્થાપના વિક્રમ સંવત ૧૪૪૯ના વૈશાખ સુદ પાંચમ ગુરુવારના રોજ થઈ હોવાનું નોંધ્યું છે. આ પ્રમાણે જોવામાં આવે તો ઈ.સ. ૧૩૯૩ આવે છે. પરંતુ ઈતિહાસકારો અને જ્યોતિષશાસ્ત્રીઓની ગણતરી અનુસાર આ દિવસે ગુરુવાર નહીં, પણ શનિવાર આવે છે. પ્રો. નવાબઅલીની વાત માનીએ તો વૈશાખ સુદ પાંચમ વિ.સં. ૨૦૫૭નો દિવસ આગામી તા. ૨૮-૪-૨૦૦૧ના રોજ શનિવારે આવે છે.

'અમદાવાદ ગૅઝેટીઅર' પુસ્તકના ૨૪૯મા પાને અમદાવાદના સ્થાપનાકાળ માટે હિજરી સંવતના ૮૧૩મા વર્ષના ઝિલ્કાદ મહિનાની સાતમી તારીખ લખી છે. એ મુજબ તા. ૪થી માર્ચ ઈ.સ. ૧૪૧૧ થાય છે. જ્યારે બીજા એક ઈતિહાસ-ગ્રંથ 'ગુજરાત ગૅઝેટીઅર'માં અમદાવાદનો સ્થાપનાકાળ ઈ.સ. ૧૪૧૩-૧૪ જણાવાયો છે. ગુજરાત સાહિત્ય સભા તરફથી ઈ.સ. ૧૯૨૯માં પ્રકટ થયેલા રત્નમણિરાવ ભીમરાવના પુસ્તક 'ગુજરાતનું પાટનગર અમદાવાદ'માં જણાવ્યા પ્રમાણે સરખેજના રોજામાં વસના ઓલિયા શેખ અહેમદ ખટ્ટુ ગંજબક્ષની



શાહીબાગમાં મહેલ (નદી ઉપરથી પાછળનો દેખાવ)

સલાહથી અહમદશાહ બાદશાહે ઈ.સ. ૧૩૧૧માં અહમદાબાદનાં સ્થાપનાનો પાયો નાખ્યો હતો. ગુજરાત વિદ્યાસભા' તરફથી ઈ.સ. ૧૮૫૧ (પ્રથમ



ભદ્રના મુખ્ય દરવાજા

આવૃત્તિ)માં પ્રકટ થયેલા મગનલાલ વખતચંદ શેઠના પુસ્તક 'અમદાવાદના ઈતિહાસ'માં પણ અમદાવાદનું સ્થાપનાવર્ષ ઈ.સ. ૧૪૧૧ હોવાનો ઉલ્લેખ જોવા મળે છે.

મોટા ભાગના ઈતિહાસકારો હિજરી સંવત ૮૧૩માં અમદાવાદની સ્થાપના થઈ હોવાની બાબત સાથે સહમત છે. હીજરી સંવતની ગણતરીએ કેટલાક ઈતિહાસકારો ઈ.સ. ૧૪૧૦ના અંત ભાગે અને કેટલાક ઈતિહાસકારો ઈ.સ. ૧૪૧૧ના આરંભે અમદાવાદની સ્થાપ્રના થઈ હોવાની સાથે સહમેત છે. હાલના તબક્કે ઈતિહાસકારો અમદાવાદ ગેઝેટીઅર પુસ્તકને પ્રમાણભૂત માનીને અમદાવાદની સ્થાપના તા. ૪થી માર્ચ ઈ.સ. ૧૪૧૧ ગણાવે છે. તા. ૨૭મી ફેબ્રુઆરી ઈ.સ ૧૪૧૧ અમદાવાદનો સ્થાપના - દિન હોવાની કોઈ ઈતિહાસગ્રંથમાં નોંધ નથી.


આજના ભદ્રના કિલ્લાની જગ્યાએ તા. ૪-૩-૧૪૧૧ના રોજ ૨૦ વર્ષના અહમદશાહ બાદશાહે નગરની સ્થાપનાનું વિધિસર ખાતમુહૂર્ત કર્યું હતું. ૩૨ વર્ષ રાજ કર્યા બાદ ૫૨ વર્ષની વયે અહમદશાહ બાદશાહ અવસાન પામ્યા હતા. ત્યારે આજના માણેકચોક પાસેથી સાબરમતી નદી વહેતી હતી. એ રીતે જોવામાં આવે તો બાદશાહે નદી પારની ભદ્ર વિસ્તારની જગામાં નગર-રચનાનો પાયો નાખ્યો હતો. આજના ભદ્રના કિલ્લા સામે ત્યારે લીલાંછમ ઘાસથી આચ્છાદિત વિશાળ મેદાન હતાં. આ વિસ્તાર મેદાન-એ-ખાસ નામે ઓળખાતો. આ મેદાનમાં પશુઓ ચરતાં હતાં.

મોગલ રાજધાની દિલ્હીના શેખ નિઝામુદ્દીન ઓલિયાએ શહેરની સ્થાપના પ્રસંગે તેમના પ્રતિનિધિ તરીકે ૧૨ ફકીરોને આશીર્વાદ આપવા મોકલ્યા હતા. અહમદશાહ બાદશાહે શહેરના ૧૨ દરવાજાઓ સાથે આ બાર ફકીરોનાં નામો તેમની યાદગીરીમાં જોડી દીધાં હતાં.



મુહમ્મદ ઘોષ ગ્વાલિયરની મસ્જિદ : સારંગપુર દોલતખાના

પીઠઝબકાર ઉપર એક નજર કરીએ તો ઈસ્વી સન ૧૦૬૪માં આશાપલ્લી ઉપર જીત મેળવીને કર્ણાવતી નગરીની રચના કરનાર રાજા કર્ણદેવ સોલંકીએ ઈ.સ. ૧૦૬૪થી ઈ.સ. ૧૦૯૪ સુધી રાજ કર્યું હતું. કર્ણદેવના વંશજ કર્ણદેવ વાઘેલા ઉપર ઈ.સ. ૧૨૯૭માં દિલ્હીથી અલ્લાઉદ્દીન ખીલજીએ ચઢાઈ કરી હતી. આમ, ગુજરાતમાં



હરકોર શેઠાણીની હવેલીનું બારણું

સોલંકી યુગનો અંત આવ્યો હતો. ૧૪મી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતના તત્કાલીન પાટનગર અણહીલપુર પાટણ ખાતે દિલ્હીથી ગુજરાતના સૂબા તરીકે ઝફરખાન મુઝફ્ફરખાનને મૂકવામાં આવ્યો હતો. એના પૌત્ર અહમદશાહ બાદશાહે શાસન સંભાળ્યા પછી અમદાવાદની સ્થાપના કરી હતી. ઈ.સ. ૧૪૫૧માં અહમદશાહના ઉત્તરાધિકારી રાજવી નાસીરૂદ્દીને ભદ્રનો કિલ્લો બનાવડાવ્યો હતો. કિલ્લામાં આવેલા બંકર (ગુપ્ત માર્ગ)માં થઈને છેક દિલ્હી સુધીનો રાજમાર્ગ પકડી શકાતો હતો. ઈ.સ. ૧૪૫૧માં જ સુલતાન કુત્બુદ્દીન શાહે 'હોજ - એ - કુતુબ'નું નિર્માણ કરાવ્યું હતું જે આજે કાંકરિયા તળાવ તરીકે જાણીતું છે. આ જ વર્ષમાં સુલતાન મહંમદ બેગડાના ધનવાન મિત્ર દરિયાખાને માત્ર ઈંટ અને ચૂનાના ઉપયોગ વડે ગુજરાતનો સૌથી મોટો ઘુમ્મટ બનાવડાવ્યો હતો, જે આજે પણ 'દરિયાખાનનો ઘુમ્મટ' તરીકે જાણીતો છે.

અહમદશાહ બાદશાહની કબ્રગાહ, બાદશાહનો રોજો અને તેની બે પ્રિય રાણીઓના મકબરા રાણીનો હજીરો આજે પણ માણેકચોક વિસ્તારમાં મોજૂદ છે. શહેનશાહ જહાંગીરે તેની બેગમ નૂરજહાંને ખુશ કરવા ખાસ શાહીબાગનું નિર્માણ કરાવ્યું હતું. આજે શાહીબાગ નથી, માત્ર આ નામનો એક વિસ્તાર છે. શહેનશાહ જહાંગીરે અમદાવાદથી દિલ્હી જતાં પહેલાં જ્યાં મુકામ કર્યો હતો એ સ્થળે બનાવેલો દરવાજા



શાહઆલમ રોજાનાં મકાનો (વિહંગ દૃશ્ય)

'દિલ્હી દરવાજા' આજે મોજૂદ છે. શહેનશાહ જહાંગીરે કાળુપુર વિસ્તારમાં ટંકશાળ ખોલાવી હતી. એ વિસ્તાર આજે ટંકશાળ તરીકે જાણીતો છે. ઈ.સ. ૧૭૫૮માં મોગલ રાજવી મોમીનખાનને ઉથલાવીને પેશ્વા બાજીરાવના સરસૂબાએ અમદાવાદ કબજે કર્યું હતું. આમ, શહેરમાં મોગલ શાસનનો અંત અને મરાઠા શાસનનો આરંભ થયો હતો. જો કે પેશ્વા બાજીરાવે ઈસ્ટ ઇન્ડિયા કંપની સાથે કરેલા પુણે સંધિના કરાર મુજબ અમદાવાદ બ્રિટિશ સલ્તનતને સોંપાયું હતું. અને તા. ૩૦મી નવેમ્બર, ઈ.સ. ૧૮૧૭ના રોજ અંગ્રેજ સરકાર સર જ્હોન એન્ડ્રુયઝ ડનલોપે અમદાવાદ શહેરનો વહીવટ સંભાળી લીધો હતો.

અમદાવાદનાં ઐતિહાસિક અને આરક્ષિત સ્મારકો

મોગલ કાળમાં અમદાવાદમાં અને ગુજરાતમાં સ્થાપત્ય કલાના અદ્‌ભુત નમૂનાઓની પરંપરાનું સર્જન થયું હતું. ૧૧મી સદીથી ૧૯મી સદીના સમયગાળામાં બેનમૂન નકશીકામ પથ્થરોને કોતરી કોતરીને કરવામાં આવેલું છે. આજે એ નકશીકામ ભગ્ન અવશેષો તરીકે ક્યાંક-ક્યાંક સારી અને ક્યાંક ક્યાંક જીર્ણ-શીર્ણ હાલતમાં મોજૂદ છે. કેન્દ્ર સરકાર હસ્તકના આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા દેશમાં આવેલાં ઐતિહાસિક સ્મારકોનાં દેખરેખ - નિભાવની કામગીરી સંભાળે છે. તેના એક અહેવાલ મુજબ ગુજરાતમાં ૨૦૮ અને અમદાવાદમાં ૫૩ અવશેષો



મુહાફિઝખાંની મ..જદનાં મિનારા-ઘીકાંટા

છે. અમદાવાદનાં ઐતિહાસિક અને આરક્ષિત ૫૩ સ્મારકો :

(૧) ભદ્ર ટાવર - ભદ્રનો કિલ્લો (લાલ દરવાજા), (૨) ત્રણ દરવાજા (ભદ્રકાળી મંદિરની બાજુમાં), (૩) ત્રણ દરવાજા (મુખ્ય), (૪) સીદી સયીદની જાળી - મસ્જિદ, (૫) અહમદશાહ બાદશાહની મસ્જિદ (ભદ્ર કોર્ટ, ગુજરાત કલબ સામે), (૬) શાહ ખુપાઈ મસ્જિદ (ખાસ બજાર, કારંજ વિસ્તાર), (૭) રાણીનો હજીરો (બાદશાહની બે રાણીઓનો મકબરો, માણેકચોક), (૮) અહમદશાહ બાદશાહનો મકબરો (માણેકચોક), (૯) શાહી જામા મસ્જિદ, (૧૦) પાંચકૂવા દરવાજા, (૧૧) રાણી મલિકા સારંગની મસ્જિદ (સારંગપુર). (૧૨) રાણી મલિકા સારંગનો મકબરો (સારંગપુર), (૧૩) ઝૂલતા મિનારા (અમદાવાદ રેલવે સ્ટેશન), (૧૪) ઝૂલતા મિનારા-સીદી બશીરનો મકબરો અને મિનાર (સારંગપુર). (૧૫) કાળુપુર દરવાજા, (૧૬) સારંગપુર દરવાજા, (૧૭) દરિયાપુર દરવાજા, (૧૮) પ્રેમાભાઈ દરવાજા (વાડીગામ - દરિયાપુર), (૧૯) દિલ્હી દરવાજા, (૨૦) કુત્બુદ્દીન શાહની મસ્જિદ (દિલ્હી ચકલા), (૨૧) દાદા હરિની મસ્જિદ અને મકબરો (અસારવા), (૨૩) માતા ભવાનીનો કૂવો (અસારવા), (૨૪) અચ્યુત (કુકી) બીબીની મસ્જિદ અને મકબરો (દૂધેશ્વર), (૨૫) દરિયાખાનનો ઘૂમટ (દૂધેશ્વર), (૨૬) મુહાફીઝખાનની મસ્જિદ (ઘી કાંટા, પિત્તળિયા બંબા), (૨૭) રાણી રૂપમતીની મસ્જિદ (મિરઝાપુર), (૨૮) શેખ હસન ઉર્ફે કાઝી મોહમ્મદ ચિશ્તીની મસ્જિદ (શાહપુર), (૨૯) સૈયદ ઉસ્માનની મસ્જિદ અને મકબરો (ઉસ્માનપુરા), (૩૦) શાહ આલમની મસ્જિદ, મકબરો, દરવાજા અને અન્ય સ્મારકો, (૩૧) રાણીની મસ્જિદ (કોચરબ, પાલડી), (૩૨) આઝમખાન અને મૌઝામખાનના રોજા (દરગાહ) (વાસણા), (૩૩) આસ્ટોડિયા દરવાજા, (૩૪) દસ્તુરખાનની મસ્જિદ (આસ્ટોડિયા ચકલા), (૩૫) રાણી સિપ્રીની મસ્જિદ અને મકબરો (આસ્ટોડિયા), (૩૬) મલિક આલમની મસ્જિદ (દાણીલીમડા), (૩૭) રાયપુર દરવાજા, (૩૮) કાંકરિયા તળાવનો ખાડી જેવો પ્રવેશમાર્ગ, (૩૯) બીબીજીની મસ્જિદ (રાજપુર - હીરપુર, ગોમતીપુર), (૪૦) હૈબતખાનની મસ્જિદ - જમાલપુર દરવાજા, (૪૧) બાબા લાલીની મસ્જિદ (સપ્તર્ષિના આરા પાસે જમાલપુર), (૪૨) નવાબ સરદારખાનની મસ્જિદ (જમાલપુર પગથિયાં), (૪૩) મીર તુરાબનો મકબરો (કેલિકો મિલ પાછળ, બહેરામપુરા), (૪૪) જેઠાભાઈની વાવ (ઈસનપુર), (૪૫) ઘુમ્મટે મસ્જિદ (ઈસનપુર), (૪૬) કુત્બે આલમનો મકબરો (વટવા), (૪૭) મોટી, મસ્જિદ (મકરબા ગામ, સરખેજ), (૪૮) તળાવ, મહેલ અને હર્રામ (મકરબા ગામ, સરખેજ), (૪૯) ગંજબક્ષ મકબરા આગળનું મેદાન (મકરબા ગામ, સરખેજ), (૫૦) બાવા અલીસાર અને બાવા ગંજ બક્ષના રોજા (મકરબા, સરખેજ), (૫૧) રાણી રાજબાઈ (બીબી)નો મકબરો (મકરબા, સરખેજ), (૫૨) મહંમદ બેગડાનો મકબરો (મકરબા, સરખેજ), (૫૩) શેખ અહેમદ ખટ્ટ ગંજબક્ષનો મકબરો (મકરબા, સરખેજ) □

ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

ગુરુવાર ૧૦મી ડિસેમ્બર ૧૯૪૨

પ્રિય કિટી,

શ્રી વૅનડાન પહેલાં મસાલા, સોસેજ અને માંસના વિવિધ પ્રકારની લે-વેચનો ધંધો કરતા હતા. એમના આ જાતના વેપારી જ્ઞાનને લીધે પપ્પાએ ધંધામાં એમને સામેલ કર્યા હતા. એમની સોસેજ વિદ્યાનું પ્રદર્શન આજકાલ કરે છે, જેનો અમને બિલકુલ વાંધો નથી.

પ્રક્રિયા કરીને ભરી રાખવાના હેતુથી અમે ઘણુંબધું માંસ મંગાવ્યું છે. (અલબત્ત ગેરકાયદે), જેથી કપરા સંજોગોમાં કામ આવે. માંસમાંથી સોસેજ બનાવવાની પ્રક્રિયા જોવાની અમને ખૂબ મજા આવી. પહેલાં માંસના ટુકડા કર્યા પછી એને બેત્રણ વાર ખમણ્યું. એમાં મસાલા ભેળવ્યા અને છેલ્લે એક ગળણી દ્વારા એને આંતરડામાં ભરી દીધું. એ સાંજે તળેલાં સોસેજ અને સાવરક્રોટનું જમણ હતું. પણ ભરી રાખવા માટે સોસેજને સૂકવવાં જરૂરી છે. એટલે રૂમમાં છત પર એક લાકડી બાંધી દોરીથી એને ટીંગાડ્યાં છે. દૃશ્ય મજેદાર દેખાય છે.

એ દરમ્યાનમાં આખા રૂમની અવસ્થા જોવા જેવી હતી. શ્રી વૅનડાને પોતાની ખાસ્સી મોટી દેહયષ્ટીને પત્નીના એપ્રનથી વીંટાળી હતી (જેને કારણે એઓ છે એથીય વધારે જાડા દેખાતા હતા.) અને માંસના કામમાં મગ્ન થઈ ગયા હતા. એમના લોહીથી ખરડાયેલા હાથ, એમનો રતુંબડો ચહેરો અને ગંદા એપ્રનને લીધે આબેહૂબ કસાઈ જ લાગતા હતા. ત્યારે શ્રીમતી વૅનડાન ઘણાં કામ એકસાથે કરવા માટે પ્રયત્નશીલ હતાં. એક બાજુ પુસ્તકમાંથી ડચ શિક્ષણ લેતાં હતાં, બીજી બાજુ સૂપ બનાવતાં હતાં, સાથે સાથે માંસ પર ચાલતી પ્રક્રિયાઓ નીરખતાં હતાં અને વચ્ચે વચ્ચે પાંસળી દુખવાની ફરિયાદ કરતાં ઊંહકારા કરતાં હતાં. મોટી ઉંમરે વજન ઉતારવાની માયામાં ગાંડાની જેમ કસરતો કરો તો બીજું શું થાય?

આ બાજુ ડસેલની એક આંખ લાલ થઈ ગઈ હતી એટલે અંગીઠી પાસે બેસીને કેમોમિલાના પાણીથી આંખ ધોવામાં એ મગ્ન હતા. પીમ બારીમાંથી આવતા તડકામાં બેઠા હતા અને જરૂર પ્રમાણે આમથી તેમ જગ્યા બદલ્યા કરતા હતા. એ જ રીતે ઉભડક બેઠા હતા અને વૅનડાન તરફ ફરેલા એમના મોં પર જે વેદના દેખાતી હતી એ પરથી મને લાગ્યું કે એમને ફરી સંધિવાનો દુખાવો ઊપડ્યો હતો. ઘરડાઘરની કોઈ અતિવૃદ્ધ વ્યક્તિ બેઠી હોય એવો ભાસ થતો હતો. પીટર એની બિલાડીની પાછળ કૂદાકૂદી કરતો હતો. હું મમ્મી અને માર્ગટ બટાકા છોલતાં હતાં. અલબત્ત, એમાંય અમે ગોટાળા કરતાં હતાં, કારણ કે અમારું ધ્યાન શ્રી વૅનડાન તરફ હતું.

ડસેલે અહીં એમની પ્રૅક્ટિસ શરૂ કરી છે. મારે એમના પહેલા દર્દીની કહાણી ગમ્મત ખાતર પણ કહેવી જ જોઈએ. ત્યારે મમ્મી ઇસ્ત્રી કરતી હતી અને શ્રીમતી વૅનડાન સારવાર લેવા હાજર થયાં. રૂમમાં વચ્ચે મૂકેલી ખુરશી પર જઈને બેઠાં. ડસેલે એમનાં સાધનો પેટીમાંથી ડૉક્ટરી દમામ સાથે બહાર કાઢ્યાં. જંતુનાશકની જગ્યાએ માગ્યું યુ-દ ક્લૉન અને મીણને બદલે વેસેલાઈન.

તપાસ કરતાં ડસેલને એમના એવા બે દાંત મળ્યા જેને અડતાં જ શ્રીમતી વૅનડાન બહુસંખ્ય કંપનની ચીસો પાડી ઢળી પડતાં જાણે કે મરી ગયાં જ સમજો. લાંબી તપાસને અંતે (જે શ્રીમતી વૅનડાન બાબતમાં તો ખરેખર બે જ મિનિટની હતી) ડસેલે એક સડેલો દાંત ખોતરવાનો શરૂ કર્યો. પણ આગળ વધવાનો પ્રશ્ન જ નહોતો, કારણ કે દર્દીએ એવા તો હાથ પગ ઉછાળીને ધમપછાડા શરૂ કર્યા કે એમનાં દાંત વચ્ચે ભરાયેલી ખોતરણીને ત્યાં જ રહેવા દઈ ડસેલને ત્યાંથી ખસી જવું પડ્યું.

ને પછી તો ખાસ્સું નાટક થયું! એમણે (મોંમાંની ખોતરણી સાથે શક્ય હતી એટલી) રાડારાડી શરૂ કરી. ખોતરણીને ખેંચી કાઢવા માંડી એનાથી ફક્ત ખોતરણી વધુ અંદર ભરાઈ ગઈ. ત્યારે ડસેલ શાંતિથી કમર પર હાથ રાખીને આ પ્રહસન જોતા ઊભા રહ્યા. જ્યારે બાકીનાં પ્રેક્ષકોએ બધી શરમને કોરે મૂકીને જોરજોરથી હસવું શરૂ કર્યું. અમને આ જરાય શોભતું નહોતું, કારણ કે એમની જગ્યાએ જો હું હોત તો મેં એમનાથીય વધારે જોરથી ચિસાડા પાડ્યા હોત. ખેર, ઘણા બધા ધમપછાડા અને ખેંચાખેંચી પછી છેવટે એ ખોતરણી બહાર નીકળી અને જાણે કાંઈ બન્યું જ ન હોય એમ શ્રી ડસેલે ફરી પોતાનું કામ આગળ ધપાવ્યું!

આ એમણે એટલી તો ઝડપથી કર્યું કે શ્રીમતી વૅનડાનને ફરી રાડારાડી શરૂ કરવાનો વખત પણ ન મળ્યો. પરંતુ ત્યારે ડસેલને મળેલી મદદ આ પહેલાં ક્યારેય મળી નહિ હોય. શ્રી વૅનડાને અને મેં અમારી ફરજો યોગ્ય રીતે બજાવી. ત્યારના દૃશ્યને એકંદરે મધ્યકાલીન ઊંટવૈદોના દૃશ્ય સાથે સરખાવી શકાય એવું હતું. દરમ્યાનમાં દર્દીની ધીરજ ખૂટી ગઈ; કારણ કે એમણે સૂપ અને બાકીની રસોઈ પર પણ ધ્યાન આપવાનું હતું. ગમે તેમ હવે એક વાત નિશ્ચિત છે કે ફરી દાંતની સારવા માટે આ દર્દી તો ઉતાવળ નહિ જ કરે.

લિ. એન.

રવિવાર ૧૨મી ડિસેમ્બર ૧૯૪૨

પ્રિય કિટી,

અત્યારે હું મુખ્ય ઑફિસમાં બારીના પડદા વચ્ચેની ફાંટમાંથી બહાર જોતી બેઠી છું. સાંજ પડી ગઈ છે પણ લખવાપૂરતો પ્રકાશ છે.

નજરે પડતું બહારનું દૃશ્ય વિચિત્ર છે. અહીંથી પસાર થતાં બધાં જ લોકો કશીક ઉતાવળમાં છે. અને ઉતાવળ પણ એવી કે ચાલતાં ચાલતાં ઢેબું લાગ્યું કે લાગશે એવી સ્થિતિમાં લોકો ચાલે છે. વચ્ચે વચ્ચે દેખાતા સાઇકલ-સવારો પણ ઝડપથી ચાલતી સાઇકલોને ઑર ઝડપથી ચલાવતા પેડલ મારતા દેખાય છે. અને એવા વેગથી પસાર થઈ જાય છે કે મારે માટે એમનો ચહેરો પણ ઠીક જોવો શક્ય નથી.

અમારા આ વિસ્તારમાં રહેતાં લોકો જરાય આકર્ષક નથી. એમાં

પણ નાનાં છોકરાં તો એવાં ગંદાંગોબરાં છે કે લાકડીથી પણ એમને અડવું ગમે નહિ. નાક ચાલ્યું જતું હોય એવાં આ ઝૂંપડપટ્ટીનાં છોકરાંની ભાષા પણ મને સમજાતી નથી.

ગઈ કાલે ન્હાતાં ન્હાતાં મેં માર્ગટને કહ્યું કે માછલી પકડવાના ગલથી આ એક એક છોકરાંને ઉપર લાવી, ઘસીઘસીને ન્હવરાવી, ચોખ્ખાં કપડાં પહેરાવીને પાછાં નીચે મૂકી દેવાં જોઈએ. ત્યાં મારી વાત વચ્ચેથી જ કાપતાં માર્ગટ બોલી, 'તોય કાલે ફરી એવાં ને એવાં થઈ જશે !'

જવા દે, આ તો અર્થહીન બડબડ કહેવાય. એમ તો મને અહીંથી કાર, હોડી અને વરસાદ પણ દેખાય છે. ખાસ કરને ઝડપથી સુસવાટા મારતી પસાર થતી ટ્રામને જોવી મને બહુ જ ગમે.

અમારા વિચારોમાં વિવિધતા જરાય રહી નથી. વિચારવાનું ચકડોળ એના એ જ વિષયો પર ફર્યા કરે છે. યહૂદી પરથી ખાવાપીવાની વાત અને ત્યાંથી રાજકારણ. અરે હા, યહૂદી પરથી યાદ આવ્યું, કાલે આ જગ્યાએથી મેં બે યહૂદીઓને પસાર થતા જોયા હતા. હું માની જ શકી નહિ. મને એક ભયાનક લાગણી થઈ આવી : જાણે કે એમને દગો દઈને હવે અહીં બેઠી બેઠી એમની યાતનાઓનો તમાશો ન જોતી હોઉં. અમારી બરોબર સામે એક હાઉસબોટ છે, જેમાં એનો સુકાની એના કુટુંબ સાથે રહે છે. એનો એક નાનો કૂતરો છે. જે સતત ભસ્યા જ કરે છે. એના ભસવાના અવાજે અને આમથી તેમ ધક્કા પર દોડતાં દેખાતી એની પૂંછડીથી જ ઓળખીએ છીએ. અરેરે ! વરસાદ પડવો શરૂ થયો. બધાં લોકો છત્રીની પાછળ સંતાઈ ગયાં. મને હવે રેઈનકોટ અને કોઈ કોઈ હૅટના પછવાડા સિવાય કાંઈ જ દેખાતું નથી. ખરેખર તો વધારે જોવાની મારે જરૂર પણ નથી, કારણ કે અહીંથી પસાર થતી દરેક સ્ત્રીને હું ઓળખું છું. બધી જ સ્ત્રીઓ બટાકા ખાઈ ખાઈને સ્થૂળ થયેલી છે, લાલ અને લીલા રંગના કોટ પહેરીને ચાલી જાય છે. એમના ચહેરા પર દેખાય છે. દુઃખની કાલિમા અથવા ભલમનસાઈની નરમાશ, જેનો આધાર ઘરની પરિસ્થિતિ પર છે.

લિ. ઍન.

મંગળવાર ૨૨મી ડિસેમ્બર ૧૯૪૨

પ્રિય કિટી,

'ગુપ્ત નિવાસ'માં એક આનંદના સમાચાર આવ્યા છે કે અહીંનાં રહેવાસીને જણદીઠ પા પાઉન્ડ વધારે માખણ મળવાનું છે. છાપાના સમાચાર પ્રમાણે તો જણ દીઠ અડધો પાઉન્ડ માખણ મળવાનું છે. પણ એ તો સરકારી કાર્ડધારક નસીબવંત જીવો માટે, નહિ કે ભૂગર્ભમાં ગયેલા યહૂદીઓ માટે, જેમની પાસે આઠ જણ વચ્ચે ગેરકાયદે મેળવેલાં ચાર જ કાર્ડ છે.

દરેક જણે આ વધારાના માખણમાંથી કોઈ ને કોઈ ચીજ બેક કરવાનું ઠરાવ્યું છે. મેં આજે સવારે થોડાં બિસ્કિટ બનાવ્યાં અને બે કેક બનાવી. ઉપર અત્યારે બધાં જ કામમાં વ્યસ્ત છે. મમ્મીની સૂચના છે કે ઘરકામ પૂરાં થાય ત્યાં સુધી મારે ત્યાં વાંચવા માટે કે કશા માટે જવાનું નથી.

શ્રીમતી વૅનડાન પોતાની ઘાયલ પાંસળીને કારણે પથારીવશ છે. એમની ફરિયાદો તો આખો દિવસ ચાલુ જ હોય છે. ઘડીએ ઘડીએ એમને ડ્રેસિંગ કરવા જોઈએ છે અને કોઈ વાતથી એમને સંતોષ નથી. હું તો રાહ જોઉં છું કે ક્યારે ફરી એક વાર સાજાંસરવાં ને વ્યવસ્થિત જાય. કારણ કે ગમે તેમ તોય મારે એક વાત તો કબૂલ કરવી જ રહી કે તનમનથી સાજાંસરવાં હોય ત્યારે એમના જેવી સ્વચ્છતાની આગ્રહી, વ્યવસ્થિત અને હસમુખી વ્યક્તિ ભાગ્યે જ જોવા મળે.

મારા બેડરૂમના સાથીદારને દિવસભર મને શશશ.... કરવાથી ધરવ ન થતો હોય એમ હવે તો રાત્રે પણ શશકારા એમણે શરૂ કર્યા છે. એમના કહેવા પ્રમાણે તો રાત્રે મારાથી પડખુંય ફરાય નહિ. હું તો એમની તરફ ધ્યાન જ આપતી નથી. પણ ફરી વાર તો એમનેય વળતો જવાબ શશકારામાં જ આપવાની છું.

દર રવિવારે સવારના પહોરમાં ઊઠીને કસરત કરવા માટે લાઈટ ચાલુ કરે અને મારા મગજમાં એવી તો રાઈ ચડી જાય છે કે બસ ! જગ્યા કરવા માટે ખુરશીઓ ખસેડીને મારા માથા પાસે સ્થાપિત થાય. અને પછી કલાકો સુધી એના આગળપાછળ થવાના અવાજ મારે બિચારા-બાપડા બનીને સાંભળવાના. ત્યાર બાદ હાથના સ્નાયુને મોકળા કરવા માટે હાથને બેચાર વાર જોરજોરથી આમતેમ હલાવીને સાહેબ ન્હાવાધોવાનું શરૂ કરે. પૅન્ટ ઉપર હોય એટલે બેચાર વાર ત્યાં જવાઆવવાનું ચાલે. ત્યાં તો ટાઈ ભૂલી જાય એટલે ફરી વાર ખુરશીને ઠેબાં મારતાં એ લાવવા જાય.

પણ હવે હું તને આ માણસ પર વધુ ચર્ચા કરીને કંટાળો નહિ આપું. એમાં કશો જ ફાયદો નથી. અને ગૃહ-શાંતિ ખાતર, વેરવૃત્તિથી પ્રેરાઈને મેં બનાવેલી બધી જ યોજનાઓ (જેવી કે લાઈટનું કનેકશન તોડી નાખવું, ઉપર જાય ત્યારે દરવાજો બંધ કરી દેવો, એમનાં કપડાં સંતાડી દેવાં) રદ કરી છે. જોયું ? હું કેવી ડાહી બનતી જાઉં છું ! અહીં તો દરેક પગલું જોઈ-વિચારી-સમજીને લેવાનું, કહે તે માની લેવાનું, ડાહ્યા બનવાનું, ખમી ખાવાનું અને એવું બધું જ કરવાનું. મને તો ડર છે કે મારી રહીસહી અક્કલ આ બધું કરવામાં જ વપરાઈ જવાની. પછી યુદ્ધ પૂરું થશે ત્યારે મારી પાસે વાપરવા માટે અક્કલ જ બચશે નહિ.

લિ. ઍન

અનુસંધાન] સ્ટીફન હૉકિંગ [પૃ. ૧૩૯થી

અને પ્રૌદ્યોગિકીની અસરોને પાકા પાયે સમજી રહ્યું છે. માણસ અમરત્વ પામવા દોટ મૂકતો રહેશે તો તેનાં ભાવિ પરિણામો અન સંભાવનાઓનો ખ્યાલ પ્રો. હૉકિંગને આવી રહ્યો છે. અને કહે છે કે માણસ પોતે જ પોતાના વિનાશને નિમંત્રણ આપશે. બની શકે કે આ પૃથ્વી ઉપર જીવનનો અંત પણ આવે. કેવી રીતે અને શા માટે (how and why)ના અભિગમથી માણસ જે મુકામ સુધી આજે પહોંચ્યો છે તે સામૂહિક વિનાશનું કારણ પણ બની શકે છે. ભવિષ્ય સાથે ભયંકર અગન-ખેલ ખેલાઈ રહ્યો છે. માણસની સાચી નૈતિકતા અને નિષ્ઠા જ તેને બચાવી શકશે. પડકારોને ઝીલવા માટે ઉન્નત ગુણોનું સંવર્ધન કરવાની વાત પ્રો. હૉકિંગ કરે છે. કદાચ આ બાબત ઈન્સાનને તેના વિનાશથી બચાવી શકે. ઈન્સાનની આ પ્રકૃતિ ત્યારે પણ હતી કે જ્યારે આપણા મનમાં 'શા માટે ?'નો ઉદય થયો ન હતો અને આપણે વૈજ્ઞાનિક-દાર્શનિક સફરે નીકળ્યા ન હતા. પ્રો. હૉકિંગ બ્રહ્માંડના અંતિમ રહસ્યની ખોજમાં લાગેલા છે. તેમને વિશ્વાસ છે કે સદર રહસ્ય આ સદીના અંત સુધીમાં ખૂલી જશે. ત્યારે તેમના જણાવ્યા પ્રમાણે માણસ ઈશ્વરના દિમાગને જાણી શકશે. જ્યારે આપણું દિમાગ આ અંતિમ પડકારને પાર કરી શકશે ત્યારે વિજ્ઞાનનું કામ પૂરું થશે. ત્યાર બાદ આપણી પાસે માત્ર બે તાકતો હશે : પ્રૌદ્યોગિકી અને આપણું દિલ. આ દિલમાં ભલાઈ બચી રહે તેવી તે ઉમ્મીદ કરે છે. ❑



સંગીતશાસ્ત્ર - ૪૭



ડૉ. હસુ યાજ્ઞિક

તાલવાદ્ય અને તેના ઘરાના

ઘન અને અવનદ્ધ વાદ્યોનો મુખ્ય ઉપયોગ લયને જાળવીને સમયને બાંધતા તાલ માટે થાય છે. સ્વર જેટલું જ સંગીતમાં લયનું મહત્ત્વ છે. નાદમાં જ્યારે સમય પ્રવેશે ત્યારે જ એને સ્વરનું સ્વરૂપ મળે છે. કોઈ પણ નાદમાં સમય ભળે અને એના નિયમિત અને નિયંત્રિત રૂપમાં લય ન હોય તો સંગીત ન જન્મે. માત્ર સંગીત જ નહીં, બોલાતી ભાષામાં પણ પ્રત્યેક અક્ષરના સ્વર અને વ્યંજનમાં સમય ભળે છે, એને લયમાં ઢાળે છે. માત્ર કાવ્ય કે પદ્ય જ નહીં સામાન્ય ગદ્યમાં પણ લય હોય છે જ. સંગીતમાં તો એ પ્રાણ છે. આથી સ્વરવાદ્ય જેટલું જ મહત્ત્વ સંગીતમાં તાલવાદ્યનું પણ છે.

આપણાં પરંપરાગત પ્રાચીન ઘનવાદ્યોમાં ઘંટા, રુદ્રઘંટા, જયઘંટા, કસ્રા, શુક્તિ અને પટનો તથા અવનદ્ધમાં મૃદંગ, દુંદુભી, ભેરી, પટહ, મરદલ, હુડુકક, કરટા, ઘટ, ઘડસ, ઢવસ, ઢકકા, કુડુકકા, કુડુવા, ડમરુ, ડક્કા, મણિડક્કા, ડુક્કુલી, રુન્ઝા, સેલ્લુકા, ઝલ્લરી, ભાણ, સ્રીવલી, નિઃસાણ, તુંબકી વગેરેનો સમાવેશ થાય છે. આમાં કાળક્રમે પખવાજ, ઢોલ, ડફ, ત્રાસાં, નગારાં, જેવા અવનદ્ધ અને મંજુર, ઝાંઝ, કરતાલ, શંખ, ટાળ, જેવા ઘનવાદ્યો આવ્યાં.

આધુનિક શાસ્ત્રીય સંગીતમાં મૃદંગ-પખવાજ, તબલાં અને ઘટ મુખ્ય છે. મૃદંગ પ્રાચીનતમ વાદ્ય છે. ધ્રુપદ-ધમાર સાથે તથા દક્ષિણ ભારતીય પદ્ધતિના શાસ્ત્રીય સંગીતના બધા જ પ્રકારો સાથે તેનો વિશેષ નિકટનો સંબંધ રહ્યો. મૃતમયઅંગ, એટલે કે જેનું અંગ માટીથી બનેલું છે તેવું વાદ્ય, એવો વ્યુત્પત્તિજન્ય અર્થ લઈએ તો તેમાં શરીર માટીનું હોવાનું અનુમાન થાય. આરંભે માટીના ઘટનો તાલવાદ્યમાં પ્રયોગ થતો હોવાથી એના માટેનો જ કોઈ પર્યાય પરંપરામાં ખેંચાતો આવ્યો હોય, એવું અનુમાન થઈ શકે. મૃદંગનું મુખ્ય અંગ પણ કુમ્ભ કહેવાય છે. એનો અર્થ પણ 'ઘડો' એવો થાય છે. આ કુમ્ભ લંબગોળ લાકડાનો પોલો નળાકાર હોય છે, જેની એક બાજુનો ભાગ પહોળો અને બીજી બાજુનો ભાગ સાંકડો હોય છે. આથી વચ્ચેની બાજુનું પેટ બહાર ઊપસેલું હોય છે, જેમાં વચ્ચે ગાંઠ ન હોય અને તિરાડ ન હોય એવા લાકડામાંથી કુમ્ભ બનાવવામાં આવે છે. દાયું એટલે કે જમણું મોઢું સાંકડું હોય છે. તેના પર નાની પડી હોય છે. અવાજ તીણો હોય છે. બાયું એટલે કે ડાબું. તેનું મુખ પહોળું હોય છે અને તેનો અવાજ ઘેરો હોય છે. આ મુખ પર ચામડાની પડી હોય છે તેમાં ગાય, ભેંશ, હરણ વગેરેના ચામડાનો ઉપયોગ થાય છે. દાયાના મધ્યભાગે શાહી લાગે છે. તેની કોર પર ચામડાની પટ્ટી હોય છે, જેને ચાંટી કહે છે. આ ચાંટી તથા શાહી વચ્ચેનો ભાગ લવ કહેવાય છે. આ પહોળા ભાગની નજીકનો કુમ્ભ એટલે કે કોઠીનો ભાગ ઉપસેલો હોય છે, જે બીજે છેડે સાંકડો થાય છે. આ બન્ને બાજુની પડી વાધરથી બાંધેલી હોય છે અને તેની નીચેના ગટ્ટાથી પડીને જોઈતા પ્રમાણમાં ચુસ્ત કરીને, જોઈતા સ્વરમાં મેળવવામાં આવે છે.

મૃદંગના મુખ્ય વર્ણો તા,દી,ના,તે,ટે, ધ અને ક છે. એ જુદા જુદા ભાગ પર વાગે છે અને આ મુખ્ય વર્ણોના મિશ્રણથી દિત્ત, તિત્ત, તત, થુન, દીન, કડાન, ધડાન, કિડધાન, ધડન્ન, તડન્ન, તેટકેટ, તિરકિટ, તકતા, કિટતક, ધાકિટ, તાકિત, તિકટ, ધિકટ, તડિટતકા, ધુમકિત, થુંગા, તક્કા, ગદિગન, ધાકેટ, તકતક, તડતડ, કતકત, ધે-નગ, ત્રક, ધગૃદ, ધેનનક, દિગદિગ, થેઈ, તિગધા, ધિધિતિટ, વગેરે નવા વર્ણો અને તેનાં સંમિશ્રણે બોલ બને છે. એક માત્રાના બે,ત્રણ, ચાર કે પા અને પોણો ભાગ કરવામાં આ બોલનો ઉપયોગ થાય છે અને દ્વિગુણ, ત્રિગુણ, ચોગન જેવી સમાન કે પા, પોણી, સવા, દોઢ જેવી અપૂર્ણ લય વધારી શકાય છે. દરેક તાલના બોલ તેની માત્રા પ્રમાણે નિશ્ચિત હોય છે, પરંતુ તેની નિશ્ચિત માત્રાસંખ્યા અને નિશ્ચિત સમયમાપ જાળવીને અપૂર્ણાંક કે પૂર્ણાંકના વિશેષ બોલ ઉમેરી, તે પ્રમાણે ગતિ વધારીને લયકારી થાય છે. રેલા, કાયદા, પરનના વિવિધ પ્રકારો છે. પરનના મૂળમાં 'પર્ણ' શબ્દ છે. એક ડાળીના પેટા ભાગો તે તેનાં પાંદડાં. એની સંખ્યા વધે કે ઘટે પણ ડાળી તો હોય એ રહે. એમ મૂળ લય અને માત્રાસંખ્યા તો મૂળ હોય તેવા જ જળવાય, પરંતુ તેમાં પ્રમાણસર ગતિ વધારેલા બોલ ઉમેરવામાં આવે છે. આથી પર્ણ કે પરન એટલે નિશ્ચિત લયની નિશ્ચિત માત્રાસંખ્યા જાળવીને તેના આંતર લયમાં વિવિધ ગતિ લાવવી, એમ કહી શકાય. એકથી ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દશ, અગિયાર, બાર, તેર, ચૌદ, પંદર, સોળ - એવી કોઈ સંખ્યા નિશ્ચિત-નિયંત્રિત લયથી બોલીએ અને એનું આવર્તન કરીએ અને પછી મૂળ એકથી ચારમાં આઠ,બાર, સોળ અક્ષરો ભરીએ તો સંખ્યાના ઉચ્ચારની ગતિ એટલા પ્રમાણમાં વધારવી પડે. જો ચારમાં માત્ર ત્રણ ભરીએ તો ગતિ પ્રમાણમાં ઘટે અને પાંચ, સાત, નવ, અગીઆર એવી સંખ્યા ભરીએ તો તેની ગતિ અપૂર્ણાંકમાં વધે અને આડ લય બને. આમ કરવામાં આ વિવિધ વર્ણો અને તેનાથી બનેલા બોલ ઉપયોગમાં આવે છે. મૃદંગ-પખવાજમાં પર્ણથી લયરૂપી વૃક્ષને શણગાર્યું, લયની વિવિધ ભાત ઉપસાવી અને ધ્રુપદમાં સ્વરોને પણ એ લયમાં રમાડ્યા અને સાંગિતિક શોભા વધારી. ખયાલનો પ્રચાર વધ્યો અને મૃદંગ-પખવાજનું સ્થાન તબલાંએ લીધું ત્યારે એની લયકારીમાં પણ આવી પરનો જ ઉપયોગી બની. આરંભના ઉત્તમ તબલાવાદકો પણ, ખયાલ-ગાયકો મૂળભૂત તો ધ્રુપદ-ગાયકો જ હતા તેમ, મૃદંગ-પખવાજના જ વાદકો હતા. ધ્રુપદથી જ જેમ ખયાલનો વિકાસ થયો છે, તેમ મૃદંગ-પખવાજના વાદનાશ્રયે જ તબલા-વાદનનો પણ વિકાસ થયો છે.

તબલાના શોધક અમીર ખુશરુ મનાયા છે, પરંતુ ડૉ. મધુસૂદન ઢાંકી એ સમય પહેલાનાં શિલ્પોનો આધાર લઈને ઊર્ધ્વક-આંગિક એવા ભાગો અસ્તિત્વમાં હતા તે દર્શાવ્યું છે. આમ, તબલાં ઓછામાં ઓછું ચોથી-પાંચમી સદીમાં તો અસ્તિત્વ ધરાવતાં હતાં ને તે પછીના વિવિધ તબક્કે અમીર ખુશરો, સિદ્ધારખાં ઢાઢી વગેરેએ એની રચનામાં સુધારા કર્યા હોય, એમ કહી શકાય.

તબલાંના બે મુખ્ય ભાગ તે દાયું અને બાયું. દાયું લાકડા કે માટીનું અથવા કોઈ ધાતુનું હોય છે. દાયા અને બાયાના મુખ પર ચામડાની પડી હોય છે. જેનો કિનારાનો ગૂંથેલો ભાગ તે ગજરો. એના છિદ્રોમાંથી વાધર પસાર થાય છે અને લાકડાના ડટ્ટાથી તે પડીને ચુસ્ત કરી ઇચ્છિત સ્વરમાં મેળવી શકાય છે. પડીની વચ્ચે શાહી લાગે છે. બાયાંમાં તે કેન્દ્રમાં નહીં પરંતુ બાજુમાં હોય છે. શાહી પછી મેદાન કે લય હોય છે અને તે પછી ચામડાની વિશેષ ઉપરની પટ્ટી હોય છે, જેને ચાંટ કહે છે. તબલાંને સામાન્ય રીતે સા અથવા ૫ માં મેળવવામાં આવે છે. જો પંચમ વર્જ્ય હોય તો મ-માં મેળવાય છે. તબલાંની પડીના વર્તુળને વિવિધ વ્યાસ કલ્પીને તેના છેડાને ઘર કહેવામાં આવે છે. આ ઘરમાં સ્વર મેળવાય છે. તેમાં ૧ સામે ૯, ૫ સામે ૧૩ એમ સામસામ ઘર મેળવવામાં આવે છે. દટ્ટાની સ્વર મેળવીને પછી ગજરા પર હાથના આઘાતે શ્રુતિમેળ કરી શકાય છે.

તબલાના ધા, ધિન, તિટ, તિન, ના, ક,ધી, તા, કિન, કત્ત એમ ૧૦ વર્ણ મુખ્ય છે, આ મુખ્ય વર્ણના મિશ્રણે અન્ય વર્ણો બને છે અને તેના આધારે તાલના માત્રામાપ પ્રમાણેના બોલ હોય છે.

મૃદંગના પ્રાચીનકાળથી જ વિવિધ પ્રકારો અસ્તિત્વમાં હતા. પખવાજ, મુરજ, મર્દન કે મદેલ એવાં નામે પણ તે ઓળખાય છે. ઉત્તર ભારતીય સંગીત પર મુઘલકાળમાં ફારસી અસર પડી. એમાં મૃદંગ પખવાજ બન્યું. ઉર્ધ્વક વગેરે માટે ફરસી શબ્દ 'તબ્લ' પરથી તબલું શબ્દ આવ્યો. મૃદંગના આકારાનુસારી હરીતકી, જયાકૃતિ, ગોપુચ્છાકૃતિ જેવાં નામ હતાં. કદ અને બાહ્ય આકાર પ્રમાણે આવાં વિવિધ નામ અપાયાં છે.

ગાયકીના જેમ વિવિધ ઘરાનાઓ છે તેમ પખવાજવાદન અને તબલા-વાદનના પણ વિવિધ ઘરાના કે ગુરુ-શિષ્યની પરંપરા છે. તબલાના વિવિધ ઘરાનાના આદિપુરુષ કે સ્થાપક મૂળભૂત મૃદંગ-પખવાજ-વાદક હતા. તબલાના ઘરાનામાં મુખ્ય ઘરાના દિલ્હી ઘરાના, પંજાબ ઘરાના અને પૂરબ ઘરાના છે. પૂરબમાં લખનઊ અને વારાણસી ઘરાના એમ બે પેટા વર્ગ છે એમ દિલ્હી ઘરાનાની એક શાખા તે અજડાના ઘરાના છે. આમ, પેટાઘરાનાને લક્ષમાં લેતાં દિલ્હી, અજડાના, લખનઊ, બનારસ, ફરૂખાબાદ અને પંજાબ એમ છ ઘરાના ગણાય.

દિલ્હી ઘરાનાના વાદનમાં તર્જની અને મધ્યમા એ બે આંગળીઓનો વિશેષ પ્રયોગ થાય છે અને શાહી અને ચાંટનો વિશેષ આધાર લેવામાં આવે છે. આ ઘરાનામાં પેશકાર, કાયદા, રેલા, ગત વિશેષ વાગે છે અને તિર, તિરકિટ, ધિન, ગિન, દીંગ, ત્રક જેવા બોલનો વિશેષ પ્રયોગ થાય છે. આ ઘરાનાના આદિપુરુષ સુધારખાં મનાય છે. સુધારખાંના ઘસીટખાં અને બુગરાખાંએ પરંપરા આગળ વધારી. કલ્લુખાં, રોશનખાં અને તુલ્લનખાં વગેરે વાદકોએ ખ્યાતિ મેળવી. આધુનિક યુગમાં અમીર હુસૈન, શમ્સુદ્દીનખાં અને ગુલામ હુસેનખાં અને ઉ. અમજદખાં થિરકવાએ આ ઘરાનાને પ્રખ્યાત બનાવ્યું. બોલીબક્ષખાંના પુત્ર નથ્થુખાં, એમના શિષ્ય મુનીરખાં ને તેમના શિષ્ય તે વિશેષ પ્રખ્યાત ઉ. અમજદખાન થિરકવા.

અજડાના ઘરાના દિલ્હી ઘરાનાની જ શાખા છે. દિલ્હીના ઉ. સિતાબખાં અને શિષ્યોએ મેરઠ જિલ્લાના અજડાના ગામમાં આ પરંપરા દૃઢ કરી. એમન શિષ્યો કલ્લુખાં અને મોરૂખાં અજડાના હતા. આ પરંપરાને મહમ્મદબક્ષ, કાલેખાં, હસ્સુખાં, શમ્મુખાંએ આગળ વધારી. શમ્મુખાંના પુત્ર પ્રો. હબીબઉદ્દીનખાં. દિલ્હી ઘરાનાની આ શાખામાં પણ પેશકાર, રેલા, કાયદા, ગત, નાના ટુક.. પ્રયોજાય છે. વડોદરાના પ્રો. સુધીરકુમાર સક્સેના આ ઘરાનાના ઉ. હબીબુખાંના શિષ્ય. અને દાયાં-બાયાં બન્નેના મધુર બોલો ધિન, ધેતક ધેધેનક, ધારાગિન, દિંગ, દિના, ગિન આદિનાં પ્રયોગ કરી આડ લયનું પણ સૌન્દર્ય-માધુર્ય દર્શાવાય છે.

દિલ્હી ઘરાનાના સિદ્ધારખાંના જ વંશજમાં એમના ત્રણ પુત્રો મક્કુખાં, મોદુખાં અને બક્ષુખાંની પરંપરા ચાલી. આમાંથી મોદુખાં અને બક્ષુખાં લખનઊના નવાબનું નિમંત્રણ સ્વીકારી લખનઊ ગયા અને લખનઊ ઘરાનાનો આરંભ થયો. એમના વંશજ મમ્મુખાં અને તેમના પુત્ર મુહમ્મદખાં અને પૌત્ર ઉન્નેખાં અને આબિદહુસેનખાંથી આ પરંપરા આગળ વધતી ગઈ અને વાજીદહુસેનખાં સુધી એની વિકાસયાત્રા વિસ્તરતી ગઈ.

આ બાજમાં ખુલ્લા સમર્થ બોલતો વિશેષ પ્રયોગ થાય છે. ધિટ, તિર, ધાગે, તિટ, ગદિગન, કડાંગ, ધા, ધિર વગેરે બોલ લઈને રેલા, કાયદા, ગત, ચક્રદાર વગાડવામાં આવે છે. બંદિશ અને ચક્રદાર વિશેષ પ્રસિદ્ધ છે. પં. બિરૂ મિશ્ર પણ આ ઘરાનાના તબલાવાદક. કલકત્તાના હીરેન્દ્ર ગાંગુલી તથા ઈન્દોરના જહાંગીરખાં એમના શિષ્યો.

લખનઊ-ઘરાનાની જ એક શાખારૂપે પૂરબની બીજી ઘરાનાધારા બનારસમાં વહી છે. લખનઊ જેમ અહીંનો બાજ પણ ખુલ્લો અને જોરદાર છે. કાયદા, રેલા, પરનાદિમાં મૂળ ધારા રહી છે. મોદુખાંના શિષ્ય રામસકાય, એ પછી ભૈરવ-સહાય, બલદેવ સહાય, દુર્ગા સહાય દ્વારા ધારા વહેતી રહી. શ્રી કંઠે મહારાજ, શાન્તાપ્રસાદ ઊર્ફે ગુદઈ મહારાજ, પ્રો. શ્યામલાલ, કંઠે મહારાજના ભત્રીજા કિસન મહારાજ આ ઘરાનાના પ્રસિદ્ધ વાદકો બન્યા.

પંજાબ ઘરાનાના સ્થાપક હુસેનબક્ષ અને ફકીરબક્ષ પખવાજવાદક હતા. ફકીરબક્ષે પખવાજના બોલના રૂપાંતરે તબલાંના બોલ બનાવ્યા. ખુલ્લા અને જોરદાર બોલ સાથે લાંબી પરન, ગત આ ઘરાનાની લાક્ષણિકતા બન્યાં. લયકારીમાં મધુરતા પ્રગટી. દુંગ, દુંગ, દુંગ, નગ, ધટેત જેવા બોલનો પ્રયોગ થાય છે. ઉ. ઝાકીરહુસેનના પિતા ઉ. અલ્લારખા આ ઘરાના વાદક. પૂરબી બાજની લખનઊ અને વારાણસી જેવી ત્રીજી ધારા ફરૂખાબાદ ઘરાનાની છે. લખનઊના બક્ષુખાંના જમાઈ હાજીખાં ઊર્ફે વિલાયતઅલીખાંએ કેટલાક નવા કાયદાનો પ્રયોગ કર્યો ને તેમના શિષ્યો અલારીખાં, ચુડિયાલાલા, ઈમામબક્ષ, છુજુખાં, મુબારકઅલીખાં વગરેમાં પરંપરા પ્રવાહિત બની. ◻

ધારાવાહી બંગાળી નવલકથા

સુખનું અસુખ

મૂ.લે. વિમલ મિત્ર /અનુ. ચન્દ્રકાન્ત મહેતા

આ બધું બન્યું વિશ્વયુદ્ધના સમયમાં. ડૉક્ટરે પૂછ્યું પછી પલટુ સેને કહ્યું, 'આજે મારી ઑફિસમાં દસ ઑફિસરને મહિને પાંચ હજાર તો પગાર મળે છે. હું એ લોકોનો ઉપરી છું. પાંચ હજારની નીચે મહિને સાડા ત્રણ હજારનો પગાર વીસ જણને મળે છે. એ ઉપરાંત ગાડી-મકાન એ બધું તો જુદું જ.'

ડૉક્ટરે પૂછ્યું, 'એ શી રીતે થયું ?'

પલટુએ કહ્યું 'ભગવાનની ઇચ્છાથી થયું. નહિ તો મારી શી લાયકાત ! હું તો એક સામાન્ય ગ્રેડ્યુએટ. મને ઇજનેરીની કશી ગતાગમ નથી. ધંધા વિષેની જાણકારીમાં મીંડું, અંગ્રેજી એક લાઈન પણ લખી ન શકું. પણ મારી ટાઈપિસ્ટને હું શું લખવાનું છે તે સમજાવી દઉં એટલે એ સીધી ટાઈપ કરીને મારી પાસે સહી કરવા લઈ આવે. ડૉક્ટરે પૂછ્યું : 'પછી શું થયું ?'

પલટુએ કહ્યું, 'આજે તમને મારી આખી કહાણી કહું છું. મેં અત્યાર સુધી કોઈનેય મારા જીવન વિષે કહ્યું નથી. તમને કહું છું કે હું કેવી રીતે મોટો માણસ બન્યો અને કરોડો રૂપિયા મેળવ્યા. કરોડો રૂપિયાનું વિદેશી ચલણ હું કમાઉં છું. તથા સરકારને કેટલું વિદેશી નાણું મેળવી આપું છું ! પણ ડૉક્ટર, હું તદન સાધારણ માણસ છું. મને લાગે છે કે મારા જેવો કોઈ સુખી નથી. પણ હું બહુ દુઃખી છું. આજે મને થાય છે, કે જ્યારે હું બેકાર જેવો રસ્તે રસ્તે ભટકતો હતો, અને જ્યારે હું ગેરેજ આગળ છાપામાં કાગળ પાથરી તે પર સૂઈ જતો હતો, અને પોલીસ આવીને મને લાઠી મારીને તગેડી મૂકતી, તે મારા દિવસો આજના કરતાં ઘણા સારા હતા. આજે મને થાય છે, કે ગ્રીઅરસન કંપનીનો જે માણસ ટ્રૉલીકારકુન છે તે પણ મારા કરતાં વધારે સુખી હશે. આજે પણ હું એ જ નોકરી કરતો હોત તો વધારે સુખી હોત. આજે જો તમારા નર્સિંગહોમમાં મારું મરણ થાય, તો હું ઊગરી જાઉં.'

ડૉક્ટરે કહ્યું, 'કેમ આવી વાત કરો છો ? તમારે શાનાથી ડરવાનું છે ? હું તમને મરવા દેવાનો નથી. તમે જરૂર સાજા થઈ જવાના છે.'

પલટુએ કહ્યું, 'ના ડૉક્ટર, મારે હવે જરાય જીવવું નથી. મારે અહીં જ મરવું છે. હું સાજો થઈ ઘેર પાછો ન ફરું એવું કરો. ઘર હવે મારે માટે મરુભૂમિ છે. ડૉક્ટર ! જ્યારે મારી પાસે પૈસા નહોતા ત્યારે એમ માનતો કે ઘણું ધન એકઠું થશે એટલે મારા 'બધાં' દુઃખનો અંત આવશે. પણ જુઓ ભાગ્ય મારી કેવી મજાક કરે છે ? આજે ધનનો ઢગલો હોવા છતાં, તમારા નર્સિંગહોમમાં સૂતો સૂતો તમારી સામે કલ્પાંત કરું છું, આના કરતાં બીજી વધારે હાનિ કે નસીબની ક્રૂર મજાક બીજી હોઈ શકે ?'

ડૉક્ટરે કહ્યું, 'તમે ચૂપ કરો. તમે તદન સાજા થશો ને સાજા સમા ઘેર જઈ શકશો. તમારે જરાય ગભરાવાનું નથી.'

પલટુએ કહ્યું. 'ડૉક્ટર, તમે એવી ભગવાનને પ્રાર્થના ન કરો. એવી પ્રાર્થના કરો, કે હું એ ઘરમાં જીવતો પાછો ન જાઉં. હું આ તમારા નર્સિંગહોમમાં છેલ્લા શ્વાસ લઉં.'

ડૉક્ટરે પૂછ્યું. 'પણ મેં તો તમારા શરીરની પૂરી તપાસ કરી છે. મને ક્યાંય કશું રોગનું ચિહ્ન જણાયું નથી. કશી જ તપાસ બાકી રાખી નથી. લોહીનું દબાણ નથી. મીઠી પિશાબ નથી. તમને શાનો ડર છે ?'

પલટુએ કહ્યું, 'ડર મારા પાપનો છે. ડૉક્ટર મેં પાપ કર્યું છે. તમે મારા શરીરને સાજું કરી શકશો પણ મારું મન ! એને તમે સાજું કરી શકશો ? મનને સાજું કરનારી દવા તમારી દવાની ચોપડીઓમાં છે ? તમે લોકો તો ફક્ત ગોળીઓ ખવડાવી રોગીને ઊંઘાડી દો. પણ જેને મનનું જરા જેટલું પણ સુખ નથી તેમના મોઢા પર મલકાટ લાવવાની ગોળી તમારી પાસે છે ? એ જો તમારી પાસે હોય તો હું તમારી પીઠ જોરથી થાબડીશ.'

ડૉક્ટરની જોડે રોજ આવી વાતો થતી. ડૉક્ટર ઘણા કામમાં રહેતો. પલટુ એની પાસે જ બેસીને એની વાતો સાંભળ્યા કરવાનું એને પરવડે નહિ. નર્સિંગહોમમાં બીજા હોયને ? તેમની તરફ પણ ધ્યાન આપવું જોઈએ ને ? પણ થોડો સમય મળતાં જ પલટુની પાસે જઈને બેસે. આવીને તરત જ પૂછે, હવે કેમ લાગે છે. તમને ?'

બપોરે ચાર વાગ્યાથી નર્સિંગહોમનાં દર્દીને મળવા એમનાં સંગાંવહાલાં આવતાં. પલટુને મળવા કોણ આવે છે તે જાણવાનો પ્રયત્ન ડૉક્ટર કરતા નહોતા.

જાણીને પણ શું કરે ? બધાં માણસો દુઃખી હોય છે. કોઈ વધારે તો કોઈ થોડું. દુઃખી હોવાની ડૉક્ટરની પોતાની પણ જાતજાતની સમસ્યા હોય. માણસ જીવતો હોય ત્યાં સુધી સમસ્યા તો રહેવાની જ. આ નર્સિંગહોમમાં કેટલાંય દર્દી આવે ને રોગ મટાડી ચાલ્યાં જાય. પણ જેઓ નર્સિંગહોમમાં જ મરી જાય. અથવા ઘેર પાછા જઈ શકે એમ ન હોય તેમનું શું ?

પણ ડૉક્ટરને જીવન કે મૃત્યુ વિષેનું જરાય કૌતુહલ નહોતું. એ વિષે એમનું ચિત્ત લાગણીશૂન્ય હતું.

પણ એ જ ડૉક્ટરને પલટુના સંપર્કમાં આવ્યા ત્યારે કૌતુહલ જાગ્યું હતું. સેંકડો લોકોને પોષનાર, હજારોનો પાલનહાર માણસને આટલો હતાશ ને ભાંગી પડેલો જોઈને એમને એની તરફ મમતા જન્મી હતી. એ માણસ એની આગળ દયામણો બનીને એને ન જીવાડવા યાચના કરતો હતો. ડૉક્ટરને થતું હતું કે મરવાની ઇચ્છાની પાછળ કશું રહસ્ય હતું.

એક દિવસ ડૉક્ટરે એને પૂછ્યું, 'પલટુ મહાશય ! તમે જ્યારે કંપનીના માલિક બન્યા ત્યારે તમને કેવું લાગ્યું હતું ?'

પલટુએ કહ્યું, 'જુઓ, એ એક ઘટના હતી. જ્યારે લડાઈ પૂરી થઈ ત્યારે ગ્રીઅરસનસાહેબે મને બોલાવ્યો. હું એમના ખંડમાં ગયો.'

સાહેબે કહ્યું. 'બેસો સેન ! તમારી સાથે ખાનગી વાત કરવી છે. એમ કહીને મારી સામે એક સિગારેટ ધરીને કહ્યું 'હું ઇન્ડિયા છોડીને જાઉં છું, સેન !'

પલટુએ પૂછ્યું, 'કેમ સાહેબ ?'

ગ્રીઅરસને કહ્યું. 'ભારત સરકાર અમારી કંપની જોડે સારો સંબંધ નહિ રાખે. જાતજાતના કાયદા કર્યા છે, જે અમારા હિતની વિરુદ્ધ છે. સાત સમુદ્ર પાર કરીને અમે અહીં કમાણી કરવા આવ્યા છીએ. પણ તમારી સરકારે જાતજાતના કરવેરા અમારી પર લાદ્યા છે, તેથી અમે હવે અહીંથી જવાનો નિર્ણય લીધો છે. પણ એ બધી વાત જવા દો; મૂળ વાત તો એ છે, કે હું કંપનીનો બધો ભાર, બધું તંત્ર એટલે કે નફોનુકસાનની જવાબદારી તમને સોંપી જવા ચાહું છું. તમે લેશો ને ?'

'માથા પર વજ્રઘાત થાય તો માણસનું મૃત્યુ થાય એવા બનાવોની મને ખબર છે. લૉટરીમાં લાખો રૂપિયા મળવાની ખબર પડતાં ઘણાનું

હૃદય બંધ પડી જાય છે, એ વાતની જાણ મને ખબર છે. પણ મારું હૃદય બંધ પડ્યું નહિ. એ એરકંડિશન ખંડમાં બેઠો બેઠો હું થરથર કાંપવા લાગ્યો. અને થયું, કે મારો શ્વાસ અટકી જશે.'

પલટુ સેને સાહેબને કહ્યું, 'સર ! હું તમને કાલે જવાબ આપીશ. અત્યારે મારું માથું ભમી ગયું છે.'

એમ કહીને એ તે દિવસે તો ઘેર ચાલ્યો ગયો. તે પછી સાત દિવસ સખત તાવને લીધે બેભાન રહ્યો. એ સાત દિવસ અને સાત રાત કેવાં વીત્યાં તેની એને કશી ખબર નહોતી. એ સાત દિવસ જો ભૂતિની મા ન હોત તો એ કદાચ મરી જાત.

ડાંક્ટરે પૂછ્યું, 'ભૂતિની મા કોણ ?'

પલટુએ કહ્યું, 'હું જ્યારે ગોદામ આગળ ટ્રૉલી કારકુન હતો ત્યારે ભૂતિની મા જ મને ખવડાવતી. હું એને મહિને મહિને સો રૂપિયા આપતો. ને મારાં કપડાં ધોવાનાં, વાસણ માજમવાં-રાંધવાનું બધું જ ભૂતિની મા કરતી. મારા એ ગરીબીના દિવસોમાં એ ભૂતિની માએ જ મને જીવાડ્યો છે એમ કહું તો ચાલે. એ બિચારી બહુ ગરીબ હતી. ગ્રીઅરસન કંપનીનાં ગોદામની પાછળ એક ઝૂંપડીમાં ભૂતિની મા અને એની દીકરી રહેતાં.

હું ભૂતિને ભૂતિ કહીને બોલાવતો નહિ. એને નિર્મળા કહીને બોલાવતો. એની દીકરીનું નામ નિર્મળા હતું. નિર્મળા બહુ સારી છોકરી હતી. દુનિયામાં બધી દીકરીઓ કંઈ સારી હોતી નથી. જાણો છોને, ડાંક્ટર ?'

ત્યાર પછી પલટુ એકાએક અટકી ગયા. થોડી વાર પછી એમણે પૂછ્યું : તમે ક્યારેય કોઈ છોકરીના પ્રેમમાં પડ્યા છો, ડૉક્ટર ?'

ડૉક્ટર તો અવાક. એણે પૂછ્યું, 'આવું શા માટે પૂછો છો ?' પલટુએ કહ્યું, 'પૂછવાની જરૂર જણાઈ એટલે પૂછ્યું. એનું કારણ છે, કે જિંદગીના પહેલા પ્રેમમાં ભગવાનનો અભિશાપ હોય છે. આ વાત હું કહેતો નથી પણ આપણા મહાન કથાકાર બંકીમચન્દ્રે કહી છે. એમણે એમની 'ચન્દ્રશેખર' નવલકથામાં આ જ વાત કહી છે. મારાં લગ્ન થયાં છે. મારી વહુ પણ મને ખૂબ ચાહે છે. પણ એ મારા પહેલા પ્રેમની વાત, એ અભિશાપ નીવડી અને એને કારણે જ આ કષ્ટ ભોગવું છું.'

ડૉક્ટરે કહ્યું, 'એવી બધી વાતનો હમણાં વિચાર જ ન કરતા. તમે કશું બોલ્યા વગર ઊંઘવાનો પ્રયત્ન કરો. હું જાઉં છું.'

પણ પલટુ કંઈ એમ જવા દે નહિ. એણે કહ્યું : 'ના, તમે બેસો ડાંક્ટર. તમે તો આખો દિવસ ગોળીઓ ખવડાવી મને સુવડાવી રાખો છો. હું ક્યારેય જાગતો હોતો નથી. હમણાં જાગ્યો છું તો તમારી જોડે થોડી વાતો કરું. તમારો વખત થોડો બગડે તો ભલે બગડે. મને થોડી શાંતિ થશે. મને શાંતિ આપવાનું તો તમારું કામ છે.'

ડાંક્ટરનો વખત બગડતો હોવા છતાં એમને પલટુની વાતમાં રસ પડ્યો. એ બેઠા.

પલટુએ કહ્યું : 'ડૉક્ટર ! શરૂઆતમાં તો હું એ બધું સમજ્યો નહિ. તે વખતે તો મારો પગાર એકસો ત્રીસ રૂપિયા હતો. અને સો રૂપિયા નિર્મળાની માને આપતો. એ સો રૂપિયામાં નિર્મળાની મા મને ચાર વાર ખવડાવતી. સવારના ચા અને નાસ્તો, બપોરે ભાત, દાળ અને શાક, પછી સાંજના ચા અને કશું ખાવાનું ને રાત્રે રોટલી-શાક. નિર્મળાની મા પોતાની ઝૂંપડીમાં જ રસોઈ કરતી. અને નિર્મળા ઑફિસે ઑફિસે જઈ બાબુઓને ચા આપતી.'

'નિર્મળાની માને એક દિવસ મેં કહ્યું. "ભૂતિની મા, તમારી છોકરી તો મોટી થતી જાય છે. હવે શા માટે એને ઑફિસે ચા આપવા મોકલો છો ?' એ ઠીક નથી."

નિર્મળાની મા કહેતી, 'શું કરું બાબુ ! મારે એકે છોકરો પણ નથી કે જેને હું મોકલું. પાકિસ્તાનના બંગાળમાં ઘર હતું, ધણી હતો. પણ એ બધું હોમાઈ ગયું. આમ જ્યાં ભાગ્ય જ ફૂટે ત્યારે ભગવાન પણ મોઢું ફેરવી લે. હવે જ્યારે ભાગ્ય જ ફૂટ્યું ત્યારે આ છોકરીને જ છોકરો સમજી કામ લેવું પડે છે.'

'આ પછી મેં નિર્મળાની માને કશું કહ્યું નહિ. તે પછી હું નિર્મળાને રાતે મારી ઑફિસે ખાવાનું આપવા આવવા દેતો નહિ. રાતના અંધારામાં નિર્મળા આવે એ મને ગમતું નહોતું. હું જાતે જ નિર્મળાની માની ઝૂંપડીમાં જઈને ખાઈ આવતો.'

પણ ગ્રીઅરસન કંપનીની ઑફિસમાં મારો પગાર વધ્યો, ત્યારે મેં જુદું ઘર ભાડે રાખ્યું. ત્યારે કામના દબાણને લીધે હું નિર્મળાની મા વિષે સદંતર ભૂલી ગયો. તે વખતે હું ગ્રીઅરસન સાહેબનો અંગત મંત્રી હતો. તે વખતે મારો પોતાનો ફ્લૅટ હતો, પોતાના નોકર હતા. સવારના આઠ વાગે ઑફિસે ચાલ્યો જતો અને આવતાં રાતે નવદશ વાગી જતા. ઘણા દિવસ પછી જ્યારે ઑફિસે ગયો ત્યારે ગ્રીઅરસન સાહેબે મને પૂછ્યું : 'કેમ, શું થયું સેન ? તમે શો નિર્ણય લીધો ?', હું શો જવાબ આપું ?

ફક્ત કહ્યું, 'શો જવાબ આપવો તે મને સમજાતું નથી.'

સાહેબે કહ્યું, 'એમાં આટલો બધો વિચાર શું કરવાનો ? તમે તો મારો જીવ બચાવ્યો. એ તમને યાદ નહિ હોય; પણ મને બરાબર યાદ છે. મારી મેમસાહેબ મને એ જ વાત કહ્યાં કરે છે. એણે મારી પાસેથી બધી વાત સાંભળી છે. એણે મને કંપની દાનમાં આપી દેવા કહ્યું છે. મેં ઘણો સમય ઈંડિયામાં કારભાર કર્યો. ઈંડિયામાંથી અમે કરોડો ડૉલર દેશમાં મોકલ્યા છે. એટલા બધા ડૉલર મોકલ્યા કે તેનો કંઈ હિસાબ નથી. મારા દાદાએ આ કંપનીની સ્થાપના કરેલી. આટલાં વર્ષો ધૂમ કમાણી કરી, હવે મારે રિટાયર થવું જોઈએ. અને તમે તો જાણો છો સેન કે મારે છોકરાંછૈયાં નથી. હું શા માટે આ વિદેશમાં રહું ? મેં મારી કંપનીના બોર્ડ ઑવ્ ડિરેક્ટરોની મીટિંગમાં ઠરાવ પસાર કરાવી લીધો છે. તમે આ કંપની હવે સંભાળી લો. એ માટે તમારે એક પૈસાનો પણ ખર્ચ નહિ કરવો પડે. હું તમને એમ ને એમ જ આપી દઉં છું.'

હું ત્યારે અંદરથી થરથર કાંપતો હતો. મને મનમાં થયું, કે મને તાવ ચઢશે.

સાહેબે આગળ બોલવા માંડ્યું, 'મને ખબર છે કે તમને ડર લાગે છે. તમને આ બોજો અસહ્ય લાગે છે, પણ એક વાત જાણી લો કે ડરવા જેવું કશું નથી. જે માણસ ડરતો હોય તે ભીરુ કહેવાય. મને વિશ્વાસ છે, કે તમે આ કંપની સારી રીતે ચલાવશો. તમે આ કંપનીને વિકસાવી શકશો, ફેલાવી શકશો. મારે એટલું જ કહેવાનું કે ગ્રીઅરસન નામ બદલતા નહિ. આ નામને માટે મને નબળાઈ છે. એ શા માટે છે તે તો તમે જાણો છો. હું તમને આશીર્વાદ આપું છું કે તમને સફળતા મળશે જ.' (ક્રમશઃ)

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૨૮

પ્રા. પ્રવીણ ન. શેઠ

સમીક્ષા અને અનુશીલન

બીજી બાજુ અહીંના ભારતીય સમાજમાં વર્તાવા માંડેલા કેટલાંક દૂષણો અને અનિષ્ટોની નોંધ લેવાનું પણ પ્રસ્તુત લાગે છે. અગાઉ કરતાં ભારતીયોમાં ગરીબીની રેખા પર કે તેથી નીચે રહીને જીવતાં લોકોની ટકાવારીમાં, વધારો થયો છે. ૧૯૮૦ પહેલાં ભારતીય ગરીબાઈ-આંક ૫.૧ ટકા હતો, તે ૧૯૮૦-૯૦ ટકા દરમિયાન વધીને ૧૪.૧ ટકો થયો હતો. ૧૯૮૭-૯૦ દરમિયાન આવેલા ભારતીય અમેરિકનોમાં પાંચમા ભાગના આવી સામાન્ય સ્થિતિમાં જીવે છે. ૧૪ લાખ ભારતીયોના ચોથા ભાગના કરતાં વધારે લોકો અહીં હેલ્થ ઈન્સ્યોરન્સ અને એવા સંસ્થાકીય સધિયારા વિના રહે છે. તેમનાં બાળકોમાં ૧૭.૬ ટકા હેલ્થ ઈન્સ્યોરન્સ વિના જીવે છે, જેઓ વ્યવસ્થિત કૉર્પોરેટ ક્ષેત્રમાં નોકરી કરતાં નથી. તેવા સ્ટોર્સ, મોટેલમાં કામ કરતાં તથા પરચૂરણ નોકરી કરનારાં લાખો ભારતીયો અહીં માંદાં પડે તો મોંઘીદાટ ડાક્ટરી સારવારના ખર્ચની ચિંતા તેમના મન પર ઝળૂંબતી રહે છે. અલબત્ત, અહીંની એ ગરીબાઈની લાક્ષણિકતા એ છે કે ઓહાયોમાં આવું એક આધેડ ગરીબ યુગલ બે કાર ધરાવે છે, એક મોટા સહિત ચાર ટીવી ધરાવે છે. ટોઈલેટ રૂમમાં ય ફોન છે અને પ્રિન્ટર સહિત કમ્પ્યૂટર ધરાવે છે. પણ તેમના નાના જર્જરિત ઘરને નવું, સરખું કરવા માટેનો જરૂરી ખર્ચ કરી શકતા નથી, તેનો તેમને વસવસો પણ છે. ફિલૉડેલ્ફિયાના એક પરામાં પોતાનું મોટું ઘર ચલાવતા ભારતીય યુગલે પોતાના બૅકયાર્ડના સ્વિમિંગ પુલને તે નભાવી શકવાની અશક્તિને કારણે પુરાવી દેવો પડ્યો છે. અને હાડકાંની ગંભીર તકલીફ છતાં આર્કિટેક્ટ ભાઈને બદલાતી રહેતી 'જૉબ' કરતા રહેવું પડે છે.

ટૅક્સી ડ્રાઈવરો, ગ્રૉસરી સ્ટોર્સ અને સુપર માર્કેટમાં ચીજવસ્તુ ગોઠવતાં કે કાઉન્ટર પર જૉબ કરતાં, છાપાં વેચતાં, મોટેલ-રેસ્તોરાંમાં કામ કરતાં કે ઘરકામ, આયાકાર્ય કરતાં 'હોમકીપર્સ' અસ્થિર જૉબઆવક અને હેલ્થકેર વીમા વિના ગબડાવ્યે જાય છે. વિવેકરંજન લાલ નામના કુશળ વીડિઓગ્રાફરે ન્યૂ યૉર્કમાં જોખમભર્યા અને પ્રતિકૂળ પરિવેશમાં કમાતા દક્ષિણ એશિયાઈ ટૅક્સી ડ્રાઈવરોની જે દસ્તાવેજી ફિલ્મ બનાવી છે, તેણે ઘણાને ભારતીય સમાજના વર્ગીય સ્વરૂપ વિશે વિચારતાં કર્યાં છે. વિવેક કહે છે તેમ 'આવા વર્ગ માટે આરામદાયક, સંપન્ન જીવન સિદ્ધ કરવાનું અમેરિકન સ્વપ્ન હજુ ભ્રામક અને દૂરનું પુરવાર થઈ રહ્યું છે.'

ગોપિત હકીકતોને શોધી કાઢવાના સાહસ-કૌશલ માટે પંકાયેલ પત્રકાર શીલા ભટ્ટે ગુજરાતી કુટુંબોની નવવસાહત-ઘટના (માઈગ્રેશન અને ડાયેસ્પોરા)ના સામાજિક ઈતિહાસની એમના ટીડીફ. - કૉમના ગુજરાતી પોર્ટલ પર આપી છે, તે અહીં ઉલ્લેખવા જેવી છે.

કેટલાંય ગુજરાતીઓ (મહિલા સહિત) ગેરકાયદેસર ઘૂસવા માટે અવર્ણ્ય સફર-યાતનાઓ વેઠીને, અહીં કાનૂની સ્ટેટસ વિના રહે છે અને તેથી કાળી મજૂરી કરીને, જે મળે તે રળી ખાય છે જેથી વતનમાં પોતાનાં સંતાનોને, પોતાની જુવાનીનાં વર્ષોના ભોગે, ઊંચા લાવી શકે. ન્યૂ જર્સીની હિલટૉપ એસ્ટેટની એક હાઉસિંગ કૉલોનીમાં હજારેક ઍપાર્ટમેન્ટોમાંનાં ૯૦ ટકા ભારતીય કુટુંબો વસે છે. તેમાંનાં મોટા ભાગનાં ગુજરાતી છે. સ્થાનિક લોકો તેને પટેલનગર તરીકે ઓળખે છે. અહીં 'કઢીમાં થયેલા તાજા લીમડાના વઘારની કે તુવેરની દાળમાં થયેલા હીંગ અને રાઈના વઘારની વાસ, કે ગરમાગરમ ખમણઢોકળાંની સુગંધ તમારા નાકમાં પ્રવેશ્યા વિના નહીં રહે. 'કેટલાક અહીં તદ્દન આવશ્યક એવી કાર વિના જૉબ કરવા જાય છે. ભારતની ગરીબ, કે નીચલા વર્ગની વસાહત જાણે અહીં ટ્રાન્સપ્લાન્ટ થઈ છે. એમની ડિસ્કાઉન્ટ કૂપન માટે સખત માંગ રહે છે. ગેરકાયદેસર આવેલા કે ગેરકાયદેસર (વિઝિટર્સ વિસાની સમયમર્યાદા પછી) રહેતાં ગુજરાતીઓ વર્ક વિના કે બનાવટી પાસપોર્ટ સાથે પરદેશમાં અસ્થિર દશામાં અને અનિશ્ચિત સ્થિતિમાં રહે છે. તેમને માટે કોઈ પાકી 'સપોર્ટ સિસ્ટમ' સુલભ નથી. મોટા ભાગના માત્ર ૩૦૦થી ૩૭૫ ડૉલરના માસિક ભાડે કોઈ ભારતીય પેઈંગ ગેસ્ટ તરીકે રહેતાં જોવા મળે છે, જેમાં તેમને ઘરમાં રહેવાનું, સૂવાનું, નહાવાનું તેમજ સવારે ચા અને સાંજે જમવાનું મળે છે. દસ વર્ષથી ગેરકાયદેસર જ, અને સાચા પાસપોર્ટ વિના તેઓ રહે છે. એ જ વિસ્તારમાં ઝૂંપડીથી માંડીને 'ચોપાટી' જેવા સુખી ભારતીય કુટુંબો અને ગોરાઓ સ્વાદખુશ ગ્રાહકોથી ઉભરાતાં વિખ્યાત ભોજનાલયો છે, પણ ત્યાં તેઓ ગ્રાહક તરીકે નહીં, પણ બધા અહીંની 'ડેલિકસી' માણી રહે, તે પછી એમના ડિશ-બાઉલ ધોવા મોડી રાતે કામ કરીને ડૉલર રળી ખાવાનો સંતોષ મેળવી લે છે!

બીજી બાજુ, સુશિક્ષિત અને અહીંની ટેકનો-મેનેજરીઅલ સિસ્ટમને અનુરૂપ વ્યવસાયકૌશલ ધરાવનારા અહીં ખૂબ કમાતાં ભારતીયોનો વર્ગ છે. સામાજીકરણ, આવક, નોકરીધંધાના પરિવેશ અને પૅટર્ન વગેરે બાબત જે ભેદ રહેલો છે, તેને કારણે આવા બંને વર્ગો પોતપોતાના નોખા સામાજિક વર્તુળ અને સંબંધોના નેટવર્ક ઊભાં કરે છે.

ભારતનાં ગામડાંમાંથી એકદમ અમેરિકાના મહાનગરમાં પચરંગી પરિવેશમાં આવનારાં, ભારતની કોઈ ધોરણ વિનાની કૉલેજોમાં ભણીને સામાન્ય ડિગ્રી ધરાવનારા યુવાનો અહીં લઘુતાગ્રંથિ અને અજાણ્યા હોવાની ગ્રંથિ અનુભવે છે. આવી ગ્રંથિમાંથી મુક્ત થવા તેઓ મંદિર અને એવી ધાર્મિક ચૅનલો સાથે પોતાને જોડીને, સામાજિક રૂઢિવાદના સહારે પોતાનાં નવો આધાર અહીં મેળવવા પ્રયાસ કરે છે. પેલો સફળ, સંપન્ન, નીવડેલો વર્ગ 'ભારતીયપણા'નો જે અર્થ કરે છે, તેના કરતાં આવો વર્ગ 'ભારતીયપણા'નો જૂનવાણી અર્થ કરે છે. તથા હિન્દુવાદને પોષતાં સંગઠનો, મંદિરો, દોરાધાગા કરતા સાધુબાવાઓના કાર્યક્રમોમાં ઉત્સાહથી જોડાયા છે. અલબત્ત, અહીં ધાર્મિક અને સાંસ્કૃતિક સંસ્થાઓમાં જેમનો પ્રભાવ છે એવા સંપન્ન પ્રભાવક ભારતીય વર્ગ અને આવા નીચલા આર્થિક વર્ગના ભારતીયો વચ્ચે ભારતીયપણાને ટકાવી રાખવા માટે સૂક્ષ્મ રીતે સાંસ્કૃતિક રીતે સમાન કે સહિયારું કાર્યક્ષેત્ર મળી રહે છે અને તેથી, એમની વચ્ચે વ્યવસાયી-ભૌતિક રીતે અંતર હોવા છતાં, તેઓ એક ભારતીય મધ્યપ્રવાહનો નિર્ણાયક સમુદાય (critical mass)ને આકાર આપે છે. આ સૂક્ષ્મ-સંકુલ ઘટના નોંધપાત્ર બની રહે છે.

અહીં એક 'સુપર ઇન્ડિયન' કે ભદ્રવર્ગી ભારતીયોની ઘટના આકાર લઈ રહી છે. ભારતમાં પડોશી સાથી રહેનાર, પણ પછી અહીં આવીને પ્રગતિ કરવામાં આગળપાછળ થઈ જનાર વચ્ચે કોઈ વાર અંતર પડી જાય છે. પોતાની પુત્રી તો સર્કલે, આઈવી લીગ કે ડ્યૂક જેવી યુનિવર્સિટીમાં ભણે છે અને તને માટે પોતાના પુત્ર માટે પ્રપોઝ કરનાર પડોશીનો તે પુત્ર તો તેથી ઊતરની કૉલેજનો ગ્રેજ્યુએટ છે, એમ કહીને પ્રપોઝલને તરછોડાય છે. લૉસ એન્જલસમાં રહેતો પોતાનો પુત્ર શિકાગોની એક જાણીતી બૅન્કના ગોરા મેનેજરની પુત્રી (જે પોતાની સહાધ્યાયી ગર્લફ્રેન્ડ છે) તેની સાથે લગ્ન કરે કહેતાં છૂપો આનંદ અનુભવે છે. પણ ભારતીય મિત્રની પુત્રી માટેનાં પ્રપોઝલની ઉપેક્ષા કરે છે.

હાર્વર્ડ, સ્ટેનફર્ડ, આઈવી લીગ યુનિવર્સિટીઓમાં સુશિક્ષિત વ્યવસાયી યુવતીઓ પોતાના સમુદાયની બહાર,ગોરા વ્યવસાયીને વર તરીકે પસંદ કરતી હોય તેવાં દૃષ્ટાંતો જોવા મળે છે. અને તેનાં માબાપ શરૂઆતની આનાકાની પછી આ બાબતને સ્વીકારતાં પણ હોય છે. કેટલાક ભારતીયો કાળાઓ અને સ્પેનીશભાષી હિસ્પૅનિક પ્રજાને અદૃષ્ટ જાતિલક્ષી માપથી જુએ છે. તેમને માટે કાળાઓ એટલે પછાતપણું, કેફી વ્યસન અને હિંસાનો પર્યાય. કાળાઓને રાજ્યના સામાજિક કલ્યાણ પર નભતાં આળસુ પરોપજીવી તરીકે ગણતા હોય છે. 'અંકલ ટૉમ્સ કૅબિન' કે' જિમ ક્રોઝ (Jim Creows)ની ગોરાઓમાં પ્રવર્તેલી જાતિવાદી ઘટના વિશે જાણવામાં તેમને ભાગ્યે જ રસ હોય છે. આને કારણે ન્યાયભાવના, સમાન તક વગેરે ઉમદા અમેરિકન મૂલ્યો વિશે આવા ભારતીયો સંવેદનશીલતાં બનતાં નથી.

આવા સંદર્ભમાં ગોરો પ્રભાવક વર્ગ ભારતીયોને શાંત, નિરુપદ્રવી, ઉદ્યમી, સક્ષમ અને સફળ નીવડેલી એવી મૉડેલ માઇનોરિટી તરીકે ઓળખાવીને, તેમને કાળાઓ અને લૅટિનો સામે ધરે છે.

ભારતીયો 'મૉડેલ માઇનોરિટી' તરીકે નવાજાય તેમાં ઘણું તથ્ય છે. પણ એનો અર્થ ગોરાઓ સાથે જ ભળવું, અને કાળાઓ-લૅટિનો સહિત નબળી પણ બહુસંખ્યક પ્રજાઓની ઉપેક્ષા કરવી એવો વર્તાવ અમેરિકી ભાવના અને ભારતીયોના લાંબા ગાળાના નિજી વંશીય હિતો માટે પોષક નથી.

વળી, ભારતીયોમાં પણ કાળાં મેંઢાં વર્તાવા માંડ્યાં છે. ફ્લોરિડાના એક મૉટેલમાલિકે (જે ગુજરાતના નબળા વર્ગના ૧૯૭૦-૮૦ના દશકાના વગદાર નેતાના ભાઈ છે) વેશ્યાગીરી વગેરે સાથે સંકળાયેલ એવી સ્થાનિક વ્યક્તિઓને જાણીજોઈને પોતાની મોટેલમાં રૂમો ભાડે આપ્યા હતા, જે માટે તેમને કોર્ટે સજા પણ કરી હતી. આવી પૅટર્નના કેટલાક કિસ્સા જાણકાર ભારતીય વર્તુળોમાં ચર્ચાય છે, પણ વધુ જાણીતો કિસ્સો બર્કલેના લકી રેડ્ડીનો બન્યો છે. આન્ધ્ર પ્રદેશથી યુવતીઓને અહીં ગેરકાયદેસર લાવીને, તેમનો જાતીય વ્યવહાર માટે ઉપયોગ કરવા માટે તેમની સામે કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. આનો સેન હોઝે મર્ક્યુરી ન્યૂઝ સહિત મોટાં છાપાંઓમાં વારંવાર હેવાલો આપ્યા છે. તેવું જ કેટલાક ભારતીય ડૉક્ટરો પોતાની ગોરી દર્દીનો ગેરલાભ લેવા પ્રયાસ કરતા હોય, કોઈ ભારતીય નાણાંકીય ગોલમાલ કરતા હોય તેવા હેવાલો છેલ્લાં દોઢેક વર્ષમાં છાપાંઓનાં પાનાં પર ચમક્યાં છે. આ અનિષ્ટો ખૂબ જ નજીવા પ્રમાણમાં છે, પણ 'મૉડેલ માઇનોરિટી'ની છબિ ટકાવી રાખવા ઇચ્છતા ભારતીયો માટે આવા બનાવો મૂંઝવણ ઊભી કરે જ.

એક સૌથી ગંભીર ઘટના અહીંનાં ભારતીય કુટુંબોમાં મહિલાઓ પર થતી સ્થૂળ કે સૂક્ષ્મ પ્રકારની હિંસાના બનાવો વિશેની છે. અહીં 'માનવી', 'સખી', 'મૈત્રી', 'નારીકા', 'દયા', 'આશા' વગેરે એક ડઝન કરતાં વધુ નારીરક્ષક સંગઠનો ઊભાં થયાં છે. તેમની મહિલા સંચાલકો પુરુષ સભ્યો દ્વારા પત્ની પર, કુલવધૂ પર થતાં વિવિધ પ્રકારના ગેરવર્તાવ અને અત્યાચારના બનાવો બહાર લાવી છે. ખુદ સાસુ, નણંદ જેવી મહિલાસભ્યો પણ આવા કૌટુંબિક હિંસાઘટનાના સાથી બની હોય, તેવું નોંધાયું છે. આવા કિસ્સાઓ સેંકડોની સંખ્યામાં અમેરિકામાં વધતા ગયા છે, તે નારીસંસ્થાઓના રેકોર્ડ બતાવે છે. અમેરિકામાં સામાજિક ઉદારવાદની વિચારસરણી તેમજ 'લિંગ' સમાનતા પર ભાર મૂકતા આધુનિક સમાજમાં રહીને પણ ભારતની પરંપરાગત સામાજિક માનસિકતા હજુ બદલાઈ નથી, તે ભારતીયો માટે નીચાજોણા રૂપ છે.

જો કે, એકંદરે અહીં ભારતીય મહિલા કુટુંબમાં અને તેની બહાર પોતાનું કામ જાતે જ આટોપી શકે છે, મોટેલથી માંડીને ઈન્ફોટેક જૉબમાં નિપુણ પુરવાર થઈ છે તથા કુટુંબમાં નવું પ્રગતિશીલ સમીકરણ ઊભું થઈ રહ્યું છે. તે પોતે આત્મવિશ્વાસ અને પોતાના વિશેની પ્રોત્સાહક સ્વછવિ (સેલ્ફના ઇમેજ) ધરાવતી થઈ છે. તે જ મુખ્ય સામાજિક પરિવર્તનની ઘટના અહીં ભારતીયોનાં બે મોજાંઓના સમય દરમિયાન બની ચૂકી છે, તે પર ભાર મુકાવો જોઈએ.

તે જ રીતે મંદિરોના નિર્માણ અને ધર્મગુરુઓ કે સંતોને અહીં નિમંત્રવાના કાર્યક્રમો ઉત્તરોત્તર વધતા જાય છે, તે બાબતે વિવેક રાખવાની જરૂર છે. ખાસ કરીને સામાન્ય પ્રકારના સાધુ-ગુરુ-મઠસંચાલકો પાછળ સમય અને નાણાંનો દુર્વ્યય કરનાર ભારતીયો અહીં ઓછા નથી. વળી, મંત્રતંત્ર, દોરાધાગા, વહેમ જેવી જુનવાણી માન્યતાને પોષતા વ્યવહારો ઠીક પ્રમાણમાં વર્તાયા છે. આધુનિક કાળ અને નવા યુગને માટે સજ્જ થવા સારુ જ્યાં સાનુકૂળ પર્યાવરણ સુલભ છે એ પોતે અપનાવેલી નવી ભૂમિમાં આવાં દૂષણોથી મુક્ત રહેવું, એ ખાસ મુશ્કેલ નથી.

સમગ્ર દૃષ્ટિએ ભારતીયોએ 'ઇમિગ્રન્ટ' કે નવાગંતુક પ્રજા તરીકે અહીં આવી વસીને ફાળો આપ્યો છે. આ બહુત્વવાદી રાષ્ટ્રની તકપ્રચુર અને ખુલ્લી 'સિસ્ટમ'નો પૂરો લાભ તેમણે લીધો છે. તો સાથોસાથ વિવિધ સેવાઓ, અર્થકારણ અને ટેક્નોલૉજિના વિકાસમાં તેમણે તેથીય વધુ કીમતી ફાળો આપ્યો છે.

એટલી જ નોંધપાત્ર બીના એ છે કે બીજી પ્રજાઓની સરખામણીમાં અહીંની ભારતીય લઘુમતીનો બહુ જ નાનો વિભાગ સરકારની કલ્યાણવિષયક અને આર્થિક સહાયનો લાભ લે છે. ઘણા અમેરિકી નેતાઓએ આ વાત સ્વીકારી છે. અમેરિકન મધ્યપ્રવાહના પ્રતિનિધિ અને પ્રવક્તા એવા 'ટાઇમ' મેગેઝીન (૨૭ માર્ચ, ૨૦૦૦)માં ભારતીય અમેરિકનો પરની 'કવર સ્ટોરી'ના એક લેખમાં એન્થની સ્પેથ પોતાના નિર્દેશાંકને આધારે અંદાજીને પછી લખે છે :

'ભારતીય અમેરિકનોનાં માત્ર છ ટકા લોકો જ ગરીબીની રેખા નીચે જીવે છે. જ્યારે તેના પ્રમાણમાં મૅક્સિનોનાં ૩૧ ટકા અને બ્રિટનથી અહીં આવી વસેલી વસતીનાં આઠ ટકા આવાં ગરીબો છે.

'વેલ્ફેર અને ફૂડસ્ટેમ્પસની વાત કરીએ તો સમગ્ર ઈમિગ્રન્ટ્સના સમૂહોમાં ભારતીયો સૌથી વધુ આત્મનિર્ભર છે. તેમનામાં એક ટકાથી પણ ઓછાં લોકો જાહેર સહાય માગે છે. તેમના પછી જેઓ સૌથી આત્મનિર્ભર સમુદાય છે, તે ફિલિપીનોની આવી ટકાતારી ચાર થવા જાય છે.'

(ક્રમશઃ)



સંમુખ સાગરમઠ-૨૩

પર્વતોમાં હિમાલય

—— પ્રીતિ સેનગુપ્તા ——

ચીની સરકારે અમને બક્ષેલી એ ખખડધજ બસમાં અમે લગભગ પહેલેથી દરેક જણે પોતાની બેઠક નક્કી કરી લીધેલી. એની એ બેઠક પર બેસવું જરૂરી નહોતું. અંદર વહેલું ચઢી જાય તે મન ફાવે ત્યાં બેસી શકે, પણ અમારામાંનું કોઈ એવું કરતું નહીં, બીજાની જગ્યા લઈ લેતું નહીં. મારે માટે એ સારું હતું, કારણ કે હું સૌથી આગલી બેઠક પર બેસવા માંડી ગયેલી. ડ્રાઈવરની પાછળ બે બાજુ બે ઊભી બેઠકો હતી. એમાંની એક પર ગાઈડ યુ જાલ બેસતો. બીજી પર ક્યારેક એકાદ અમેરિકન બેસતો, પણ મોટે ભાગે એ ખાલી રહેતી.

એ પછી આડી બેઠકોની હરોળ ચાલુ થતી. એમાં ડાબી બાજુની પહેલી પર મારી જગ્યા જાણે નિયત થઈ ગયેલી. ત્યાંથી બંને બાજુની બારીમાંથી પરિસર સરસ દેખાય, અને સામેથી પણ જે ડ્રાઈવર જુએ તે મને દેખાય. તિબેટ જેવો અસાધારણ પ્રદેશ એને જેટલો જોવાય તેટલો જોવાનો હોય. જો આંખ બંધ કર્યા વગર ચાલે તો એ પણ ના કરું. જે નજરસરસું થતું હતું તે બધું હૃદયસરસું થતું હતું. પ્રત્યેક ક્ષણ મૂલ્યવાન હતી, ને દરેક દૃશ્ય બેનમૂન હતું. એ હવાથી ફેફસાં ભરી લેવાનાં હતાં, એ યાત્રાનાં સંવેદનોથી સ્મૃતિના ભંડાર સજાવી દેવાના હતા. મનને સતત ઉત્સુક રાખવાનું હતું, ને નજરને ચકોર.

ધ્યાનને સ્વમાંથી ખેંચી કાઢીને સમષ્ટિમાં પરોવેલું રાખવામાં જ તિબેટની યાત્રાની ધન્યતા હતી, એ મારી ચેતના જાણતી હતી. તે ઉપરાંત, પ્રકૃતિ વધારે પ્રતીતિ કરાવતી રહેતી હતી. એનાં અનેકવિધ રૂપોનું પ્રમાણ અવિરત એ દર્શાવ્યે જતી હતી, ને મારાથી શક્ય તેટલું પામવા હું પ્રયત્નશીલ હતી. એ સ્પષ્ટ હતું કે જ્યાં ભૂમિએ ઊંચા પર્વતો રૂપી ભુજાઓ લંબાવી આકાશના છત્રને ટેકવી રાખ્યું છે તેવા એ પ્રદેશમાં કેવળ ચર્મ-ચક્ષુ જ નહીં, પણ મનની અંદરની આંખોને પણ ખુલ્લી રાખવાની હતી.

આ હમણાં તો પેલું સરકારી મકાન પસાર થઈ ગયું. હાથમાં ચોપડીઓ લઈને ઘર તરફ જતાં છોકરાં, ને ઢોળાવો પર ચરતાં ઘેટાં કેવાં ગમી ગયાં હતાં! સુંદર હતાં એ દૃશ્ય અને દુન્યવી હતાં. ત્યાં જ, સાથે સાથે જ, અલૌકિક તત્ત્વની મોજૂદગી પણ હતી જ, પરન્તુ કુદરત ના ઇચ્છે ત્યાં સુધી આપણને એ જોવા પણ ના મળે. મીઠડી, દુન્યવી છબીઓને છતી કરતી પળોની પાછળ કશુંક અપ્રતિમ, કશુંક શાશ્વત રહેલું હોવાની શક્યતા અવશ્ય હોય છે-

-ને હતી જ.

બાજુ પરની બારીમાંથી નીકળેલી નજર અચાનક સામે તરફ ગઈ, અને અહો તદ્દન સામે જ હતો માઉન્ટ એવરેસ્ટ. એ વિષે ભૂલ થઈ જ ના શકે. કેટલો બધો ઊંચો. અહો, એટલો તો ઉચ્ચતર એ ગિરિપિંડ અન્ય કોઈ જ ના હોઈ શકે. સર્વોચ્ચ મહાગિરિના સાક્ષાત્કારની એ ક્ષણ બસના ચાલકથી પણ પહેલાં હું પામી હતી.

'સૌથી પ્રથમ એ મને મળ્યો હતો. સૌથી વધારે વખત એ મારો થઈને રહેવાનો હતો.' મનમાં નક્કી ઉન્માદનો જ્વર પ્રસરી ગયો હતો. સહન ના કરી શકાય તેવો હર્ષ, માની ના શકાય તેવો અનુગ્રહ.

ડ્રાઈવર લાન્ગ વાન્ગ વુઈ ડોઉની નજર આખરે જેવી સામે તરફ ગઈ, ને એ મહોપસ્થિતિ એણે જોઈ કે એ પણ જરા બાઘા જેવો થઈ ગયો. શ્વાસ લેવાનું ભૂલી જવાય એવી જ, અહો, એ ક્ષણ હતી! એક બાજુ, શંકાને સ્થાન જ નહોતું કે એ 'એ' જ હતો, ને બીજી બાજુ, માની પણ ના શકાય એવી એ વાસ્તવિકતા હતી. એની દિશામાં જતાં તો હોઈએ, પણ તેથી શું? આવો પ્રકાશોજ્જ્વળ દિવસ હોય, આવું સ્વચ્છ આકાશ હોય, વાદળોનું આવરણ સાવ દૂર રહ્યું હોય, ને સાવ સામસામે અમને એ જોવા મળે. આવું શું બની શકે? આવું શું બની શકે?


આમ તો અમે આ પછીના દિવસે એને જોવાની વધારે નજીકથી, વધારે નિશ્ચિતપણે આશા રાખેલી હતી, પણ આ આમને-સામને દીદારનું ઉત્તેજન અપાર હતું. બધાં બસમાંથી નીચે ઊતર્યાં. ત્યાં, ને તરત જ, રસ્તાની એક બાજુ પર બસ ઊભી રાખી દીધેલી. બીજાં વાહનોની અવરજવરની ક્યાં ચિંતા જ હતી ત્યાં? ને એક ઘડી પણ વેડફવાની નહોતી. બધાંએ ઘણા ફોટા લીધા. મારા કૅમેરાની સાથે જોડાતો મારો ટેલિસ્કોપિક લેન્સ બહુ કામમાં આવ્યો. એના વ્યૂહચક્રમાંથી જોતાં એનો શિખર-સંપુટ જાણે હાથવગો દેખાતો હતો.

જો કે નરી આંખે પણ શ્રેષ્ઠોચ્ચ એ શૃંગો સમીપ જ હતાં. હવાને માર્ગે કોઈ પંખી સીધેસીધું ઊડે તો એ અંતર વીસેક માઈલથી વધારે નહીં હોય. દૃષ્ટિનું તીર પણ, સદ્ભાગ્યે, એટલે સુધી પહોંચી શકતું હતું. જે નજરમાં પણ ના સમાય તેવી બૃહદ્ ઉપસ્થિતિ સાથે, અકલ્પ્ય અને અનપેક્ષિત રીતે, થઈ હતી અદ્ભુત એ મુખામુખી. અહો, થયો હતો સંમુખ સાગરમઠ. રાજાધિરાજ નગાધિરાજ.

અનોખું એનું રૂપ, એકથી વધારે એનાં નામ, પશ્ચિમી જગત એને એવરેસ્ટ તરીકે ઓળખે. તિબેટીઓ એને ચોમોલોન્ઝો કહે, તો ચીની ભાષામાં એ ચોમોલુન્ગ્મા બને. નેપાલની રોજિંદી બોલીમાં એનું નામ સાગરમાથા, પણ એનું સુભાષ્ય નામ તો છે સાગરમઠ. પ્રાગૈતિહાસિક કાળમાં, અત્યારની હિમાલયની ચંદ્રાકાર પર્વત-શ્રેણિને સ્થાને એક મહાસાગર હતો, તે પુરવાર થયેલું છે. લગભગ ૨,૫૦૦ કિ.મી. લાંબી અને ૩૦૦ કિ.મી. પહોળી એ નગ-પંક્તિમાં દુનિયાનાં સૌથી ઊંચાં કેટલાંક શિખરનો સમાવેશ છે. એમાંનું એક તે પૃથ્વી પરનું ઉચ્ચતમ આ સાગરમઠ.

એવરેસ્ટને પણ, ખરેખર, પર્વત-વૃંદ તરીકે જોવાનો હોય છે. એ

(અનુસંધાન પૃ. ૧૫૫)



પવિત્ર દેવભૂમિ હિમાલયનું વિહંગ દૃશ્ય

प्रसंगपराग

तोडी रागिणीनी मुक्ति

अनु. रमेश बी. शाह

વાત તાંજોરની છે. એક મહેફિલમાં ઉસ્તાદ રમજાનખાં ગાઈ રહ્યા હતા. એમના પ્રશંસકોની ભીડ બહાર સડક સુધી ફેલાઈ હતી. એવું લાગતું હતું કે એમના ગળામાંથી નીકળતો એક એક સૂર સાકાર થઈને મહેફિલમાં નૃત્ય કરી રહ્યો હતો. શ્રોતાઓ સૂધ-બૂધ ખોઈને ગાયન સાંભળવામાં મશગૂલ હતાં. ઉસ્તાદ પણ પોતાની સ્વરલહેરોમાં એવા ડૂબી ગયા હતા કે જાણે સ્થળ-કાળનાં બંધનથી અલગ થયા હતા. સહસા એમણે તાનોની તિહાઈ લીધી અને ગાયન સમાપ્ત કરી તાનપુરો બાજુએ મૂક્યો.

'એમ ગાયન પૂરું કેમ કર્યું, ઉસ્તાદ ? હજુ તો તમારી તોડી અમે સાંભળી નથી. તોડી વિના મહેફિલ કેવી ?' શ્રોતાઓમાંથી બીજા શોખીનોએ પણ આ ફરમાઈશ કરી. રમજાનખાં જરા મલક્યા અને તાનપુરો ફરી હાથમાં લઈ તાર મેળવ્યા. ગાયન ફરીથી જામ્યું.

તોડી રાગ પર જાણે રમજાનખાંનો જન્મસિદ્ધ અધિકાર હતો. તોડીના સ્વરો એમના ગળામાં ખીલી ઊઠતા ! જ્યારે આ સિદ્ધ સ્વરોને પોતાના કૌશલ વડે સજાવતા ત્યારે મહેફિલમાં કોઈ દૈવી સૃષ્ટિનો આભાસ થતો. સૂરમાં સમાયેલ નૂરનાં જાણે સાક્ષાત્ દર્શન થતાં. રમજાન તોડી ગાય ત્યારે એ કાંઈક જુદા જ લાગતા. પ્રાર્થના કરતા હોય તેમ આંખો મીંચીને ગાતા ત્યારે સાથે શ્રોતાઓને પણ જુદી દુનિયામાં લઈ જતા.

કોઈ સૂતેલી પ્રેયસીને મૃદુતાથી જગાડતા હોય એમ તેઓ તોડી રાગના સૂર છેડતા ! રાગનું ગાયન જેમ જેમ આગળ વધે તેમ આનંદના સાગરમાં ભરતી આવતી અને શ્રોતાઓ એમાં લીન થઈ જતાં.

ગાયન સમાપ્ત થયું. રમજાનખાં અને હાથમાં તાનપુરો લઈને શ્રોતાઓની વાહ વાહ વચ્ચે થઈ ચૂપચાપ ઘરે જવા નીકળ્યા.

ઘરે પહોંચતાં સાંકળ ખખડાવી. શિષ્યે દરવાજો ખોલ્યો. અંદર જઈ બેઠકમાં જોયું તો ચારછ મહેમાન પધાર્યા હતા. દૂરદૂરથી લોકો એમની પાસે પ્રશંસાપૂર્વક ગાયન સાંભળવા આવતા. ઉસ્તાદે મહેમાનોનું સ્વાગત કર્યું અને શિષ્યને કહ્યું, 'અરે ભાઈ ! મહેમાનો દૂરથી આવે છે. થાક્યા હશે. એમનાં ખાન-પાનનો બંદોબસ્ત કરો.' શાગિર્દ એમ ને એમ માથું ઝુકાવી ઊભો રહ્યો. રમજાનખાંએ પૂછ્યું, 'શું વાત છે ? અંદર જઈ ખાન-પાનની તૈયારી કેમ કરતા નથી ?'

'હજૂર, બેઅદબી માફ કરશો. બાવર્ચીખાનામાં ન તો આટો છે, ન દાળ, ન આલુ, ન પ્યાજ ! અમે જ્યાંત્યાંથી બળતણની વ્યવસ્થા તો કરી પણ રસોઈનો કાંઈ સામાન નથી એટલે તૈયારી થઈ શકી નથી.'

રમજાનખાં કાંઈ બોલ્યા વિના ઘરની બહાર નીકળ્યા. થોડે દૂર વાણિયાની દુકાન હતી ત્યાં જઈ ઊભા રહ્યા. થોડી વારે વાણિયાની નજર એમના ઉપર પડી.

'શાહજી ! ઘરમાં મહેમાન આવ્યા છે એટલે તમારી પાસે સીધું-સામાન લેવા આવવું પડ્યું છે.'

વાણિયો તુંડમિજાજ કરી બોલ્યો; 'મિયાંજી, હંમેશાં તમે કોઈ ને કોઈ બહાનાં કાઢી સામાન લઈ જાઓ છો. દર વખતે કહો છો કે હવે મહેફિલ થશે ત્યારે પાઈપાઈ ચૂકવી દઈશ. મહિનાઓ થયા. તમારી મહેફિલો તો ઘણી થઈ, પરંતુ મારો એક પૈસો પણ તમે ચૂકવ્યો નથી. હવે હું ઉધાર નહીં આપું.'

ઉસ્તાદે આજીજી કરી. 'અરે ભાઈ ! મારી ઈજ્જતનો સવાલ છે. આ વખતે કાંઈ આપો. હું પાઈપાઈ ચૂકવી દઈશ.'

બનિયાએ કહ્યું, 'હવે તો ઉસ્તાદ, કોઈ ચીજ ગિરવી રાખો તો તમને જોઈતો બધો સામાન મળે.'

રમજાનખાં બોલ્યા, 'અરે ભાઈ ! અમે તો ગાવા-વગાડવાવાળા માણસ; પાસે શું હોય કે તમારી પાસે ગિરવી રાખું ?'

વાણિયો હસીને બોલ્યો, 'અરે મિયાં ! તમે તો મોટા માલદાર છો. લાખોના મૂલ્યવાળી તોડી રાગિણી તમારી પાસે છે. આખું શહેર એના પર ન્યોછાવર છે ! આ રાગિણી મારી પાસે ગિરવી રાખો; હું તમને જોઈતી બધી ચીજો આપીશ. અને જ્યાં સુધી આજનો અને પહેલાંનો બધો હિસાબ ચૂકતે નહીં કરો ત્યાં સુધી તમારે આ તોડી રાગ ક્યાંયે ગાવાનો નહીં. બસ, આટલી શરત છે. બોલો મંજૂર છે ?'

રમજાનખાં વિચારતા રહ્યા. કાંઈ બોલી શક્યા નહીં એટલે વાણિયો વળી પાછો બોલ્યો, 'ખાંસાહેબ ! વિચાર કરી લ્યો, પછી આવજો.'

'આપો ભાઈ ! આ ઝોળામાં બધી ચીજો આપો. મેં તોડી રાગિણી તમારી દુકાન પર ગિરવી રાખી. જ્યાં સુધી તમારો હિસાબ ચૂકતે નહીં કરું ત્યાં સુધી એ રાગ હું ક્યાંયે ગાઈશ નહીં.'

રમજાન ખાં બધું સીધું-સામાન લઈ મહેમાનોની ખાતિર કરવામાં ઓતપ્રોત થઈ ગયા.

રમજાનખાંએ ખરેખર પોતાની બધી જ પૂંજી ખોઈ નાખી ! જ્યાં જ્યાં એમની મહેફિલો થતી ત્યાં એમના ચાહકો તોડીની જ ફરમાઈશ કરતા. તોડીનું નામ પડે એટલે તેઓ હવે હંમેશાં માથું ઝુકાવી દેતા, આંખો પણ નમી જતી. ચાહકો ખૂબ આગ્રહ કરતા તો જવાબ મળતો, 'માફ કરજો ! તોડી હું નહીં ગાઈ શકું. તોડી રાગ છોડી તમે જે કહેશો તે ગાઈ સંભળાવીશ.'

આગ્રહ થવા છતાં તેઓ તોડી ન ગાતા એટલે શ્રોતાઓની નારાજગી ધીરે ધીરે ગુસ્સામાં પરિણમતી. પછી તો મહેફિલો થતી બંધ થઈ ગઈ. ઉસ્તાદ હવે પોતાના સ્વરોની સિદ્ધિના સહારે અલૌકિક માહોલ રચવા અસમર્થ હતા.

હવે તો બે ટંક ખાવાનાં પણ સાં સાં પડવા લાગ્યાં. થોડુઘણું કમાતા એ લૂંટવવામાં આનંદ આવતો. પરંતુ હવેના દિવસોમાં આનંદને બદલે વિષાદ ઉભરાતો.

આ દિવસોમાં તાંજોરના મહારાજાના રાજમહેલમાં પુત્ર જન્મોત્સવપ્રસંગે સંગીતના જલસાનું આયોજન થયું હતું. એમાં એક મહેફિલમાં ઉસ્તાદ રમજાનખાંને પણ નિમંત્રણ હતું. રમજાનખાંએ ગાયન શરૂ કર્યું. દરબારીઓએ મહારાજને પ્રાર્થના કરી કે ઉસ્તાદ પાસે તોડી રાગ ગવડાવો. રાજાએ પણ ઉસ્તાદને તોડી રાગ ગાવાનો આગ્રહ કર્યો.

રમજાનખાં વિનીત સ્વરોથી બોલ્યા, 'અન્નદાતા ! સોળ રાગ અને છત્રીસ રાગિણીઓમાંથી આપ જે કહેશો તે રાગ ગાઈ સંભળાવીશ, પરંતુ તોડી રાગ ગાવા હું મજબૂર છું. મને માફ કરશો.'

મહારાજે પૂછ્યું, 'પણ શાને ?' રમજાનખાં કાંઈ બોલ્યા વિના ઊભા રહ્યા. મહારાજ ક્રોધમાં આવી બોલ્યા, 'ખાં ! રાજાજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું શું પરિણામ આવે, એની શી સજા થાય તેની ખબર છે ? આ તોડી રાગ તમે કેમ ગાતા નથી ? નિર્ભય બનીને મને કહો.'

રમજાનખાંની આંખોમાંથી આંસુ ટપક્યાં. બોલ્યા, 'અન્નદાતા !

મેં તોડી રાગ મારી ગલીના વાણિયાને ત્યાં ગિરવી મૂક્યો છે. જ્યાં સુધી એની ઉધારીના પૈસા ચૂકવીશ નહીં ત્યાં સુધી આ રાગ ન ગાવાની મેં કસમ લીધી છે.'

રમજાનખાંની કથા સાંભળી મહારાજનું મન દ્રવિત થયું. મહારાજે એ વાણિયાને તરત દરબારમાં બોલાવ્યો. ધમકાવી કહ્યું, 'તેં એક કલાકારની મુસીબતનો ફાયદો ઉઠાવી તાંજોરના રસિક પ્રજાજનોને આનંદથી વંચિત કર્યા છે. તું સમાજનો અપરાધી છે. તને સખત સજા થશે.'

વાણિયાને ચાબુકના સો ફટકા મારવાની અને એની દુકાન જપ્ત કરવાની સજાનો આદેશ આપ્યો. વાણિયો તો થરથર કાંપવા લાગ્યો. સિપાહી ચાબુક લઈ દરબારમાં આવ્યો અને વાણિયાની પીઠ ઉઘાડી કરી. એકાએક રમજાનખાં પોતાની જગ્યાએથી દોડી વાણિયાની સામે આવી રહ્યા. હાથ જોડી મહારાજને વિનંતી કરી, 'મહાબલી, અન્નદાતા ! હું આપની કદરદાની જીવનભર યાદ રાખીશ. આ બનિયાને માફ કરી દો. મારી મુસીબતમાં એણે મારી જિંદગીનું ગાડું ગબડતું રહે એ માટે હંમેશાં મદદ કરી છે. હું એનો અહેસાનમંદ છું. એને માફ કરી દો.'

મહારાજ પહેલાં તો જરા મલક્યા. વાણિયા-બનિયાનેછોડી દઈ તેને સોનામહોરની એક થેલી આપી કહ્યું, 'આ લે, આ મહાન કલાકારના કહેવાથી તને માફ કર્યો. તારો જે હિસાબ બાકી છે એ આ મહોરથી પૂરો કરજે. હવે પછી કોઈને પણ આમ સતાવશે તો તને કોઈ દિવસ માફ નહીં કરું.'

મહારાજે રમજાનખાંને ભરપૂર પુરસ્કારથી નવાજ્યા અને વિદાય આપતાં આગ્રહ કર્યો કે આવતી કાલના સમારોહમાં મુક્ત મને તોડી ગાઈ જનતાને સંભળાવે.

બીજે દિવસે જાણે તાંજોરનો એકેએક રસ્તો રંગમહલ તરફ જઈ રહ્યો હતો ! વર્ષોથી આ સિદ્ધ રાગિણી શહેરીજનોએ સાંભળી ન હતી. આજે રમજાનખાંના કંઠે સાંભળવા મળશે.

સભાગાર ખીચોખીચ ભરાયો હતો. સ્વયં મહારાજ પોતાના પરિવાર સાથે રમજાનખાંની સ્વર-સિદ્ધિનો સાક્ષાત્કાર કરવા બિરાજમાન થયા હતા. રમજાનખાંએ પહેલાં દેવીની સ્તુતિ ગાઈ અને તોડી રાગિણીનો પ્રારંભ કર્યો. વર્ષોનાં બંધન છોડી આજે તોડી રાગના એક એક સ્વરને દિવ્ય સિંહાસન પર આરૂઢ કર્યો. સ્વરમંડલ પોતાની જ્યોતિથી દેદીપ્યમાન થઈ ઊઠ્યું. શ્રોતાઓને સ્વરના અલૌકિક આનંદનો અનુભવ થયો. વિસરાયેલા સ્વરોને મળીને રમજાનખાંની આંખોમાંથી આનંદાશ્રુ ટપકી રહ્યાં હતાં.

સહસા, રમજાનખાંએ ગાતાં ગાતાં તાનપુરા પર માથું ઢાળી દીધું. તોડીની મુક્ત રાગિણીએ રમજાનખાંના દેહને સ્થૂળ બંધનમાંથી મુક્તિ આપી. સ્વરોમાં હવે આરોહઅવરોહ જ બાકી રહ્યો હતો.

અનુસંધાન| સંમુખ સાગરમઠ |પૃ. ૧૫૩ થી

શૃંગની ઊંચાઈ ૮,૮૪૮ મિટર છે, અને સાથેનું લ્હોત્સે શિખર ૮,૫૧૬ મીટર તથા જરા છેટેનું માકાલુ શિખર ૮,૪૬૩ મીટર છે. નેપાલ અને તિબેટની સરહદો પરનો આ પ્રદેશ છે. વિશ્વની વિશિષ્ટતમ, તેમજ વિષમતમ, એ ઉત્તુંગ ભૂમિ છે.

આપણે તો હજારો વર્ષોથી હિમાલયને પવિત્ર દેવભૂમિ ગણતાં આવ્યાં છીએ. ઋગ્વેદમાં એનો ઉલ્લેખ છે, પૃથ્વીસૂકતમાં એની સ્તુતિ છે, અને સ્કંદપુરાણમાં કહ્યું છેકે હિમાલયના માહાત્મ્યનું પૂરું વર્ણન કરી શકાય એમ જ નથી. મહાકવિ કાલિદાસે જેને 'દેવતાત્મા' કહ્યો છે, તેના દર્શનનો અધિકાર હું પામી હતી, નિઃશંક બડભાગી બની હતી.

અમારી સમક્ષ જે હતું તે એવરેસ્ટનું 'ઉત્તર મુખ' હતું. આ દર્શન તો આરોહણ-કર્તાઓ પણ નથી પામતાં, કારણ કે એ દિશામાં થઈને એના પર ચઢી શકાય તેમ જ નથી. તિબેટમાં એ રીતે યાત્રા કરનારાંને જ એનો આ 'પહલુ', આ પ્રભાગ જોવા મળે ને તે પણ ક્યારેક જ. અમારા સદ્‌ભાગ્યે ઋતુએ કૃપા કરી હતી. ને આ રીતે પૃથ્વી પરનું ઉત્તુંગતમ શિખર મને ચોદિકેથી જોવા મળ્યું હતું. વિમાનમાંથી એનાં પૂર્વ, દક્ષિણ, અને પશ્ચિમ 'મુખ' જોયાં હતાં, ને હવે આ ઉત્તર. આખી પ્રદક્ષિણા જ થઈ ગઈ ગણાય. દૈવી તત્ત્વ તરફથી કોઈ કારણે આ અદ્‌ભુત આશીર્વાદ આપવામાં આવ્યો હતો.

મન પ્રસન્ન જ નહીં, ગદ્‌ગદ થઈ ગયું. પરમ આનંદની એ સ્થિતિ. માગ્યા વગર મહામૂલ્યવાન ઘડીઓ મળી. અતિ-વિરલ એક સાક્ષાત્કાર હસતો હસતો સંમુખ થયો. યાત્રા સફળ થઈ, યાત્રીઓ ધન્ય બન્યાં. તિબેટનો સ્તબ્ધ-સુંદર દૃશ્યપટ. એમાં ભવ્યાતિભવ્ય એક ઉપસ્થિતિ. કશું માગવાની જરૂર ના રહી, કોઈ ફરિયાદ બાકી ના રહી.ધ્યાન હતું જે પ્રાપ્ત થયું તેના પર. જ્યારે હૃદય ભરીને દર્શનના આનંદની લહાણ થઈ, ત્યારે જોયું કે કશું ખૂટતું જ નથી ! (ક્રમશઃ)

નાના માણસની મોટી વાતો

પુંષ્કરભાઈ ગોકાણી

આ વર્ષે ૨૬મી જાન્યુઆરીના ભૂકંપમાં દ્વારકાક્ષેત્રમાં બેટદ્વારકામાં મહાપ્રભુજીની બેઠક છે તે નાના ભાવડા અને કુરંગા ગામે ૭૦ થી ૮૦ ટકા મકાનો પડી ગયાં. સ્વામિનારાયણ મંદિર વતી રાહત સામગ્રી લઈને નાના ભાવડા ગયેલા કાર્યકરોએ ત્યાંની એક હરિજન મહિલાને પ્રથમ મદદ કરવા ગામલોકોને વિનંતી કરી. તે મહિલાના ઘરની બે ભીંત 'તરડ' પડેલી ઊભી હતી, છાપરું ને બે ભીંતો સાવ કાટમાળ બની ગયાં હતાં. બે ભીંતોના પોતાનાં ગાભાં-ગોદડાંને બાંધી બનાવેલી હંગામી છાપરી નીચે બે ભીંત વચ્ચે બાંધેલ સાડલામાં નાનું બાળક હીચકતું હતું. એક તરફ પથ્થરના ખાંડણ ઉપર તે બાઈ રસોઈ કરતી હતી. તેમને મદદ કરવા આવેલા સ્વયંસેવકોને તેણે કહ્યું, 'ભાઈ ! અમે ખેતમજૂર છીએ. બાવડાં ચાલે છે, તેથી પેટિયું રળીએ છીએ. તમે મદદ કરવા નીકળ્યા છો, તેથી રૂડું બીજું શું ? મારી પાસેથી આ બેચાર પાલી અનાજ તમે લઈ જાવ. બીજાને કામ લાગશે. મને અઠવાડિયું ચાલે તેટલું અનાજ છે. અમે તો વળી કામે લઈશું અને આ છાપરું ધીમે ધીમે ઊભું કરી લઈશું. અમારા કરતાં બીજાં જેને જરૂર હોય તેને આ અમારી ફૂલપાંખડી પહોંચાડી દેજો, ભાઈ !' તેણે પોટલું બાંધી અનાજ આપ્યું. સ્વયંસેવકો અવાક્ થઈ ગયા.

બેટમાં બ્રાહ્મણદંપતીનું મકાન ધરતીકંપમાં જોખમાઈ ગયું અને તંબુમાં સૂવાનો વારો આવ્યો. દ્વારકાથી તેના સસરા દીકરી-જમાઈને તેડવા ગયા. તો કહે, 'સુખમાં જેનો સાથ હતો તેને હવે દુઃખમાં છોડી જઈએ તો ચાર હાથવાળો ભગવાન રાજી ન રહે. અમે તમારે ત્યાં નઈ આવીએ. અહીં પડોશીઓ સાથે રહીશું. ત્યાં એકપંગતે હિંદુમુસલમાનો રોજ જમે છે. સામાન્યતાનું આ ઐશ્વર્ય જોઈએ છીએ, સાંભળીએ છીએ ત્યારે એ અજાણ, અનામ, નાના માણસોના દિલની અમીરાત આગળ શિર ઝૂકી પડે

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

રાજકારણમાં ઉપવાસ

તા. ૧૫-૯-૬૯. ગયા અઠવાડિયાની જાણવા જેવી એક વાત તે ભારતીય રાજકારણમાં અપવાસનો વિચિત્ર ઉપયોગ. આમ તો રાજકીય હેતુ સિદ્ધ કરવા માટે ગાંધીજીએ પહેલવહેલો આ નવો રસ્તો શોધ્યો. ૧૯૩૧ની ગોળમેજી પરિષદમાં જ્યારે હરિજનોની અલગ મતદાર યાદી બનાવી તેમને અલગ મતાધિકાર આપવાનું સૂચન આવ્યું ત્યારે પરિષદમાં જ ગાંધીજીએ કહ્યું હતું કે હિન્દુઓમાં પણ ભાગલા પાડવાની આ રીતનો હું જીવના જોખમે પણ સામનો કરીશ. ભારત પાછા આવ્યા પછી તો પાછો સત્યાગ્રહ શરૂ થયો. ગાંધીજીને જેલમાં પૂર્યા. અને અંગ્રેજોએ હરિજનો માટે અલગ મતાધિકારનો કાયદો તૈયાર કર્યો. દેશના સામાજિક જીવનને તોડીને હરિજનોને કાયમ માટે વેગળા કરી મૂકે તેવી વ્યવસ્થાનો જેલમાં રહે રહે કેમ પ્રતિકાર કરવો? આ સંયોગોમાં ગાંધીજીએ ઉપવાસનો માર્ગ લીધો અને સરકાર હરિજનોના અલગ મતાધિકારની વાત છોડે નહિ તો પોતે ઉપવાસ કરી દેહ ત્યાગ કરશે એમ જાહેર કર્યું. કેટલા દિવસ ઉપવાસ ચાલ્યા તે તો યાદ નથી. પરંતુ ભારતના સઘળા હરિજન નેતાઓએ સાથે મળીને સરકારને કહ્યું કે, અમારે અલગ મતાધિકાર નથી જોઈતો. એટલે પછી સરકારને પાછાં પગલાં ભરવા સિવાય છૂટકો ન થયો અને ગાંધીજીએ અપવાસ છોડ્યા.

ત્યાર પછી રાજકારણમાં દૂરગામી પરિણામ લાવે તેવા બીજા ઉપવાસ શ્રી રામુલુએ કર્યા. અંગ્રેજ સરકાર જેમ જેમ ભારતના પ્રદેશ જીતતી ગઈ તેમ તેમ તેણે સગવડ ખાતર પ્રાન્તો બનાવ્યા. આ પ્રાન્તોમાં પ્રદેશની ભૌગોલિક કે સાંસ્કૃતિક ખાસિયતો તરફ જરા પણ લક્ષ્ય દેવાયું નહોતું. તેનું જ્વલંત ઉદાહરણ તો એ છે કે અરબસ્તાનનું એડન શહેર મુંબઈ પ્રાન્તમાં હતું અને મારા પિતાની બદલી એડનની પોસ્ટ-ઑફિસમાં થયેલી! આંધ્રનો કેટલોક ભાગ મદ્રાસ પ્રાન્તમાં, કેટલોક ઓરિસ્સામાં અને કેટલોક હૈદરાબાદ રાજ્યમાં હતો. બુઝર્ગ કૉંગ્રેસ નેતા શ્રી રામુલુએ ૧૯૫૩માં, તેલુગુ ભાષા બોલતાં લોકોનો અલગ આંધ્રપ્રદેશ રચવા માટે આમરણાંત ઉપવાસ શરૂ કર્યા. અને થયું એવું કે, તેમની માગણી વાજબી છે, તે માટે જરૂર કાંઈક કરવું જોઈએ એમ સૌ સમજતા હતા છતાં કાંઈ થયું નહિ અને ઉપવાસને કારણે શ્રી રામુલુનું અવસાન થયું. આ બલિદાનની એટલી બધી અસર થઈ કે તરત જ ભાષાવાર પ્રાન્ત રચવા માટે કમિશન નિમાયું અને તે કમિશન તેનો અહેવાલ આપે તે પ્રમાણે પાછળથી જરૂરી ફેરફાર કરવાની શરતે આંધ્રના નવા રાજ્યનું તાત્કાલિક નિર્માણ થયું.

આ બે ઉપવાસ સમગ્ર રાષ્ટ્રને સ્પર્શે તેવા મુદ્દા અંગે થયા હતા. જ્યારે આજે ત્રીજા પ્રકારના ઉપવાસ ચાલી રહ્યા છે. પાકિસ્તાન થતાં પંજાબના બે ભાગ પડ્યા. મુખ્ય શહેર લાહોર પાકિસ્તાનમાં ગયું. આપણી પાસે રહી ગયેલા પંજાબ માટે ચંદીગઢમાં નવું પાટનગર સ્થપાયું. હવે મુસલમાનોની બહુમતીવાળો ભાગ તો પાકિસ્તાનમાં ગયો. બાકીના પંજાબમાં શીખ અને હિન્દુઓ રહ્યા. શીખો ગુરુમુખી લિપિમાં લખાતી પંજાબી ભાષા બોલે છે અને પંજાબના હિન્દુઓ આમ તો ઉર્દૂ લખતા-બોલતા હતા. ૧૯૪૭ પછી તેઓ હિન્દી લખેબોલે છે. જ્યારે ભાષાવાર પ્રાન્ત થયા ત્યારે પંજાબના હિન્દી અને પંજાબી બોલતાં લોકોનો એક જ પ્રાન્ત રચેલો. પણ તે સામે શીખ લોકોની નાપસંદગી હતી. તેથી ત્રણ વર્ષ પહેલાં, હિન્દી ભાષી લોકોનું જુદું રાજ્ય હરિયાણા અસ્તિત્વમાં આવ્યું. પણ નવા બનાવેલા પાટનગર ચંદીગઢનું શું? ૧૯૪૮માં જ્યારે ચંદીગઢ રચવાની વાત થઈ ત્યારે તેને હિન્દીભાષી વિસ્તારમાં રચવું કે પંજાબી ભાષી વિસ્તારમાં એ પ્રશ્ન ઊઠ્યો જ નહોતો. મધ્યસ્થ સરકારે તાત્કાલિક ઉપાય કાઢ્યો કે ચંદીગઢ મધ્યસ્થ સરકાર નીચે રહેશે અને બન્ને રાજ્યોની મુખ્ય કચેરી ચંદીગઢમાં રહેશે. અને છેવટે ચંદીગઢ કયા રાજ્યમાં જશે તેનો નિર્ણય વડા પ્રધાન કરશે ત્યાર પછી તો આયારામ ગયારામનો જમાનો આવ્યો અને બન્ને રાજ્યોની સરકાર બદલાઈ ગઈ અને વડા પ્રધાનને નિર્ણય કરવાનો વારો ન આવ્યો. આજે પંજાબના ૮૩ વર્ષના શીખનેતા દર્શનસિંહ ફેરૂમાન ૩૩ દિવસથી અપવાસ પર છે અને ચંદીગઢને પંજાબ સાથે જોડી દો તો જ ઉપવાસ છૂટે તેવો નિર્ણય લઈને બેઠા છે. તેની સામે હરિયાણાના ઉદેસિંહ માન ૧૬ દિવસથી ઉપવાસ ઉપર ઊતર્યા છે અને ચંદીગઢ હરિયાણાને અપાય તો જ ઉપવાસ છૂટે! ગાંધીજીએ શરૂ કરેલા ઉપવાસના શસ્ત્રનો કેવો ઉપયોગ અત્યારે થાય છે!

સુખડી ગીતો

તા. ૨-૮-૭૦. રાજકોટથી અમદાવાદ એસ.ટી.ની એક્સપ્રેસ બસમાં મુસાફરી કરી. બસમાં કોઈકની પાસે 'સૌરાષ્ટ્ર સમાચાર' નામનું છાપું હતું. વખત પસાર કરવા તે છાપું વાંચવા લીધું તો તેમાં જરા નવીન લાગે તેવા છતાં આપણા લોકોનું ખમીર વ્યક્ત કરે તેવા સમાચાર વાંચવા મળ્યા. સમાચારનું મથાળું હતું : 'લગ્નનાં ગીતોની જેમ લોકો હવે સુખડીનાં ગીતો ગાય છે.' મને મનમાં જિજ્ઞાસા થઈ કે આ વળી સુખડીનાં ગીતો ક્યાં? સુખડી એટલે ગોળપાપડી અને તેનાં વળી ગીતો? પછી તો સમાચાર વાંચ્યા. આગળપાછળનો સંબંધ બેસાર્યો ત્યારે માલૂમ પડ્યું કે કચ્છ અને રાધનપુર જિલ્લાઓમાં તથા જામનગર અને સુરેન્દ્રનગરના જિલ્લાના કેટલાક ભાગમાં ઉપરા ઉપરી બે ચોમાસાં નિષ્ફળ ગયાં હતાં એટલે ઢોરોનું તો સ્થળાંતર કરી બધાંને સુરત અને વલસાડ જિલ્લામાં લઈ ગયા પણ માણસનું શું? રાહતકામ ખોલી તેમને કામ આપ્યું. પણ રોકડા પૈસા ચૂકવે તો મોંઘવારીમાં અનાજ ક્યાંથી લાવવું? ગુજરાતની ધર્મપ્રેમી જનતાએ તેનો ઉપાય કાઢ્યો. શેઠ અરવિંદ મફતલાલ (મફતલાલ મિલવાળા), ગુજરાત સરકાર અને યુનોની કેર (CARE) સંસ્થાએ સાથે મળીને સુખડીની યોજના કરી. રાહતકાર્ય ઉપર મજૂરી કરનારને મજૂરી પેટે થોડી રકમ અને બાકી સુખડી આપવી. પછી તો જેને જેને જરૂર હોય તેને મફત સુખડી વહેંચવાની યાજના થઈ. રોજની હજારો મણ સુખડી વહેંચાય. આ વાંચ્યું ત્યારે ખ્યાલ આવ્યો કે લોટ, ઘી અને ગોળ કે ખાંડની બનેલી સુખડી એ લગભગ સંપૂર્ણ ખોરાક થઈ જાય છે. આ વરસે સારો વરસાદ થયો એટલે સુખડી વહેંચવાનો કાર્યક્રમ પૂરો વતો હતો અને તે નિમિત્તે શેઠ અરવિંદ મફતલાલ કચ્છનાં ગામડાંમાં નીકળ્યા હતા અને તે જ્યાં જ્યાં ગયા ત્યાં લોકોએ તેમનું ઉમળકાભેર સ્વાગત કર્યું અને સુખડીનાં ગીતો ગાયાં. સુખડીએ ગુજરાતના કેટલાક ભાગનાં લોકોને ભૂખમરામાંથી ઉગારી લીધા. કુદરતી આફત સામે લડવાની ગુજરાતની કેવી આગવી રીત!

૧૯૭૧નું બાંગ્લાદેશ યુદ્ધ — હળવી વાતો


તા. ૨૮-૧૨-૭૧. ૧૪ દિવસના યુદ્ધને પરિણામે ભારતમાં આત્મવિશ્વાસની ખૂબ જ દેખાઈ આવે તેવી લાગણી ઊભી થઈ છે. ૧૪ દિવસના યુદ્ધમાં બંગલા દેશ જેવા વિશાળ પ્રદેશમાં વિજય મેળવીને ભારતીય સૈન્યે તેની શિસ્તબદ્ધતા, ઊંચી ટેકનિકલ જાણકારી તથા વ્યૂહાત્મક વિચક્ષણતા સાબિત કરી દીધી.

આ ૧૪ દિવસના યુદ્ધની કેટલીક હળવી બાજુઓ પણ છે. યુદ્ધ

શરૂ થયું ૧૯૭૧ના ડિસેમ્બરમાં પણ ૧૯૭૧ના ફેબ્રુઆરીમાં હું દિલ્હી ગયો હતો. ત્યાં ઇન્ડિઅન એરલાઈન્સના એક ઑફિસર સાથે વાતચીતમાં તેણે કહેલું, 'ઈસ વક્ત અગર પાકિસ્તાન હમલા કરેગા તો ઈસકો મૂંહ કી ખાની પડેગી ક્યોંકિ હમારે સંરક્ષણ સચિવ જગજીવન રામ હૈ. યે બડે ખુશનસીબ આદમી હૈં.' એમ કહીને તેણે વાત કરી કે ભારતમાં સતત અનાજની તંગી, પણ જગજીવનરામ અન્ન પ્રધાન થયા અને ઉપરાઉપરી ચાર વર્ષો સારાં ગયાં અને કૃષિ-પેદાશમાં આપણે surplus દેશ થઈ ગયા. શાસક કોંગ્રેસના પ્રમુખ જગજીવનરામ થયા અને પાર્લમેન્ટની ચૂંટણીમાં તેમના પક્ષે અભૂતપૂર્વ વિજય મેળવ્યો. અરે, એક વાર જવાહરલાલના પ્રધાનમંડળમાં જગજીવનરામ આન્તરરાષ્ટ્રિય પરિષદમાં જીનીવા ગયેલા. પેલા એર લાઈન્સ ઑફિસર ત્યારે સરકારી કર્મચારી હતા, અને જગજીવનરામ જોડે જીનીવા ગયેલા. વળતાં તેમણે તો કહ્યું કે આટલે સુધી આવ્યા છીએ તો લંડન, પૅરીસ જોતા જઈએ. એટલે એ ઑફિસર તો લંડન ગયા અને જગજીવનરામ એરોપ્લેનમાં જીનીવાથી પાછા ફર્યા. વચ્ચે કેરોના હવાઈ મથક નજીક એરોપ્લેન તૂટી પડ્યું. બધાં ઉતારુ અને વિમાનના કર્મચારી માર્યા ગયા. એકલા જગજીવનરામ બચી ગયા! ઈસીલિયે તો હમ કહતે હૈં કિ જબ તક જગ્ગુ બાબૂ સંરક્ષણમંત્રી હૈ તબ તક અગર પાકિસ્તાનકા હમલા હુઆ તો ઉનકો બૂરી તરહ હારના પડેગા. એમ કહીને આજથી ૧૦ માસ પહેલાં તેમણે ભાખેલું ભવિષ્ય! કારણ ગમે તે હોય પાકિસ્તાન કો બૂરી તરહ હારના પડા એ તો હકીકત છે.

ચક્રવર્તી રાજગોપાલાચારી

તા. ૩૧-૧૨-૭૨. તા. ૨૫મીએ ચક્રવર્તી રાજગોપાલાચારી (C.R. રાજાજી)નું અવસાન થયું. તેમની ઉંમર ૯૪ વર્ષની હતી. ૧૯૪૭માં આઝાદી મળી ત્યારે આપણે હજુ બંધારણ તૈયાર કર્યું નહોતું તેથી અંગ્રેજ રાજાની હકૂમત નીચે સ્વતંત્ર (Auto nomous) રાષ્ટ્ર તરીકે ઈંગ્લન્ડની પાર્લમેન્ટના કાયદાથી આપણી રાજ્યવ્યવસ્થા ગોઠવાઈ. રાજ્યનો વડો ગવર્નર-જનરલ કહેવાતો અને ભારત સરકારની ભલામણથી તેની નિમણૂક ઈંગ્લન્ડનો રાજા કરતો. ૧૯૪૭માં આપણે લૉર્ડ માઉન્ટબેટનને ગવર્નર-જનરલ તરીકે સ્વીકાર્યા. પણ પછી કાશ્મીર ઉપર પાકિસ્તાની આક્રમણ થયું અને આપણે લશ્કર કાશ્મીરમાં ઉતાર્યું ત્યારે માઉન્ટબેટનની સ્થિતિ વિચિત્ર થઈ. આપણા લશ્કરનો એ ટેકનિકલ વડો ગણાય અને તેથી તેના આદેશથી પાકિસ્તાની સૈન્ય સામે આપણું સૈન્ય લડે છે તેવી સ્થિતિ અંગ્રેજ બચ્ચાને કેવી રીતે ફાવે? એટલે માઉન્ટબેટન સ્વેચ્છાએ નિવૃત્ત થયા અને પછી આપણે C.R. (રાજાજી)ને ગવર્નર-જનરલ બનાવ્યા. આમ તે ભારતના પ્રથમ ભારતીય રાષ્ટ્ર-વડા થયા હતા.



તેમને આ માન આપવાનું પણ એક ખાસ કારણ હતું. ૧૯૪૨માં જ્યારે ગાંધીજીએ 'હિન્દ છોડો'ની વાત કૉંગ્રેસમાં મૂકી ત્યારે રાજાજીએ સ્પષ્ટ કહ્યું હતું કે મુસ્લિમોને જુદું રાષ્ટ્ર આપવા સિવાય છૂટકો થવાનો નથી. તેમણે જે ૧૯૪૨માં સ્પષ્ટ જોયું હતું એ ૧૯૪૭માં આપણે સ્વીકારવું પડ્યું. આ તેમની રાજદ્વારી દૂરંદેશી દર્શાવે છે અને તેથી જ જ્યારે રાષ્ટ્રના ભારતીય વડાની નિમણૂક કરવાનો પ્રશ્ન આવ્યો ત્યારે તેમની જ વરણી થઈ. જૂની પેઢીનો એક વધુ નેતા પોઢી ગયો. (ક્રમશઃ)

અધ્યાત્મ

કલા અને ધ્યાન

બહાદુરભાઈ જ. વાંક

કેટલાક કલાકારો ગુરુ બજુવા પાસે આવ્યા અને તેમને કલાસર્જનની પ્રક્રિયા વિશે અને ધ્યાન વિશે કંઈક કહેવા અનુરોધ કર્યો.

બજુવા બોલ્યા, 'કલા એ માનવીય ચેતનાની એક અંગતતમ પ્રવૃત્તિ છે. અંગતતમ એટલા માટે કે તેનો વ્યાપ અને તેનાં મૂળ ઠેઠ કલાકારના અચેતન મન સુધી વિસ્તરેલાં હોય છે. અચેતનમાં પડેલી કલાકારની પીડા-યંત્રણા અને તેવો વિદ્રોહ તેને એટલી હદ સુધી એકાકી-એકલો બનાવી દેતાં હોય છે કે તેની કલાકીય અભિવ્યક્તિ વગર કલાકાર માટે જીવવું જ મુશ્કેલ બની જાય છે. ને કલાકાર ઉપસ્થિત થાય છે કૅનવાસ સામે. કૅનવાસનો અવકાશ તેના સર્જનાત્મક ઉન્મેશને પ્રદીપ્ત કરે છે. આ સર્જનાત્મક ઉન્મેષમાં જ કલાકારના અચેતનમાં પડેલાં રૂપો તેની વેદના સાથે સંયોજાઈને અભિવ્યક્ત થવા માટે સક્રિય થવા માંડે છે. કૅનવાસ ઉપર કલાકારની પણ જાણબહાર તે પોતાનું રૂપ પ્રકટ કરવા માંડે છે. આ વખતે કલાકારની ચેતના સાક્ષીભૂત બનીને જ શેષ રહી જતી હોય છે. કલાકારનું આ સાક્ષીત્વ કેટલિટિક (યોગવાહી) બનીને કામ કરતું હોય છે.'

થોડી વાર રહીને રૂપનિર્માણની સર્જનપ્રક્રિયા વિશે વિશેષ સમજ આપતાં બજુવા બોલ્યા: 'કલાકાર વસ્તુ કે પદાર્થને તેના સમગ્ર આયામમાં જોવા મથામણ કરે છે. એટલે કે વસ્તુ ને તે એકીસાથે ઉપર-નીચેથી આગળ-પાછળથી અને અંદર-બહારથી જોવાની ચેષ્ટા કરે છે. તેની આ ચેષ્ટામાં વસ્તુ-પદાર્થ સાથેનું તેનું 'ટોટલ ઈન્વૉલમેન્ટ' સર્જનમાં બહુ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ ટોટલ ઈન્વોલમેન્ટના કારણે જ તે વસ્તુ કે પદાર્થનું ફોર્મ તોડીને, તેમાંથી જ એક અનન્ય રૂપનું નિર્માણ કરે છે.

એક કલાકારે પૂછ્યું, 'આમાં ક્યાંય ધ્યાનની વાત તો ન આવી...'

બજુવા બોલ્યા: 'દેહમાં જેમ પ્રાણ એમ કલાનિર્માણનું પ્રવર્તક બળ જ ધ્યાન છે. ને એટલે જ સર્જનાત્મકતાને હું ધ્યાનનો પર્યાય ગણું છું. સાચા કલાકારો જેટલા ઈશ્વરની નજીક જીવતા હોય છે એટલું કહેવાતા ધર્મગુરુઓ સ્વામીઓ ઈશ્વરની નજીક આવી શકતા નથી.'

એક કલાકાર બોલ્યો: 'પણ અમે ઈશ્વરની નજીક આવી રહ્યા હોઈએ એવું અમને તો લાગતું નથી, અમે કલાકારો છીએ છતાં.'

'તમે તમારા જ ચિત્રમાં ચિત્રની નજીક જ્યાં જીવી શકતા નથી, ત્યાં ઈશ્વરની નજીક જીવવાનો તમારા માટે પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.'

બીજા કલાકારે બજુવાને પૂછ્યું, 'આપ શું કહેવા માગો છો એ અમે સમજી શક્યા નથી.'

'એ જ કે તમે કલાકારો છો નહીં, પણ દાઢી-મૂછ રાખીને કલાકારો બની ગયાનો ભ્રમ રાખો છો!'

'તો સાચા કલાકાર બની રહેવા માટે અમારે શું કરવું જોઈએ?' કલાકારે ફરી પૂછ્યું.

ને બજુવા બોલ્યા: 'તમારા જ અચેતનમાં છુપાઈને બેઠેલા 'સાચા કલાકાર' સાથે હસ્તધૂનન કરી શકો તો કંઈક પરિણામ આવી શકે!

હું અને આગગાડી

પ્રફુલ્લ રાવલ

હવે ભાગ્યે જ ગાડી કે આગગાડી કહેતાં ટ્રેનમાં પ્રવાસ કરવાનું બને છે. 'ગાડી' શબ્દ પણ માત્ર આગગાડીનો અર્થબોધ કરાવતો નથી. ભણતો ત્યારે 'આગગાડી' એ મધ્યમ પદલોપી સમાસ થાય તેવું શીખેલો અને એવો વિગ્રહ થતો — આગ વડે ચાલતી ગાડી. પણ અત્યારે ટ્રેન માત્ર આગ — અગ્નિથી ચાલતી ગાડી રહી નથી. આગગાડીનું રૂપ બદલાઈ ગયું છે. ગાડી અત્યારે ભક્...ચક્...ભક્... ચક્ ચાલતી નથી. છતાંય આજે પણ આગગાડીનું મને ભારે આકર્ષણ છે. બાળપણમાં કુતૂહલ હતું. આજે કુતૂહલ ઓગળી ગયું છે પણ એના પ્રત્યેનું ખેંચાણ ઘટ્યું નથી. આ વયે પણ પસાર થતી ગાડી જોવાનો લહાવો જવા દેતો નથી. ક્યારેક મોડી રાતે પસાર થતી ગાડીને મેં છેક ધાબા પરથી જોઈ છે. અને આજે પણ ક્યારેક એની વિસલ સાંભળીને મને 'પાકીઝા' પિક્ચરમાં ગતિપૂર્ણ પસાર થતી ગાડીનું સ્મરણ થાય છે. મારા ઘરેથી રેલવેસ્ટેશન બહુ દૂર નહીં એટલે ગાડીની વિસલ વાગે તે પણ સંભળાય. ફરવા જવાનું સ્થાન પણ સ્ટેશન જ. આજે પણ ક્યારેક મોડી રાત લગી રેલવેસ્ટેશનના છેલ્લે બાંકડે બેસીને મિત્ર સાથે વાતો કરવાનું બને છે. સાથે સાથે આવતી-જતી ગાડીને, માલગાડીને જોઉં છું. એની વિસલ સાંભળું છું. અલબત્ત, વિસલનો ધ્વનિ બદલાયો છે. વરસો સુધી આગગાડીની વિસલ સાંભળી છે. પરોઢે, બપોરે, રાત્રે, મધરાતે આ વિસલે અનેક અનુભવ કરાવ્યા છે — ક્યારેક આનંદનો તો ક્યારેક વિષાદનો. કોઈકના આગમન ટાણે આ વિસલ વહાલી લાગતી, એનો ધ્વનિ પ્રિય લાગતો. અને વિદાય ટાણે એ ધ્વનિમાં ભળી જતો વિષાદ. મને આવેલાં મહેમાન પાછાં જાય તે ન ગમતું. બાની મનઃસ્થિતિ વિપરીત હતી. મહિને એક વાર જીફૈબા આવતાં. બે-ચાર દિવસ રહીને બપોરની લોકલમાં પાછાં જતાં. હું એમની થેલી પકડીને સ્ટેશન મૂકવા જતો. લોભી ફૈબા ક્યારેક કાણિયો પૈસો આપતાં. પણ મને કાણિયા પૈસા કરતાં સ્ટેશન પરની ગાડી જોવાનો મોહ વધુ હતો. સ્ટેશનનું દશ્ય જ મનને છલોછલ કરી દેતું.

લોકલ ગાડીનું એન્જિન જુદું અને એક્સપ્રેસ ગાડીનું જુદું. ડબ્બાની ભાત પણ જુદી જુદી. ત્રીજા વર્ગના ડબ્બામાં લાકડાનાં પાટિયાં હોય. બીજા વર્ગના ડબ્બામાં બેસવાની સીટ ગાદીવાળી હોય અને પીઠ પાછળ ટેકો રાખવાની અડધી ગાદી હોય. પ્રથમ વર્ગના ડબ્બામાં તો બધે જ ગાદી, પોચી પોચી. લાઈટની વ્યવસ્થા પણ સરસ. સ્વચ્છતા પણ સારી. ત્રીજા વર્ગનો ડબ્બો ગંદો લાગે. પણ મુસાફરી કરવાનો આનંદ તો ત્રીજા વર્ગમાં જ આવે ! ચાલુ ગાડીએ ફેરિયા આવે. સ્ટેશને સ્ટેશને નવાં મુસાફરો આવે-જાય. ખુદાબક્ષ ઉતારુઓ જોવા મળે. કોઈક નાના સ્ટેશન પરથી કોઈ ચીપિયાધારી બાવો ચડે કે ફકીર આવે. ક્યારેક ગાંડો પણ સહપ્રવાસી થાય. ક્યારેક ડબ્બો ખાલીખમ હોય, તો ક્યારેક ભીડનો પાર નહીં. ભીડ હોય ત્યારે ઉપરના પાટિયા પર બેસવા માટે ઝગડો થાય, મારામારી થાય, થોડી વારમાં બધું જ થાળે પડી જાય. ગાડી ઊપડે ને સહુ સહપ્રવાસી બની જાય.

લોકલગાડી પ્લૅટફૉર્મ પર મહારાજાની જેમ ધીમે ધીમે પ્રવેશ કરતી અને એક્સપ્રેસ ગાડીની ગતિથી આખું પ્લૅટફૉર્મ ધમધમી જતું. ક્યારેક ધ્રૂજી જવાતું. એન્જિન જ ગાડીનું રૂપ છતું કરી દેતું. હું આવતી આગગાડી જોઈને રાજીના રેડ થઈ જતો -.ને વિદાય લેતી આગગાડી મનમાં ક્યાંક વેદના ઢબૂરી જતી. સખીને પ્લૅટફૉર્મ પર વિદાય આપી ત્યારે ક્યાંય લગી મનમાં કશુંક ખૂંચતું રહેલું- જેમ પગમાં ભોંકાયેલો કાંટો પાછો નીકળ્યા પછી પગની પાનીમાં ખૂંચે તેમ. આજે પણ ક્યારેક એ વિદાયની યાદ પ્રકંપિત કરી જાય છે. અને સખી પાછી ફરી ત્યારે આખી આગગાડી સોળે શણગાર સજીને આવેલી નવોઢા જેવી રૂપવતી લાગી હતી !

નાનપણમાં આગગાડીમાં બેસીને કરેલો પ્રવાસ કેટલો કૌતુકસભર રોમાંચક હતો ! એને શબ્દરૂપ આપવું સરળ નથી. છુક્...છુક્ ચાલતી ગાડીએ બાળમનને અનેક વાર આહ્‌લાદિત કર્યું છે. બહારગામ જવાનું તેય ગાડીમાં. ચાલતાં સ્ટેશન જવાતું. હું દોડતાં પ્લૅટફૉર્મ પર ઊભેલી ગાડીના ડબ્બામાં ચડી જઈને બારી પાસે બેસી જતો. ગાડી ઊપડવાની ખાસ્સી વાર હોય એટલે માલગાડીના સેટિંગ જોવામાં રમમાણ થઈ જતો. ક્યારેક મોડા પડીએ તો બારી પાસે બેસવાનું ન મળતું તો નિરાશ થઈ જતો. વીસલ વાગે અને સ્ટેશન પરથી ગાડી ઊપડે. પ્રારંભે એની ગતિ ધીમી હોય, પછી ગતિ વધે અને સ્ટેશન પાછળ રહી જાય. ડોકું પાછું વાળીને હું દૂર થતું જતું મારા ગામનું સ્ટેશન જોતો રહેતો. વળી ગાડી ગતિ પકડે. વીજળીના થાંભલા તાર સાથે ગતિ કરતા લાગે. દોડતાં વૃક્ષો પાછળ રહી જાય. અને ગાડી લોકલ હોય તો વિસલ વાગતાં ગતિમાં કાપ આવી જાય. ગાડી ઊભી રહે. વળી દોડે. વળી ઊભી રહે. ગાડી એક્સપ્રેસ હોય તો બધું જ ક્ષણ વારમાં અદૃશ્ય થઈ જાય. બાળમન પરીલોકમાં વિહરવા માંડે. અજાણ્યા ગામનો પરિચય થતો જાય. ક્યારેક હું સ્થળનામની યાદી બનાવું. ગાડી મોટા જંક્શને ઊભી રહે ત્યારે ત્યાં થતો ચિત્રવિચિત્ર શોરબકોર સાંભળવા મળે. ફેરિયાના લહેકા સાંભળીને મન કશુંક ખરીદવા-ખાવા લલચાય. ઊભેલી ગાડી પાસેથી બીજી ગાડી પસાર થાય ત્યારે આપણી ગાડી પાછી જતી હોવાનો આભાસ થાય. થોડા ચક્કર ચડે. સામેની ગાડી ઊભી રહે એટલે બધું જ યથાવત્ થઈ જાય.

યુવાનીમાં અપ ડાઉન કર્યું તે ય લોકલ ગાડીમાં. ત્યારે કોલસાથી ચાલતું એન્જિન હતું. ડીઝલનું એન્જિન શરૂ થયું નહોતું. સવારની લોકલમાં જઉં અને રાતની લોકલમાં પાછો ફરું. અનેક વાર એક્સપ્રેસ ટ્રેનમાં લાંબી મુસાફરી પણ કરી છે. છતાંય લોકલગાડીની મુસાફરીની તોલે ન આવે. સુંદરમ્‌ની ૧૩-૭ની લોકલ હતી અને મારી લોકલ હતી સાતની. એ વખતે કુતૂહલતા ઓગળી ગયું હતું, પણ ત્રીજા વર્ગની મુસાફરીનો પરિવેશ મનને રુચતો હતો. ગાડી ઊપડે કે તરત જ પત્તાં રમવાનું શરૂ થતું. એ રમતના ભેરુઓ આજે સ્મૃતિમાં ક્યારેક સળવળે છે.સતિયો મારી પ્રિય રમત હતી. સ્ટેશન પર પાણી પાતો મોહન, ચાની રેંકડીવાળો રતન, ખૂમચો લઈને ફરતો દાસ, એક બંસી હતો - પેંડા વેચતો. અને સહુથી વધુ તો યાદ આવે છે ચાલુ ગાડીએ ખારી શિંગ વેચતો કાદર. વર્ષો લગી એણે લોકલ ટ્રેનમાં માત્ર ખારી શિંગ જ વેચી છે. એ ઉધાર આપતો. ઘણા એને પૈસા પણ ન આપે. તો ય એના ચહેરા પર કાયમ સ્મિત રમતું હોય. ઘણી વાર હું એ કાદરની શિંગ સખી માટે લાવતો. સખી, તને યાદ છે ? પણ આજે ક્યાં હશે કાદર ?

વર્ષો પછી હમણાં લોકલ ગાડીમાં જવાનું થયું ત્યારે જૂનું બધું વાવાઝોડાની જેમ સ્મૃતિપટ પર ધસી આવ્યું. સ્ટેશન પર કોઈ પરિચિત ન દેખાયું. બધું અડવું અડવું લાગતું હતું. મારા ગામના સ્ટેશન પર હું અજાણ્યો યાત્રી. પણ એકાએક સામેના પ્લૅટફૉર્મ પર ઊભેલી ચાર ડબ્બાની બીજી લોકલ ગાડીની વિસલ વાગી. અને એ સાંભળીને હું ન્યાલ થઈ ગયો. આ તો એ જ મારી જૂની આગગાડીની વિસલ ! હું વહી ગયેલાં વર્ષોનાં વાતાવરણમાં પ્રવેશી ગયો. જાણે મારો પરકાયાપ્રવેશ ન થયો હોય ! □

આથમતાં અજવાળાં - ૯

ભાંજગડ

ભગીરથ બ્રહ્મભટ્ટ

વધુ તો ગામડાંમાં આજેય ક્યાંક ક્યાંક સમસ્યાનો ઉકેલ અંદરોઅંદર સમજાવટથી લાવવામાં આવે છે. આ પ્રક્રિયાને ગામડાંમાં લોકો 'ભાંજગડ' કહેતા હોય છે. ભાંજગડ એ ઓછી ખર્ચાળ એવી સમસ્યા-ઉકેલની પ્રવૃત્તિ છે. આમ તો એ પ્રવૃત્તિ સેવાની પ્રવૃત્તિ છે. ડાહ્યા માણસો પોતાની કોઠાસૂઝ ખપમાં લઈ સમસ્યાનો વિચાર કરી એમાં સંકળાયેલા ઉભય પક્ષનો વિચાર કરે છે અને એમાં ઉચિત શું હોઈ શકે એ વિશેનો નિર્દેશ કરે છે. મોટા ભાગે એ વિચારને બંને પક્ષ માન્ય રાખે છે. અને સમજફેરની ગ્રંથિ ઊકલી જાય છે. આમ તો ઘરની વાત, ગામની વાત ગામમાં રહે છે. માનસ ઉપર લાંબો સમય ગ્રંથિઓ રહેતી નથી અને ઝડપી નિકાલ શક્ય બને છે. એ રીતે એ આવકાર્ય છે. પણ એ નિર્દોષ છે ખરી ? એમાં તટસ્થતા હોય છે ? એ બીજી વાત છે

ભાંજગડ કરનારા થોડી પ્રતિષ્ઠા ધરાવતા ગ્રામજનો હોય છે. એ પ્રતિષ્ઠા એમણે ભાંજગડની આવડતમાંથી ઊભી કરી હોય છે. અને એમાં પોતાની જાતને પ્રવીણ બનાવી હોય છે. જજ કહો કે વકીલ, પરમેશ્વર કહો કે આગેવાન - ભાંજગડિયા જ ગામના સુલેહ કરનારા. અભિમાનીય હોય, દંભી પણ હોય, માથાભારે પણ હોય. બધું જ પોતાની ઇચ્છા પ્રમાણે થાય એટલી હદે મુત્સદી પણ હોય ! ભાંજગડિયાઓએ કોઈ કાયદાશાસ્ત્રીની પદવી મેળવી હોતી નથી કે નથી કોઈ ધર્મશાસ્ત્રનાં ઉત્તમ પુસ્તકોને પચાવ્યાં હોતાં. તેમ છતાં તેઓ એમ માનતા હોય છે કે ન્યાયાધીશની નીરક્ષીર વિવેકી ન્યાયી પદ્ધતિ પોતાના સિવાય બીજા કોઈની પાસે ન હોય. વકીલ કરતાંય એ લોકો પોતાની જાતને વધારે 'સૂપીરિઅર' ગણાવતા હોય છે.

ગામડાંમાં ગરીબો અને થોડાંક મધ્યમ વર્ગના માણસો વધારે જોવા મળે. એ વર્ગ શ્રમજીવી. એમની વ્યવહારની પળોજણો જ એટલી બધી કે એમાં ક્યાંક અંદરોઅંદર આંટી પડી જાય. કોઈની ખેતી ખેડતાં ખેડતાં, વાડ - કાંટો કરતાં થોરિયો આગળ પાછળ ચોડી દેવાય, શેઢો આઘોપાછો થઈ જાય.. શેઢા પર ઊગેલું ઝાડ વાડની એક તરફ વાળી એક કહે 'મારું' અને બીજી તરફવાળો કહે 'મારું'. ભાંજગડ થાય. બે બહેનો એક ઘરમાં પરણીને આવી હોય, એકને એના પતિ સાથે ન ફાવે, એમા બીજીને સહન કરવાનું આવે અને ભાંજગડ પેસે. ભાઈઓ જુદા થતા હોય ને વહેંચણીની અસમાનતાનો પ્રશ્ન ભાંજગડ બને. આંગણું, વાડો, ઘરનો ગાળો, ઝીયારું, નવેરી, ઘર, છજું, ખેતર, વિવાહ, આણું, વહેંચણી —કેટકેટલી ઘટનાઓ ભાંજગડનો વિષય બને છે !

જેને ત્યાં ભાંજગડ મંડાતી હોય ત્યાં મોદ પથરાય, ચા-પાણી, કસુંબા-પાણી થાય. બીડીઓ વહેંચાય. બંને પક્ષોને ભેગા કરવામાં આવે. ખુલાસાઓ થાય. બંનેને સાંભળવામાં આવે. ભાંજગડ એ એક પ્રકારની વકીલાત છે. જેને ત્યાં ભાંજગડિયા ભેગા થયા હોય એને ત્યાં આખો દિવસ ઉચાટ હોય, ચા-પાણીનો તો ક્યારેક વળી જમાડવાનો ખર્ચો લટકામાં ચઢે. ગામદીઠ ભાંજગડિયા હોવાના. એમને રસ સમસ્યાના ઉકેલમાં હોય એનાથી ઝાઝો પોતાની પ્રતિષ્ઠા વધારવામાં ઝાઝો હોવાનો, એથીય વિશેષ એમાંથી કોને ન્યાય આપવાથી પોતાને વધારે લાભ થશે એની ગણતરીમાં પણ ખરો.

ભાંજગડિયાઓ અબુધો ઉપર, નમ્ર માણસો ઉપર નભતા હોય છે. એ વાક્પટુ પુરુષોને મહેનત કરતાં ઝાઝું જોર આવતું હોય છે એટલે હુકમો ચલાવવાનો ધંધો કરી રળી ખાતા હોય છે. જેટલા ગામમાં ભાંજગડિયા વધુ એટલો ગામમાં કુસંપ વધારે. જેટલો ગામમાં ભાંજગડિયાનો પ્રભાવ વધુ એટલી સમસ્યાની સંકુલતાઓ વધારે. ગામની અજ્ઞાનતા ઉપર નભી ખાનાર ભાંજગડિયાઓ બધા નિર્દોષ હોતા નથી. મોટા ભાગના ભાંજગડિયાઓની વૃત્તિનું મૂળ 'બદ' શબ્દ તરફ જતું હોય છે. વગર મૂડીનો આ ધંધો છે. જ્યાં સુધી અબુધ પ્રજા પોતાનું કહેવું માને છે, સ્વીકારે છે, પોતાના વચનમાં શ્રદ્ધા રાખે છે ત્યાં સુધી એ ધંધો ચાલવાનો. બીજી તરફ અન્યત્ર જવાની આવડત કે સૂઝ એ અબુધમાં આવે પણ ક્યાંથી ? ભાંજગડ કરનારાઓને હું ગીધ કહું છું. તેઓ પડેલી ચાંદીને ખોતરી ખોતરી ઊંડી જ કરતા હોય છે. ગીધની ચાંચે ક્યારેય કોઈ પ્રાણીના શરીર ઉપરના ચાંદાને મટાડ્યું સાંભળ્યું છે ? ભાંજગડિયાઓ દાવો માંડ્યા વગર કે કાગળપત્ર વગર કેસ લડે છે, સજા કરે છે, ન્યાય કરે છે. સરકારના કાયદા ભાંજગડિયાના વર્તુળમાં પ્રવેશી જશે ત્યારે ભાંજગડિયાઓ છૂ થઈ જવાના !

મોટે ભાગે ભાંજગડમાં દૂબળાને દબાવવા ને જબરાને રાજી રાખવા સિવાય બીજું ખાસ કંઈ હોતું નથી. દેખાવ એવો હોય છે કે નિઃસ્વાર્થ સેવા થઈ ! ભલા, કોઈ વીંછીને સાણસામાં લઈ કાળોતરાને છોડી દેવો એને ન્યાય કહી શકાય ખરો ? ભાંજગડિયો બહારથી જેવો દેખાય એવો અંદરથી હોતો જ નથી, એના અંતરમાં સ્વાર્થ હોય છે. એ ખાય એનું ગાય.

ભાંજગડમાં કોઈના નિસાસા પડે, તો ભલે પડે; પણ નિર્દોષને દંડવાનું અને માથાભારેને પાઘડી બંધાવવાનું કામ થતું હોય છે એ પ્રવૃત્તિમાં. શિક્ષામાં અમુક રૂપિયા દંડ, નાત જમાડવી, નાતબહાર મૂકવો, નાત સાથે વ્યવહારો કાપી નાખવા — એ બધું મુખ્ય હોય છે. ભાંજગડિયાઓ પણ અંદરોઅંદર મળેલા હોય છે, અને ધાર્યું નિશાન તાકતા હોય છે. ભાંજગડ તેઓ એમનેમ કરતા નથી હોતા. એમ કરવા પાછળનાં તેમનાં પ્રયોજનો ચોખ્ખાં હોય છે. તેઓ લાંબું જોતા હોય છે. ભાંજગડિયાઓએ પોતાની કુનેહથી વચગાળાનો માર્ગ કાઢી, પોતાનો સ્વાર્થ એ દરમિયાન સિદ્ધ કરી લેવાની કરામત પણ હસ્તગત કરી હોય છે. આ બધા સ્વાર્થી ભાંજગડિયાઓની વચ્ચે તેઓ કોઈ નિર્દોષ, નિઃસ્વાર્થી, સેવાભાવી, સંત, સભ્યને પણ રાખતા હોય છે. પણ એ બિચારો મૂગો હોય છે. ક્યારેક બોલે તો એનું કોઈ કાને ધરે નહીં, એની હાજરીમાં જ ખોટા નિર્ણયો લેવાય. ભીષ્મપિતા જેવી સ્થિતિ એની કરી દેવાતી હોય છે !

આમ સાચી રીતે જોઈએ તો સરકારની સરકારી ન્યાયપ્રથા તો ખર્ચાળ છે અને એમાં પણ કેટલો બધો વિલંબ થતો હોય છે ! એને બદલે આવી બિનખર્ચાળ ન્યાયી પદ્ધતિ જો નિર્દોષ હોય તો તે ઓછી આવકાર્ય તો નથી જ. પણ વો દિન કહાં !

પેલી બે બિલાડી અને વાંદરાની વાર્તા જેવું ચિત્ર છે ગામડાંની ભાંજગડનું. વાંદરો ભાંજગડિયો છે. ત્રાજવું લઈને બેસે છે. બે બાજુ ત્રાજવું સરખું કરવા એ પોતાના મોઢામાં મૂકતો જાય છે અને સરવાળે એનું પેટ ભરાય છે. પેલી બિલાડીઓ તો બિચારી હતી એની એ !

મમત્વમાં આવી જઈ બિલાડીઓ ન્યાય માટે કોઈ વાંદરા પાસે જવા કરતાં અંદરોઅંદર સમજી જવાનું સ્વીકારે તો ? ભાંજગડિયા સારા હોય તો ઠીક વાત છે, બાકી તો....? ❑

પ્રબુદ્ધતાનાં વિચારતત્ત્વો-૨

યોગેન્દ્ર માંકડ

એથી વિશેષ, બૌદ્ધિક દૃષ્ટિએ સોળમી સદીની સરખામણીમાં સત્તરમી સદી વધુ ક્ષયધર્મી પુરવાર થઈ. ખગોળશાસ્ત્ર, કૉસ્મૉલૉજિ અને ભૌતિકશાસ્ત્રના પ્રણેતાઓ કૅપ્લર, દેકાર્ત અને ગૅલિલિયોએ ગ્રીકવિજ્ઞાન અને બાઈબલ સમર્થિત માનવકેન્દ્રી વૈશ્વિક સંવાદિતાનો ભ્રમ તોડી નાખ્યો. કૉપરનિકન ખગોળશાસ્ત્રથી માંડીને ન્યૂટન સુધીના વિજ્ઞાને સ્પષ્ટ રીતે પુરવાર કર્યું કે પૃથ્વી કે માનવી વૈશ્વિક ગતિવિધિઓના કેન્દ્રમાં નથી અને વિરાટ બ્રહ્માંડની સરખામણીમાં પૃથ્વી માત્ર એક નાનો ઉપગ્રહ જ છે, જેનું ખાસ કોઈ મહત્ત્વ નથી.

આથી પણ વધુ હચમચાવી મૂકે તેવો સીલસીલો સત્તરમી સદીમાં શરૂ થયો. ધર્મસુધારણા અને પ્રતિ-સુધારણાના સમયથી પ્રોટેસ્ટન્ટ અને કૅથોલિક વિદ્વાનો તેમજ ધર્મશાસ્ત્રીઓ વચ્ચે ખ્રિસ્તી ધર્મના મૂળ વિચારતત્ત્વ અંગે મોટો વિવાદ છેડાયો. અધિકૃત ચર્ચ ક્યાં અને શું છે, તેની સત્તાનું મૂળ ક્યાં છે અથવા 'ધર્મશાસ્ત્રોમાં'માં ઉલ્લેખિત પ્રત્યેક શબ્દ અક્ષરશઃ સાચો છે અને તેની પાછળ કોઈ ચોક્કસ દૈવી પ્રેરણા રહેલી છે કે કેમ વગેરે મુદ્દાઓ આ વિવાદના કેન્દ્રમાં હતા. આ વિવાદોમાં ઘણી વાર એક પ્રકારની આક્રમકતા અને આક્ષેપોનું તત્ત્વ દેખા દેતું અને તેને કારણે સમગ્ર પરિસ્થિતિનું વસ્તુલક્ષી મૂલ્યાંકન કરનારાઓ માટે આ વિવાદો ચર્ચની નૈતિક સત્તામાં ઘા મારનારા હતા. તેથી પણ વધારે મહત્ત્વનું, વિચક્ષણ બુદ્ધિ ધરાવતા વિદ્વાનોને પણ માનવીના ઇતિહાસ અને નિયતિની ઊંડી સમસ્યાઓ વિશે ફરી વાર પ્રામાણિકપણે અને ગંભીરતાપૂર્વક વિચારવાની ફરજ પડી. આ પરીક્ષણનાં પરિણામ સ્વરૂપ જે અન્ય મહત્ત્વના પ્રશ્નો ઊભા થયા તેનો બાઈબલમાં પણ જવાબ નહોતો. શું વિશ્વ ખરેખર છ હજાર વર્ષ જૂનું હોઈ શકે ? શું આદમ ખરેખર પ્રથમ માનવી હતો ? 'ગાર્ડન ઑવ્ ઈડન'માં સાપે આદમ અને ઈવ સાથે શું ખરેખર વાતો કરી ? ન્યાયી અને પરોપકારી ઈશ્વરે નોઆહના કુટુંબને બાદ કરતાં સમગ્ર માનવજાતનો શું ખરેખર **'The Great Deluge'** (મહાપ્રલય) દ્વારા નાશ કર્યો હશે ખરો ? વૈજ્ઞાનિક દૃષ્ટિએ આથીયે મહત્ત્વના પ્રશ્નો — આ જુવાળ ક્યાંથી આવ્યો ? અને આ પાણી ખરેખર ક્યાં વહી ગયું ? કે પછી તેને કુદરતના કાનૂનની એક કેવળ અસર તરીકે જ સમજાવી શકાય જે હવે આધુનિક વિજ્ઞાન દ્વારા પણ સમજાવી શકાતું હતું ? વગેરે આ પ્રકારના ઐતિહાસિક, નૈતિક, વૈજ્ઞાનિક અને ધાર્મિક પ્રશ્નોએ હકીકત અને શ્રદ્ધા સંલગ્ન અનેક મુશ્કેલીઓ ઊભી કરી અને તેની સાથે ઈશ્વરપ્રણિત ધર્મનું ધોવાણ શરૂ થયું. સાચા જ્ઞાન માટે કોઈ નવો જ રસ્તો ખોળવાની અનિવાર્યતા ઊભી થઈ.

સત્તરમી સદીના ઉત્તરાર્ધથી યુરોપની ઘણી પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ એવો મત ધરાવતી થઈ ગઈ કે માનવજાતનો સાચો ઇતિહાસ અને નિયતિ સમજવા માટે કેવળ શ્રદ્ધા કે બાઈબલ પર વિશ્વાસ રાખવો કે ગ્રીક અને રોમનો પાસેથી ઊતરી આવેલા જ્ઞાન પર જ આધાર રાખવો એ પર્યાપ્ત નહોતું. મનુષ્ય-સ્વભાવ વિશે ઘણું સમજવાનું હજી બાકી છે તેથી તેના અભ્યાસનો વિષય પણ મનુષ્ય જ હોવો જોઈએ અને તે માટે ખગોળશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને જીવવિજ્ઞાનમાં વિકસાવવામાં આવેલી એટલે કે વૈજ્ઞાનિક પદ્ધતિ હોવી જોઈએ એ ખ્યાલ વધુ ને વધુ બળવત્તર બનતો ગયો.

જેવી રીતે સૌરપ્રથામાં ગુરુત્વાકર્ષણનો નિયમ ગ્રહોની ગતિનું સંચાલન કરે છે તેવી રીતે ભૌતિક વિશ્વમાંના સંદર્ભમાં પ્રયોગ, નિરીક્ષણ, પુરાવા અને અનુભવાશ્રિત સત્ય તથા કુદરતની પોતાની આગવી વ્યવસ્થામાં વિશ્વાસ દ્વારા સમાજમાં માનવીના સભાનતા/ચેતના ધરાવતા માનવી તરીકેના અસ્તિત્વનું નિદર્શન કરતા નિયમો પ્રસ્થાપિત કરી શકાય છે એવા વિચારમાં એક નવી શ્રદ્ધાનો સંચાર થયો. બીજા શબ્દોમાં, જે રીતે ભૌતિકવિજ્ઞાનને પોતાના નિશ્ચિત નિયમો છે, જેના દ્વારા ભૌતિક ઘટનાઓને સમજી શકાય છે, તેવી રીતે સમાજના પણ પોતાના નિયમો છે જ, જેને માત્ર શોધવાની જ જરૂર છે અને તે કેવળ બુદ્ધિ અને તાર્કિકતા દ્વારા શોધી શકાય છે એ વિચાર દૃઢીભૂત બન્યો. આથી હ્યૂમે જ્યારે 'નૈતિક વિજ્ઞાનોના ન્યૂટન' થવાની વાત કરી ત્યારે તેના મનમાં વિજ્ઞાનો સાથેની કંઈક આવી જ સરખામણી હોવી જોઈએ. જ્ઞાનપ્રકાશ-યુગીન નવા સમાજશાસ્ત્રીઓ માટે ખ્રિસ્તી ધર્મ અને વિધર્મી (પૅગન) પ્રશિષ્ટ સાહિત્યમાં પુરસ્કૃત જૂનાં 'સત્યો' હવે નવા 'પ્રશ્નો' બન્યા. વૉલ્તેરના મત પ્રમાણે ન્યૂટનની સિદ્ધિઓએ પુરવાર કર્યું કે વિજ્ઞાન માનવ પ્રગતિ માટેનો ગુરુમંત્ર છે, અથવા ઍલેક્ઝાંડર પોપના શબ્દોમાં :

Nature, and the Naure's laws, hid from sight,
God said, 'Let Newton Be !' and all was light.

જો રોમન કૅથોલિક ચર્ચે કૉપરનિકસવાદને ધર્મદ્રોહ તરીકે જાહેર કર્યો અને ગૅલિલિયો પર ધર્મને નામે ત્રાસ ગુજાર્યો, તો એનો અર્થ એટલો જ કે સત્યને પોતાના દુશ્મનો હતા. છતાં સત્ય હંમેશાં મહાન હતું અને અંતિમ વિજય તેનો જ થશે એવો એક દૃઢ વિશ્વાસ ઊભો થયો.

માનવી વિશે વૈજ્ઞાનિક સમજ ઊભી કરવાના પ્રયાસના ભાગરૂપે 'ઓલ્ડ ટેસ્ટામેન્ટ' પ્રેરિત પરંપરાગત 'સેક્રેડ હિસ્ટરી' (ધર્મપ્રધાન ઇતિહાસ)ને સ્થાને 'નૅચરલ હિસ્ટરી' (પ્રકૃતિપ્રધાન ઇતિહાસ) તૈયાર કરવાનો પ્રયત્ન હાથ ધરવામાં આવ્યો. ઘણા પ્રબુદ્ધ ચિંતકોએ માનવીને કેન્દ્રમાં રાખીને કલ્પનાશીલ અને પદ્ધતિસરનો ઇતિહાસ વિકસાવવાનો પ્રયત્ન કર્યો, જેની પાછળ માનવીના 'જંગલીપણા'માંથી 'સંસ્કૃત' બનવા પાછળની રૂપરેખા રહેલી હતી. અલબત્ત, આની પાછળ રહેલી ધારણાઓ માનવીની બૌદ્ધિક ક્ષમતાની અસાધારણ સ્થિતિસ્થાપકતા અને બોધન, સુધાર અને પરિવર્તનની ઇચ્છાશક્તિ માટેના વિશ્વાસનું દ્યોતક હતી. પરંપરાગત ખ્રિસ્તી ધર્મવિચાર - કૅથોલિક અને પ્રોટેસ્ટન્ટ - પ્રમાણે માનવી **original sin** (આદિમ પાપ)ના પરિણામ સ્વરૂપ 'પતન'ને કારણે નૈતિક રીતે 'ક્ષતિયુક્ત' હતો. ધર્મમાં શ્રદ્ધા કે ચર્ચે આપેલા સંસ્કાર વગર માનવીએ કરેલ પ્રત્યેક કર્મ કેવળ 'દૂષિત' કર્મ જ હતું. સ્ટૉઈક દર્શન પ્રમાણે પોતાના હીન 'સ્વ'થી અલગ રહેવું કે 'સ્વ' પ્રત્યે અનાસક્તિ કેળવવી એ મનુષ્ય માટે ઉત્તમ માર્ગ હતો.

આથી વિરુદ્ધ મનુષ્ય સ્વભાવ પ્રત્યેના નવા પ્રબુદ્ધતાના અભિગમ પ્રમાણે **innate sinfulness**(જન્મજાત પાપવૃત્તિ)નો ખ્યાલ અવૈજ્ઞાનિક અને પાયા વગરનો હતો અને એવી દલીલ કરવામાં આવી કે પ્રેમ, ઇચ્છા, ગર્વ, મહત્ત્વાકાંક્ષા વગેરે મૂળભૂત રીતે કોઈ અનિષ્ટ કે વિનાશ તરફ લઈ જનારી બાબત નથી અને જો તેમને યોગ્ય દિશામાં વાળવામાં આવે તો માનવવિકાસને મદદરૂપ પણ બની શકે. ઘણા પ્રબુદ્ધ ચિંતકો, દા.ત. ફ્રાંસમાં હેલ્વેતિઅસ અને ઈંગ્લંડમાં જેરેમી બેન્થમે, આ સંદર્ભમાં મનોવૈજ્ઞાનિક અભિગમ વિકસાવ્યો. આ અભિગમ પ્રમાણે

આંતરિક આસક્તિથી ઘેરાયેલા માનવીનું સ્થાન નવા મનુષ્યે લીધું જે મૂળભૂત રીતે સુખ માણવા અને પીડાને દૂર રાખવા માટે સર્જાયેલો હતો અને આ કુદરત દ્વારા નક્કી થયેલી બાબત હતી. આથી સાચી પ્રબુદ્ધ નીતિ તે જ કહેવાય કે જે 'મહત્તમ લોકોના ગુરુતમ સુખ' માટે 'પ્રબુદ્ધતાપ્રેરિત આત્મહિત' ને પ્રોત્સાહિત કરે.

સ્વાભાવિક રીતે પરંપરાગત વિચાર પ્રમાણેના 'આનંદના સિદ્ધાંત'ને એક પ્રકારના અનિષ્ટ અને વિલાસવાદ તરીકે લેખવામાં આવે છે. પરંતુ નવા રાજકીય અર્થશાસ્ત્રીઓ ખાસ કરીને એડમ સ્મિથે પોતાના પુસ્તક 'Wealth of Nations'(રાષ્ટ્રોની સંપત્તિ)માં સ્પષ્ટ રીતે જાહેર કર્યું કે જો સ્પર્ધાત્મકતા બજારના નિયમો પ્રમાણેની વ્યક્તિગત ઉત્પાદકો અને ઉપભોક્તાઓની વર્તણૂકનું પરિણામ સર્વજન સુખાકારીમાં આવે તો તેમાં કહેવાતા 'અદૃશ્ય હાથ'ને ફાળે પણ થોડોક યશ જાય છે. તે જ પ્રમાણે બેકરિઆ જેવા કાનુની સુધારાવાદીઓએ પણ એવી દલીલ કરી કે કાયદાશાસ્ત્રનો સાચો આધાર 'રૅશનલ સેલ્ફિશનેસ' (વિવેકપૂર્ણ સ્વાર્થપરાયણતા) જ હોઈ શકે. એટલે કે ગુનાના આનંદને અટકાવવા માટે શિક્ષાની પીડાની ચોક્કસ ગણતરી હોવી જોઈએ.

જો માણસજાતે પ્રગતિ કરવી હોય તો તેણે પરિવર્તનશીલ રહેવું જોઈએ અને નવા પર્યાવરણ સાથે અનુકૂલન સાધવાની તેનામાં ક્ષમતા હોવી જોઈએ. માનવીનું મગજ એ 'કોરી પાટી' જેવું છે. આ મગજ ઇન્દ્રિયો દ્વારા માહિતી મેળવે છે અને તેને વિચારોમાં પરિવર્તિત કરે છે. આ સાથે અનુભવજન્ય જ્ઞાન અને નૈતિક મૂલ્યોનો પિંડ બંધાય છે, જે મનુષ્યના અભ્યાસાનુભવની નિપજ છે. એટલે માનવી પોતાના પર્યાવરણની નિપજ છે. પરંતુ સાથેસાથે આ પર્યાવરણમાં પરિવર્તન લાવવાની પણ તેનામાં ક્ષમતા છે. એ રીતે જોતાં માનવી પર્યાવરણ અને અન્ય મનુષ્યો સાથે એક પ્રકારના અવિરત રીતે ચાલતા દ્વંદ્વાત્મક સંબંધો ઊભા કરી, સતત ઉત્ક્રાંત થતો રહી પરિવર્તનશીલ વિશ્વના પડકારો ઝીલતો આવ્યો છે અને તેને બદલતો આવ્યો છે. આ વિચારોનો પડઘો કોંદોરસે નામના ચિંતકના વિચારોમાં પડે છે. તેના વિચાર પ્રમાણે 'માનવીની પૂર્ણતાપ્રાપ્તિની ક્ષમતા જોતાં એક સમય એવો આવશે કે માનવી આવશ્યકતા, નબળાઈ, વ્યાધિ અને મૃત્યુ પર પણ વિજય મેળવશે.' આવી જ વાત ફ્રેંચ નિસર્ગવાદી લામાર્ક અને તેના સમકાલીન અંગ્રેજ ઈરેસ્મસ ડાર્વિને-ચાર્લ્સ ડાર્વિનના દાદાએ પણ કરી છે.

આજે વિશ્વ જ્યારે ૨૧મી સદીને ઉંબરે આવીને ઊભું છે ત્યારે પશ્ચિમી સંસ્કૃતિ એ 'દર્શન'નું સમર્થન કરે છે. બીજા એક મત પ્રમાણે પશ્ચિમી સંસ્કૃતિ આ 'દર્શન'માંથી બહાર નીકળી શકતી નથી કે જેમાં અમર્યાદ આર્થિક વિકાસ, વૈજ્ઞાનિક શોધખોળો અને માનવ-પ્રગતિનો જ્ઞાનપ્રકાશયુગીન ખ્યાલ પડેલો છે. આજનાં બધાં જ સામાજિક વિજ્ઞાનો સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર વગેરે-નાં મૂળ જ્ઞાનપ્રકાશયુગમાં રહેલાં છે.

એક મહત્ત્વની દલીલ એવી પણ કરવામાં આવે છે કે જ્ઞાનપ્રકાશ-યુગે જૂની પરિકલ્પનાઓને સ્થાને નવી પરિકલ્પનાઓ ઊભી કરી. દા.ત. અર્થકારણનો વિકાસ. પોતાના પુસ્તક 'રાષ્ટ્રોની સંપત્તિ'માં એડન સ્મિથે અને રક્ષણવાદી નીતિ અપનાવવા માટે સરકારોની ટીકા કરી અને એવી દલીલ કરી કે આ પ્રકારની નીતિ આર્થિક વિકાસની આડે અવરોધો ઊભા કરતી હતી. તેણે એમ પણ દલીલ કરી કે બજાર આધારિત અર્થતંત્ર અંતે સૌ માટે આશીર્વાદ સમાન બની રહેશે. આના પરથી એવી છાપ ઊભી થાય કે laissez-faire પ્રજાના સ્વૈરવિહાર અર્થકારણે જે વ્યવસ્થા પડકારી તેને મુકાબલે તે વધુ માનવીય અને વૈજ્ઞાનિક વ્યવસ્થા હતી.

પરંતુ આ સંદર્ભમાં એ પણ યાદ રાખવું જરૂરી છે કે આ જ દલીલે ઔદ્યોગિકીકરણના યુગમાં મૂડીવાદનું સમર્થન કરનારાઓ માટે નવી ન્યાયોચિતતા પણ પૂરી પાડી. અલબત્ત, આ નવા પ્રકારના અર્થકારણ સાથે સંકળાયેલી શ્રમવિભાજન વ્યવસ્થામાં શ્રમજીવી માત્ર માનસિક રીતે કુંઠિત, ગુલામીરૂપી યંત્ર બન્યો, પરંતુ તેનો ઉકેલ પૂરો પાડવાની 'માનવતા'તે વ્યવસ્થામાં કદાચ નહોતી. એટલે નફાનુકસાનના ગણિત પર આધારિત સ્વૈરવિહારી અર્થ કારણે બજારઆધારિત પરિબળો સાથે સંલગ્ન કથિત કુદરતી નિયમોની દુહાઈ આપી, કોઈ પણ પ્રકારના હસ્તક્ષેપનો વિરોધ કર્યો અને એક અમાનવીય વ્યવસ્થાને અનુમોદન આપ્યું.

'દર્શનશાસ્ત્રે' વિકસાવેલાં નવાં સમાજવિજ્ઞાનો ખ્રિસ્તીધર્મે આપેલાં ઈશ્વર-નિયુક્ત સરકાર, સામંતિક સૌપાનિક વ્યવસ્થા અને ગુલામીના પ્રખર આલોચકો હતાં. પરંતુ તેમણે ખાનગી મૂડી અને વૈયક્તિક હિતોને પોષતા વ્યાપારી સમાજની કોઈ આલોચના કરી નહિ. ઘણીબધી રીતે જ્ઞાનપ્રકાશયુગીન વિચારોએ નવા વ્યાપારીને ઔદ્યોગિક સમાજે નિર્માણ કરેલી અસમાનતાઓ અને દમન પ્રત્યે આંખ આડા કાન કર્યા. (ક્રમશઃ)

અનુસંધાન] ફિલ્માકાશ [પૃ. ૧૪૧

બહાર આવ્યા. એટલી વારમાં તો કુંદનલાલે બોરાલનો ચરણસ્પર્શ કર્યો. એમ લાગતું હતું કે એને એમના પીઠબળની જરૂર હતી. આ મુલાકાત, આ ગાન અને આ પગે પડવું. – બધું જ જાણે કે એક સળંગ દૃશ્યરૂપે બોરાલ પાસે એવા પીઠબળ માટેની એક વિનંતી જેવું હતું.

બોરાલ જરા ગૂંચવાઈ ગયા કે શું કરવું ? પ્લેબૅકનો જમાનો તો હજુ આવ્યે જ નહોતો. દેખાવમાં દર્શનીય હોય છતાં સરસ ગાઈ શકે તેમ હોય તેવા અભિનેતાઓની ખોટ નહોતી. કુંદનલાલ એ રીતે નાપાસ થતા હતા. એમની છ ફીટ અને એક ઈંચની ઊંચાઈ હતી. ને આ છવ્વીસ વરસની ઉંમરમાં જ માથે ટાલ પડવાની શરૂઆત થઈ ગઈ હતી. ગાયનની વાત કરી હતી તો પંકજ મલિક જેવા ધુરંધર, ભારે, સમૃદ્ધ કંઠશ્રી, જ્ઞાન અને તાલીમવાળા ગાયકો ઉપરાંત કે.સી.ડે જેવા ભાવપ્રવણ ઘેરા, હૃદયના તલને સ્પર્શ કરીને સંવેદનોને ઝંકૃત કરનારા ગાયકો મોજૂદ હતા. પહાડી સન્યાલ પણ ખરા. એ તો લખનઊની મોરીસ કૉલેજ ઑવ્ મ્યૂઝિકમાં તાલીમ પામેલા હતા. એમની ખ્યાતિ પણ અમાપ હતી.

આ બધા દિગ્ગજો વચ્ચે આ નવાસવા, તાલીમ વગરના અને દર્શનીયતા વગરના છોકરાને ક્યાં અને કેવી રીતે ગોઠવવો ?

બી.એન. સરકાર પાસે સીધી રીતે પેશ કરવાથી કામ સરે એમ ન લાગતાં પછી એમણે પોતે જ્યાં બી.એન. સરકાર અને નીતિન બોઝ સાથે જવાની હતી તે ફિલ્મડિસ્ટ્રિબ્યુટર મિસ્ટર કાઝીની પુત્રીની સગાઈ-સમારંભમાં આવવાનું અને ત્યાં ગાવાનું નિમંત્રણ આપ્યું.

આ નાના પ્રપંચે હિંદી ફિલ્મ અને ફિલ્મ સંગીતની સમગ્ર રૂખ કેવી રીતે બદલી નાખી ? એની વાત હવે જોઈશું. (ક્રમશઃ)



ગુસ્તાવ વાઈગ્લૅન્ડનું 'માનવજીવન મહાકાવ્ય'

જે વી રીતે માલવિના હૉફમૅને આ જગતની વિવિધ જાતિના મનુષ્યોનાં શિલ્પ બનાવી માનવકુટુંબની વિવિધ જાતોને અમર બનાવી તેવી જ રીતે આ ગુસ્તાવ વાઈગ્લૅન્ડ નામના શિલ્પકારે, માનવી જન્મે છે અને મોટો થતાં અનેક સંવેદનો અને સ્પંદનોમાંથી પસાર થાય છે તેનાં શિલ્પો બનાવી માનવીને અમર બનાવ્યો છે.

માણસ જન્મે છે. ખેલકૂદ કરે છે. મોટા થતાં પ્રેમ, દયા, સુખ, દુઃખ આદિ ભાવો જુવાની, ઘડપણ ઈત્યાદિ દશામાંથી પસાર થાય છે. એ બધી પ્રક્રિયાને જો કોઈએ અમર બનાવી હોય, અને તે પણ એકલે હાથે તથા લગનીપૂર્વક ત્યાગની ભાવનાથી જો કોઈએ કામ કર્યું હોય તો એક અનેરો, અનોખો, શિલ્પી ગુસ્તાવ વાઈગ્લૅન્ડ જ.

માલવિના હૉફમૅનની માફક એ પણ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં જન્મ્યો હતો. એનું જન્મસ્થાન નાર્વેનું પાટનગર ઓસ્લો, જગતની ભૂરચનામાં નોર્વે યુરોપની છેક ઉત્તરે સ્વિડનની લગોલગ પાસે અને ડેન્માર્કની ઉત્તરે ઉપર. આ ત્રણે રાજ્યો સ્કૅન્ડિનૅવિઅન કન્ટ્રિઝ તરીકે જાણીતાં છે. ઊંચા ઊંચા પહાડો અને સરોવરોથી છલકાતો દેશ. એવી જ એની પ્રજા ખડતલ અને ઉચ્ચ આદર્શવાળી. વાઈગ્લૅન્ડ પણ જન્મથી ખડતલ અને ભાવનાશીલ. ઓસ્લોમાં પ્રાથમિક શિક્ષણ મેળવી શિલ્પકલાનાં પ્રાથમિક અભ્યાસ ઓસ્લોમાં જ કર્યો, પરંતુ સંતોષ નહીં થતાં આખું યુરોપ ભટક્યો અને પાશ્ચાત્ય પરંપરાગત શિલ્પ રચના જોઈ આંગસ્ટ રોદાંનાં શિલ્પોએ ત જમાનામાં જબરો ઉલ્કાપાત કરેલો એટલે એમણે પણ પૅરિસમાં રહી રોદાંના પરોક્ષ શિષ્ય તરીકે એકલવ્યની માફક કામ કરવાનું શરૂ કર્યું. સાથે એક ઉન્નત ભાવના કે માનવજાતને માટે



શિલ્પ (ગ્રેનાઈટ-પ્લાસ્ટર)

શિલ્પ દ્વારા કોઈ અમર વસ્તુ બનાવવી. પછી તે ઓસ્લો પાછો ફરે છે. અનેક સુપ્રસિદ્ધ માનવીઓનાં વ્યક્તિશિલ્પો બનાવે છે, જેમાં ઈમેન્યુઅલ વાઈગલૅન્ડ તથા નોર્વેના વિખ્યાત ગણિતશાસ્ત્રી નોએલ્સ હેન્રિકરનું પૂરા કદનું ઊભેલું બ્રોન્ઝમાં શિલ્પ તેમજ કેમિલા કોલેટનું સુન્દર ઊભેલું બ્રોન્ઝમાં સ્મારક શિલ્પ પણ બનાવે છે, જેનાથી નોર્વેની સમગ્ર પ્રજા એના કામથી પરિચિત થાય છે.




વૃક્ષસંયોજન (પ્લાસ્ટર - બ્રોન્ઝ)

પોતે એક આદર્શ ભાવનાશીલ શિલ્પકાર એટલું જ નહી પણ આજીવન શિલ્પસાધના કરી બ્રહ્મચર્યવ્રત પાળવાનું નક્કી કર્યું છે. એનું કામ જોવા માટે માણસો આવે છે. પરંતુ પોતાને યોગ્ય લાગે એવી વ્યક્તિને જ એ સ્ટૂડિઓમાં આવવાની રજા આપે છે એક ધુની કલાકાર તરીકે એની ગણના થાય છે.

એની એક એવી તમન્ના હતી કે એક વિશાલ બાગ બનાવવો જેમાં એક મોટું જળાશય હોય. તળાવ પર પુલ હોય. પુલની બન્ને બાજુ ગ્રેનાઈટમાં શિલ્પસમૂહો હોય તળાવને કિનારે અને બાગમાં જેમ કુદરતી વૃક્ષો હોય તેવી રીતે બ્રોન્ઝમાં શિલ્પો - ઝાડો હોય. એ ઝાડ પર બાળકો, વૃદ્ધો અને નારીઓ જીવનની અનેક લીલીસૂકીની વાતો કરતાં હોય.

બાગની વચ્ચે એક મોટો, એક જ પથ્થરમાં કંડારેલો સ્તંભ હોય કે જેના ઉપર જન્મથી મરણ સુધીની માનવ-સહજ ક્રિયાઓ હોય.



વૃક્ષસંયોજન (બ્રોન્ઝ)

લઘુકથા

પોતીકું

હરીશ મહુવાકર

લાંબા અંતરની મુસાફરી — પાટણથી મહુવા-પૂરા બાર કલાકની. તમને પૂરો કંટાળો લાવી દે. ને માથે ગરમી તો, ઓહ, તોબા ! વહેલી સવારથી જ પરસેવે નીતરતા થઈ જાઓ. વળી, એટલું ઓછું હોય કે સરકારી બસ. બારીનો સતત ખખડવાનો અવાજ ને એન્જિનનો ઘૂરાંટ. આનાથી અકળાઈ જ જવાય.

એક તો તમે જલદીથી ઘર પહોંચવા તલસતા હો, બેચેન હો, મન વારંવાર ઘરે પહોંચી જતું હોય, ઘરે જઈને કૂદકા-ભૂસકા, આમથી તેમ ભટકવાનું-નાચવાનું મન થતું હોય, પણ બસ તો દુનિયાની સર્વ માયાથી અલિપ્ત હોય તેમ એની એ જ ગતિએ ચાલ્યા કરે ને માથે ઉકળાટ તો ચાલુ જ. તમને એમ થાય કે જલદી અહીંથી નાસી છૂટાય તો સારું. કમ સે કમ તમારા વતન તરફનું એકાદ ઝાડ જોવા મળે તોય તમને આમાંથી....

વળી, બસની રેકઝીનની સીટ તમારા આંતર-બાહ્ય ઉકળાટમાં વધારો કરે. ત્યાં જ વળી કોઈ સીગારેટ ફૂંકે છે તેનો સીધો જ ધુમાડો તમારી પર આવે છે ને તમે મગજની સમતુલા ગુમાવવાની અણી પર આવી જાવ છો.

તમે ખુલ્લા ખેતરોને જોવા તડપો છો. તમે બારીબહાર નજર કરો છે તો હજુય એ જ રેતાળ પ્રદેશ ચાલે છે. સાવ સુક્કી ભઠ્ઠ જમીન. વરાળ બહાર-અંદર કેંકાયા કરે. રેતી ઊડ્યા કરે. કાંટાવાળા બાવળની હાર સતત જોયા કરવાની. બીજાં વૃક્ષો ભાગ્યે જ આવે. આ દૃશ્ય અટકે ત્યાં ન ગમતું બીજું શરૂ થઈ જાય. ઉદ્યોગોના નાનામોટા શેડ, નાનીમોટી રેસ્ટોરાં ઇત્યાદિ. એક તણખલુંય તમારા પ્રદેશની નજદીક હોવાનો એહસાસ કરાવે તોય તમે...

હવે કંટાળો, બેચેની ને એકવિધતાની છેલ્લી હદ આવી ગઈ હોય એવુ તમને લાગે છે. તમને જોરથી માથું ભટકાવવાનું મન થઈ આવે છે.

આહ ! તમારું વતન, તમારું ઘર ક્યાં, ક્યારે ?

સાંજ ઢળવા માંડી. એક સ્ટેશન પર બસ અટકે છે. તમે ચીસ પાડવાની અણી પર જ હતા. ને ત્યાં એક સ્રી તમને પૂછે છે, 'ભાઈ, ઓલકોંની બસ કયાં જાય સે ?'

ને અચાનક જ આ અવાજથી તમારામાં ખુશીની છોળો ઊછળી પડે છે. તમે તરત જ સ્ટેશનનું નામ વાંચી લો છો કે તરત જ હિલ્લોળાતા નીચે ઊતરી પડો છો, અને એમને એ બસ પાસે મૂકી આવો છો ત્યારે ખુલ્લા આકાશમાં ઘરની નજીક જઈ રહેલાં પંખીઓના જોશભર્યા ઉડાનની લહેરો જાણે તમારામાં હિલ્લોળાવા માંડે છે.

પ્રસંગકથા

વિનોદ ભટ્ટ

મૌનનું કારણ

મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન માટે કહેવાય છે કે તે ઘણી મોટી ઉંમરે બોલતાં શીખ્યા હતા. મા-બાપની એ ખાસિયત હોય છે કે બાળક બોલતું ન હોય ત્યારે કાલી કાલી ભાષામાં બોલીને તેની જીભ ખોલાવવા મથે છે ને પછી બાળક બરાબર બોલતું થાય ત્યારે તેને ચૂપ કરવા પોતે મોટેથી ઘાંટાઘાંટ કરે છે. આ બાળ-આલ્બર્ટ આઈન્સ્ટાઈન એક સાંજે મા-બાપ સાથે વાળુ કરતો હતો ત્યારે તેણે જોરથી ચીસ પાડી કે આ સૂપ તો ખૂબ જ ગરમ છે. આ સાંભળી મા-બાપે આનંદ અને આશ્ચર્યથી તેને પૂછ્યું કે તો પછી આજ સુધી તું કેમ અક્ષરેય બોલતો નહોતો ?

'એટલા માટે કે સૂપ આટલો બધો ગરમ ક્યારેય નહોતો, બધું બરાબર હતું.' આઈન્સ્ટાઈને જવાબ આપ્યો.

°

'ગુજરાતનો નાથ'માં કનૈયાલાલ મુનશીએ ઉપરકોટનાં સ્મરણો ને રાણક-ખેંગારનો અદ્‌ભુત પ્રેમ ચીતર્યો હતો. આ નવલકથા લખાયા બાદ કેટલાંય વર્ષે મુનશીને સૌરાષ્ટ્ર જવાનું થયું. જૂનાગઢમાં પ્રોફેસર હરિલાલ ભટ્ટ અને કવિ કાન્તના પિતરાઈ ભાઈ તેમને ઉપરકોટ લઈ ગયા. એ બન્ને તો 'ગુજરાતનો નાથ' પર ફીદા હતા. ઉમળકાથી તેમણે મુનશીને કહેવા માંડ્યું, 'આજ વાવનું તમે શું સુંદર વર્ણન કર્યું છે ! અને આ જ બારીએથી ખેંગાર નાઠો.' તે જ ઘડીએ મુનશીએ કબૂલ કર્યું કે ભાઈ, ઉપરકોટ તો મેં કલ્પનાની આંખે જ જોયો હતો. આ સાંભળીને ઇતિહાસના એ પ્રોફેસર સ્તબ્ધ થઈ ગયા હતા.

આ બધી કલ્પના એણે નોર્વેની સરકાર સમક્ષ રજૂ કરી અને તે માટે આર્થિક મદદની માગણી પણ કરી. પહેલાં તો નોર્વેની સરકારને આ એક અ-વાસ્તવિક વસ્તુ લાગી, એનો વિપુલ ખર્ચ જોઈ મંજૂરી ન આપી. પરંતુ વાઈગ્લૅન્ડને તો યેનકેન પોતાનો આદર્શ સિદ્ધ કરવો જ હતો એટલે પોતાની પાસે જે કાંઈ પૈસા હતા તેને આધારે પોતાનું કાર્ય ચાલુ રાખ્યું. વાઈગ્લૅન્ડની આ લગની અને કાર્ય જોઈ નોર્વેની સરકાર પીગળી અને વાઈગ્લૅન્ડને ઓસ્લો શહેરની બહાર વિશાળ જગ્યા ફાળવવામાં આવી. તેમજ એના ખર્ચ માટે પણ પૈસાની જોગવાઈ કરી.

પહેલાં તો આ બાગનું નામ ઓસ્લો પાર્ક રાખવામાં આવ્યું; પરંતુ વાઈગ્લૅન્ડનો ત્યાગ અને ભક્તિ જોઈ એ પાર્કનું નામ વાઈગ્લૅન્ડ શિલ્પોદ્યાન રાખ્યું એટલું જ નહીં, પણ એને 'માનવજાતના સ્મારક' પણ ગણવામાં આવ્યો.

આ પાર્કની શરૂઆત ૧૯૨૨થી થઈ. વાઈગ્લૅન્ડનો જન્મ ૧૮૬૯માં થયો હતો અને ઈ.સ. ૧૮૯૯થી એણે સરકાર પાસે પોતાની યોજના પરિપૂર્ણ કરવા માટે પૈસાની માગણી કરી હતી, જેમાં ૭૦થી પણ વધુ શિલ્પસંયોજન પથ્થર તથા ધાતુમાં બનાવવાનું નક્કી કર્યું હતું. તેમાં જીવન અને મરણ વચ્ચે જે માનવજીવન ઝોલાં ખાય છે તેનાં સ્પંદનો અને સંવેદનો રજૂ કરવાનો વિચાર મૂર્તિમંત કર્યો. ૧૯૨૧માં એની યોજના પ્રમાણે વિશાળ બાગ બનાવવાનું નક્કી થયું, જેનું પ્રથમ નામ 'ફ્રૉગનર શિલ્પોદ્યાન' રાખ્યું, પરંતુ વાઈગ્લૅન્ડના મરણ બાદ એની સાથે વાઈગ્લૅન્ડ જોડવામાં આવ્યું. ૧૯૪૩માં પોતાના મૃત્યુ સુધી એણે લાગણીથી કામ કર્યું. એમાં સરોવર, પુલ અને ફુવારાની રચના થઈ. વચ્ચે જે સ્તંભની રચના થઈ તેની ઊંચાઈ ૫૦ ફુટ છે. તેના પર જીવન-મરણ વચ્ચે માનવ-જીવનના પ્રસંગોનાં રિલીફ શિલ્પો છે. આજે એ ઓસ્લો શહેરમાં એક અજાયબ રચના તરીકે ઊભો છે અને શહેરનું મુખ્ય આકર્ષણ છે.

એક જ વ્યક્તિએ આવડું મોટું ભવ્ય સ્મારક બનાવ્યું હોય એવું જગતના ઇતિહાસમાં ભાગ્યે જ જડશે. માઇકેલેન્જીલો અને બીજા પાશ્ચાત્ય કલાકારોએ સુન્દર કામો જરૂર કર્યાં છે, પરંતુ જેને આપણે શિલ્પાગાર તરીકે ઓળખી શકીએ એવી રચનાના શિલ્પકાર વાઈગ્લૅન્ડ કહી શકાય. એના ચિરંજીવ તત્ત્વને લઈ હજારો વર્ષ પર્યંત તે સચવાઈ રહી વાઈગ્લૅન્ડને અમર બનાવશે.

અડ હડ કો

અડબંગ

— શ્રદ્ધા ત્રિવેદી —

તેનું નામ હતું. સુશીલ પણ તેનાં કારસ્તાનો એવાં કે બધાં તેને અડબંગ જ કહેતાં. અડબંગ મો...ડો ઊઠે. બૂમો પાડી પાડીને એની માતા સવિતાબહેનની જીભના કૂચા વળી જાય ત્યારે માંડ ઊઠે. પગ વડે ચોરસો ફંગોળે. ગડી વાળીને મૂકેલાં કપડાં ફેંદી કાઢે. પોતાનાં કપડાં લઈ લે. દાંત સાફ કરે ના કરે કે જાય ઘર બહાર. તેનું ઘર નાનું, બે જ ઓરડાનું. તેનાં દાદી પથારીવશ. બારણા પાસે જ તેમની પથારી હોય. બાજુમાં દવાની શીશી, પાણીનો લોટો, વગેરે હોય. દાદીની પથારી પાસે જ ખુરશી પર દાદા બેઠા હોય. અડબંગ દાદીની દવાની શીશી પડી હોય તેય ના જુએ. એવી તો ફલાંગ મારે કે કાં તો દાદીની દવાની શીશી કાં તો પાણીનો પ્યાલો ઢોળે-ફોડે. દાદાનાં ચશ્માંય બાકાત ના રહે. જો તેની નાની બહેન ઘોડિયામાં સૂતી હોય તો તેનોય હાથ કે પગ ખેંચે. તેને રડાવે જ. તેની મા બૂમો પાડતી રહે. પણ તે કોઈનુંય સાંભળે નહીં.

રસ્તા પર જાય તો ત્યાંય જેને ને તેને ટપલાટોળી કરે. કોઈ કાકાની ટોપી ઉછાળે કે કોઈ છોકરાને માથે ટપલું મારે.

એક વાર તે બાગમાં ગયો. તો બે-ચાર ફૂલછોડને ખેંચી કાઢ્યા. ચણ ચણતાં પંખીને ગભરાવ્યાં ને ઉડાડી મૂક્યાં. કેટલાય માણસોએ તેને ઠપકો આપ્યો. પણ... તે તો ખી...ખી. કરતો બાગની બહાર રસ્તા પર જતો રહ્યો.

તે રસ્તે દોડતો હતો ત્યાં એક ગાય દોડતી આવી. તે જોરથી તેની સાથે અથડાયો. ગાયે તેને શિંગડે ભેરવ્યો. તે બૂમો પાડતો રહ્યો. પણ કોઈ તેની મદદે ના ગયું. ગામ નાનું હતું તેથી સૌ તેને ઓળખતાં હતાં. તેને ગાય મારતી હતી તે જોઈ કેટલાંકને તો આનંદ થયો.

થોડી વારે તે માંડ માંડ ગાયની પકડમાંથી છટક્યો. એક ખૂણામાં પડ્યો. તેણે 'બચાવો,' 'બચાવો'ની બૂમો પાડી પણ કોઈ તેની નજીક ના ગયું.

તેના વર્ગનો છોકરો આ બધું જોતો હતો. તે દોડતો જઈ તેની માને કહી આવ્યો. તેનાથી તો ઊઠીને ઘેર જવાય તેવું ય નહોતું. તે લોહીલુહાણ થઈ ગયો હતો. તે ત્યાં જ કણસતો પડી રહ્યો.

થોડીક જ વારમાં તેની મા હાંફળીફાંફળી ત્યાં આવી. તે માને

જંગલ / રમેશ ત્રિવેદી

વ્હેલી સવારે જાગે જંગલ,
આભે ઊડતું લાગે જંગલ.

નદીજળમાં ન્હાતું જંગલ,
પંખીભેળું ગાતું જંગલ.

ઊંચાં ઊંચાં ઝાડ જંગલ,
હસતા ઊભા પ્હાડ જંગલ.

ખળખળ ખળખળ વ્હેતું જંગલ,
વાયરાને કૈં કહેતું જંગલ ?

વાઘ, સિંહ ને હરણાં જંગલ,
જ્યાં જુઓ ત્યાં ઝરણાં જંગલ.

ભરબપોરે ઊંઘતું જંગલ,
રસ્તા-કેડી સૂંઘતું જંગલ.

ડર તો કેવો લાગે જંગલ ?
મંગલ મંગલ લાગે જંગલ.

અંધારે અટવાતું જંગલ,
રાત પડે ક્યાં જાતું જંગલ !?

વળગી પડ્યો. મા થોડી વાર તો કશું બોલી નહીં. તેને માથે હાથ ફેરવતી રહી. પછી કહે 'બેટા ! એક વાત સમજ્યો? તેં આજ સુધી કોઈની દરકાર નથી કરી તો આજે...'

'હા મા ! મને સમજાઈ ગયું કે જે ના કરે કોઈની દરકાર તેની કોણ કરે દરકાર ?' તે બોલ્યો. પછી માએ તેને માટે વાહન બોલાવ્યું. દવાખાને લઈ ગઈ. દવા કરાવી ઘેર લઈ આવી.

બીજે દિવસે સવારે બાજુવાળાં કમળામાસી તેને ઘેર આવ્યાં. પૂછે :

'સવિતા ! અડબંગને હવે કેમ છે?' અંદરના ઓરડામાં સૂતેલા અડબંગે જવાબ આપ્યો, 'માસી, હવે મને અડબંગ નહીં કહેવાનો. મારું નામ સુશીલ છે. હવે સુશીલ જ કહેજો.'

સુશીલની માંની આંખ ભીની થઈ ગઈ. ☐



જાજમના સ્વરૂપમાં તૈયાર થયેલી આ રચનામાં ભાઈ ઈશાન આચાર્યે 'કુમાર'ના અક્ષરો ગૂંથી લીધા છે તે ધ્યાનથી જોવાથી પકડી શકાશે. જપાની અક્ષરાંકનની શૈલીનો ભાસ પણ એમાં થાય છે.

'કલાસ્મૃતિ

શ્રી સોમાલાલ શાહ

ગજરાતમાં સન ૧૯૬૦ના દાયકાની આસપાસના ચિત્રકારો અને તે સમયના યુવા



ચિત્રકારો, સ્વર્ગસ્થ શ્રી સોમાલાલ શાહનાં નામ અને કામથી પરિચિત છે. જળરંગી ચિત્રોમાં, સૌરાષ્ટ્રના ભાવનગર, પ્રદેશની, ધરતીનાં ગ્રામીણ નરનારી, મોટાં ચાઠાંવાળી ગાયો, બકરીઓ સાથેની ગોવાલણો, શરમાળ ચહેરા, મુગ્ધ સ્ત્રીપાત્રો, દૂધની તાંબડી લઈ જતી મહિયારણો, સાયંકાળે સર્જાતું ગોધૂલિનું ચિત્ર — આવી કંઈક ચિત્રરચનાઓ તેમણે ગુજરાતના કલાજગતને આપેલું પ્રદાન છે.

તેમની કાર્યશૈલીમાં પ્રથમ વૉશ-પદ્ધતિનાં ચિત્રો અને કલકત્તાની મુલાકાત પછીથી આવેલા ફેરફારમાં, અપારદર્શક, સફેદ રંગનો ઉપયોગ કરીને તબક્કાવાર સર્જાએલાં ચિત્રો દર્શકને



લાગણીઓને લલચાવનારાં બની શક્યાં. જેમ રૂપાળાં નાનાં બાળકોને જોઈને તેમને ઊંચકી લેવાનું કે રમાડવાનું કે, ચૂમી લેવાનું મન થાય તેમ, તેમનાં ચિત્રોનાં, વિવિધ પાત્રોને જોઈને સ્પર્શ કરવાનું મન થાય. ભાતીગળ કપડાં, ભરાવદાર શરીર અને આંખોની માદકતા, કામણગારાં લાગે છે. તેમાં પણ સફેદ રંગના મિશ્રણથી બનેલા ખાસ પ્રકારના, લાલ, પીળા, લીલા ઘેરા રંગોમાં જાણે કે કાંઈક ગામની ભાગોળે પાત્રો ઊભાં હોય તેમ જણાય છે. જાણે કે રંગો ઘૂંટીઘૂંટીને વાપર્યા હોય. ક્યાંક પારદર્શક અને ક્યાંક, અપારદર્શક ચિત્રપદ્ધતિ અને તુલિકાના જાડાપાતળા લસરકા એ તેમની ખાસ લાક્ષણિકતા હતાં.

આવા આ કલાકારનો જન્મ કપડવંજમાં સન ૧૯૦૫માં થયો હતો. ચિત્રાંકનની શરૂઆત સન-૧૯૧૭, આસપાસ. સન-૧૯૨૪માં મેટ્રિક પાસ. ૧૯૨૫માં તેમના ચિત્ર 'પાણીવાળી'ને ઇનામ અને અમદાવાદમાં ગુજરાત કૉલેજમાં અભ્યાસ માટે આગમન ભણતરમાં કંઈ ચિત્ત લાગ્યું નહીં. દરમ્યાન તેમની મુલાકાત, કલાગુરુ રવિશંકર રાવળ સાથે થઈ. તેઓએ સોમાભાઈમાં પ્રખર ચિત્રકારનો આત્મા જોયો. રવિભાઈનાં પ્રોત્સાહન અને ભલામણથી તેઓ ૧૯૨૬માં મુંબાઈમાં સર જે.જે. સ્કૂલ ઑવ્ આર્ટમાં અભ્યાસ અર્થે જોડાયા. ૧૯૨૬માં 'પ્રભુચરણે' ચિત્રને મુંબાઈમાં, સુવર્ણ ચન્દ્રક મળ્યો. આમ, ચિત્રકલાની તાલીમ પૂર્ણ થઈ ઇંગ્લિશ પદ્ધતિનાં, પ્રકાશ અને છાયાવાળી ચિત્રરચનાઓમાં કુશળતા મેળવી છતાં ચિત્રકાર્યમાં મન ગોઠતું નહોતું. આ અરસામાં બંગાળના ચિત્રકાર શ્રી પ્રમોદકુમાર ચે[illegible]જી વડોદરાના કલાભવનમાં, થોડાક સમય માટે આવેલા : તેઓ વૉશપદ્ધતિ અને ટેમ્પરા પદ્ધતિના સારા જાણકાર હતા. સાથે અવનવા પ્રયોગો પણ વિદ્યાર્થીઓ પાસે કરાવતા. શ્રી રવિભાઈએ સોમાભાઈને વધુ અભ્યાસ માટે વડોદરા શ્રી પ્રમોદકુમાર પાસે મોકલ્યા. અહીં તેમણે પદ્ધતિસરનું પોતાને ગમતા પ્રકારનું જ્ઞાન મેળવ્યું. ૧૯૨૭માં તેમનાં લગ્ન થયાં.

ચિત્રકલાની આગવી તાલીમ શાંતિનિકેતનમાં નંદલાલ બોઝ પાસે લઈને આવેલા, ઘણા બધા મિત્રોમાં કનુ દેસાઈની વાતો સાંભળીને શ્રી સોમાભાઈને પણ શાંતિનિકેતન અભ્યાસ અર્થે જવાનું મન થયું. ૧૯૨૮માં કલકત્તા ગયા. આર્થિક રીતે ગોઠવણ ના થતાં શાંતિનિકેતનને બદલે કલકત્તાની 'ધી ઇન્ડિઅન સોસાયટી ઑવ્ ઓરીએન્ટલ આર્ટ્સમાં જોડાયા. અહીં અવનીબાબુ અને ગગેન્દ્રનાથની વ્યવસ્થામાં રહ્યા, ગુરુઓ હતા, ક્ષિતીન્દ્રનાથ મજમુદાર અને નવેન્દ્રનાથ ઠાકુર. અહીં બેંગાલ સ્કૂલની ચિત્રપદ્ધતિઓનું જ્ઞાન મેળવ્યું. પ્રદર્શનોમાં ભાગ લીધો, સંજોગવશાત્, અભ્યાસ પૂર્ણ કરીને તેમજ નાદુરસ્ત તબિયતને કારણે કપડવંજ પરત આવ્યા. કામકાજની શોધમાં, મુંબાઈ પ્રયાણ કર્યું. નાનાંમોટાં કામ સાથે ચિત્રસર્જન ચાલુ રાખ્યું. તેમનું એક ચિત્ર ફૂલબાળા, 'કુમાર' સામયિકના-૧૯૨૯ના અંકમાં પ્રસિદ્ધ થયું. અને સોમાલાલ શાહની ચિત્રશૈલીનાં દર્શન ગુજરાતની કલાપ્રિય પ્રજાને થયાં.

શ્રી રવિભાઈ પોતાની ટેવ પ્રમાણે દરેક તેજસ્વી કલાકારને નોકરી કે વ્યવસાયમાં ક્યાંક ને ક્યાંક ગોઠવતા. ભાવનગરની 'દક્ષિણામૂર્તિ' સંસ્થાને ચિત્રશિક્ષકની જરૂર છે તે જાણતાં જ, રવિભાઈએ સોમાલાલ શાહને ભાવનગરની ઉપરોક્ત સંસ્થામાં ગોઠવ્યા. સોમાભાઈને અહીં ચિત્રકલા સાથે અન્ય વિષયો પણ શીખવાડવા પડતા. છતાં તેઓ શાળાનો સમય પૂર્ણ થયા બાદ ચિત્રના વર્ગ લેતા સાથે પોતે પણ સર્જન કરતા. ૧૯૨૯થી સોમાભાઈએ ભાવનગરમાં ઘણ વર્ષો વિતાવ્યાં. દક્ષિણામૂર્તિ બંધ થતાં, 'કુમાર શાળામાં જોડાયા. પછીથી આલ્ફ્રેડ હાઈ સ્કૂલમ ચિત્રશિક્ષક થયા. સંસારયાત્રા સાથે કલાયાત્ર પણ ચાલુ રહી. અસંખ્ય પક્ષીચિત્રો દોર્યા ૧૯૩૪-૩૫ની સાલમાં તેમનો લગભગ ૧૨ ચિત્રોવાળો એક ચિત્ર સંપુટ પ્રકટ થયો. જે નામ હતું 'રંગરેખા', લોકોમાં ખૂબ જામ્યો પ્રશંસા પામ્યો, અને તેમને રંગના કવિનું બિરુ મળ્યું. આ સંપુટ જોઈને રાષ્ટ્ર કવિ ઝવેરચં મેઘાણીએ કહ્યું : અરે ! સાહિત્યકલા કરત ચિત્રકલા આગળ નીકળી ગઈ હોય તેમ લાગે છે. લોકપ્રિયતા સાથે ૧૯૪૬માં ઑલ ઇન્ડિય ફૂદન આર્ટ સોસાયટી ન્યૂ દિલ્હીનું પારિતોષિક ૧૯૪૯માં રણજિતરામ સુવર્ણ ચન્દ્રક ૧૯૫૦માં રાજકોટમાં ચિત્રપ્રદર્શન અ ૧૯૬૪માં અમદાવાદમાં આવીને સ્થાયી થયા આ અરસામાં ચિત્રસર્જન સાથે પાઠ્યપુસ્તકોમ વાર્તાચિત્રો, પ્રસંગચિત્રો પણ એમણે ઘણાં કર્યાં

(અનુસંધાન પૃ. ૧૬૯)

✺ કલાવાર્તા ✺

ગજેન્દ્ર શાહ

હૃષ્ટપુષ્ટ સપ્રમાણ ઊંચાઈ ધરાવતી દેહયષ્ટિ, સફેદ, થોડી ભરાવદાર મૂછો અને



એવા જ કેશ, પાતળી ફ્રેમનાં ચશ્માં, સાદા પણ સુઘડ પોષાક અને વાણીવ્યવહારમાં પૂરતી કાળજી એ છે ગજેન્દ્ર શાહની વ્યક્તિત્વ-ઓળખ. માણસ તરીકે મળીને સંયમપૂર્વકના વાર્તાલાપમાં એમની સાથે મેળ જામે. પરન્તુ આ વ્યક્તિ કોઈ સરસ કલાકાર હશે એવો બાહ્ય આડંબર એમને જોતાં તમને વર્તાય નહિ.

એમનો જન્મ સાદરામાં ૧૯૩૭માં. ૧૯૫૭-૬૦ દરમિયાન મુંબાઈની સર જે.જે. સ્કૂલ ઑવ્ આર્ટમાં અભ્યાસ કરી કલાનો ડિપ્લોમા મેળવ્યો. ૧૯૬૦-૬૧ના ગાળામાં દિલ્હીમાં મ્યૂરલ, કલાકામ અને ફર્નિચરની ડિઝાઈનો કરવામાં રોકાયા. ૧૯૬૧-૬૫ સુધી 'ધ પારેખ્સ', અમદાવાદમાં ઇન્ટિરિઅર ડિઝાઈનર તરીકે કામ કર્યું અને ૧૯૬૫થી ૧૯૯૬ સુધી આ કસબને વ્યવસાય તરીકે સ્વીકારી અમદાવાદમાં સારી કીર્તિ કમાયા. અમદાવાદમાં શહેરમાં વસતા ત્યારે 'કુમાર'ની કલાશાળા અને તેના કલાવાચનવિમર્શથી ઘડાયા. એમણે ચિત્રકલાની એકધારી મૂક સાધના કરી છે તો બીજી તરફથી સંગીતનો પણ અચ્છો શોખ ધરાવે છે.



કેદાર ઘાટ - બનારસ

એઓ ચિત્રકલામાં મિશ્ર માધ્યમોમાં કામ કરે છે. દૃશ્યચિત્રોથી માંડીને વિવિધ પાત્રસર્જનો અને મ્યૂરલોમાં પોતાની કલા અને કલ્પનાશક્તિનો સુચારુ પરિચય કરાવ્યો છે. એમની રંગરેખાસૂઝ આગવી તથા આનંદદાયક છે. વાતાવરણને અને પાત્રના માનસ તથા પરિવેશને તેઓ સુપેરે સમજીને પીંછીથી જીવંત બનાવે છે. ઘનવાદ, ભાવાભિવ્યક્તિવાદ અને લોકસંસ્કૃતિની અસરો એમનાં ચિત્રોમાં દૃષ્ટિગોચર થયા વગર રહેશે નહિ. માત્ર ફૅશનપરસ્તીથી તેઓ આધુનિકતાવાદમાં ઘસડાતા કે ઢસડાતા નથી.

એમણે શાસ્ત્રીય વાદકો-ગાયકો અને લોકસંસ્કૃતિના સંગીતકારોના પાતળી પણ ધારદાર રેખાઓથી નયનરમ્ય જીવંત પાત્રસર્જનો કર્યાં છે. આ અંકના મુખપૃષ્ઠ માટે એમણે ખાસ હોળીના ઉત્સવનું ચિત્ર તૈયાર કરી આપ્યું છે. એમાં પણ કનુ દેસાઈની લહેરાતી રેખાઓ અને શાન્ત રંગો, હુસેનનું બળકટ આકૃતિસર્જન અને આપણો લોકસાંસ્કૃતિક રંગવારસો એમણે આત્મસાત્ કરી નિજી રીતે હોળીના આ ઉત્સવને સજીવ કરી આપ્યો છે. એમણે બનારસને કેન્દ્રમાં રાખીને પણ ચિત્રાવલી તૈયાર કરી છે, જેનું પ્રદર્શન થોડા મહિના પહેલાં અમદાવાદમાં 'આર્ચર' આર્ટ ગૅલરીમાં યોજાઈ ગયું. આ ઉપરાંત પણ ૧૯૭૦થી ૨૦૦૦ સુધીમાં અમદાવાદ, મુંબઈ, જયપુર, સુરત, દિલ્હી



દશાશ્વમેધ ઘાટ - બનારસ



તબલા-વાજિંત્રવાદકો (ચિત્રકાર : ગજેન્દ્ર શાહ)

આદિ સ્થળોની આર્ટ ગૅલરીઓમાં એમણે વ્યક્તિગત ચિત્રપ્રદર્શનો યોજ્યાં છે. એમણે જૂથપ્રદર્શનોમાં પણ ભાગ લઈ પોતાની વિશિષ્ટતાથી ચિત્રભાવકોને રસતરબોળ કર્યા છે. ૧૯૬૫થી ૧૯૮૦ના ગાળા દરમિયાન પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે ગુજરાત રાજ્ય તરફથી જે દૃશ્યો રજૂ થયાં તેમાં પણ સક્રિય સર્જનાત્મક હિસ્સો આપ્યો છે.

એમની ચિત્રકલાની કદરરૂપે એમને 'વેટરન આર્ટિસ્ટ ઍવૉર્ડ' (દિલ્હી), ૧૯૭૪, '૭૭, '૭૯, '૮૦, '૮૧માં ગુજરાત રાજ્ય તરફથી નવી દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિન નિમિત્તે રજૂ કરાયેલાં દૃશ્યોમાં પણ તેમને ઍવૉર્ડ મળ્યા છે. એમને ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી તરફથી હાલ આ વર્ષે ચિત્રસર્જન માટે 'ફેલોશિપ' પણ મળી છે.

એમને જેટલો રસ ચિત્રો સર્જવામાં છે તેટલો ચિત્રોનાં શિક્ષણપ્રસારમાં પણ છે. ભારતનાં મુખ્ય નગરોની આર્ટ ગૅલરીનો માહિતીકોશ પણ તેમણે ૧૯૯૭માં પ્રકટ કર્યો



ત્રણ દરવાજા - અમદાવાદ

છે. એમનાં ચિત્રો અમદાવાદ સિટી મ્યૂઝીઅમ, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી, તાજમહેલ હોટેલ (મુંબઈ) આર્ટ ફોલિઓ આર્ટ ગૅલરી (ચંદીગઢ), શિલ્પ આર્ટ ગૅલરી (રાજકોટ) આદિ સ્થળોએ પ્રદર્શિત છે તો ભારત અને ભારત બહાર કેટલાક કલાશૉખીનોના વ્યક્તિગત સંગ્રહોમાં પણ તે સ્થાન પામ્યાં છે.

એમણે પોતાની ચિત્રસાધનાના એક ભાગ રૂપે ભારતની લગભગ પ્રમુખ આર્ટ ગૅલરીઓની અને કલાસંગ્રહસ્થાનોની મુલાકાત લીધેલી છે. ઉપરાંત એમણે યુ.કે., ફ્રાન્સ, સ્વિટ્ઝરલૅન્ડ, ઈટલી, ઑસ્ટ્રિઆ, ચેકોસ્લોવેકિયા, જર્મની, ડેનમાર્ક, હૉલૅન્ડ આદિ દેશોનો પ્રવાસ કરી ત્યાંનાં મ્યૂઝીઅમોની મુલાકાત લીધી છે.

આવી સજ્જતા છતાં, ક્યાંય વ્યક્તિત્વમાં એનો ભાર રાખ્યા વગર, સ્વમાન અને સૌજન્ય-શીલતાનો સુમેળ ધરાવતા, સતત કલારત અને કલાપ્રવૃત્ત રહેતા આ કલાકાર પાસેથી નવાં નવાં સર્જનોની અપેક્ષા રહે તે સ્વાભાવિક છે. -ધીરુ પરીખ

હકુ શાહની કલાનું સમુચિત સન્માન

(ઇન્વિઝિબલ ઑર્ડર : ટ્રિબ્યૂટ ટુ હકુ શાહ)

'ઇન્વિઝિબલ ઑર્ડર' (અદૃશ્ય સુસંવાદિતા) આર્ટ ઈન્ડસ, ૩૭ સંતુષ્ટિ શૉપિંગ આર્કેડ, અશોક તથા સમ્રાટ હોટેલ સામે, ચાણક્યપુરી, નવી દિલ્હી-૧૧૦૦૦૩નું ઉત્કૃષ્ટ બહુરંગી પ્રકાશન છે. ડબલ ડિમાઇ કદમાં ૨૦૮ સુઘડ પૃષ્ઠોનું આવું પુસ્તક ગુજરાતના એક કલાકારને પ્રશંસવા માટે પ્રકટ થાય એ આપણે સૌને માટે ગૌરવની વાત છે. સંપાદક ફિશરે આ ગ્રંથ સાવ આમતેમ નથી રચી નાખ્યો. ત્રણ વર્ષ સુધી તો





તેઓ હકુભાઈના નિકટના પડોશી હતા. ૧૯૬૫ થી '૭૫ના દાયકામાં બન્ને સહયોગી હતા. એ પછી પણ ફિશર જ્યારે હિન્દ આવ્યા છે અને હકુભાઈ યુરોપ ગયા છે, ત્યારે તેઓ મળ્યા છે, મંતવ્યોની આપલે કરી છે અને પરસ્પરનો લાભ મેળવીને ઊર્ધ્વીકરણ સાધ્યું છે.

ગ્રંથમાં હકુભાઈનાં ચિત્રકાર અને શિલ્પકાર તરીકેનાં પાસાંને અનેકવિધ અધિકારી જનોએ વિવિધ દૃષ્ટિકોણથી મૂલવ્યું છે. આવાં પચાસ જેટલાં નોંધપાત્ર નામોમાં કેટકેટલાં વિશિષ્ટ વ્યક્તિત્વોનો સમાવેશ થાય છે : પુપુલ (ઇન્ડિયા ફેર) જયકર, એચ.વાય. શારદાપ્રસાદ, મુલ્કરાજ આનંદ, સ્ટેલા ક્રેમરિશ, ચાર્લ્સ કોરીઆ, બાલકૃષ્ણ દોશી, શંખ ચૌધરી, નારાયણ દેસાઈ, અનીસ જંગ.. આ સૌ સ્વયં બહુરાષ્ટ્રિય પ્રતિભા ધરાવતાં નામો છે. એમણે દરેકે હકુભાઈને વિષે જે લખ્યું છે તે અહીં ઉતારતાં પાનાંનાં પાનાં ભરાય એટલે કેટલાંક વિશિષ્ટ અવતરણો જ જોઈએ.



કલાકાર હકુ શાહનાં ત્રણ વ્યક્તિચિત્રો

જગતભરમાં ભારત વિષેના મેળા યોજીને આપણી કળા, સંસ્કૃતિ અને સર્જકતાનો પરિચય પ્રસારવા મથનાર પુપુલ જયકરે એમને 'ચિત્રકાર, ચિત્રકળાના ઇતિહાસકાર, આદિવાસી તથા વિચરતી જાતિઓ તથા મીડિયાના મિત્ર, સુસજ્જ સંસ્કારપ્રસારકો તથા વિદ્વાનોના સહયોગકર્તા' તરીકે ઓળખાવ્યા છે. હકુભાઈ આદિવાસીઓની કળા અને જીવનરીતિ તે ઓળખવા તથા ઓળખાવવા માટે જે અદમ્ય અને અથાક જુસ્સાથી મથતા રહ્યા છે, એને પુપુલબહેને અનોખા શબ્દોમાં અંજલિ આપી છે. 'હકુ શાહ નેવર ગ્યૂ ઓલ્ડ' અહીં 'કદી મોટા ન થયા' એ શબ્દોમાં શ્લેષ છે. તેઓ અથાકપણે કાર્યશીલ રહ્યા તે એક અર્થ છે, અને એમનું કુતૂહલ સદાય બાળસુલભ રહ્યું, એવો બીજો અર્થ છે.

એચ.વાય. શારદાપ્રસાદ વરિષ્ઠ પત્રકાર અને વર્ષો સુધી વડા પ્રધાન ઇન્દિરાજીના અખબારી સચિવ હતા. એમણે એક અર્થઘન વાક્ય લખ્યું છે : 'એમનો કળાસંગ્રહ એમની સાથે ફરીને જોવો એ વિરલ સંશોધન- પ્રવાસ, વૉયેજ ઑવ્ ડિસ્કવરી બની રહે છે.'

આપણા અગ્રહરોળના કળાવિવેચક અને સાહિત્યકાર મુલ્કરાજ આનંદે કહ્યું છે : 'ફ્રેન્ચ બુદ્ધિજીવી અને કલાપ્રેમી આન્દ્રે માલરૉના (જેમને જનરલ દ'ગોલના સમયમાં સંસ્કૃતિપ્રધાન બનાવવામાં આવ્યા હતા - યશ.) એક વાર મને લખ્યું હતું કે આપણી ભૂમિના અંતરિયાળને, ગામોને અને વનો વચ્ચેના વાસોને નહિ જોવા પામવાનો એમને વસવસો છે. મેં એમને જણાવ્યું કે જો કદી અમારા દેશમાં પુનઃ આવવાનું થાય તો ગુજરાતમાં અમદાવાદ જજો, જ્યાં એક ઉખડેલ ખોપરીના (એક્સેન્ટ્રિક)



આદમીએ અનામી રહેતી માનવતાની સર્જનાત્મક કૃતિઓના સંખ્યાબંધ નમૂના એકત્ર કર્યા છે.

મૂળે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી ૧૯૫૫માં ફાઈન આર્ટ્સની સ્નાતકની અને ૧૯૫૯માં ફાઈન આર્ટ્સની અનુસ્નાતક ડિગ્રી મેળવનાર હકુભાઈએ ૧૯૫૫માં સુરત જિલ્લાના વેડછીમાં ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં બુનિયાદી તાલીમની કૉલેજમાં શિક્ષક તરીકે કામગીરી શરૂ કરી, અને ત્યાં આદિવાસી વિસ્તારમાં વસતાં પ્રકૃતિનાં એવાં આ ભૂમિનાં મૂળ વાસીઓની કળા અને જિંદગીમાં એમને એવો રસ પડી ગયો કે પછીની સમગ્ર જિંદગીમાં મૂળવાસી માનવીનાં કળાસંસ્કારનું જતન, સંગ્રહ, પોષણ, પરિચયન અને વિસ્તરણ એ જ એમની મુખ્ય પ્રવૃત્તિ રહી છે.

પોતે ખૂબ સારા કલાકાર અને કલાશિક્ષક, એટલે કારકિર્દી તો બહોળી અને ભરીભરી રહી છે. અમદાવાદની નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ ડિઝાઇન (એન.આઈ.ડી.)માં ૧૯૬૨થી '૬૭ રીતસર સેવા આપી અને છેલ્લાં ૨૫ વર્ષોથી ત્યાં અતિથિ શિક્ષક તરીકે લાભ આપે છે. ૧૯૬૯થી અત્યાર સુધી ગુજરાત વિદ્યાપીઠના મૂળ વાસી સંગ્રહાલયના ક્યૂરેટર છે. આ દરમિયાન અમેરિકાની મિનોઈ ઇન્ટરનૅશનલના સલાહકાર તરીકે, સ્કૂલ ઑવ્ આર્કિટેક્ચર અમદાવાદના અધ્યાપક તરીકે, યુનિવર્સિટી ઑવ્ કૅલિફૉર્નિયાના અધ્યાપક તરીકે, એમ કામગીરીઓ બજાવતા રહ્યા છે. ઉપરાંત સવા ડઝન જેટલી સંસ્થાઓમાં સભ્ય કે સલાહકાર તરીકે કામ કરે છે. બે ફિલ્મો ઉતારી છે. બે ડઝન જેટલાં મહત્ત્વનાં પ્રવચનો દેશમાં ઉપરાંત અમેરિકા, મૅક્સિકો, જપાન, હોલૅન્ડ, સ્વિટ્ઝરલૅન્ડ વગેરેમાં એમણે આપ્યાં છે અને એ રીતે હિન્દનાં મૂળવાસીઓની કલા અને સંસ્કારિતાની વાત વિશ્વસ્તરે પહોંચાડી છે. મૂળવાસીઓની કળાના પોતે એકત્ર કરેલા નમૂના એમણે અનેક સંસ્થાઓ અને પ્રદર્શનોને લોન આપ્યા છે, અને આ પ્રકારનાં પ્રદર્શનોમાં સહયોગ કર્યો છે. મૂળવાસીઓના સંસ્કારોનો મહિમા કરતા ગ્રંથો પણ એમણે લખ્યા છે, 'કૉમ્યુનિટી ઍન્સેસ્ટર વર્શિપ' (સામૂહિક પિતૃપૂજા), 'રુર્શિલ ક્રાફ્ટ્સમેન ઍન્ડ ધેઅર વર્ક', (ગ્રામીણ કારીગરો અને એમની કૃતિઓ) 'મોગરા દેવ', 'વેનરા ને ખાંભા', 'ફોક મિથ ઍન્ડ ટ્રાઇબલ મૅજિક' (લોક-દંતકથાઓ અને મૂળ જાતિઓમાં જાદુટોણાં) વગેરે. પુસ્તકો ઉપરાંત લેખો અને ઇન્ટરવ્યૂ દ્વારા પણ એમણે પોતાના આરાધ્ય વિષયની વાત પ્રસારવા કોશિશ કરી છે.

લોકસંસ્કાર અને ખાસ કરીને મૂળવાસીઓના સંસ્કારના જ્ઞાતા અને પ્રસારક તરીકેના એમના વિશ્વપ્રશસ્ત પાસા જેટલું જ મહત્ત્વનું પાસું ચિત્રસર્જક, શિલ્પી અને લેખક તરીકેનું છે. છેક ૧૯૬૧થી શરૂ કરીને ૩૦ જેટલા વન-મૅન શો એમનાં ચિત્રોના અને તસવીર-કળાના યોજાયા છે. આ લખનાર કોઈ કળાવિવેચક નથી, એટલે કેટલાક નિષ્ણાતોનાં અવતરણો જોઈએ :

સન્તો દત્ત : 'ભૂતકાળના સંસ્કાર-અવશેષે અને વર્તમાનના સંસ્કાર-પ્રવાહોનું સંયોજન ધર્મ અને કળાના સમગ્ર ઇતિહાસ પર્યન્ત થતું રહ્યું છે. દાખલા તરીકે, આર્યો પૂર્વેનાં લોકજાતિમાં તથા કળાનાં તત્ત્વો પ્રાચીન બૌદ્ધ સંસ્કારોમાં જોઈને જાણકારોને નવાઈ નથી લાગતી. આવાં સંયોજન અને સમરસતાના અંશો પ્રારંભિક અને ઉત્તર-મૌર્યકાલીન શિલ્પોમાં દૃષ્ટિગોચર થાય છે. હકુ શાહની બાબતમાં પણ આ જ સંયોજના અને સમરસતાની પ્રક્રિયા પ્રકટી છે.'

સુનીત ચોપરા : 'મને લાગે છે કે અ આપણને માનવ આકૃતિની 'શાશ્વત' છબી બતાવવા માગે છે, જે છેક ઉર, બૅબિલોન, મોહેં જો-ડેરો અને હડપ્પાથી આપણને પરિચિત છે. (આ પ્રાચીન) સ્થળોમાં બે તો એવાં છે જેમણે તળ ગુજરાતના સંસ્કારોમાં ઊંડી અસર છોડી છે.'

આમ, એક કલાકાર તરીકે હકુભાઈની વિશેષતા એ છે કે આપણા પ્રદેશના હજારો વર્ષોના કલાવારસાનું વર્તમાન સાથે અનુસંધાન અને સંયોજન સાધતી ચિત્રકળા એમણે આત્મસાત્ કરી છે.

હકુભાઈએ જેમ પરંપરામાંથી પાથેય મેળવ્યું છે તેમ પરંપરાને પોતાની પાછળ અનુસંધિત પણ કરી રહ્યા છે. સંખ્યાબંધ સંસ્થાઓમાં એમણે પ્રેરેલા સંખ્યાબંધ કલાકારો ધરતીના ધાવણને દીપાવતી કળા પ્રકટાવી રહ્યા છે.

—યશવન્ત મહેતા

કલાવૃત્ત

છ કલાકારોનું પ્રદર્શન

અમદાવાદની હરવિટ્ઝ ગૅલરીમાં મહારાષ્ટ્રના યુવા કલાકારો નીતિન હાદપ, સંજીવ વ્યાવહરે, ઝાકિર શેખ, હર્ષિદા સાવંત, અરવિંદ કોલાપકર તથા સુનિલ શેલ્કે ચિત્રો જોઈને તથા તેમને વ્યક્તિગત મળી, તેમનાં ચિત્રો અંગે ચર્ચા કરવાનો મને એક સુખદ અનુભવ થયો. હવે તો પૂર્વેની બંગાળી સ્કૂલની માફક વર્તમાન મુંબઈ સ્કૂલ જેવી અલગ પહેચાન ઊભી કરી રહેલી સ્કૂલથી અલગ રીતે અમૂર્ત ચિત્રશૈલીમાં સર્જન કરવાને બદલે તેમણે બાહ્ય જગતમાંથી આંતરજગત એમ ઉભયમાંથી પ્રેરણા મેળવી આકૃતિપ્રધાન કૃતિઓ સર્જી છે.

નીતિન હાદયનાં ચિત્રો સમયના પરિમાણને દર્શાવે છે. સાદાં રૂપો તથા અર્થપૂર્ણ અંતસ્તત્ત્વવાળાં આ ચિત્રો નોંધપાત્ર છે. સંજીવ વ્યાવહરે કુદરતમાંથી પ્રેરણા લઈ, ખાસ તો પર્ણોમાંથી, માનવીય તથા પ્રકૃતિના સંબંધોની પર્ણોમાં રૂપાન્તરિત થતી માનવાકૃતિ વ્યક્ત કરે છે. ઝાકિર શેખનાં માધ્યમનાં ચિત્રો લયમુક્ત આકારોમાં તેમની લાગણીઓને હિંમતભરી રીતે, તેજસ્વીપણે રજૂ કરે છે. સુનિલ શેલ્કેનાં ભૂમિરંગોમાં દૃશ્ય કાવ્યનાં દર્શન થાય છે. અરવિંદ કોલાપકરનાં સુકુમાર લાગણીપ્રધાન




પાંદડાંઓમાં - કૅનવાસ પર ઍક્રેલીક
(કલાકાર : સંજીવ વ્યવહારે)



સ્વામી તલરંગી (કલાકાર : હર્ષિદા સાવંત)



૯મી માર્ચ - કેનવાસ પર તૈલરંગી
(ચિત્રકાર : અરવિંદ કોલાપકર) >>>



રંગીન કાગળના ટુકડાઓનું સંયોજન (કલાકાર : નવીન ઢગત

ચિત્રો છાયા-પ્રકાશની ટેક્નિકમાં સ્ત્રી-પુરુષને નાટ્યાત્મક રીતે દર્શાવે છે. હર્ષિદા સાવંત નાઇક ટેક્નિકના ઉપયોગ દ્વારા રોજબરોજના અનુભવોને આલેખે છે. -બં. દલાલ

નવીન ઢગતનાં ચિત્રો

ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીની ૧૯૯૯-૨૦૦૦ના વર્ષ માટે કલાકારોની સીનિઅર ફેલોશિપ મેળવનાર કલાકાર નવીન ઢગતે તેના ફલસ્વરૂપે સર્જનાત્મક કૉલાજકાર્યનું એક નોંધપાત્ર પ્રદર્શન યોજ્યું. ૧૯૪૯માં નડિયાદમાં જન્મેલા નવીન ઢગતે ડી.ટી.સી. ડિપ્લોમા ઇન પેન્ટિંગ તથા આર્ટ માસ્ટરની પરીક્ષાઓ પાસ કરી છે. ૧૯૮૫ થી ૧૯૯૭ અને તાજેતરમાં યોજેલાં વન-મેન શોઝ, મુંબઈ, દિલ્હી તથા અમદાવાદ શહેરમાં નોંધપાત્ર રહ્યાં. ૧૯૭૨થી ૧૯૯૭ સુધીમાં મુંબઈ, દિલ્હી અને અમદાવાદમાં ટુ મેન શો યોજાયા. ૧૯૭૨થી ૧૯૯૯ સુધીમાં દિલ્હી, જયપુર તથા અમદાવાદમાં ગ્રૂપ શો યોજાયા. ૭માં ટ્રિનાલી ઑવ્ ઇન્ડિયામાં, સેન્ટ્રલ લલિત કલા કૅમ્પ સિમલા ખાતે, કુલુમનાલિ ખાતે ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા યોજિત શિબિરોમાં તેમણે ભાગ લીધો. તેમને ૧૯૮૭માં હૅન્ડિક્રાફ્ટ માટે નૅશનલ ઍવૉર્ડ મળ્યો, કારણ કે વર્ષોથી તેઓ અમદાવાદના વીવર્સ સેન્ટરમાં કલાકાર-ડિઝાઇનર તરીકે સેવાઓ આપતા આવ્યા છે. ૧૯૭૦માં મૈસુર દશેરા પ્રદર્શનમાં, ૧૯૭૨, '૭૫, '૮૯, '૯૨ તથા ૯૫'માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીનાં પ્રદર્શનોમાં, નૅશનલ ડ્રૉઇંગ પ્રદર્શન ચંદીગઢમાં તેમને પારિતોષિકો મળ્યાં. વળી. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન તરફથી ૧૯૭૫, ૧૯૮૮ તથા ૧૯૮૯માં ઇનામો મળ્યાં. તેમનાં ચિત્રો દિલ્હીની મૉડર્ન આર્ટ ગૅલરી, ગુજરાતની લલિતકલા અકાદમીમાં તથા અન્ય મહત્ત્વની સંસ્થાઓ અને ખાનગી સંગ્રહોમાં રખાયાં છે. જર્મની, અમેરિકા અને લંડનમાં પણ તેમની કૃતિઓ ખાનગી સંગ્રહોમાં સચવાઈ છે. વિબગ્યોર ગ્રૂપના તેઓ માનદ સભ્ય છે. તેઓ સંવેદનશીલ કવિહૃદય ધરાવતા હોઈ કાવ્યો લખે છે અને. -બંસીલાલ દલાલ

અનુસંધાન] કલાસ્મૃતિ [પૃ. ૧૬૫થી

૧૯૬૮માં રાજ્ય લલિતકલાએ તેમને ગૌરવ પુરસ્કારથી નવાજ્યા અને તેમનું પ્રદર્શન યોજ્યું. ૧૯૬૯માં વડોદરા અને મુંબઈમાં તેમનાં ચિત્રપ્રદર્શન યોજ્યાં. ૧૯૭૭ અને ૧૯૮૩માં પુત્રના આયોજનથી અમેરિકાનો પ્રવાસ થયો. ૧૯૮૪માં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન તરફથી સન્માન અને અન્ય ઘણાં સન્માનો મેળવ્યાં જેમાં રવિશંકર રાવળ રૂ. એક લાખનો પુરસ્કાર મહત્ત્વનો ગણાય.

શ્રી સોમાભાઈ કહેતા કે ચિત્રકૃતિ કોઈ પણ વાદ, પરંપરા, કાળ કે માધ્યમની હોય પણ તેને જોઈને મન આનંદિત થવું જોઈએ. જેમ કે પોતાના કામ થી થાકેલો માણસ ઘેર આવીને આરામખુરશીમાં બેસતાં જેવી હાશ ! અનુભવે તેમ ચિત્ર જોતાં કે સંગીત સાંભળતાં તેને શાતા વળવી જોઈએ. શ્રી સોમાભાઈનાં ચિત્રો ભાવનગરના કલાસંગ્રહાલયમાં અને સરદાર સ્મૃતિભવનમાં જોવા મળે છે. ઘણા ચિત્રરસિક લોકોનાં ઘરમાં પણ તેમનાં ચિત્રો સંગ્રહાએલાં છે. ભારતમાં કેટલાક મ્યૂઝીઅમમાં પણ તેમનાં ચિત્રો જોઈ શકાય છે.

શ્રી સોમાભાઈ તેમના ૯૦ વર્ષના જીવનકાળ દરમ્યાન સતત કાર્યરત હતા. છેલ્લાં વર્ષોમાં તેઓ 'હિમાલયદર્શન' શ્રેણીનાં ચિત્રસર્જનમાં મગ્ન હતા. સન ૧૯૯૪માં આપણી વચ્ચેથી 'રંગોના કવિ'એ વિદાય લીધી આજે પણ મારા સ્મૃતિપટ ઉપર તેમની યાદ તાજી થાય છે. લાંબું કદ, શ્યામ વર્ણ, સફેદ ધોતી અને પહેરણ, માથે ટોપી, પગમાં ગાંધીચંપલ સાથે નવા શારદા મંદિરનાં રસ્તા ઉપર જાણે કે જતા આવતા જોતા હોઈએ એવો ભાસ થાય છે.

ગુજરાતના ગામડાંની ગ્રામ્ય પ્રજાનાં રૂપ અને રંગોનાં રસિક રીતે દર્શન કરાવનાર એવા સ્વજન સમા કલાકારને વંદન. -ગજેન્દ્ર શાહ

એમિલિયા એરહાર્ટ

કેનેડાના ટોરન્ટો નગરમાં ૧૯૧૮-ની એક બપોરે બે અમેરિકન છોકરીઓ દોડતીદોડતી શહેરની બહાર જઈ રહી હતી.



ત્યાં ખુલ્લા મેદાનમાં ખૂબ લોકો એક 'ખેલ' જોવા જમા થયાં હતાં. એ જમાનામાં તો સાવ અજાયબ લાગે એવો એ 'ખેલ' હતો. કેનેડાનો એક સૈનિક વિમાન ચલાવતાં શીખ્યો હતો. પછી એ બ્રિટિશ વાયુસેનામાં જોડાયો હતો. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન એણે ઘણી હવાઈ લડાઈઓમાં ભાગ લીધો હતો. યુદ્ધમાં પોતે કેવી રીતે વિમાન ઉડાડે છે એનો 'ખેલ' એ વતનનાં નાગરિકો સમક્ષ કરી બતાવવા માગતો હતો. વિમાનની શોધ થયાને હજુ તો માંડ સોળ વર્ષ થયાં હતાં. ત્યાં તો સાહસિકોએ જાતજાતના અખતરા શરૂ કરી દીધા હતા. આ પાઈલોટ એકદમ નીચી સપાટીએ વિમાન ઉડાડવામાં ખાસ માહેર હતો. અત્યારે પણ એણે એવા અખતરા કરવા માંડ્યા. એક વાર તો એ વિમાનને સાવ નીચી સપાટીએ પ્રેક્ષકો ભણી લઈ આવ્યો. લોકો બધાં ભાગ્યાં. માત્ર એક પેલી અમેરિકન છોકરી ટટ્ટાર ઊભી રહી.

માથેથી વિમાન પસાર થઈ ગયા પછી એની બહેનપણી ભોંયેથી ઊઠી. લૂગડાં ખંખેરતી પૂછવા લાગી, 'અલી એમિલિયા ! તને બીક ન લાગી ?'

અમેરિકન છોકરીનું નામ હતું એમિલિયા એરહાર્ટ. એણે મલકાતે મુખે કહ્યું, 'બીક ? વિમાનની વળી શી બીક ? હોશિયાર પાઈલોટના હાથમાં વિમાન તો રમકડું બની જાય ?'

બહેનપણી જીભડો કાઢીને બોલી, 'વાહ ! તું તો એવી રીતે વાત કરે છે જાણે તું પાઈલોટ હો !'

એમિલિયા કહે, 'આજે નથી, પણ કાલે જરૂર હું પાઈલોટ બનીશ અને વિમાનને રમકડાની જેમ ઉડાડી બતાવીશ. એવાં પરાક્રમ કરીશ કે દુનિયા દંગ રહી જાય !'

એમિલિયાએ ઠરાવ્યું કે હું મારું પોતાનું એક વિમાન ખરીદીશ ! ભણીગણીને એ શિક્ષિકા બની. પગાર બચાવતી રહી. પરણી નહિ. સારી એવી બચત કરીને, તાલીમ માટે વપરાતું અને ભંગારમાં કાઢી નંખાયેલું એક વિમાન ખરીદી લાવી. જાતે જ એને સમાર્યું. જાતે જ રંગ્યું. એ જમાનામાં અમેરિકામાં લાયસન્સની ને એવી બધી પંચાત નહોતી. કોઈ પણ માણસ વિમાન ઉડાડે.

થોડાં વરસોમાં તો એમિલિયા વિમાન ઉડાડવાની કળામાં પાવરધી બની ગઈ. એટલી પાવરધી કે, ૧૯૨૯ની માત્ર સ્ત્રી-પાઈલોટો માટેની કેલિફોર્નિયાથી ક્લીવલૅન્ડ વિમાન-સ્પર્ધામાં ઊતરી અને જીતી.આ સફળતાથી પ્રેરાઈને, ૧૯૨૩માં તો એણે એકલે હાથે વિમાનમાં એટલાંટિક મહાસાગર પણ પાર કરી દીધો. આવી રીતે એટલાંટિક પાર કરનાર એ જગતની પ્રથમ સ્ત્રી બની.

આ ઘટનાથી પૂરા યુરોપ-અમેરિકામાં જાણીતી બનેલી એમિલિયાએ ૧૯૩૫માં વિશાળ પ્રશાંત મહાસાગર પણ પસાર કર્યો. એ ઉડ્ડયન કરનાર પણ એ જગતની પ્રથમ સ્ત્રી બની. એના આ સાહસથી પ્રસન્ન થઈને લોકહીડ વિમાન કંપનીએ તેને પોતાનું નવું 'ઇલેક્ટ્રા' વિમાન ભેટ આપ્યું. એ નવી ભેટ મળતાં જ એમિલિયાનો ઉત્સાહ સાતમે આસમાને પહોંચી ગયો અને એણે જાહેર કર્યું કે હવે હું આખી પૃથ્વીને આંટો મારીશ !

આખું અમેરકા અને આખી જાગૃત દુનિયા આ નવા સાહસને બિરદાવવા થનગની રહ્યાં. નવું અને ઑર નવું સાહસ કરવાની એની અદમ્ય ઝંખના સમસ્ત સ્ત્રી-સમાજને ગૌરવાન્વિત કરી રહી.

એમિલિયાએ નક્કી કર્યું કે બનતાં સુધી વિષુવવૃતની નજીક રહીને પૃથ્વીની પ્રદક્ષિણા કરવી, કારણ કે એ જ પૃથ્વીનો મોટામાં મોટો પરિઘ છે. જો કે આ જ માર્ગ આકાશસફર માટે સૌથી વધુ જોખમી પણ છે. સૂર્યનાં સીધાં કિરણો અહીં પડે છે. એથી પવન, વંટોળ અને વરસાદ વધુમાં વધુ એ પ્રદેશમાં રહે છે. પરંતુ એમિલિયાને એવાં કશાં જોખમોનો ડર નહોતો. એને પોતાની જાત પર વિશ્વાસ હતો. અને વિશ્વાસ હતો લૉકહીડ ઇલેક્ટ્રામાં !!

૧લી જૂન, ૧૯૩૭ને દિવસે, અનેક શુભેચ્છાઓ વચ્ચે એમિલિયાએ ઇલેક્ટ્રાનું યંત્ર ચાલુ કર્યું. આ વેળા ફ્રેડ નૂનાન નામના યંત્રવિદને એણે સાથે લીધો હતો, જેથી માર્ગમાં ક્યાંય વિમાન બગડે તો એ સમારી આપે. ૫૫ ફૂટ પહોળું અને ૩૮ ફૂટ લાંબું ઇલેક્ટ્રા પ્રમાણમાં ખૂબ નાનું વિમાન ગણાય. એના વડે પૃથ્વી-પ્રદક્ષિણા કરવા નીકળવું એ ત્યારના જમાનામાં ઘણું મોટું સાહસ હતું.

હવેની વાત વાંચવા માટે દુનિયાનો નકશો તમારી સામે રાખવો ઠીક પડશે. એક પેન્સિલ લઈને એની ઉપર એમિલિયાનો યાત્રામાર્ગ દોરતાં જજો.

એ લોકો અમેરિકાના અગ્નિ ખૂણાના ફ્લૉરિડાથી ઊપડ્યાં અને પોર્ટો રિકો પહોંચ્યાં. ત્યાંથી વેનેઝૂએલાના કારીથીતો નગર પહોંચ્યાં. હવે તેઓ વિષુવવૃત્તની નજીક પહોંચી ગયાં હતાં અને પોતાની આજુબાજુ વરસાદ વરસતો હતો. નીચે ભીનાં ભીનાં ગાઢ વનો સિવાય ભાગ્યે જ કશું દેખાતું હતું.

આવાં જંગલો પરથી ઊડતાં તેઓ ડચ ગિયાનાના પારામારીબો નગરે પહોંચ્યાં. અહીંથી એક લાંબી એકધારી સફર કરીને દક્ષિણ આફ્રિકાના નાતાલ સુધી પહોંચવાનું હતું. વચ્ચે આખા આટલાંટિક પર વિમાન ઉતારી શકાય એવું એકેય ઠેકાણું નહોતું ! એ માર્ગે પવન, વરસાદ અને વીજળીઓને વીંધતાં, ખાવા-પીવાનુંય વીસરીને તેઓ દક્ષિણ આફ્રિકા પહોંચ્યાં.

આ પછી વળી વધારે આકરા પર્વતોવાળો હિન્દી મહાસાગર વીંધવાનો હતો. પણ એકી ઉડાને એને વીંધવાનું શક્ય જ નહોતું. આથી ઈશાન બાજુ, આફ્રિકાને પૂર્વ કાંઠે ઊડીને તેઓ ઇથીઓપિયા પહોંચ્યાં. ત્યાંથી એડન, ઈરાની અખાત, કાતાર થઈને કરાચી આવ્યાં. ભારતમાં જૂન-જુલાઈનું ચોમાસું ખૂબ આકરું હોય છે. કરાચીથી કલકત્તાને રસ્તે ઘનઘોર વાદળાં, ધોધમાર પાણી અને સુસવતા પવનોમાં સપડાઈને માંડ કલકત્તા પહોંચ્યાં. ત્યારે નવુંસવું બનેલું કલકત્તા વિમાનઘર આખું જળબંબાકાર

(અનુસંધાન પૃ. ૧૭૩)

સાહિત્યસંપર્ક

ભરી ભરી સ્મૃતિનો ખજાનો

વિપિન પરીખની પહેલી ઓળખ કવિની છે. તો 'આલિંગનને કાટ લાગે છે.' દ્વારા એમની ગદ્યકારની ઓળખ સુલભ થાય છે અને આ ઓળખ પણ પરિતોષ આપનારી નીવડી છે તે એમની ગદ્યતરેહને લીધે. એમને નિબંધ લખવાનું બન્યું છે તે કોઈ નિમિત્તે. આ નિમિત્તમાં ક્યાંક ચિંતા છે, જેની ગતિ ચિંતન ભણી વળી છે. આ ચિંતન જ વિપિન પરીખની સાચી ભાવમુદ્રા છે. એથી એક સંવેદનશીલ મનુષ્યનો ચહેરો છુપાયેલો રહેતો નથી. અહીં નિબંધકાર આપણી સાથે વાત કરતાં કરતાં આગળ ધપે છે ત્યારે ક્યારેક એમનું ગદ્યરૂપ બોલકું બની જશે તેવું લાગે છે. છતાંય આ નિબંધોમાં ભાષાનું પોત ભાવની સીમાનું ઉલ્લંઘન કરતું નથી, જેથી ગદ્યની નોખી તાસીર પામી શકાય છે. વળી, આ ગદ્ય એક કવિનું હોઈ સંવેદનની નાજુક ક્ષણોનું આલેખન થતું રહ્યું છે. વિષય ગમે તે હોય પણ વિપિન પરીખની ભાવસૃષ્ટિનું વરણું રૂપ આ નિબંધોમાં અવશ્ય પથરાયેલું છે.

ચોવીસ નિબંધોના આ સંગ્રહમાં વિષયોનું વૈવિધ્ય છે. પણ વારંવાર નિબંધકાર અતીતના સીમાડે પહોંચી જતા હોઈ એમની 'આંખ ભીની' થઈ જાય છે. એટલે આ નિબંધોનું પોત છે સ્મૃતિની સંવેદનાનું, લાગણીનું. નિબંધકારે સંદર્ભો ટાંકીને કહેલા શબ્દો વાપરીને કહેવું હોય તો કહેવાય કે 'જિંદગીની ભરી ભરી સ્મૃતિનો ખજાનો' અહીં છે. માટે વારંવાર વાંચવા ગમે તેવા નિબંધો છે. શબ્દોનો ભાર અહીં નથી તો તાણી-તૂસીને કાંઈ વાત કરવી પડી છે તેવું ય નથી, તો માત્ર સપાટી પરની વાત પણ નથી જ. અહીં ક્યાંક કોઈક ગમી ગયેલા પુસ્તકની વાત છે, તો ક્યાંક કોઈ ફિલ્મ, સંગીતકાર કે ગાયકની વાત છે, અતીતની વાત અહીં સતત રમતી રહે છે. ક્યાંક મૃત્યુની વાત માંડીને કરે છે. કંટાળાની વાત છે. તો કેન્સરની વાત છે. મુંબઈની વાત પૂરા ભાવથી કરી છે. વચ્ચે વચ્ચે અનેક સંદર્ભો આવે છે જે નિબંધને સમૃદ્ધ બનાવે છે. આ સંગ્રહના નોંધપાત્ર નિબંધો છે : 'બચપન કે દિન ભી કયા દિન થે', 'જિંદગીની ભરી ભરી સ્મૃતિનો ખજાનો', 'નામ ભૂંસી શકાય, આવડત છુપાવી શકાય ?' 'આલિંગનને કાટ લાગે છે. આદતની રાતનો', 'મુંબઈ અમારું પારણું, 'મુંબઈ અમારી કબર', 'કૉફીનો કપ આવે તે પહેલાં', 'સ્મૃતિશેષ કૉફી હાઉસ', 'ના ઘર તેરા, ના ઘર મેરા', 'વિદાયવેળાએ થોડાક પત્રો', 'અલવિદા હમીર' ઇત્યાદિ.

વિપિન પરીખનું ભાવવિશ્વ પામવા તથા એમના ગદ્યનું પોત સમજાવવા થોડાંક અવતરણો ઉતારું છું જે નિબંધોની ભાષાભાજગીને પણ નિર્દેશે છે :

'સુખ તો નાની નાની બાબતોનું હતું. બિલ્લીછાપ સિગારેટનાં ખોખાં એકઠાં કરવામાં ને રંગબેરંગી કિંમત વિનાનાં છીપલાંઓમાં અને દુઃખ પણ ક્યાં મોટું આવી પડ્યું હતું ? રેતી પર ધોવાઈ ગયેલો કિલ્લો અને મમ્મીએ કારણ વિના દીધેલો ઠપકો કે ભેરુએ નહીં દીધેલા દાવ, નાની બહેને પચાવી પાડેલી પાનાંની કેટ ! (પૃ. ૩૭)

'એ કૉફીનો કપ આવે તે પહેલાં કૉફી હાઉસની બારી મને રસ્તા ઉપર દોરી જાય છે, રસ્તા ઉપર કૂણો તડકો છે. બાળક જેવો. હાથમાં લઈને રમવાનું મન થાય એવો. ધીમે ધીમે મકાનો પર, રસ્તા ઉપર ફેલાતો જાય છે. આખા રસ્તા પર એક જ લીલું ઝાડ છે. તડકો પણ એ જાણે છે એટલે જ એને મન આ વૃક્ષનું ખૂબ મૂલ્ય છે. તેથી જ તડકો ખૂબ મમતાથી ખૂબ પ્રેમથી એની ડાળીઓ ઉપર ફરી વળે છે. એ પછી જ બાજુના મકાનના છાપરા પર સરકશે નળિયાનું છાપરું ! આવતી કાલે આ નળિયાંવાળાં છાપરાં પણ શહેરમાં જોવા નહીં મળે. એના લાલ રંગ પર પ્રકાશની છાયામાં અને બિલાડીપગે ચાલી જતો તડકો જોવો ગમે છે. (પૃ. ૩૩)

'અહીં પીળાં પાન ખર્યાં છે, અહીં નથી શિશુની ગાતી પગલીઓ પણ પડી છે. અહીં જ દસ પગથિયાં ભૂસકો મારી દાદરા કુદાવતા ને અહીં જ છેલ્લે છેલ્લે બીજે માળે પણ ચરતાં ચરતાં થોભવું પડ્યું છે.' (પૃ. ૮૮)

'પ્રિયજનની વિદાય પછી આપણી પાસે રહી જાય છે માત્ર ભૂતકાળ, માત્ર સ્મૃતિ અને એક ક્યારેય ન ભરી શકાય એવું એકાકી પણ જ્યારે કાયમની વિદાય આપવાની વેળા આવે ત્યારે આપણે શું કહીશું ?' (પૃ. ૧૩૯) 'અવાજનું સુખ મળ્યું પણ ગુલાબી પરબીડિયામાં સંતાઈને આવતું ધબકતું હૃદય આપણે ગુમાવ્યું.' (પૃ. ૧૧૬)

વિપિન પરીખનો આ લલિતનિબંધનો સંગ્રહ એમની ગદ્યકાર તરીકેની પ્રતિભાનો આયનો છે. એમની છબિ સતત વિકસતી રહે એવી અપેક્ષા જગાવે તેવું એમનું નિબંધ-વિશ્વ છે. -પ્રફુલ્લ રાવલ

વિક્રમ સેઠનું સન્માન

ભારતીય મૂળના અને કલકત્તામાં ૧૯૫૨માં ૨૦મી જૂને જન્મેલા અંગ્રેજીમાં કથાલેખન અને કાવ્યસર્જન કરતા વિક્રમ સેઠનું તાજેતરમાં બ્રિટનના ઉચ્ચ ખિતાબથી સન્માન કરાયું છે. સીબીઈ (CBE)નો આ ખિતાબ વિવિધ ક્ષેત્રમાં પ્રશંસનીય પ્રદાન કરવા માટે અપાય છે. આ જ અંકમાં જેમનું ચરિત્ર આપવામાં આવ્યું છે તે પ્રો. હૉકિંગને પણ વિજ્ઞાનક્ષેત્રના તેમના પ્રદાન બદલ અગાઉ આ ખિતાબથી સન્માનવામાં આવ્યા હતા. આ વર્ષના, એટલે નવી સદી અને નવી સહસ્રાબ્દીના આરંભે રાણી ઈલિઝાબેથ દ્વિતીય દ્વારા આ સન્માનની જાહેરાત કરવામાં આવી હતી. આ ખિતાબ બ્રિટનના સાંસ્કૃતિક મંત્રી ક્રીસ સ્મિથ દ્વારા એનાયત થયો છે. 'સીબીઈ' એટલે 'કમાન્ડર ઑવ્ ધ ઑર્ડર ઑવ્ ધ બ્રિટિશ એમ્પાયર.' શ્રી સ્મિથે આ ખિતાબ એનાયત કરતી વખતે વિક્રમ સેઠ વિષે જણાવ્યું હતું : 'આ દેશમાં તેમનાં સર્જનોએ વિવેચકો અને વાચકોમાં મોટી સફળતા પ્રાપ્ત કરી છે.'




તેમણે દુન શાળા દેહરાદુનમાં શિક્ષણ મેળવ્યું, અને પછી કલકત્તા છોડી ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ કરવા ઇંગ્લંડ ગયા અને ત્યાં સ્થિર થયા. તેમણે ૧૯૭૫માં સ્નાતક અને ૧૯૭૭માં ઑક્સફર્ડમાંથી અનુસ્નાતક ઉપાધિઓ મેળવી. તેમણે ફિલૉસૉફી, અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રમાં ત્યાંની ઉચ્ચ ઉપાધિઓ પ્રાપ્ત કરી છે. ૧૯૮૫ '૮૬ સ્ટૅનફૉર્ડ યુનિવર્સિટી પ્રેસમાં એડિટર રહ્યા. એમણે અદ્યાપિ અંગ્રેજીમાં 'મૅપિંગ્ઝ' (૧૯૮૧), 'ધ હમ્બલ એડમિનિસ્ટ્રેટર્સ ગાર્ડન (૧૯૮૫), 'ઑલ યૂ હુ સ્લીપ્સ ટુ નાઇટ' (૧૯૯૦), 'બીસ્ટલી ટેલ્સ ફ્રૉમ હીઅર ઍન્ડ ધૅર' આદિ છ કાવ્યસંગ્રહો અને ત્રણ નવલકથાઓ પ્રકટ કરી છે. એમની નવલકથા 'અ સ્યૂટબલ બૉય' ખૂબ લોકપ્રિય બની છે અને ૧૯૯૩માં આ નવલકથાએ તેમને ડબ્લ્યુ. એચ. સ્મિથ પારિતોષિક રળાવી આપ્યું હતું. આ નવલકથાની દસ લાખથી વધારે નકલો વેચાઈ છે. એમની પહેલી નવલકથા 'ધ ગોલ્ડન ગેટ'

—સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ–

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



આંખોથી વહે છે ધારા, તોયે જિગર બળે છે
ચોમાસે ભરપૂરે, આકાશનું ઘર બળે છે
-અમૃત કેશવ નાયક



મને એ જ સમજાતું નથી કે આવું શાને થાય છે :
ફૂલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે !
-કરસનદાસ માણેક

હતી. એમનાં કાવ્યો અને એમની કથાઓમાં લાગણીભર્યા માનવસંબંધો અને એની સૂક્ષ્મ સંવેદના પ્રકટ થવા પામી છે. એમની છેલ્લે છેલ્લે પ્રકટ થયેલી નવલકથા 'એન ઇક્વલ મ્યૂઝિક'માં એક વાયોલિનવાદકના વિક્ષુબ્ધ પ્રણયજીવનની હૃદયસ્પર્શી કથા આલેખવામાં આવી છે. એમને ૧૯૮૩માં ટોમસ કૂક ટ્રાવેલ બુક ઍવૉર્ડ તથા ૧૯૮૯માં કૉમનવેલ્થ પોએટ્રિ ઍવૉર્ડ પણ મળ્યા હતા. આમ, વિક્રમ સેઠને પ્રાપ્ત થયેલું આ સન્માન ભારતીય માટે ગૌરવ જન્માવે તેવું છે. (સંકલિત)

સાહિત્યિક-કસોટી

નીચે પ્રાચીન-અર્વાચીન, એવા કેટલાક કવિઓની પંક્તિઓ ટાંકી છે. વાચકે તેમાં સર્જક અને જે તે કાવ્યનું શીર્ષક શોધવાનું રહે છે. કેટલેક સ્થળે પછીની પંક્તિઓ પણ કઈ છે તે જણાવવાનું છે.

(૧) જલધિદલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માંહી સરતી;
કામિની કોકિલા, કેલી કૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી;
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાહ ધરતી !

(૨) શ્રાવણ વરસે સરવડે,
ઓ વરસે, ઓ જાય,
કૃષ્ણ વિના કયમ રહીએ રે,
ઘડી વરસની થાય.

(૩) ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ,
દૂર નજર છો ન જાય;
દૂર માર્ગ જોવા લોભ લગીર ના,
એક ડગલું બસ થાય.
મારે એક ડગલું બસ થાય.

(૪) નાની શી ગોરસીમાં
જમનાજી ઊછળે
એવી ન નાથ ! દોરી રાખો રે લોલ !
નાનીશી ગોરસીમાં અમૃત ઠારિયાં,
હળવે ઉઘાડી નાથ ! ચાખો રે લોલ :

(૫) ધરતી આંગણ માનવીના
આ ઘડીક મિલનમેળા,
વાટમાં વચ્ચે એક દિ નકી
આવશે વિદાયવેળા;
તો કેમ કરીનેય કાળ ભૂલે ના
અમે ભમીશું ભેળા.
હૈયાનો હિમાળો ગાળી ગાળીને
વહશું હેતની ગંગા !

(૬) આંધળો સસરો, શણગટ વહુ,
એમ કથા સાંભળવા ચાલ્યું સહુ,
કહ્યું કાંઈ ને સમજ્યું કશું,
આંખનું કાજળ ગાલે ઘસ્યું !

(૭) જ્યાં જ્યાં નજર મારી ઠરે
યાદ ભરી ત્યાં આપની;
આંસુ મહીંયે આંખથી
યાદી ઝરે છે આપની.

(૮) કાલી બદરિયાંમેં બિજલી ચમકે,

કુમાર કાર્યાલય લિ.ની ભૂકંપ સહાય માટે ટહેલ

ગુજરાતમાં તાજેતરમાં જ ભયંકર વિનાશકારી ભૂકંપે જે તારાજી સર્જી છે તે મહા દુ:ખદાયક છે. આમાં યત્કિંચિત સહાયરૂપ થવા 'કુમાર કાર્યાલય લિ.' પણ પોતાનાં સમભાવી અને સહૃદયી વાચકોને અપીલ કરે છે. 'કુમાર' પોતાની શક્તિ પ્રમાણે રૂ. ૧૧૦૦૦ = ૦૦થી આ સહાયનો આરંભ કરે છે. આપ પણ 'કુમાર'ને આપના તરફથી સહાય રૂપે જે રકમ આપવા ઈચ્છતા હો તે 'કુમાર કાર્યાલય લિ.' અમદાવાદના નામે ચેક યા ડ્રાફ્ટથી કે મની ઓર્ડરથી સત્વરે મોકલી આપવા વિનંતી છે. એકઠી થયેલી સમગ્ર રકમ આ સહાય પેટે મોકલી આપવામાં આવશે.

હીરાલાલ હ. ભગવતી
ચેરમેન : કુમાર કાર્યાલય લિ.

ધીરુ પરીખ
તંત્રી : કુમાર

મેઘ હુવા ઘનઘોર,
ઝરમર ઝરમર મેહુલા વરસે,
ભીંજે મારા સાળુડાની કોર.

(૯) તે અણહિલવાડના રંગ, તે સિદ્ધરાજ
જયસિંગ, તે રંગથકી પણ અધિક સરસ રંગ થશે
સત્વરે માત! શુભ શકુન દીસે, મધ્યાહ્ન
શોભશે, વીતી ગઈ છે રાત!

(૧૦) દુનિયાના વીરોનાં લીલાં બલિદાનમાં
ભભક્યો કસુંબીનો રંગ;
સાગરને પારે સ્વાધીનતાની
કબરોમાં મહેક્યો કસુંબીનો રંગ

(૧૧) દહીં તણાં દેથરાં,
ઘીતણાં ઘેબરાં;
કઢિયલ દૂધ તે કુણ પીશે?

(૧૨) આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,
જંગલની કુંજ કુંજ જોવી ફરી....

(૧૩) આપણી વ્યથા, અવરને મન રસની કથા,
ઈતર ના કાંઈ તથા :
જીરવી એને જાણીએ વીરા!
પ્રાણમાં જલન હોય ને તે તોયે
ધારીએ શીતલ રૂપ.

(૧૪) ખુલ્લી પડેલી પ્રીતનો અરથ
કળી કળીએ જાણ્યાં,
શરમની મારી પરણીએ
કાળી રાતનો ઘૂમટો તાણ્યો. ઘૂમટો તાણ્યો.

(૧૫) દિન રજનીભર શ્યામ સુંદરના
અધર ઉપર એ રમતી,
પોતે રહેતી શ્યામની સંગે,
મુજને રાખે ભમતી.

ઉત્તરો

(૧) કવિ કાન્ત આજ મહારાજ!
જલ પર ઉદય જોઈને ચન્દ્રનો હૃદયમાં હર્ષ જામે.

(૨) પ્રેમાનંદ - માહારું માણેકડું રીસાવ્યું રે, સામળીયા.

(૩) નરસિંહરાવ ભોળનાથ દિવેટિયા- પ્રેમળ જ્યોતિ

(૪) ન્હાનાલાલ કવિ - હલકે હાથે રે નાથ! મહીડાં વલોવજો.

(૫) નિરંજન ભગત - કાળની કેડીએ ઘડીક સંગ, રે ભાઈ, આપણો ઘડીક સંગ.

(૬) અખો. - તિલક કરતાં ત્રેપન થયાં.

(૭) કલાપી (૮) મીરાંબાઈ - બોલે ઝીણા મોર.

(૯) નર્મદ - જય જય ગરવી ગુજરાત!

(૧૦) મેઘાણી - લાગ્યો કસુંબીનો રંગ, રાજ મને લાગ્યો કસુંબીનો રંગ.

(૧૧) નરસિંહ મહેતા - 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા.' પછીની પંક્તિઓ
'હરિ તાર્યો હાથિયો, કાળો નાગ નાથિયો,
ભૂમિનો ભાર તે કુણ લેશે?'

(૧૨) ઉમાશંકર જોશી - 'ભોમિયા વિના' પછીની પંક્તિઓ :
'ભોમિયા ભૂલે એથી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.'

(૧૩) રાજેન્દ્ર શાહ - 'બોલીએ ના કાંઈ'

(૧૪) નિનુ મઝુમદાર - 'પંખીઓએ કલશોર કર્યો ભાઈ.'

(૧૫) અવિનાશ વ્યાસ - 'હું નહીં જાઉં જમુના પાર, મુરલી મને નથી ગમતી.'

-ડૉ. મહેન્દ્ર ન. પંડ્યા

અનુસંધાન| કંકાવટી [પૃ. ૧૭૦થી

હતું! ઈલેક્ટ્રા એમાં છબાક કરતું ઊતર્યું તો ખરું. સાંજનું વાળુ, રાતની ઊંઘ અને સવારે ઓઈલ-પેટ્રોલની જોગવાઈ કર્યા પછી ઊડવાની તૈયારી કરતાં મોતિયા મરી ગયા. વિમાનઘર આખું કાદવિયાં પાણીથી છલોછલ ભર્યું હતું! અહીં એમિલિયાના સાહસની આકરામાં આકરી કસોટી આવી. એણે કાદવિયાં પાણીમાં ઈલેક્ટ્રાને દોડાવવા માંડ્યું. દોડ ધીમી હતી. ધ્રૂજતી હતી. ધરતી જાણે ચીકણે હાથે એમને ઝાલી રાખવા મથતી હોય એમ પૈડાં કાદવમાં ખૂંપતાં જતાં હતાં. અમુક દોડ પછી જો વિમાન આકાશગામી ન બને તો વિમાન ઘરની વાડ અને પછી આવેલાં ઝૂંપડાંને તોડી પોતે પણ નાશ પામે! ત્યારે એમિલિયાની કુનેહ અને સાહસિકતાની પરમ કસોટી થઈ ગઈ. છેલ્લી ઘડીએ તે ઈલેક્ટ્રાને આકાશગામી બનાવવામાં સફળ થઈ.

કલકત્તાથી બર્મા (મ્યાનમાર)ના આકયાબ અને ત્યાંથી બેંગકોક પહોંચ્યાં. ત્યાંથી સિંગાપુર અને પછી મલેશિયાના બાન્ડુંગ બંદરે પહોંચ્યા પછી ટીમોર ટાપુનું કેઓપાન્ગ અને કેઓપાન્ગથી ઑસ્ટ્રેલિયાનું પોર્ટ ડાર્વિન. ડાર્વિનથી ન્યૂ ગીનીનું લેઈ... એ સમગ્ર માર્ગે તેઓ વરસાદનો સામનો કરતાં રહ્યાં.

હવેનું કામ સૌથી અઘરું હતું. એમની સામે વિરાટ પેસિફિક મહાસાગર હતો. પૃથ્વીનો એ સૌથી પહોળો મહાસાગર છે. એમણે લેઈથી હાઈલેન્ડ ટાપુ સુધીના ૨૫૫૬ માઈલ (૪,૧૦૦ કિલોમીટર)નું નિરંતર ઉડ્ડયન કરવાનું હતું. એ માટે ઈંધણ પોતાના વિમાનમાં જ લઈ લીધું. માર્ગમાં કેટલાંક જહાજો તેમને રેડિયો અને દીવાબત્તી વડે માર્ગદર્શન કરાવતાં હતાં ખરાં, પણ ઉડ્ડયન તો તોય જોખમી જ હતું.

બીજી જુલાઈ, ૧૯૩૭ની સવારે લેઈના વિમાની મથકેથી ઈલેક્ટ્રાએ આકાશમાં છલાંગ મારી. તેઓ હાઈલેન્ડ પહોંચે અને ત્યાંથી કૅલિફોર્નિયા ઊડે એટલે વિમાન દ્વારા પૃથ્વીની પરકમ્મા કરનાર પ્રથમ સ્ત્રી એ બનવાની હતી.

પણ... પણ એમિલિયા કદી કૅલિફોર્નિયા પહોંચી નહિ. ઈલેક્ટ્રા કોણ જાણે ક્યાં, કેમ, ક્યારે ખોટકાઈ પડ્યું. કોઈને ખબર નથી. એ સાગર પર તૂટી પડ્યું - પેલાં જહાજોએ ખૂબ શોધ કરી, પણ વિમાનનાં કે ચાલકોનાં પત્તો લાગ્યો નહિ.

જગત આખું દુ:ખમાં ડૂબી ગયું. જગતે એક અનુપમ સાહસશૂરી નારી ગુમાવી હતી.

પણ એમિલિયાના આત્માને તો શાંતિ જ મળી હશે. એણે એક વાર ખ્વાહીશ વ્યક્ત કરી હતી : 'મારી તો ઈચ્છા છે કે હું ઊડતી ઊડતી મરું.' -ગાર્ગી વૈદ્ય ('જનસત્તા'માંથી) □

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૧૩૦થી

સ્વરૂપ તરીકે ઉપયોગમાં લેવાય છે.

ભૂકંપ અંગેના ઉપયોગી માહિતીસભર લેખ સાથે છાપેલા બન્ને નકશાઓમાં 'લિજેન્ડ'માં રહી ગયેલી ક્ષતિ નકશાની ઉપયોગિતા ઓછી કરી નાખે છે. જોકે આ 'લોઢાની મેખ'ને લીધે 'સોનાની થાળી' જેવા લેખનું મહત્ત્વ ઓછું થયું નથી.

હૉલોગ્રાફીની સમજ આપતા લેખના સંદર્ભે નીચેની વધારાની માહિતી ઉપયોગી થવા સંભવ છે.

ફોટોગ્રાફી એ પ્રકાશ માટેના ગ્રીક શબ્દો 'ફોટો' પરથી બનેલ શબ્દસમૂહવાળું નામ છે. પ્રકાશાલેખન કે પ્રકાશાંકન એવો અર્થ સૂચવતું. એ પ્રમાણે 'સંપૂર્ણ' એ અર્થ માટેના ગ્રીક શબ્દ 'હોલો' પરથી 'સંપૂરણાંકન' સૂચવતા શબ્દો હૉલોગ્રાફ, હૉલોગ્રામ, હૉલોગ્રાફી બન્યા છે. તેના શબ્દાર્થાનુસાર એ પદ્ધતિથી બનેલી 'છબી' દ્વારા (સાદી, ફોટોગ્રાફી પર આધારિત છબિની તુલનામાં) વસ્તુને એક જ દૃષ્ટિકોણથી જોતા હોઈએ તેને સ્થાને વિવિધ દૃષ્ટિકોણથી જોઈએ છીએ તેવો આભાસ થાય છે. કાચ કે પ્લાસ્ટિકના ફલક પર હૉલોગ્રાફી પદ્ધતિથી બનાવાયેલ 'છબિ'ને તેટલા જ માપની બારી સાથે સરખાવી શકાય. બારીના ખુલ્લા ભાગમાં કોઈ પણ સ્થળે આંખ રાખી તેની બીજી તરફની વસ્તુઓ જોઈ શકાય. તેમજ દરેક સ્થળેથી જોતાં વસ્તુઓનાં સ્વરૂપો બદલાય પણ ખરાં. હૉલોગ્રાફ જોતાં પણ આવો જ અનુભવ થાય છે.

માનવીના ચહેરાની, જરા એક બાજુથી લીધેલી સાદી છબિમાં જો એક કાન જ દેખાતો હોય તો જોનાર પોતાનું સ્થાન બદલીને બીજી તરફનો કાન જોઈ શકે નહીં. પરંતુ હૉલોગ્રાફમાં આવું થઈ શકે ખરું. વળી, સાદી છબિમાં અવકાશાનુભવ એ આભાસ માત્ર છે. તેવી છબિમાં તે જોતી સમયે આંખના સ્નાયુઓનાં ખેંચાણ-સંકોચન ઇ. બદલાતાં નથી. પરંતુ હૉલોગ્રાફમાં અવકાશ આભાસી હોવા છતાં વાસ્તવિક પરિસ્થિતિમાં દૂર અને નજીકની વસ્તુ જોવા આંખના સ્નાયુઓને જે રીતે કામ કરવું પડે છે એવું જ કામ તેને હૉલોગ્રાફ જોતી સમયે પણ કરવું પડે છે. ત્રિપરિમાણિક વસ્તુ તથા અવકાશનો દૃશ્યાનુભવ એટલી હદે વાસ્તવિક તથા આબેહૂબ બની રહે છે કે હાથ દ્વારા સ્પર્શ કરવાના નિષ્ફળ પ્રયત્નો પછી જ સાચી પરિસ્થિતિ સ્વીકાર્ય થઈ શકે.

સાદી છબિમાં તેના ફલક પર જુદાં જુદાં સ્થળે જુદી જુદી વિગત સમાવાઈ હોય છે. એના ટુકડાઓ કરી દેવાથી મૂળ છબિ અંગે ભાગ્યે જ કંઈ અર્થપૂર્ણ માહિતી કોઈ એક છૂટા ટુકડા દ્વારા મળી શકે. પરંતુ 'અણુ અણુમાં ઈશ્વર'નું સ્વરૂપ, પૂરું સ્વરૂપ જોઈ શકાય તેમ હૉલોગ્રાફના સૂક્ષ્મ ટુકડામાં પણ અંકિત આકૃતિ અખંડ જ રહે છે. જોકે એટલો ફેર જરૂર પડે કે મૂળ છબિને તેના માપની બારી સાથે સરખાવી (અગાઉ) તેમ તેના ટુકડાને તેના માપ જેટલી નાનકડી બારી કે છિદ્ર સાથે સરખાવવો પડે. આથી વિવિધ દૃષ્ટિકોણથી જોઈ શકવાની શક્યતા સીમિત થઈ જાય.

તદ્દન નિર્જીવ વસ્તુઓની હૉલોગ્રાફિક 'છબિ' લેવાની તુલનામાં જીવિત વસ્તુઓની છબિ ઘણી જ ખર્ચાળ અને વિપુલ સાધન-સામગ્રી વિના બનાવી શકાતી નથી. એક સેકન્ડના દસલાખમા ભાગ જેટલા સૂક્ષ્મ સમય પૂરતો પ્રકાશઝબકારો માનવચહેરાની છબિ બનાવવા બે કારણે જરૂરી છે. એક તો એ કે પ્રચંડ શક્તિ ધરાવતો પ્રકાશ જરા વધુ સમય અસ્ખલિત રહે તો માનવશરીરને ભસ્મિભૂત કરી નાખે. બીજું કારણ (પ્રકાશની માત્રા ઓછી કરીને પહેલા કારણનો ભય નિવારી શકાય છતાં) સેકન્ડના તદ્દન અલ્પ ભાગમાં જીવંત વસ્તુમાં થતો ફેરફાર પણ છબિને અસ્પષ્ટ બનાવી દે.

જ્યોતિ ભટ્ટ, (વડોદરા)

*

કુમારના ડિસેમ્બર, ૨૦૦૦ના અંક ૮૭૬માં છપાયેલા ક્વૉન્ટમવાદની જન્મ શતાબ્દીના અમારા લેખમાં બે ક્ષતિઓને સુધારી લેવા વિનંતી છે. (૧) પાન ૭૭૮ પરના બીજા પેરાની ત્રીજી લાઈનમાં 'તે પ્રક્રિયા સતત નથી' તેને બદલે 'તે પ્રક્રિયા સતત છે.' (૨) પાન ૭૮૫ના ડાબી બાજુના કૉલમમાં છઠ્ઠી લીટીથી શરૂ થતાં અવતરણ ચિહ્નમાંનું લખાણ આ પ્રમાણે હોવું જોઈએ : 'સારાંશમાં એટલું અવશ્ય કહી શકાય કે ભૌતિકશાસ્ત્રનું જવલ્લે જ એવું કોઈ ક્ષેત્ર હશે કે જેની સમૃદ્ધિ વધારતા પ્રશ્નોમાં આઈન્સ્ટાઈનનો ફાળો મહામૂલો ન હોય. કોઈ વાર કદાચ એવું લાગે કે તેમની અટકળોમાં તે લક્ષ્ય ચૂકી ગયા છે, જેમ કે પ્રકાશના ક્વૉન્ટમ અંગેની પૂર્વધારણાઓ. પરંતુ આવી બાબત તેમના માટે અવરોધક ગણવી ન જોઈએ. એકદમ શુદ્ધ વિજ્ઞાનમાં થોડું જોખમ ખેડ્યા વિના નવા વિચારોને દાખલ કરવાનું શક્ય નથી.'

પ્રો. સુધીર પંડ્યા, સુરેશ ર. શાહ (ફ્લોરિડા)

*

'કુમાર'અંક ૮૭૭ના કવર પર મુંજાલ મહેતાની મરોડદાર ચિત્રાકૃતિ જોઈ. અનાયાસે માર્ચ ૧૯૫૩ના અંકમાં થોડા મોટા કદમાંની આ છાપ સાથે સરખાવવા મન થયું. એ ૩૫૧ અંક પછી લગભગ અડધી સદી વહી ગઈ. આ પચાસ વર્ષમાં પ્રિન્ટિંગ ટેક્નોલૉજિ તો ખૂબ વિકાસ પામી છે. એનો લાભ મેળવી શકાયો હોત તો આજે પણ મુંજાલ ઝાંખા ન પડ્યા હોત. વળી, 'કુમાર' નામાક્ષરોમાંનો ઘોડો એમની સામે તીર ભાલું તાકે છે ! એ શું' ?

યૂથિકા રૉય, નૂરજહાં અને ધ ન્યૂ થીએટર્સ આ બધું મળીને ફિલ્મ તથા સંગીતની દુનિયા જામી. મજા પડી ! રસ્તાની સલામતીનાં ચિત્રો ગમ્યાં, પણ એની છપાઈ ન ગમી. લોનાવલામા કાર્લા (કાલી ?) ગુફા છે.

*('કુમાર' માટે જે મુદ્રાછબી ર. રાવળે તૈયાર કરી હતી તે અશ્વારૂઢ માનવાકૃતિને આ અક્ષરો કલાત્મક રીતે અનુસરે છે. ભલા ભાઈ, એ સવાર મુંજાલ સામે ભાલો નથી તાકતો. એ તો સુજ્ઞ વાચકો સામે તાકે છે ! -તંત્રી)

-રમેશ શાહ (સુરત)

*

'કુમાર'ના ઑગસ્ટ ૨૦૦૦ (અંક ૮૭૨)માં દેશદેશના રાષ્ટ્રધ્વજો સચિત્ર પ્રકટ કરેલ તેમાં કૅનેડાનો રાષ્ટ્રધ્વજ ખોટો મુકાયો છે. છપાયેલ ધ્વજ તે કૅનેડાના ઑન્ટેરિયો પ્રાંતનો છે.

-પ્રકાશ મોદી (ટૉરેન્ટો)

*

'કુમાર' જાન્યુ ૨૦૦૧નો અંક વાંચ્યો. તેમાં પસ્તીનાં પાનાં જેમાં ૬-૧૦-૭૫ વાળા ફકરામાં સ્વ. વિ.સ. ખાંડેકર (મરાઠી લેખક)ની વાત છે, તેમાં તેમનાં બધાં જ પુસ્તકોનું ગુજરાતી ભાષાંતર મારા સ્વ. પિતાશ્રી ગોપાલરાવ વિદ્વાંસે કર્યું છે. ભૂલથી ભાસ્કરરાવ વિદ્વાંસ લખાયેલું છે. આ ભૂલ થવાનું કારણ કદાચ એમ પણ હોય કે મારા કાકા સ્વ. ભાસ્કરરાવ વિદ્વાંસ પ્ર.ચુ. વૈદ્યસાહેબના મિત્ર હતા. ભાસ્કરરાવે ભૂગોળનાં પુસ્તકો ને એટલાસ તૈયાર કર્યાં હતાં.

-ભરત જી. વિદ્વાંસ (અમદાવાદ)


રંગનાથિટુ
(દેશાટન-૨૬)



રંગનાથિટુ પક્ષી-અભયારણ્યને દક્ષિણ ભારતનું ભરતપુર કહી શકાય. એક ચોરસ કિલોમીટરના વિસ્તારનું આ અભયારણ્ય જુદી જુદી જાતિનાં પક્ષીઓ અને જળચર પક્ષીઓનું પ્રજનન-સ્થળ પણ છે. કુદરતી દશ્યોથી ભરપૂર આ અભયારણ્ય અતિ સુંદર પક્ષી-વિહાર છે.

૧૯૪૦માં સ્થપાએલું આ અભયારણ્ય ટીપુ સુલતાનની રાજધાની રંગપટનમ્‌થી ૧૦ કિલોમીટર દૂર આવેલું છે. અહીં કાવેરી નદી ઘણી વિસ્તૃત થઈ જાય છે એથી વચ્ચે વચ્ચે કેટલાક નાનાનાના બેટ હોય છે જે જળચર પક્ષીઓ માટે ઉત્તમ નિવાસસ્થાન અને પર્યટન માટે લોકપ્રિય સ્થાન બની જાય છે. નદીમાં નૌકા દ્વારા ભ્રમણ કરી શકાય છે. કિનારા પર ગાઢ ઝાડી તથા નદીમાં મોટી સંખ્યામાં મગરમચ્છ હોવાથી બેટ ઉપર ઊતરી શકાય નહિ. અહીં પેન્ટિડ સ્ટૉર્ક, ઇગ્રેટ, ઓપન બિલ્ડ સ્ટૉર્ક, કૉરમોરેન્ટ (જળકાગડો), વ્હાઇટ ઇબિસ, રીવર ટર્ન (કુરરી), સ્પૂન બિલ (ચમચા ચાંચ) વગેરે પક્ષીઓ વધારે જોવા મળે છે. પર્યટન માટે જૂનથી ઑક્ટોબરનો સમય વધુ અનુકૂળ છે. રંગનાથિટુ બૅંગલોરથી ૧૧૦ કિલોમીટર દૂર છે. અભયારણ્યની દક્ષિણથી મૈસૂર શહેર ફક્ત ૧૬ કિલોમીટર દૂર હોવાથી પર્યટકોને ત્યાંથી ઘણી સગવડો મળી રહે છે.

('યોગક્ષેમ'ને આધારે)



દુનિયા કેરા ચોકમાં આજે કોણ છોરી, કોણ છેલ ?
ગાનમાં ઘેલાં, રંગમાં રોળ્યાં રમતાં રે અલબેલ !
આવી સુખસુહાગન વેળ, ચારિ ઓર લાલ ઉડાયો રી.
ફરી ફરી ફાગુન આયો રી.

-રાજેન્દ્ર શાહ

સર, ડૉન બ્રેડમેનનું નિધન

ઑસ્ટ્રેલિયાના મહાન ભૂતપૂર્વ ટેસ્ટ ફટકાબાજ અને બૅટિંગના બેતાજ બાદશાહ સર ડૉન બ્રેડમેનનું એડિલેડ ખાતે તેમના નિવાસસ્થાને ૯૨ વર્ષની પાકટ વયે ૨૫મી ફેબ્રુઆરીની રાત્રે દુઃખદ અવસાન થયું હતું.

ટેસ્ટ ક્રિકેટમાં ૨૯૯ રને અણનમ રહીને ત્રીજી ત્રેવડી સદી ચૂકી જનારા સર ડૉન બ્રેડમેન જીવનની ક્રિકેટમાં ૯૨ વર્ષે આઉટ થઈને 'નર્વસનાઇન્ટીસ'નો ભોગ બનતાં સદી ચૂકી ગયા. ટેસ્ટ ક્રિકેટમાં તેમની ૯૯.૯૪ની બૅટિંગ એવરેજના આંકને હજી સુધી કોઈ જ ક્રિકેટર આંબી શક્યો નથી.

૧૯૩૮માં તેમનાં લગ્ન જેસી મન્ઝીસ સાથે થયાં હતાં. પત્નીનું ૧૯૯૭માં અવસાન થયા બાદ તેઓ એકાકી જીવન જીવતા હતા. તેમને બે સંતાનો છે. જ્હોન અને શર્લી.

ડૉન બ્રેડમેનની મહાનતા તો અનન્ય હતી. તેમને કોઈની સાથે સરખાવી શકાય એમ નહોતા. પણ વિશ્વના બીજા ધુંઆધાર બૅટ્સમૅનોની સરખામણી ડૉન બ્રેડમેન સાથે અવશ્ય કરવામાં આવતી હતી. વિશ્વનો કોઈ પણ બૅટ્સમૅન જ્યારે બૅટિંગમાં કોઈ અદ્‌ભુત દેખાવ કરતો તો... ડૉન બ્રેડમેનને જ યાદ કરવામાં આવતા !

સુનિલ ગાવસકરે ડૉન બ્રેડમેનની ૨૯મી સદીના વિશ્વવિક્રમને વટાવ્યો ત્યારે તેની સરખામણી બ્રેડમેન સાથે કરવામાં આવી. ત્યારે તેને રોમાંચ થયો. કેમ કે ડૉન બ્રેડમેનની બૅટિંગ તાકાત સામે તો તે કશું જ નહોતો. બ્રેડમેને માત્ર પર ટેસ્ટ મૅચોમાં બે ત્રેવડી સદી, ૧૦ બેવડી સદી તથા ૧૭ સદીઓ મળી કુલ ૨૯ સદી નોંધાવેલી.

તેમનું બેટ મેદાન પર બોલરો સામે એવું તો વિંઝાતું કે રનનો જાણે વરસાદ વરસતો ! કોઈ એક મૈત્રી મૅચમાં ડૉન બ્રેડમેને માત્ર ૩ ઓવર્સમાં સદી ફટકારી હતી ! એથી યે વિશેષ તો ૧૯૩૦માં ઈંગ્લન્ડના પ્રવાસમાં લીડ્સ ખાતે હેડીંગ્લેના મેદાન પર ઈંગ્લન્ડ સામેની ત્રીજી ટેસ્ટમાં ડૉન બ્રેડમેને ૨૧ વર્ષ અને ૩૧૮ દિવસની સૌથી નાની વયે ત્રેવડી સદી નોંધાવતાં, માત્ર એક જ દિવસની રમતમાં ૩૦૯ રન નોંધાવ્યા હતા ! ટેસ્ટના પ્રથમ જ દિવસે ૩૦૯ રન ખડકનારા બ્રેડમેન જંગી વ્યક્તિગત જુમલો નોંધાવશે એવું સૌકોઈને લાગ્યું હતું. પરંતુ, બીજા દિવસે બ્રેડમેન ૩૩૪'રન નોંધાવી આઉટ થઈ ગયા હતા !



બ્રેડમેને ટેસ્ટના પ્રથમ દિવસે લંચ પહેલાં ૧૦૫ રન નોંધાવ્યા હતા. લંચ અને ટી વચ્ચે વધુ ૧૧૫ રન ઉમેર્યા હતા અને ટી બાદ ૮૯ રન ઉમેરીને આખા દિવસના અંતે ૩૦૯ રન નોંધાવ્યા હતા. ૨૭ ઑગસ્ટ, ૧૯૦૮ ના રોજ ન્યૂ સાઉથ વેલ્સના

ઍડિલેડ ખાતે તેમનો જન્મ થયો હતો. ગૉલ્ફના દડાથી તેમણે ક્રિકેટ શીખવાનું શરૂ કર્યું હતું. ૧૯૨૭માં ન્યૂ સાઉથ વેલ્સ ક્લબ તરફથી વિક્ટોરિયા સામે રમીને તેમણે પ્રથમ કક્ષાની ક્રિકેટ કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો અને ૧૯૨૮માં બ્રિસ્બેન ખાતે પ્રવાસી ઈંગ્લૅન્ડ સામે આંસ્ટ્રેલિયા તરફથી સૌપ્રથમ ટેસ્ટ રમ્યા હતા અને યોગાનુયોગ, ૧૯૪૮માં પોતાની ટેસ્ટ-કારકિર્દીની આખરી ૫૨મી ટેસ્ટ પણ તેઓ ઈંગ્લૅન્ડ સામે જ રમ્યા હતા અને નોંધપાત્ર બાબત તો એ રહી કે ટેસ્ટ-કારકિર્દી જંગી વ્યક્તિગત જુમલો ખડકનાર 'રન-મશિન' સર ડૉન બ્રેડમેન પોતાની આખરી ટેસ્ટમાં 'શૂન્ય' રને આઉટ થયા હતા !

ઓવલના મેદાન પરની એ આખરી ટેસ્ટ બ્રેડમેન ક્યારેય ભૂલશે નહીં ! ૧૪મી ઑગસ્ટ, ૧૯૪૮. લંડનનું કેનિંગ્ટન ઓવલ મેદાન. ઈંગ્લૅન્ડ સામેની પાંચમી ટેસ્ટ...ડૉન બ્રેડમેનની ઝળહળતી ટેસ્ટ-કારકિર્દીની એ છેલ્લી તથા ૫૨મી ટેસ્ટ હતી. હોલીસ બ્રેડમેન સામે બોલિંગમાં આવ્યો અને પ્રેક્ષકો આનંદમાં આવી ગયાં. પ્રથમ દડો ખાલી ગયો અને બીજા જ દડામાં ડૉન બ્રેડમેન 'ક્લીન બોલ્ડ' થઈ ગયા ! ડૉન બ્રેડમેનને હતાશા એટલા માટે થઈ કે ટેસ્ટ ક્રિકેટમાં ૭૦૦૦ રન પૂરા કરવામાં તેમને માત્ર ચાર જ રન ખૂટતા હતા. જો તેઓ ૪ રન નોંધાવી શક્યા હોત તો ૫૨ ટેસ્ટમાં તેમના કુલ ૭૦૦૦ રન પૂરા થવા સાથે તેમની બૅટિંગ સરેરાશ પૂરી ૧૦૦.૦૦ની થઈ હોત !


ડૉન બ્રેડમેને ૫૨ ટેસ્ટના ૮૦ દાવમાં ૧૦ વાર અણનમ રહીને ૨૯ સદી (સર્વોચ્ચ ૩૩૪) સાથે કુલ ૬૯૯૬ રન નોંધાવીને ૯૯.૯૪ની બૅટિંગ સરેરાશ પ્રાપ્ત કરી હતી. પ્રથમ કક્ષાની ક્રિકેટમાં સર ડૉન બ્રેડમેને ૧૯૨૭થી ૧૯૪૯ના ગાળામાં કુલ ૩૩૮ દાવમાં ૪૩ વાર અણનમ રહીને ૧૧૭ સદીઓ (સર્વોચ્ચ ૪૫૨) સાથે કુલ ૨૮૦૬૭ રન નોંધાવ્યા હતા.

૧૯૩૦માં ઈંગ્લૅન્ડના પ્રવાસમાં ડૉન બ્રેડમેને અદ્ભુત સફળતા અને સિદ્ધિઓ મેળવી હતી. ઈંગ્લૅન્ડ સામેની પાંચ ટેસ્ટ મૅચોની શ્રેણીમાં લૉર્ડ્સ ખાતે ૨૫૪ રન, લીડ્સ ખાતે ૩૩૪ રન અને ઓવલ ખાતે ૨૩૨ રન તથા નૉટિંગહેમ ખાતે ૧૩૧ રન નોંધાવીને ૧૩૯.૧૪ની સરેરાશથી શ્રેણીમાં કુલ ૯૭૪ રન ખડક્યા હતા. ૧૯૨૮-૨૯માં મેલબૉર્ન ખાતે પ્રવાસી ઈંગ્લૅન્ડ સામે પોતાની સહુપ્રથમ સદી ફટકારીને ૧૧૨ રન નોંધાવનાર ડૉન બ્રેડમેન તેમની છેલ્લી, ૨૯મી સદી ઈંગ્લૅન્ડમાં લીડ્સ ખાતે હેડીંગ્લે ખાતે ૧૭૩ રન સાથે પૂરી કરી હતી.

-જગદીશ બિનીવાલે ('સંદેશ'માંથી)

ગાંધીવાદી સમાજસેવક શ્રી જયકાન્ત કામદારનું નિધન

સૌરભ પુસ્તક ભંડાર - અમદાવાદના સ્થાપક જયકાન્ત કામદારનું ૭૮ વર્ષની ઉંમરે તા. ૩૦-૧-૨૦૦૧ના રોજ હાર્ટ-અટૅકથી અવસાન થયું. તેઓ સ્વાતંત્ર્યસેનાની હતા. તેમનો જન્મ વઢવાણ નિવાસી વાડીલાલ



મગનલાલ કામદાર પરિવારમાં તા. ૨૧-૯-૧૯૨૩ના રોજ હરિજમાં થયો હતો. નાનપણમાં મૅડમ મૉન્ટેસરીના સાંનિધ્યમાં તેમને અભ્યાસ કરવાની તક મળી હતી. ૧૬ વર્ષની ઉંમરે દેશની આઝાદીની ચળવળનાં બીજ તેમનામાં રોપાયાં અને ૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળમાં તેઓ જોડાયા, અને તેમને જેલયાત્રા કરવી પડી. ૧૯૪૬નાં કોમી રમખાણો વખતે પણ તેમણે નીડરપણે ટોળાં વચ્ચે જઈને લોકોને સમજાવવાના પ્રયત્નો પણ કરેલા. તેઓ ગાંધીવિચારધારામાં એટલા બધા રંગાએલા હતા કે 'હૃદયકુંજ' (સાબરમતી આશ્રમ)માં ગાંધીજીની પ્રતિમા સમક્ષ તેમણે અને શારદબહેને પરસ્પર હાર પહેરાવીને બિલકુલ સાદાઈથી લગ્ન કરેલાં. મહા ગુજરાતની ચળવળ વખતે ૮-૮-૧૯૫૭ના દિવસે રિલીફ રોડ પર એક ચળવળિયા ટોળાએ તેમની ગાંધી-ટોપી છીનવી લીધી અને સાઈકલ પરથી નીચે પછાડ્યા ત્યારે તેઓ નીડરતાથી ત્યાં જ પલાંઠી વાળી 'સૌને સદ્બુદ્ધિ આપો' એવી ધૂન સાથે બેસી ગયા. આખરે ટોળાએ એ રાષ્ટ્રિય પ્રતીક ટોપી તેમને પાછી આપી માથે પહેરાવી. તેઓ મોરારજી દેસાઈના પ્રીતિપાત્ર હતા. તેમને મળવાપાત્ર સ્વાતંત્ર્ય-સેનાનીનું પેન્સન તથા અન્ય આર્થિક લાભોનો તેઓએ બિલકુલ સ્વીકાર કર્યો નહોતો. તેઓ ખુમારીથી કહેતા - આઝાદી મળી એ જ મોટું પેન્શન છે. તેમના બે દીકરા - સૌરભ કામદાર અને જયેશ કામદાર પણ સામાજિક પ્રવૃત્તિમાં કાર્યરત છે.

-કા.વ રામી

સ્વ. સ્વામી મનુવર્યજી

ગુજરાતમાં યોગના પર્યાય તરીકે જેમનું નામ સ્થિત થયું છે તેવા સ્વામી મનુવર્યજીનું તા. ૫-૧૦-૨૦૦૦ના રોજ નિધન થયું. ૧૯૩૬માં તેમણે યોગસાધના આશ્રમની સ્થાપના કરી હતી. એ પછી સતત પાંસઠ વર્ષ સુધી ગુજરાત તથા ભારત જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં યોગશાસ્ત્રની પ્રતિષ્ઠા તેમણે વધારી હતી. તેમનો જન્મ મહેસાણા જિલ્લાના રુપાલ ગામમાં તા. ૨૭-૬-૧૯૧૫ના રોજ થયો હતો.

પ્રભુપ્રેમ, ત્યાગ તથા પ્રત્યેક જીવ પ્રત્યેની અનુકંપાથી તેમનું હૃદય સતત દ્રવ્યા કરતું. વિરમગામમાં માધ્યમિક શાળા સુધીનો અભ્યાસ કરી અંગ્રેજી શિક્ષણ અવધૂત યોગીરાજ બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુ શ્રી કૃષ્ણાત્મજ મહારાજ પાસેથી અમદાવાદના મિલમાલિક અંબાલાલ સારાભાઈના નિવાસસ્થાને સ્વામીજીએ ચૈત્રસુદ પુનમ ને હનુમાન જયંતીના દિવસે અવધૂત દીક્ષા લીધી. છેલ્લાં પાંસઠ વર્ષથી યોગસાધન આશ્રમને માધ્યમ બનાવી યોગના પ્રચાર અને પ્રસાર દ્વારા લોકકલ્યાણનું કાર્ય તેઓ અવિરત- પણે કરી રહ્યા હતા.

તા. ૧૮-૧૦-૭૮ના રોજ સ્વામીજી 'વિશ્વાયતન યોગાશ્રમ' અને સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઑવ્ રિસર્ચના વડા તરીકે નિયુક્ત થતાં દિલ્હી ગયા હતા. ૧૯૮૦ સુધી ત્યાં રહ્યા બાદ મહેશ યોગીના વિશેષ આમંત્રણથી અનેક દેશોમાં તેઓએ યોગવિષયક પ્રવચનો આપ્યાં હતાં. એમનું જીવન કર્મયોગીનું જીવન હતું.

સ્થાનિક ધર્મપીઠો, ગુજરાતના ધર્મપ્રવાહો, ભારત સાધુસમાજ, ભારત સેવકસમાજ, માનવધર્મ મિશન, નશાબંધી મંડળ, દિવ્ય જીવન સંઘ, શિવાનંદ સાહિત્ય પ્રચાર સમિતિ, સરકારશ્રીની રાજયોગ સમિતિ, ભારત સરકારની નૅશનલ કાઉન્સિલ ઑવ રિસર્ચ ઈન આયુર્વેદ, નૅચરોપથી, હોમિયોપથી ઍન્ડ યોગ, ગુજરાત સ્ટેટ યોગ વ્યાયમ ઍસોશિએશન, ઑલ ઈન્ડિયા યોગ બોર્ડ વગેરે વિવિધ સંસ્થાઓમાં તેઓ ઉચ્ચ સ્થાને બિરાજમાન હતા. યોગપ્રચાર માટે તેઓએ હંમેશા વૈજ્ઞાનિક અભિગમ કેળવી હજારો માનવોને એનો લાભ આપી, સૌના તન તથા મનને સુદૃઢ કરવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે. 'સમત્વમ્ યોગ ઉચ્યતે'નું તેઓ મૂર્તિમંત સ્વરૂપ હતા. સમતા, પ્રેમ અને સદ્ભાવનાની મૂર્તિ એટલે સ્વામી શ્રી મનુવર્યજી.

('શ્રી નવભારતી'માંથી)

વાયુથી શૈલ ના લેશ ડોલતો દૃઢ નિશ્ચલ,
નિંદા કે સ્તુતિથી એમ ચળે ના વરપંડિત.

—વિજયશંકર કામદાર

કવિ ન્હાનાલાલ સૌરાષ્ટ્રના વિદ્યાધિકારી હતા ત્યારે એક દિવસ ટ્રેનિંગ કૉલેજના રસોડાની ઓચિંતી મુલાકાત લેતાં તેમણે છાત્રોને ઘી વિનાની રોટલી ખાતા જોયા. પૂછતાં જણાયું કે, માસિક છ રૂપિયાની છાત્રવૃત્તિમાં ઘી શેં પોસાય ? એમણે તરત છાત્રવૃત્તિની રકમ બમણી કરવા સરકારમાં લખાણ કર્યું અને લગભગ બાર મહિને એ મંજૂર થઈને આવ્યું ત્યાં સુધી નિયમિત પોતાને ઘરેથી ઘીનો ડબ્બો મોકલતા રહ્યા.

*

ગણિતગમ્મત

૯૧ થી ૯૯ સુધીની કોઈ પણ સંખ્યા લો. અને તેના અંકોનો, એક અંક આવે ત્યાં સુધી સરવાળો કરો, તો આ સરવાળો મૂળ સંખ્યાના એકમ સ્થાનના અંક જેટલો જ આવશે, આટલું જ નહિ, પણ તે સંખ્યામાંથી ૯ બાદ કરતાં આવતી સંખ્યાના અંકોનો સરવાળો પણ તેટલો જ થશે. આનું પુનરાવર્તન કરવા છતાંય સરવાળામાં ફેર નહિ પડે. જેમકે -

૯૨ [૯ + ૨ = ૧૧; ૧ + ૧ = ૨]
-૯
૮૩ [૮ + ૩ = ૧૧; ૧ + ૧ = ૨]
-૯
૭૪ [૭ + ૪ = ૧૧; ૧ + ૧ = ૨]

આ જ રીતે ૯ બાદ કરતાં કરતાં છેલ્લે ૧૧ વધે તેમાંથી પણ ૯ બાદ કરતાં બે વધે.

૧૧ [૧ + ૧ = ૨]
-૯
૦૨ [૦ + ૨ = ૨]

-દેવ ગઢવી


કમળના આકારમાં
કમળ શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)

दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति न भुङ्क्ते तस्य तृतीया गतिर्भवति ॥

દાન, ભોગ અને નાશ : ધનની આ ત્રણ ગતિઓ હોય છે. જે દાન ન કરે કે ભોગવે પણ નહીં તેના ધનની ત્રીજી ગતિ અર્થાત્ તે નાશ પામે છે.

જંતરમંતર એ કોઈ મંતરતંતર નથી, પરંતુ પ્રાચીન વેધશાળાનું નામ છે.

*

ખટમીઠા દાડમના અડધા ગ્લાસ રસમાં બે ચમચી સાકરનો ભૂકો મિશ્ર કરી રોજ બપોર પછી પીવામાં આવે તો શરીરના કોઈ પણ માર્ગેથી થતો રક્તસ્રાવ મટે છે. ઉનાળામાં નસકોરી ફૂટવાની તકલીફ આ ઉપચારથી મટે છે.

*

ઈ.સ. ૧૦૦૮માં જાપાનની લેખિકા મુરાસાકી શિકીબુએ વિશ્વની પ્રથમ નવલકથા 'ધ ટેલ ઑવ્ ગેંજી' લખી હતી.

*

વિશ્વની પ્રથમ બંદૂક યુ.એસ.એ.માં સન ૧૮૩૫માં કોલ્ડ નામની વ્યક્તિએ બનાવી હતી.

*

પગ શબ્દના રૂઢપ્રયોગો

- પગ ઉઠાવવા, પડાવવા = ઉતાવળે ચાલવું
- પગ કરવા = જતાં રહેવું, અદૃશ્ય થવું
- પગ કાઢવો = ખસી જવું, જતાં રહેવું
- પગ જમાવવો = સ્થિર થવું, અડ્ડો જમાવવો
- પગ ટકવો = સ્થિર થવું
- પગ ઢીલા પડવા, પાછા પડવા = નાહિંમત થવું, હિંમત ન ચાલવી
- પગ ન ઊપડવા = સંકોચ થવો
- પગની ધૂળ = તુચ્છ, નગણ્ય
- પગ માંડવો = ઠરીને ઊભા રહેવું
- પગ વાળી બેસવું = નિરાંતે આરામ લેવો
- પગથી તે માથા લગી = નખશીખ, આખે શરીરે
- પગે કીડીઓ ચડવી = કામ કરતાં કંટાળો કે આળસ હોવી
- પગે પાણી ઊતરવું = થાકવું
- પગે મેંદી = ચાલતાં કંટાળનાર
- પગપેસારો = ઘૂસવું તે
- પગભર = સ્વાશ્રયી.


હું પણ બાળપણમાં તારી માફક સ્કૂલમાં વજન ઊંચકતાં શીખેલો. એટલે આજે એ અનુભવ મને સારો કામ લાગે છે.

*

એક લેખકે પોતાનું પુસ્તક પૂરું કર્યું અને મિત્રોનાં અભિનન્દનની મોજ માણી રહ્યો હતો. ત્યાં બીજો લેખક તેની પાસે આવ્યો અને બોલ્યો, 'મને તમારું પુસ્તક ઘણું ગમ્યું, કોણે તમને લખી દીધું ?'

પહેલા લેખકે જવાબ આપ્યો, 'તમને મારું પુસ્તક ગમ્યું તે જાણી હું ઘણો રાજી થયો, કોણે તમને વાંચી દીધું ?'

*

વિશ્વની સૌથી ઊંચી સ્ત્રી મધ્યચીનની સાન ચુંગ લિંગ જે ૮ ફૂટ અને ૧ ઈંચ ઊંચી છે.

*

કલાકણિકા : સાડા પાંચ ઈંચની ઊંચાઈનો આ કાંસ્ય વૃષભ ત્રીજી કે ચોથી સદીમાં ગાંધારમાં બનેલો. હાલ તે લંડનના 'વિક્ટોરિયા ઍન્ડ ઍલ્બર્ટ' મ્યૂઝીઅમના ભારતીય વિભાગમાં છે. પીઠ પરથી તે ખંડિત છે.



STATEMENT

STATEMENT of ownership and other particulars about the newspaper 'Kumar' as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1	Place of publication	: Kumar Karyalaya Ltd.. 1454. Raipur, Ahmedabad-1
2	Periodicity of its Publication	: Monthly
3.	Printer's Name, Nationality & Address	: Ramesh Desai, Desai Offset, 46, Shivshakti Estate, Narol, Ahmedabad - 380005
4	Publisher's Name, Nationality & Address	: Dhiru Parikh, (For Kumar Karyalaya Ltd.) Indian, 1454, Raipur, Ahmedabad-1
5	Editor's Name, Nationality & Address	: Dhiru Parikh, Indian 1454, Raipur, Ahmedabad-1
6	Names and Addresses of individuals who own the newspaper and are partners of share-holders holding more than one per cent of the total capital.	(1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N. Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth 125 Medows Street, Bombay-1 (3) Indumati Chaitanyaprasas Diwanji, "Paradise", Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Kushmben Champaklal Banker Kochrab,

Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Najibhai Chinbhai Shanti Kunj. Shahibag, Ahmedabad-4 (7) Parshuram Premshanker & Rameshchandra P. Rawal, C/o. Raval Bros. 185 Princess St. Bombay-2 (8) Isuf Abdul Qaiyum Faizullabhia Karimbag, Athva Lines, Surat (9) Bhariben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation Bombay-1 (10) Jadavlaxmi R. Kamani and Poonamchand R. Kamani, Kanani Chember, Bombay-1 (11) Bai Triveni, Widow of Pranjivan, K. Desai, 47 C.P. Tank, Madhav Bag, Bombay-4 (12) Narendra Ravishnaker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (13) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (14) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Mr. Rashmibala D. Trivedi & Smt. Savita Prabhudas Patwari K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (16) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 46 Parimal Society, Ahmedabad-6 (17) Girdharlal Damodardas, 'Prerana', Ambawadi, Ellisbridge, Ahmedabad-6 (18) Janardan Prasnhanker Raval, Mahaeshanker Bhuvam Tekjteshvar, Bhavnagar. (19) Lt. Col. (Retd.) Balvantrai J. Bhatt, Mannu Appartments, Near Bhatt Mebio ada chartalaya, Mithakhali Six Roads, Ellisbridge, Ahmedabad-6 (21) Bachubhai P. Rawat, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (22) Hiralal Harilal Bhagwati, 169 New Cloth Market, Ahmedabad-2 (23) Biharilal Popatlal Shah, Jagabhai park, Lala Lajaptrai Road, Maninagar, Ahmedabad-2 (24) Vyomeshchandra R. Trivedi C/o. J.A. Trivedi Bros. Balaghat (M.P.) (25) Kirankumar R. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M.P.) (26) Hitenkumar B. Trivedi C/o. J.A. Trivedi Bros Balaghat (M.P.) (27) Bhuvnesh M. Trivedi C/o. J.A. Trived Bros. Balaghat (M.P.) (29) Nikhilish M. Trivedi C/o/ J.A. Trivedi Bros. Balaghat (M.P.) (30) Shri Bhalchandra Ratilal Shah, ABC Nursery Compound, Near Nagri Hopital, Ellisbridge, Ahmedabad-6.

I. Dhiru Parikh, Hereby declare that the particulars given above are true to best of my knowledge and belief.

Dated this 28th day of February, 2001

Sd. / Dhiru Parikh, Publisher

ફિલાડેલ્ફિયાના એક અધિકારીએ એક વાર કહ્યું હતું કે જો હલકી કોટિનાં નાટકો અને એવાં જ હલકી કોટિનાં તમામ પુસ્તકોનો નાશ કરવામાં આવે તો એક જ વરસમાં જેલમાંથી બે તૃતીયાંશ તરુણોને મુક્તિ મળી જાય.

યુવકોને વિવિધ ક્ષેત્રે જે શિક્ષા કરવી પડે છે તેનું મુખ્ય કારણ તેમના વ્યક્તિત્વને મલિન કરનારું ગંદું અશ્લીલ સાહિત્ય છે. મોટા ભાગનાં લોકો એને ફેશન માને છે, પરંતુ ગંદા મિત્રો, ગંદાં ચિત્રો અને ગંદાં પુસ્તકોથી જીવન વિનષ્ટ જ થાય છે.

- સ્થાનસમર્પિત -

એક 'કુમાર' પ્રેમી તરફથી